સચિત્ર—

મણિકાન્ત—કાવ્યમાળા.

લેખક, "મણિકાન્ત."
તે
શંકરલાલ મગનલાલ પંડચા હળધરવાસવાળા.
"પાપી પિતા અને સદ્દગુણી સીતા"ના લેખક.
ઠે૦ ગાયવાડી, માધવજી ઠાકરશીનો માળો—મુંબઈ નં. ૨.

પ્રકાશક,
મોહનલાલ લલ્લુભાઈ સોજીતરીયા.
ઠે૦ લખમીદાસ ખીમજીનો માળો, ગણેશવાડી—મુંબઈ નં. ૨.

સોલ-એજન્ટ,
સોજીતરીયા બ્રધર્સ—બુકસેલર્સ.
ઠે. લખમીદાસ ખીમજીનો માળો, ગણેશવાડી—મુંબઈ નં. ૨.

કીંમત રૂ. ૨–૮–૦.

આવૃત્તિ ૫ મી.
પ્રત ૨૦૦૦. કુલ પ્રત ૭૦૫૦

મણિકાન્ત-કાવ્યમાળા.

સંવત ૧૯૭૩. સને ૧૯૧૭.

અમદાવાદ, સલાપોસ રોડ
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

અમારા અમદાવાદના મુખ્ય એજંટઃ—
રા. જેસીંગભાઈ નથુભાઈ ખરીદીયા.
ઠે. રાયપુર આકાશેઠ કુવાની પોળમાં—અમદાવાદ.



મહર્ષિ દાદાભાઈ નવરોજી.

અર્પણપત્રિકા.

સોરઠા.

હિંદ દઇ શિર હાથ! ઉષ્ણ અશ્રુ વરસાવતી!
દેશભક્ત વિખ્યાત! દાદા! તમ દેહાન્તથી!

સ્વદેશ સેવા માટ, કષ્ટ સહન આપે કર્યું!
કરી સમર્પણ જાત, પરદુઃખભંજન દેવતા!

માન ખાન ને પાન, અંતરથી અળગાં કરી!
ત્યાગી હિંદુસ્થાન, વિદેશમાં વસતા હતા!

સ્વતંત્રતાનાં બીજ, વાવ્યાં હિંદભૂમિ વિષે!
દાદા! તમ શ્રમથીજ, સ્વરાજ્યના ફણગા ફુટયા!

ધીર વીર ને ગંભીર, ડહાપણનો દરિયો હતા!
હિંદ દેશનું હીર, દાદાભાઈ નવરોજજી!

ઓ! મીઠા મહેમાન! ભારતભૂમિના લાડકા!
"મ્હારૂં હિંદુસ્તાન!" મંત્ર હતો એ આપનો!

તન મન ધન હે તાત! ભારતને અર્પ્યાં ત્હમે!
પુસ્તકની ન વિસાત! છતાં સમર્પણ હું કરૂં!

પવિત્ર આત્માનેજ, મળજો શાન્તિ સર્વદા!
દુઆ દિલની એજ, થજો વાસ બિહિસ્તમાં!

હિંદમાતાનો બાળક,
"મણિકાન્ત"

લેખક તરફથી બે બોલ.

આ પુસ્તકનો ઉપોદ્‌ઘાત જાણીતા સાક્ષર શ્રીયુત્ કરમઅલી રહીમભાઇ નાનજીઆણી બી. એ. એ લખેલો છે એટલે તે સંબંધી વધુ લખવું હું ઉપયોગી ધારતો નથી.

હું લેખક યા કવિ હોવાનો દાવો કરતો નથી પણ મ્હારી હૃદય વાટિકામાં પ્રસંગાનુસાર પ્રફુલ્લિત થયેલાં કાવ્ય કુસુમોની આ નાજુક **કાવ્યમાળા** મ્હારા સાહિત્ય પ્રત્યેના પ્રેમનુંજ પરિણામ છે.

જેમ બને તેમ સાદી સરળ પણ શુદ્ધ ભાષા વાપરવામાં મ્હને મઝા પડે છે અને તે મ્હારા પ્રિય વાંચકોને રૂચિકર છે તેથી સંસ્કૃત-મય ઉંચી ભાષા વાપરવાની મ્હારા કેટલાક વિદ્વાન મિત્રોની સલાહ તરફ સ્હેજ દુર્લક્ષ રહે છે.

ગઝલમાં મુખ્યત્વે કરીને પ્રેમ અને વિરહનુંજ વર્ણન હોવું જોઇએ; એવો ફારસી કાવ્ય રચવાનો કાયદો છે પણ ગઝલ જેવી સરળ, રસમય અને હૃદયની લાગણી જાગ્રત કરનારી રાગણીમાં જો નૈતિક, વ્યવહારિક વીગેરે વિષયોની ગુંથણી કરી હોય તો જનસમાજ અને તેમાંએ વળી જનસંઘ તેનો વધારે લાભ લઇ શકશે એવા હેતુથીજ તે કાયદો તોડવાની મ્હને ફરજ પડી છે અને તેનું પરિણામ પણ સંતોષકારક આવ્યું છે તે આ પુસ્તકની પ્રગટ થએલી પાંચમી આવૃત્તિ ઉપરથી સહજમાં સમજાશે.

અંતમાં ઉપોદ્‌ઘાત લખનાર મહાશયનો આભાર માની તથા પુસ્તકમાં રહેલા દોષ માટે વાંચકોની ક્ષમા ચાહી વિરમુ છું,

ભાદરવા શુદ બીજ ૧૯૭૩.
ગાયવાડી–મુંબઇ.

શુભેચ્છક.
"**મણિકાન્ત.**"



મણિકાન્ત.

ઉપોદ્‌ઘાત.

કવિરાજ **મણિકાન્તની** ઈચ્છાને માન આપી આ લેખ લખતાં મને આનંદ ઉપજે છે! હર્ષ ઉપજે છે! આમ લખવાનું કારણ શું ? કવિરાજના પોતાના શબ્દોમાં કંઈક ફેરફાર કરી કહીએ તો એમની કાવ્યમાળાની ચોથી આવૃતિમાં સમાએલી ગજલોના ગુલઝારમાં આવેલા હોજમાં સ્નાન કર્યાથી ઉક્ત મનોભાવ પ્રાપ્ત થયો છે. ફારસી ઢબની ગજલો ગુજરાતીમાં પ્રવેશ કરાવવાની પહેલ તો સ્વ. કવિવર **નર્મદાશંકરે** કરી છે. એ માન એમનેજ ઘટે છે. નીચે આપેલો નમુનો જુઓ.

"ખલકનારે! ખુદા ખાવિંદ! ખમા કર ખો! ખુરી તું ખુલંદ"
"અગર આતુર! કેશીશજી! બદસ્રા રહ! દિલે મારા" (હાફિઝ)
મફાઈલુન! મફાઈલુન! મફાઈલુન! મફાઈલુન.

આમાં સાત સાત માત્રાનો સમુદાય સાથે લઈ ગવાય છે અને એ બહરેહઝ્‌જ કહેવાય છે. મિ. **મણિકાન્તે** પણ એજ માપને અનુસરી પુષ્કળ ગજલોના ગુચ્છાની સુંદર રચના કરી છે. કવિતા બનાવવાની એમની શક્તિ ખુદાદાદ (ઈશ્વિરદત્ત) કહી શકાય કેમકે મનોરંજક કાવ્યને અનુકૂળ આવે એવી શબ્દ રચના સ્વતઃ પ્રકાશ પામતી હોય એવું જણાઇ આવે છે. એમના કવનની ચમત્કૃતિનો ઝગઝગાટ ખાસ કરી ગજલોમાં દીપી નીકળે છે.

"ગઝલમાં હું બન્યો ઘેલો! ગઝલ દિલજાન ગાવા દે!
હજારો કામને છોડી, અહા! ગુલતાન થાવા દે!
ગઝલના હોજમાં હર્ષે, અહાહા! યાર! ન્હાવા દે!
ગઝલ રસથી ભરી પ્યાલી પીને મસ્તાન થાવા દે!"

ઇત્યાદિ.

અહાહા ! શી રચના ! કેવી ચમત્કૃતિ ! શી મધુરતા ! ફરી ફરી વાંચતાં અધિક અધિક આનંદ ઉદ્ભવે છે.

વિશેષ વાનગી.

“ કરે તેવું જરૂર પામે, લણે છે જેવું જે વાવે;
જગતનો એજ ધારો છે, અદલ ઈનસાફ તારો છે ! ”
“ સમજ સંસારના પ્રાણી, યુવાની માન મસ્તાની;
અરે પણ ચાર દા'હડાની, યુવાની જાણ ફાની છે ! ”
“ ખુશામતના તમે માલિક, ખુશામતખોર છે ઝાઝા;
ભલે ભેગા કરી બુદ્ધિ, તમારી બોળવા દેશો ! ”
“ હુંકારા સાસુના ખાધા, નણંદના બોલ સાંખ્યા છે;
ક્ષમાની ઢાલ ધારી છે, અમારા કંથને માટે ! ”
“ અમે ભગવાનને ભજીએ, તમે અલ્લા ઉચારો છો;
અમે શ્રીરામને રટીએ, તમે રહ્માન ધારો છો. ”

“ જો ઇશને સમરે નહિં જન્મ્યો વૃથા ઝખ મારવા !
જો દેશસેવા નહિ કરી, જે. પી. (J. P.) થયા ઝખ મારવા ! ’

(આ ગજલ બહરે હજજને બદલે બહેરજજ છે અને તે હરિગીત છંદને બહુ મળતી આવે છે.)

સ્વ. કવીશ્વર **દલપતરામે** કવિતાની જે ખૂબીદાર વ્યાખ્યા આપી છે તેને આબાદ અનુસરતી મણિકાન્તની કવિતાઓ છે.

“ કવિતા કહીએ કલ્પના, જન મન રંજન જાણ;
સરસ રસ શબ્દો વડે, અર્થની રચના આણ. ”

કેટલાક કહેવાતા કવિઓ અઘરા અઘરા કર્ણ કઠોર શબ્દો વાપરી પોતાનું પાંડિત્ય પ્રસિદ્ધ કરે છે તે કાંઇ વખાણને પાત્ર નહીં ગણાય.

કવિ **કલાપીની** કવિતા બહુ જોશવાળી, ઉંડા વિચાર દર્શાવનારી છે પરંતુ માધુર્યની બાબતમાં **મણિકાન્તની** પદવી ઉચ્ચતર ગણી શકાય.

" અમારી લાડકી લેવા ભલે જરદાર આવોને!
અમારૂં મન મનાવાને, મની(money)કલદાર લાવોને!"
" ત્રિજોરી કોઇની ફાડો, અગર દેવું કરી કાઢો!
ગીરો ઘર કે મુકો વાડો, ભલા અક્કલ લડાવોને!"

ઉપલા ચાર ચરણમાં હાસ્ય તત્વ મિશ્રિત હોવાથી મિઠાશમાં વૃદ્ધિ થાય છે.

નિદ્રા તથા બે સખીઓ વચ્ચે ચાલેલો સંવાદ પણ બહુ સરળ તેમજ હાસ્યજનક છે.

એમના સવૈયા, હોરી, કુંડળીઆ, મનહર વિગેરે વાંચવા લાયક છે પણ ગજલને મુકાબલે કેટલેક અંશે મોળાં જણાય છે.

ઉદાહરણ.

મનહર.

" જામિનગીરી યા ઠામ ઠેકાણું તપાસ્યા વિના,
અમારૂં ખીસ્સું ભરીને હુંડીઓ સ્વીકારીશું;
નફો જો થશે તો અમે તે ખીસ્સામાં મુકવાના,
ખોટ જશે ત્યારે બસ બેંકને રડાવીશું!"

ઇત્યાદિ

વસંતતિલકા.

" અંબા ભવાની જગદંબ કરો સહાય!
આશાસુરી મન સદા તમ ભક્તિ ચ્હાય."

ઇત્યાદિ ઇત્યાદિ.

ઘણીખરી કવિતાઓમાં ચાનકની સાથે નીતિ રૂપી તત્વ જોવામાં આવે છે. પરંતુ કોઇ કોઇ સ્થળે એ ઉપયોગી તત્વનો અભાવ જણાય છે. નવી આવૃતિમાં સુધારો થાય એવા હેતુથી કવિરાજનું ધ્યાન ખેંચવાનું ઉચિત જણાય છે.

પૃષ્ટ ૫૪.

" કનૈયા કાન ઓ મ્હારા, બજાવો બંસળી પ્યારા."

શ્રીકૃષ્ણનો અવતાર થઇ ગયો. ફરીથી અવતાર લઇ વાંસળી વગાડે એમ વિનવવું વૃથા છે. નીતિ તત્વ નથી.

પૃષ્ટ ૧૧૬.

" **નસીબે જે લખ્યું થાએ, ન ભુલ હું દેવની દેખું.** "

દરેક બનાવ નસીબમાં લખ્યા પ્રમાણે થાય તો કરણી માટે માનવીની જવાબદારી રહેતી નથી. વળી નસીબનો ઘડનાર કોણ ? ઇશ્વર કે દેવ. છતાં લખ્યું છે કે " ન ભુલ હું દેવની દેખું " એ ભૂલ ભરેલું કહેવાય. કવિરાજે પ્રારબ્ધ ઉપરથી ભૂલ થાપ ખાધેલી જણાય છે. નસીબને માનનારા પ્રથમના અવતારને સ્વીકારતા નથી.

ચાર મહિનામાં ચોથી આવૃતિની ૧૫૦૦ પ્રત ખપી તે ઉપરથી વાંચક વર્ગની પ્રસન્નતા અચૂક જણાઇ આવે છે.

બેલુ બંગલો, કચ્છ કેરા.
તા. ૨૬-૭-૧૭

શુભચિંતક,
કરમઅલી રહીમભાઈ નાનજીઆણી.
બી. એ.

ચોથી આવૃત્તિનો ઉપોદ્ઘાત.

લેખક નરોત્તમ જેઠા " **નરમણિ** "
(૩૭૧ હાર્નબીરોડ, કોટ, મુંબઇ.)

આઠ મહિનાના ટુંકા અરસામાં " **મણિકાન્ત કાવ્યમાળા** " ની ત્રીજી આવૃત્તિની બધી પ્રતો ખપી જવાથી ચોથી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનો વખત આવી લાગ્યો, એટલી એજ હકીકત એ ગ્રંથની લોકપ્રિયતાના પુરાવા માટે બસ છે. ગુજરાતીમાં કોઇ પણ કાવ્ય ગ્રંથની ત્રણ વરસના ટુંકા અરસામાં ચાર આવૃત્તિઓ આજ સુધી નીકળેલી અમારા જાણવામાં નથી, સાદી સરસ ભાષામાં લખાયલાં **મણિકાન્તનાં** કાવ્યોએ વાંચક વર્ગને છક્ક કરી નાખ્યા છે એટલુંજ

નહિ, પણ " સાક્ષરોએ લખેલાં તેટલાંજ કાવ્ય ને બાકીનો તે કચરો " એવી જે ભ્રમણા ચાલુ હતી તે **મણિકાન્તે** દૂર કરી છે.

મણિકાન્તનાં કાવ્યોની કસોટી કરવા માટે કાવ્ય તે શું અને તેની કસોટી કેમ કરવી તે સંબંધમાં અમોએ ત્રીજી આવૃત્તિમાં સવિસ્તર લખેલું છે અને આ ઉપોદ્‌ઘાતમાં પણ **મણિકાન્ત**નાં કેટલાંક કાવ્યોને છૂટક છૂટક લઇને કસોટીએ ચડાવી જોઇશું, પરંતુ **મણિકાન્ત**ની ફત્તેહની મોટામાં મોટી કુંચી શી છે? તે જાણવાની ખાયશ ધરાવનારાને મારે જણાવવું જોઇએ કે "સાદી ને સચોટ ભાષા" એજ **મણિકાન્ત**ની લોકપ્રિયતાનું એકજ જંગી સાધન છે. હમણાં હમણાં ઘણા એક હિતૈષીઓએ **મણિકાન્ત**ને ભલામણ કરી છે કે તમારી વાણીને સંસ્કૃતમયી ને ફારસીમયી તથા ઠીક ઠીક અઘરી બનાવી નાંખો તો તમો સાક્ષરમાં ખપી શકશો. પરંતુ સુભાગ્યે **મણિકાન્ત**ને એવું કાંઇ અષ્ટમ પષ્ટમ આવડયું નહિ ને રુચ્યું પણ નહિ. બાકી જો એમ થાય તો અમો નથી ધારતા કે **મણિકાન્ત** પોતાની લોકપ્રિયતા ટકાવી શકે!

ગુજરાતીમાં પ્રાચીન કવિયોમાં **પ્રેમાનંદ** શ્રેષ્ઠ ગણાય છે ને અર્વાચિનમાં **દલપતરામ** શ્રેષ્ઠ ગણાય છે. વારુ, કહો હવે, એ બેઉમાંથી કોની વાણી સંસ્કૃતમય ને કર્કશ છે? વાર્તાના ગ્રંથોમાં "**કરણઘેલો**" શ્રેષ્ઠ છે; પરંતુ તેની શૈલી કેવી સાદી ને સુગમ્ય છે?

સરસ્વતિચંદ્રનો ચોથો ભાગ સંસ્કૃતમય શબ્દોથી ભરપૂર છે પરતું તેનું કારણ એ કે તે વિષય એવોજ છે કે જેમાં વાપરવા યોગ્ય શબ્દો ચાલુ ગુજરાતી ભાષામાં મળી શકતા નથી. પરંતુ **મણિકાન્ત**નાં કાવ્યોના વિષયો બધા સામાન્ય છે અને તેને માટે સચોટ સાદા શબ્દો ભાષામાં પુષ્કળ છે તો તેવા શબ્દો મૂકીને **મણિકાન્ત** પર ભાષામાં ચોરી કરવા નીકળે તો અમે નથી ધારતા કે એમનાં એ કાવ્યો જન સમાજમાં વખણાય.

આપણા મનના વિચાર બીજાના હૃદયમાં આબેહુબ ઉતારવાનું સાધન તે ભાષા. જો ભાષા સર્વે સમજી શકે એવી સરળ હોય તોજ

તેમાંના વિચારોની લહેજત સર્વ કોઇ ચાખી શકે. કદી કોઇ ઠેકાણે વાપરવા યોગ્ય સાદા શબ્દો પોતાની ભાષામાં મળી ન શકે તો તેવે ઠેકાણેજ માત્ર સંસ્કૃત કે અન્ય ભાષાના શબ્દોનો પ્રયોગ કરવો તે વાજબી દેખાય. પરંતુ તેથીએ સારો લેખક રાજી થતો નથી. પારકી ચીજો પર આધાર રાખવાનું સારા લેખકને પસંદ હોયજ નહિ. પોતાની વિદ્વતાને છલકાવવાને ખાતર અથવા સાદા શબ્દો ઉપર પોતાનો કાબુ ન હોવાને ખાતર જે લેખક ભારે ભારે શબ્દોથી માતૃભાષાને શણગારવા ચાહે છે તે ખરૂં જોતાં માતૃભાષાને અણછાજતો પોષાક પેહેરાવીને તેની રેવડી કરે છે. "ટેબલ ઉપર ખડિયો ગોઠવો" એમ કહેવાને બદલે જે લેખક "પીઠીકાને વિષે-લેખિની નૃત્યાલયનું અધિષ્ટાન કરો" એમ લખે તે લેખક માતૃભાષાની રેવડી નહિ તો બીજું શું કરે છે વારૂ ?

ભાષા એવી સરળ જોઇએ કે તેનો લાભ વધારેમાં વધારે વાચકો લઇ શકે. જરાક જેટલા વાંચનારાને પોતાના લખાણનો લાભ ઇજારે આપી દેવો એ સારા લેખકનું કામ નથી. સાહિત્યનું દિવાનખાનું સર્વને માટે ખૂલ્લું મૂકવું જોઇએ. સાહિત્યનાં દિવાનખાનાને અંદરથી બંધ કરીને સાડાત્રણ સાક્ષરો માંહે એકલા બેસીને થોડા એક કઠણ શબ્દોની જાળ રચીને આપસ આપસમાં તેની "નવ કાંકરી" ખેલે એ તે કાંઇ કવિતા કહેવાય ? કઠણ શબ્દાર્થને સમજવા બેસતાં ભાવાર્થ ઉડી જાય છે જેથી કવિએ પાડવા ધારેલા ચિત્રનો છાપ વાચકના અંતઃકરણ ઉપર પડી શકતો નથી. હજારો ને લાખો ગુજરાતી કવિતાઓ આજે કચરાની ટોપલીને સ્વાધિન થઇ ગઇ છે તેનું કારણ એજ છે; ને વગર ડીગ્રી પામેલા અને સાક્ષરોની મંડળીમાં લાગવગ નહિ ધરાવતા છતાં **મણિકાન્ત** લોકપ્રિય થયા તેનું કારણ પણ એજ.

ઉપર કહેલો સર્વથી મોટો ગુણ **મણિકાન્ત**માં હોવા ઉપરાંત બીજી શું શું ખૂબીઓ **મણિકાન્તમાં** છે ? તે હવે આપણે તપાસીએઃ

"**મણિકાન્ત**"માં હૃદય છે-ઓરીજીનેલીટિ છે-હુન્નર થોડો છે

પણ જે કંઇ હુન્નર છે તે ધારેલા કામને સચોટ બજાવી શકે છે. કુદરતમાં varieties શા માટે છે તે જાણવાને "મણિકાન્ત" કેવા તલપે છે તે નીચેની લીટીઓથી સમજાશે;–(કુદરતને–એ નામનાં કાવ્યમાં જુવો.)

" સુગંધીયુકત કસ્તુરી, અહા ! કાળી કરી કુદરત !
સફેદી છે છતાં કાંદે, અરે ! બદબો ભરી કુદરત ! "

ઇશ્વરના ઇન્સાફીપણા માટે **મણિકાન્તને** ભરોસો છે તે માટે જુવો " **અદલ ઇન્સાફ ત્હારો છે** " એ કાવ્યમાં:—

" કરેલાં પાપ જામે છે, પછી જન કષ્ટ પામે છે;
અહા એ ગુમ મારો છે, અદલ ઇન્સાફ ત્હારો છે ! "

પરોપકારની ખરી વ્યાખ્યા જાણવા માટે પરોપકારનું આખું કાવ્ય ફરી ફરીને વાંચવા જોગ છે. " એકગણું દાન ને સહસ્ત્રગણું પુન્ય " એવા લાલચુ વેપારીઓને એમાંથી ઘણું સમજવાનું મળશે,

જીંદગીનો જીવવા જેવો ભાગ પૂછો તો જુવાનીજ છે. મુંબઇમાં ૧૧ થી ૫ વાગ્યા સુધીના છ કલાક એટલા એજ ધંધા રોજગારને માટે સાચો દિવસ ગણાય છે તેજ પ્રમાણે જીંદગીનું કર્તવ્ય બજાવવાને જુવાનીને જાણવી. છતાં મોતીની કીંમત ન સમજતાં વાંદરાંઓ તેને ચાવી જાય છે તેમ જુવાની કીંમત ન સમજનારા તેનો ગેરઉપયોગ કરી નાખે છે તેટલા સારૂ **મણિકાન્તને** લખવું પડે છે કે:-

" અભિમાને કરે અંધા, કરાવે નીચના ધંધા;
વિચારો ફેરવે સંધા, યુવાની તો દીવાની છે ! "

નિષ્કામ કર્મયોગ સમજાવવા માટે **મણિકાન્ત** થોડા શબ્દોમાં કેટલું બધું રહસ્ય વર્ણવી શકે છે તે માટે જુવો " **પતીવૃત્ત પ્રાણથી પ્યારૂં** " એ કાવ્યામાં:-

" ભલે રોગી અભોગી હો ! અગર ધન હીણ યોગી હો !
પતી ભગવંત સમ ધારૂં પતિવૃત્ત પ્રાણથી પ્યારૂં ! "

અપગોના કાવ્યમાં " **મણિકાન્ત** " એક દમડીનો સારામાં સારો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેને માટે કહે છે કે,

"અમારૂં ટંકનું ભોજન, તમારી પાન સોપારી;
દયા દિલમાં વસે જો તો, વિનંતિ ધ્યાન ધરતો જા, !"
"તો શું" ના કાવ્યમાં મણિકાન્તનો ઝપાટો અજબ છે !
"કદર વણુ નોકરી કો'ની, કરી યા ના કરી તો શું ?
યકિન વણુ હસ્તમાં માળા, ધરી યા ન ધરી તો શું ?
*　　*　　*　　*
ચતુરા નથી ચાહતો, ચતુરા ના મને ચ્હાતી;
કદી એ સ્નેહ વણુ સાદી, ઠરી યા ના ઠરી તો શું ?
*　　*　　*　　*
મનુષ્યોથી ભરી હોડી, ડુબી જઇ મધ્ય દરિયામાં;
પડી ઉંધી તરી પાછી, તરી યા ના તરી તો શું ?"

Sugar coated pills ખવરાવી એ કવિઓનું કામ છે. દલપતરામ એમજ કરતા. "ધનવાન સગા" ના કાવ્યમાં પણ મણિકાન્તે એવીજ ગોળીઓ ખવરાવી છેઃ—

"આવ્યા તમારે આંગણે, આવો ભલે કહેતા નથી !
કરિયે પ્રણામ સલામ પણ, કંઇ લક્ષમાં લેતા નથી !
નવ બેસવા આસન કરો, નવ પાન સોપારી ધરો !
અવલોકતાં અવળા ફરો, સ્હામું જરા જોતાં નથી !"

મુંબઇવાસીઓને આએ કાવ્ય થાળમાં મૂકીને અર્પણ કરવાજોગ છે. એ થાળ ઉપર ઢાંકવાના રૂમાલમાં નીચેનો શ્લોક ગુંથવો જોઇએ.

तृणानि भूमि रुदकं वाक्चतुर्थी च सुनृता ।
एतान्यपि सतां गेहे नोच्छिद्यंते कदाचन ॥

ઋતુ વર્ણનો ઘણાં લખાયાં છે. એ જાતનાં કાવ્યમાં થોડા શબ્દોમાં આખી ઋતુનો મુખ્ય હેવાલ જે કાવ્ય બતાવી આપે તે શ્રેષ્ઠ ગણાય. "મણિકાન્ત" પણ ઠીક કામ બજાવે છેઃ—

"ગ્રીષ્મે ઘણી ગરમી પડે, બળતું હૃદય ઝાઝું બળે !
પણ પ્રેમ પાણી પ્રીતથી, પાનાર કાં આવ્યા નહિ ?"

ઉપરનાં વિવેચનોથી "**મણિકાન્ત**"નું હૃદય સમજી શકાશે. હવે **મણિકાન્ત**ના હુન્નર વિષે થોડાક શબ્દો બોલી હું બંધ કરીશ, વાંચો "**વફા પર જફા.**"

"સફા થૈ ઇશ્ક વ્યાપારે, નફાનું નામ ના જોયું!
વફા પર ના જફા કર તું, ખફા થાતાં બધું ખોયું!

ઝડઝમકના ઝપાટામાં પણ "**મણિકાન્ત**"ની તીવ્ર લાગણી પોતાની તીવતા મૂકતી નથી એજ પ્રશંસાપાત્ર છે. જુવો:—

"પ્રથમ જો પ્રેમ આપો તો, દઇને લૂટશો ના–ના!
મગર મરજી તમારી તો, અવલથી આપશો ના–ના!"

"**મણિકાન્તે**" પસંદ કરેલા છંદોમાં ગઝલો વિશેષ કરીને છે ને તે ગઝલો ઉપર તેમનો કાબુ પણ અનુપમ છે, સ્વર્ગસ્થ **ગોવર્ધનરામભાઇ**એ અને સ્વર્ગસ્થ **મણિલાલ નભુભાઇ**એ '**સરસ્વતીચંદ્ર**' અને '**આત્મનિમજ્જન**' દ્વારા ગઝલને પેહેલી વાર ગુજરાતી ભાષામાં જાહેર કીધી. પરંતુ લ્હેજતમય પકવાનના આકારમાં ગઝલોને પીરસવાનું પ્રથમ માન **કલાપિને** ઘટે છે. ત્યારબાદ ગુજ્જર પ્રજા ગઝલોને એટલે બધે દરજ્જે ભોગવતી થઇ છે કે ગઝલ એ પરદેશી પકવાન છે તેનો ખ્યાલ વટીક થોડે કાળે ભૂલી જવાશે. ગાનપ્રિય ઇટાલી દેશમાં પણ ગઝલો એવીજ લોકપ્રિયતા ભોગવે છે **મણિકાન્ત**ની બધી કવિતાઓમાં સૌથી વધારે અસર કરનાર ગઝલોજ છે–સૌથી વધારે લોકપ્રિયતા મેળવનાર તે ગઝલોજ છે એ જોઇને ગઝલો ગજાવવાનો "**મણિકાન્ત**"નો હુન્નર કાંઈ કમી વખાણને પાત્ર નથી!

છેવટમાં અમારી એજ ઉમેદ છે કે ગુર્જ્જર પ્રજા જેમ **મણિકાન્ત**ની કદર બૂજી શકે છે તેજ પ્રમાણે ગુર્જ્જર પ્રજાની વધારે મોટે પાયે સેવા કરવામાં "**મણિકાન્ત**" હમેશાં તત્પર રહો અને ફતેહ પામો! અસ્તુ.

"**નરમણિ.**"

મંગળ યાચના !

—ગઝલ—

અમારા હિંદમાં સર્વે;
સ્થળે ઈશ સ્થાપજો-મંગળ !
અહા ! સૌ આર્યના અંતર;
વિષે બસ વ્યાપજો-મંગળ !
કરી મન માનતી વૃષ્ટિ;
વધાઈ આપજો—મંગળ !
પ્રભુ ભારત તનૂ દિલમાં;
ભલાઇ છાપજો—મંગળ !
વધો હુન્નર કળા હિંદે;
સકળ કાર્યો થજો—મંગળ !
વળી વ્યાપાર પણુ વધજો;
સુબુદ્ધિ વાધજો—મંગળ !
તમો પાસે સકળ પત્નિ;
પતિનું માગજો—મંગળ !
ગવાજો ગીત ને વાજાં;
વિભૂજી વાગજો—મંગળ !

"મણિકાન્ત"

ગઝલમાં ગુલતાન !

ગઝલમાં હું બન્યો ઘેલો !
ગઝલ દિલજાન ! ગાવા દે !
હજારો કામને છોડી !
અહા ! ગુલતાન થાવા દે !
ગઝલના હોજમાં હર્ષે !
અહાહા ! યાર ! ન્હાવા દે !
ગઝલ રસથી ભરી પ્યાલી !
પી ને મસ્તાન ! થાવા દે !
નથી ખાવું નથી પીવું !
મઝા બસ ! એ ઉડાવા દે !
અયે ! નિદ્રા ! જજે નાસી !
નશો ! એનો ચ્હડાવા દે !
નીતિ, શૃંગારનાં કાવ્યો !
ગઝલમાં હા ! બનાવા દે !
વિષય વૈરાગ્યનો વીરા !
ગઝલમાં રે ! બતાવા દે !
ભલે છે અન્ય રાગો પણ પણ !
ગઝલમાં ગાન ! થાવા દે !
વળી વાજીંત્ર તે સાથે !
ગઝલમાં હા ! બજાવા દે !

"મણિકાન્ત"

વિભૂ વાક્ય.

ॐ

—ગઝલ—

જગતમાં ધર્મની પડતી અધર્મે થાય છે જ્યારે !
નિરાકારી છતાં ભારત ! લઉં અવતાર હું ત્યારે !

* * * *

ભજે જે ભાવથી મુજને ત્રિવિધિ તાપ-કાપું છું !
કરે પરમાર્થ જે પ્રેમે પ્રથમનાં પાપ-કાપું છું !
સદાચરણે સદા ચાલે દિધેલા શ્રાપ-કાપું છું !
જીગરમાં તે જનો કેરી ભલી હું છાપ-છાપું છું !

* * * *

કરે આરાધના મ્હારી પછી તપની-નથી પરવા ।
રહ્યો જેના હૃદયમાં હું પછી જપની-નથી પરવા !
પિછાને જે મ્હને ત્હેને અવર લપની-નથી પરવા !
પુરાણો કે, પુરાણીની અગર ગપની-નથી પરવા !

" મણિકાન્ત. "

વિભૂ વાક્ય.



"જગતમાં ધર્મની પડતી અધર્મે થાય છે જ્યારે,
નિરાકારી છતાં ભારત! લઉં અવતાર હું ત્યારે."

"મણિકાન્ત."

નીતિ-બોધ.



"કદી તલવારની ધારે ભલે ગરદન કપાવા દે!
તથાપિ ધીર ધારીને નીતિને ના છુટાવા દે!"

"મણિકાન્ત."

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ

નૈતિક-કાવ્ય.

—ગઝલ—

ભલે દુઃખમાં ડુબી જૈને,
સકળ સુખને સમાવા દે !
હૃદયને ભય ભમાવે તો,
ભુલી તું ના ભમાવા દે !
અહા ! અગ્નિ વિષે હર્ષે,
અતિ તનને તપાવા દે !
કદી તલવારની ધારે,
ભલે ગરદન કપાવા દે !
ડુબાવે દેહને દરિયે,
ખુશીથી તો ડુબાવા દે !
પીવાડે ઝેર તો પી—લે !
રખે ! દિલને દુઃખાવા દે !
પડી પર્વત પરેથી હા !
શરીરને તો છુંદાવા દે !
તથાપિ ધીર ધારીને,
નીતિને ના લુંટાવા દે !

"મણિકાન્ત."

"અદલ ઇન્સાફ ત્હારો છે!"

—ગઝલ—

અહો! કિરતાર ઇન્સાફી અદલ ઇન્સાફ ત્હારો છે;
ખલકને ખૂબ પ્યારો છે! અદલ ઇન્સાફ ત્હારો છે! અહો!
કુકર્મે કષ્ટ ભોગવીએ, તમોને દોષ કાં દઇએ?
ગુન્હો સઘળો અમારો છે, અદલ ઇન્સાફ ત્હારો છે! અહો!
રમીને પાપના પાસા, સુખોની રાખીએ આશા!
ખરે! ખોટા વિચારો છે, અદલ ઇન્સાફ ત્હારો છે! અહો!
સદાચરણે સદા ચાલે, સદા સુખ તેહને આલે!
પુરાવા તો હજારો છે, અદલ ઇન્સાફ ત્હારો છે! અહો!
કરેલાં પાપ જામે છે, પછી જન કષ્ટ પામે છે!
અહા! એ ગુપ્ત મારો છે, અદલ ઇન્સાફ ત્હારો છે! અહો!
કંઇ જન એમ બોલે છે, પ્રભુ ઇન્સાફ ભૂલે છે!
અરે! ગાંડા ગમારો છે, અદલ ઇન્સાફ ત્હારો છે! અહો!
કરે તેવું જરૂર પામે, લણે છે જેવું જે વાવે!
જગતનો એજ ધારો છે, અદલ ઇન્સાફ ત્હારો છે! અહો!
વસીલાને મુકે ન્હેતો, ન કો'ની લાંચ તું લેતો!
વિભૂ તું ન્યાય વાળો છે, અદલ ઇન્સાફ ત્હારો છે! અહો!
કથે શંકર વકીલોની, ગરજ તુજ પાસ ના પડતી!
અહા! એ રાહ સારો છે, અદલ ઇન્સાફ ત્હારો છે! અહો!

બુરી આદત યાને દુર્ગુણદર્શક !

—ગઝલ—

મળે શરબત છતાં પ્યાલી શરાબે રે ! ભરે છે કાં ?
ખરે ! ખીસ્સે બની ખાલી નશો વ્યસની કરે છે કાં? મળે.

મનોહર મેનકા જેવી રૂપાળી ઘર વિષે રામા;
• છતાં છટકેલ રાંડોમાં રખડતા રે ! ફરે છે કાં ? મળે.

કરે કિરતાર સર્વે પણ કર્યું મ્હેં એમ માનીને;
અભિમાને બની અંધા હુંપદ ગદ્ધા ધરે છે કાં ? મળે.

દીપકની જ્યોતને ઝાંખી પતંગો ભાન ભુલીને;
ઉડે છે ભેટવા ત્હેને બળે છે રે ! મરે છે કાં ? મળે.

જળાશય છે ભર્યાં જ્યાં ત્યાં તથાપિ કાક પક્ષીઓ;
પનીહારી શિરે મટકી તહાં ચંચૂ ભરે છે કાં ? મળે.

ભરીને પય તણું પ્યાલું મણિધરને તમે પાશો;
હળાહળ ઝેરની ધારા મુખેથી રે ! ઝરે છે કાં ! મળે.

જુગારે સૌ ગુમાવ્યું છે બન્યો બેહાલ હા ! બંદો;
છતાં અફસોસ ! મન તેનું જુગારે જૈ ઠરે છે કાં ? મળે.

કરી છે કેદની યાત્રા અરે ! કૈં વાર દંડાયો;
તથાપિ ચોર સૌ ચૂકી ફરી પરધન હરે છે કાં ? મળે.

કર્યો ઉપકાર જન કો’એ ભુલી આભાર સૌ ત્હેનો,
કૃતઘ્ની નીચ અપકારી બુરૂં ત્હેનું કરે છે કાં ? મળે.

\+ + +

કથે **શંકર** સુણો શાણા પડી આદત ટળે-ના તે;
ધુવે જો કોયલા તો પણ સફેદીમાં ભળે-ના તે.

પરોપકાર !

—ગઝલ—

પ્રભાકર તે પ્રકાશીને જગત સેવા કરે છે કાં ?
અહા ! રજનીપતિ નિત્યે નભે ફરતો ફરે છે કાં ? પ્રભાકર.
નવાણો નીરથી ભરવા પકવવા પાક હા ! ક્ષેત્રે;
નિયમસર મેઘ સૃષ્ટિમાં અહા ! વૃષ્ટિ કરે છે કાં ? પ્રભાકર.
સકળના પ્રાણનો રક્ષક મધૂરો છે અહા ! વાયૂ;
વિના સ્વાર્થે વહે સઘળે વકુફી વાપરે છે કાં ? પ્રભાકર.
ગ્રહી કરમાં કુહાડીને સુખડને છેદશો કોઇ;
ભલે ને અગ્નિમાં નાંખો સુગંધી હા ! સ્ફુરે છે કાં ? પ્રભાકર.
ચરે જંગલ તણો ચારો મહિષી, ગાય ને બકરી;
મધૂરું દૂધ આંચળથી છતાં ત્હેને ઝરે છે કાં ? પ્રભાકર.
તપેલો તાપથી પંથી વિસામો વૃક્ષનો લે છે;
પછી પથ્થરથકી મારે છતાં ફળ હા ! ખરે છે કાં ? પ્રભાકર.
સદાચરણી અને સંતો તણું બૂરું કરે કોઈ;
છતાં પરમાર્થના પ્રેમી દયા હરદમ ધરે છે કાં ? પ્રભાકર.
કથે **શંકર** ભલા લોકો પરાયાં કષ્ટ કાપે છે;
અહા ! પરમાર્થના માટે ઘટે તો પ્રાણ આપે છે. પ્રભાકર.

—સોરઠો—

ઉપકારે ઉપકાર, કરનારા જન કૈંક છે;
અપકારે ઉપકાર, કરનારા જન જૂજ છે !

ખુશામતથી રાજી થનારને !

—ગઝલ—

તમે બોલી રહ્યા ભાઈ અમોને બોલવા દેશો ?
  અમારા દિલનું તાળું ખુશીથી ખોલવા દેશો ? તમે.
તમે બોલ્યા બધું સાચું ! કહીશું કેમ હા એ હા ?
  ખરૂં મોટું હૃદય કાંટે તપાસી તોલવા દેશો ! તમે.
ગપાટા સપાટા એ તમારા કામ ના આવે;
  ભરેલી છે અગર ખાલી ? ફળીને ફોલવા દેશો ! તમે.
તમે બોલ્યા પટારામાં ભર્યાં મુક્તાફળો મોંઘાં;
  અમારાથી મનાયે ના પટારો ખોલવા દેશો ! તમે.
અમે તો સત્યના સાથી ખુશામત છે ખરે ખારી !
  અમારી અલ્પ બુદ્ધિથી અરે ! અવલોકવા દેશો ! તમે.
તમે માઠું લગાડો તો તમારી મૂર્ખતા મ્હોટી !
  તપ્યું જો હોય મસ્તિક તો જરા ઠંડું થવા દેશો ! તમે.
કથન લાગે કદી કડવાં અમોને જો નહિ ચાહો !
  રજા આપો અમે રાજી ! જીગરથી હા ! જવા દેશો ! તમે.
ખુશામતના તમે માલિક ! ખુશામતખોર છે ઝાઝા;
  ભલે ભેગા કરી બુદ્ધિ તમારી બોળવા દેશો ! તમે.
છતાં પણ શેઠજી મ્હારા ! શિખામણ રંકની માની !
  વ્યસન ઝાઝું ખુશામતનું ગળે ના બાઝવા દેશો ! તમે.

"યુવાની તો દીવાની છે"

—ગઝલ—

જરા જન જાળવી લેજે અરે ! ઝેરી યુવાની છે;
કલંકિત કિર્તિને કરશે ખરે ! વૈરી યુવાની છે ! જરા.
સદા મન મોહમાં રમતું, રહે પરનારમાં ભમતું;
નીતિને લેશ નાં નમતું યુવાની તો દિવાની છે ! જરા.
ભલે હો ! ભ્રાતની નારી અગર હો ! મિત્રની પ્યારી;
નજર ત્યાં થાય બદકારી ખરાબીની નિશાની છે ! જરા.
સગું સ્નેહી નહિ જોશે ભલે વિધવા કદી હોશે;
અરે ! અક્કલ બધી ખોશે ભલે ગુણવાન જ્ઞાની છે ! જરા.
અભિમાને કરે અંધા કરાવે નીચના ધંધા;
વિચારો ફેરવે સંધા યુવાની તો ગુમાની છે ! જરા.
બનાવ્યા કૈંકને કેદી નખાવ્યાં શીષ કૈં છેદી;
યુવાની શત્રુ છે ભેદી ન માનો કે, મઝાની છે ! જરા.
હ્રદય કિરતાર ના રટતું નથી પરમાર્થમાં પળતું;
રહે રસભોગમાં ભળતું જીવનની જાણ હાની છે ! જરા.
વિકારોને વળગનારી બતાવે પાપની બારી;
સુઝાડે બુદ્ધિ ના સારી પીડાકારક પિછાની છે ! જરા.
સમજ સંસારના પ્રાણી ! યુવાની માન મસ્તાની;
અરે પણ ચાર દા'ડાની ! યુવાની જાણ ફાની છે ! જરા.
કથે **શંકર** જુઠી કાયા જુઠી સંસારની માયા;
યુવાનીની જુઠી છાયા જુઠી આ જીંદગાની છે ! જરા.

"નહિં સાહસ કરો કોઇ !"

—ગઝલ—

કરો જે કામ હે પ્યારા ! ખરૂં ખોટું જરા જોઈ;
વિચારીને ભરો પગલું **નહિં સાહસ કરો કોઈ** ! કરો.
બનીને ક્રોધમાં અંધા કરે સાહસ અરે ! સંધા;
બુરૂં થાતાં રહે રોઈ **નહિં સાહસ કરો કોઈ** ! કરો.
ભમાવ્યા ના ભમો કો'ના કરો ના કાનને કાચા;
સુખો સૌ બેસશો ખોઇ **નહિં સાહસ કરો કોઈ** ! કરો.
નિહાળો નેત્રથી તો પણ તપાસો પૂર્ણ હે પ્યારા !
ભલે હો કામ હરકોઈ **નહિં સાહસ કરો કોઈ** ! કરો.
પડ્યા છે કૈં જનો એવા ચઢાવે ચિત્ત ચગડોળે;
ભરૂસે ના રહો ભાઇ ! **નહિં સાહસ કરો કોઈ** ! કરો.
*હતી હા ! **વિપ્રની નારી** બિચારા નોળને મારી;
કરી સહસાજ પસ્તાઇ **નહિં સાહસ કરો કોઈ**! કરો.
*કર્યો સંહાર **પોપટનો** બચાવ્યો ઝેરથી જેણે;
પછી **રાજા** રહ્યો રોઈ **નહિં સાહસ કરો કોઈ** ! કરો.
હજારો દાખલા એવા બન્યા કૈં ને નવા બનતા;
ગણો સહસા ઉંડી ખાઈ **નહિં સાહસ કરો કોઇ** ! કરો.

---

* ગુજરાતી ટેક્ષબુકની કવિતા 'સિદ્ધપુર નામે સુંદર ગામ' વાંચો !
* „ „ „ 'ધોધા પાટણ ગામ ગંભીર' વાંચો

સોનેરી શિખામણ !

ગઝલ-સોરઠી (હરિગીતમાં પણ ચાલશે.)

કીર્ત્તિ કલંકિત જે કરે એ કાર્ય તો કરવું નહિ !
અપયશ અપાવે જે અરે ! એ રીત આચરવું નહિ !

અનીતિ તણા આગારમાં !
બબ્બો ઉડે જ્યાં બ્હારમાં !
વ્યસની તણા વ્યવહારમાં !
પળવાર પણ ઠરવું નહિ !

બોલ્યું વચન તે પાળવાં !
ખોટાપણાને ખાળવા !
હા ! સત્યને સંભાળવા !
દુઃખ જો પડે ડરવું નહિ !

વ્યભીચારને વૈરી ગણો !
રે ! મોહ મમતાને હણો !
રસ્તો તજો લાલચ તણો !
પર દ્રવ્યને હરવું નહિ !

પરમાર્થને પ્યારો કરો !
બસ ધ્યાન ઈશ્વરનું ધરો !
ભક્તિ તણું ભાથું ભરો !
ફટકેલ થઇ ફરવું નહિ !

કીર્ત્તિ કલંકિત જે કરે એ કાર્ય તો કરવું નહિ !
અપયશ અપાવે જે અરે ! એ રીત આચરવું નહિ !

"જનુની જણ તો જણ જન એવા!"

—ચંદ્રાવળા છંદ—

(૧)

જનુની જણુતો જણુ જન એવા, **દાતા, ભક્તા, શૂર,**
સ્વદેશની સેવામાં દાના, પર ઉપકારી પૂર;
પર ઉપકારી પૂર કહાવે, જે બોલે તે તુરત બજાવે,
નહિ પથ્થર તે ઝવેર જેવા, **"જનુની જણુ તો જણુ જન એવા!"**

"દાતા":— (૨)

દયા તણો દરિયો છે '**દાતા**,' દીનપર જેનો પ્યાર,
ભૂખ્યાને ભોજન જે આપે, અપંગનો આધાર;
અપંગનો આધાર ન ડરતા, પરમારથમાં ધન વાપરતા,
કૃપણુ કદી ના મનથી થાતા, દયા તણો દરિયો છે '**દાતા**'!

"ભક્ત":— (૩)

ભૂધરની ભક્તિ મન ભાવે, ગાતા તેનું ગાન,
કામ, ક્રોધ, મદ, માયા ત્યાગે, જ્ઞાન વિષે ગુલતાન;
જ્ઞાન વિષે ગુલતાન રહેતા, હરદમ હરિનું નામજ લેતા,
સૌપર સરખો પ્યાર બતાવે, ભૂધરની ભક્તિ મન ભાવે!

"શૂરો":— (૪)

શોભે રણુસંગ્રામે શૂરો, ધરી ઢાલ તલવાર,
દુશ્મનના દળમાં જૈ ઘૂમે, ડરે નહિ તલભાર;

ડરે નહિં તલભાર હૃદયમાં, હોય ભલે તે ભારી ભયમાં,
પ્રાણ અર્પવામાં પણ પૂરો, શોભે રણસંગ્રામે 'શૂરો'!

(૫)

'જનુની જણ તો જણ જન એવા,' કવિ, લેખક, ગુણવાન,
લેખ લખી સંસાર સુધારે, જેને અંતર જ્ઞાન;
જેને અંતર જ્ઞાન રહે છે, જળ સમ જગમાં જ્ઞાન વહે છે,
સ્વદેશની કરતા તે સેવા, 'જનુની જણ તો જણ જન એવા'!

"જનુની ના જણજે જન એવા!"

—ચંદ્રાવળા છંદ—

(૧)

જનુની ના જણજે જન એવા, **લુચ્ચા ચોર લબાડ,**
અભિમાની અવગુણના પોષક, કરે ન કો' પર પા'ડ;
કરે ન કો'પર પા'ડ કદાપિ, અપંગને કૈં શકે ન આપી!
જાણો તે જન છે જડ જેવા, 'જનુની ના જણજે જન એવા'!

(૨)

જનુની ના જણજે જન એવા, **વ્યભિચારી ચંડાળ,**
આપમતલબી અને **અદેખા,** ખોટું આપે આળ;
ખોટું આપે આળ ખરાને, ભાર રૂપ તે છેજ ધરાને,
જાણ જનાવર ઝેરી જેવા, 'જનુની ના જણજે જન એવા'!

(૩)

જનુની ના જણજે જન એવા, જે **ચુગલીકરનાર,**
ભોળા જનનાં દિલ ભમાવે, દુર્ગુણના ભંડાર;
દુર્ગુણના ભંડાર કહાવે, માત પિતાનું નામ લજાવે,
જનમે તુજને દોષજ દેવા, 'જનુની ના જણજે જન એવા'!

(૪)

જનુની ના જણજે જન એવા, **લોભી ને કંજૂસ,**
'પૈ' ના પરમારથમાં આપે, મૂર્ખા મખ્ખીચૂસ;
મૂર્ખા મખ્ખીચૂસ કહાવે, ખાય ન પોતે ના ખવરાવે,
સ્વદેશની કરતા ના સેવા, 'જનુની ના જણજે જન એવા'!

(૫)

જનુની ના જણજે જન એવા, **નિમકહરામી** હોય,
ખાતા જેનું ખોદે તેનું, નહિં વિચારી જોય;
નહિં વિચારી જોય કદાપિ, ભલે ભરૂસે રહો તથાપિ,
છે જીવતા પણ શબના જેવા, 'જનુની ના જણજે જન એવા'!

"અમારા કંથના માટે!"

—ગઝલ—

અમે આ દેહ ધારી છે, અમારા કંથના માટે;
વળી માયા વધારી છે, **અમારા કંથના માટે**! અ૦
પિયર પળમાં તજી દઇને, સુભાગી સાસરે આવ્યાં;
રમત સરવે વિસારી છે, **અમારા કંથના માટે**! અ૦

પિતાથી લાડ કરતાં'તાં, પજવતાં માતને ભારે;
હવે બુદ્ધિ સુધારી છે, **અમારા કંથના માટે!** અ૦
કહ્યું ના કોઇનું કરતાં અતિ ઉન્મત્ત થઇ ફરતાં;
હવે તો લાજ ધારી છે, **અમારા કંથના માટે!** અ૦
જુનાંની પ્રીત તોડીને, નવાંથી સ્નેહ જોડીને;
ગરવની ગાંઠ ગાળી છે, **અમારા કંથના માટે!** અ૦.
હુંકારા સાસુના ખાધા, નણંદના બોલ સાંખ્યા છે;
ક્ષમાની ઢાલ ધારી છે, **અમારા કંથના માટે!** અ૦
પરાધીન પિંજરે રહીને, હશે કદી કષ્ટ કૈં વેઠયું;
ઉદાસી ટેવ ટાળી છે, **અમારા કંથના માટે!** અ૦
પતિની સેવ છે સાચી, રહી નિજ નાથમાં રાજી;
અનીતિ તો અકારી છે, **અમારા કંથના માટે!** અ૦
ધરી શણગાર શુભ અંગે, ઠમકતી ચાલ ચાલીને;
શરીર શોભા વધારી છે, **અમારા કંથના માટે!** અ૦
કહે તે કંથ કરવાનાં, પતિને દેવ ગણવાનાં;
અડગ એ ટેક ધારી છે, **અમારા કંથના માટે!** અ૦
પતિના સુખમાં સુખીયાં, પિયુના દુઃખમાં દુઃખિયાં;
સરસ રીત એ સ્વીકારી છે **અમારા કંથના માટે!** અ૦
પતિનું આંસુ પડશે ત્યાં, અમારૂં લોહી આપીશું;
પતિવ્રત માળ પ્હેરી છે, **અમારા કંથના માટે!** અ૦

"અમારા કંથના માટે !"



"પતિની સેવ છે સાચી રહી નિજ નાથમાં રાજી :
અનીતિ તો અકારી છે અમારા કંથના માટે !"

"મણિકાન્ત."

" પતિવ્રત પ્રાણથી પ્યારૂં !"



" ભલે રોગી અભાગી હો! અગર ધનહીણ યોગી હો!
પતિ ભગવંત સમ ધારૂં-પતિવ્રત-પ્રાણથી પ્યારૂં!"

" મણિકાન્ત."

"પતિવ્રત પ્રાણથી પ્યારું!"

—ગઝલ—

અમારૂં સ્વર્ગનું બા'રૂં પતિવ્રત પ્રાણથી પ્યારૂં;
અમોને મોક્ષ દેનારૂં, **પતિવ્રત પ્રાણથી પ્યારૂં!**
સુબુદ્ધિ સાથ વસનારૂં, કુબુદ્ધિ દૂર કરનારૂં;
પિયુનો પ્રેમ પાનારૂં, **પતિવ્રત પ્રાણથી પ્યારૂં!**
ભલે ભૂખે મરી જઈએ, કદી કંગાલ જો થઈએ;
દુઃખો દેખી ન ડરનારૂં, **પતિવ્રત પ્રાણથી પ્યારૂં!**
અમોને કેદમાં રાખો, કદાપિ બેડીઓ નાંખો;
છતાં ના ટેક તજનારૂં, **પતિવ્રત પ્રાણથી પ્યારૂં!**
ભલેને ભય ઘણો આપો, કદી તલવારથી કાપો;
નહિં તલભાર ડગનારૂં, **પતિવ્રત પ્રાણથી પ્યારૂં!**
ઘણું દુઃખ સાસરે સહીશું, કદી ના કોઇને કહીશું;
અમારા શ્રેયને સારૂ, **પતિવ્રત પ્રાણથી પ્યારૂં!**
પતિ જો હોય પતવાળો, કુટિલ યા અંધ હો કાણો;
તથાપિ ચિત્ત ચ્હાનારૂં, **પતિવ્રત પ્રાણથી પ્યારૂં!**
ભલે રોગી અભોગી હો, અગર ધનહીણ યોગી હો;
ધણી ભગવંત સમ ધારૂં, **પતિવ્રત પ્રાણથી પ્યારૂં!**
અભણ કે હોય અજ્ઞાની, શકે ના પ્રેમને જાણી;
છતાં શિરછત્ર છે મ્હારૂં, **પતિવ્રત પ્રાણથી પ્યારૂં!**

અમારો દેવ છે સ્વામી, અમારી ભક્તિ ત્યાં જામી;
હૃદય ભરથાર રટનારૂં, **પતિવ્રત પ્રાણુથી પ્યારૂં** !
નહિં લલચાઇયે લોભે, નહિ મન માનશે મોહે;
ખરેખર ! એ બધું ખારૂં ! **પતિવ્રત પ્રાણુથી પ્યારૂં** !
ભર્યા ભંડાર નાણાંથી, સુવસ્ત્રો કે ઘરેણાંથી;
કદી ના ચિત્ત ચળનારૂં, **પતિવ્રત પ્રાણુથી પ્યારૂં** !
રવિ પશ્ચિમ ઉદય થાયે સિંહણ સુત તૃણ જો ખાયે;
તથાપિ હામ ના હારૂં, **પતિવ્રત પ્રાણુથી પ્યારૂં** !
દ્રુપદ તનયા અને **તારા**, **સુકન્યા** ને સતી **સીતા**;
પતિવ્રત તેહ સમ પાળું, **પતિવ્રત પ્રાણુથી પ્યારૂં** !

*   *   *   *

કહે **શંકર** સફળ જીવ્યું મળે જેને સતી નારી;
તરે પોતે અને નિજ નાથને, સંસાર દે તારી.

ઇશ્કનો અન્જામ !

—ગઝલ—

અરે ના ઇશ્કમાં પડશો, પૂરા પસ્તાઇને રડશો;
બની કૈં ઇશ્કના બંદા, મરાયા —**ઇશ્કના માટે** !
ઘણા જન ઇશ્કમાં ઘેલા, બની ઘરબાર મેલીને;
જગાવી જોગ જંગલમાં, ભરાયા —**ઇશ્કના માટે** !
ભલે હો શાહ કે સેવક, ભલે રાણી અગર દાસી;
સકળનું સુખ ને વૈભવ, હરાયા —**ઇશ્કના માટે** !
ખરેખર ખુન કૈં કીધાં, જુલમનાં જામ પી લીધાં;
પડીને પાપના ફંદે ફસાયા —**ઇશ્કના માટે** !
ભલાં **લૈલી** અને **મજનું**, પડયાં'તાં ઇશ્કની આગે,
અરે ! અન્જામ એ આવ્યો, હણાયાં —**ઇશ્કના માટે** !
વળી **ફરહાદ** ને **શીરી**, વિના મ્હોતે મુવાં બન્ને;
કસોટી પ્યારની પર જૈ, કસાયાં —**ઇશ્કના માટે** !
અહા ! કૈં રાજ્ય પલટાયાં, કુટુંબો નાશ કૈં પામ્યાં;
વહેતા ખુનથી ખાડા, ભરાયા —**ઇશ્કના માટે** !
કથે **શંકર** નથી સ્હેલો, કઠણ છે ઇશ્કનો રસ્તો;
અરેરે ! ઇશ્કના ચેલા, ચવાયા —**ઇશ્કના માટે** !

"શયતાન કે સટ્ટો?"

—ગઝલ—

લગાડી લેશ લાલચને, ફસાવે હાય! ફાંસામાં;
કલેજું કત્લ કરનારો, અરે! **શયતાન કે સટ્ટો?**
અરે! સટ્ટા તણા સાથી, સુવે ના શાન્તતા ધારી;
ઠરી ના ઠામ ઠરનારો, અરે! **શયતાન કે સટ્ટો?**
બતાવી ગોળનું ગાડું, જમાડે ઝેરના લાડુ;
સબંધીનેજ છળનારો, અરે! **શયતાન કે સટ્ટો?**
તજાવે લાજ ને લક્ષ્મી, કરાવે કર્મ કૈં કૂડાં;
દગો કરતાં ન ડરનારો, અરે! **શયતાન કે સટ્ટો?**
કરાવી ને કરજ કૈં ને, કઢાવ્યાં કૈંક દેવાળાં;
કપટ ભંડાર ભરનારો, અરે! **શયતાન કે સટ્ટો?**
પડી કૈં પાસમાં તેના, મુવા પીસ્તોલ મારીને;
પલકમાં પ્રાણ લેનારો અરે **શયતાન કે સટ્ટો?**
અરે કૈં ઝેર–પી–સૂતા, ડુબ્યા કૈં હાય જૈ દરિયે;
ખરેખર ખુન પીનારો, અરે! **શયતાન કે સટ્ટો?**
કહે **શંકર** સુણો પ્યારા! બુરો છે છંદ સટ્ટાનો;
સકળ સુખનેજ હરનારો, અરે! **શયતાન કે સટ્ટો?**

સટ્ટા વિષે!

—છપ્પા—

સટ્ટો કરે ખુવાર, માર સટ્ટો બહુ મારે,
સટ્ટો દે પરિતાપ, કરજ કંકાસ વધારે;
સટ્ટાથી જશ જાય, નિંદ પણ નામ ન આવે,
અણચિંત્યું દુઃખ થાય, વળી ઘરબાર લૂંટાયે;
દીન 'શંકર' દે શિખ સર્વને, બિનતિ જો ધ્યાને ધરો!
લાખ મળે કદી લાભમાં, તોપણ સટ્ટો નવ કરો. ૧

કવિત.

કળયુગ કે રાજનમેં, ધંધેપે ધાડ પડી,
સટ્ટાકું ખેલ ખૂબ, ખ્વાર લોક હોતે હય;
ધનકો વિનાશ હોય, કીર્તિકો બીજ ખોય,
સટ્ટાકું ખેલ કુન, સુખનસે સોતે હય.
સટ્ટાસે સાત બખ્ત, ભીખનકા કાજ ભલા,
સટ્ટા કે લીયે કૈંક, પોક પોક રોતે હય;
'શંકર'કી બાત સુન, સટ્ટેકું ત્યાગ કરો,
સટ્ટેસે કૈંક લોક, જીવનકું ખોતે હય. ૧

નિંદાખોરને અર્પણ!

—ગઝલ—

કરે નિંદા અમારી કો, અમોને છે નહિં પરવા!
કરે મ્હેનત બિચારા તે, અમારાં પાપને હરવા!
લઈ પૈસા અને ધોબી, અમારાં વસ્ત્રને ધોતા;
વિના પૈસે જનો એવા, અમારાં પાપને ધોતા!
હશે જે બાયલા પોતે, અગર ધંધા વિના ફરતા;
અદેખા એકઠા થૈને, અવર નિંદા અરે! કરતા!
ધણીની ધાક ના હોયે, અગર વિધવા કદી હોશે;
મળી કમજાત કુલટાઓ, અવરની કૂથલી કરશે!
હશે ઉસ્તાદ જે એમાં, કચેરી ચૅાકમાં ભરશે;
મળી એ ચાર રંડાઓ, સુખે નિંદા પછી કરશે!
ભટકતી કેસ લાવે છે, વિવેચન **વંતરી** કરશે;
ચઢી અન્યાયની ગાદી, **ચળેલી** ન્યાય ચૂકવશે!
ફલાણી આમ ચાલે છે, ફલાણો રૅાફ મારે છે;
ફલાણી રાંકડી કેવી? ધણીની ધાક ધારે છે!
ફલાણી ફાંકડી એવી, જુઓ ઘરમાં ચલણ એ'નું;
પિવાડે પાંદડે પાણી, નશીબ ચઢતું અહા! તેનું!
ફલાણીને ઘણું દુઃખ છે, ફલાણીને અતિ સુખ છે;
ફલાણી ખાય છે થોડું, ફલાણીને ઘણી ભુખ છે!
કરીને કૂથલી એવી, અવરનાં ઘર ભગાવે છે;
નથી કંકાસ જે ઘરમાં, તહાં ટંટો જગાવે છે!

કુટિલ સ્ત્રીનો વિશ્વાસ ન કરવા વિષે.

તોટક–છંદ.

કદી નાથ કહી શિર હાથ ધરે,
સ્મિત હાસ્ય થકી ખુશ નાથ કરે;
કદી રાત પડે અતિ રીસ કરી,
નિજ નાથ પરે તલવાર ધરે. ૧
કદી નાથ પળે પરગામ વિષે,
નવ નાથ જશો કહી આંખ ભરે;
પણ નાથ ગયા પછી નીચ ત્રિયા,
નિજ યાર થકી વ્યભિચાર કરે. ૨
પળમાં હસતી પળમાં રડતી,
પળમાં નિજ નાથ દુઃખે બળતી;
પળમાં ધનમાલ લૂંટાવી દઈ,
નિજ યાર લઈ રસતે પડતી. ૩
જન જે નિજ નારતણે વશ થૈ,
તનને ધન સ્નેહ ધરી અરપે;
પણ નાર નહિં દરકાર કરે,
ઉપકાર નહિં હૃદયે કલપે. ૪
ક્રૂર વાઘ તણો વિસવાસ કરો,
વળી સાપ મુખે જઈ હાથ ધરો;
સુણજો વિનતિ દીન 'શંકર'ની,
નહિ નાર તણો વિસવાસ કરો. ૫

વ્યભિચારી વિષે!

તોટક-છંદ.

ધિક તે નરને ખર તુલ્ય ગણો,
પકડે રસતો વ્યભિચાર તણો;
દુઃખ ભોગવશે સુખ શું મળશે?
રખડી અન્ન પાણી વિના મરશે. ૧

વળી લાજ જશે દુઃખ દેહ થશે,
નિજ નૂર ગુમાવિ બધે ફરશે;
પણ કોઇ નહિં વિસવાસ કરે,
છટકેલ તણી કયમ દાઝ ધરે? ૨

વ્યભિચારથી નિંદ સદા અળગી,
દિલમાં નિત્ય આગ રહે સળગી;
સળગી ભડકે બળી ખાખ થશે,
મુકી પોક પછી મુરખો રડશે. ૩

પરનાર પતિવ્રત ભંગ કરો,
કિરતાર તણો ડર દિલ ધરો;
તજ 'શંકર' એ લખ છેજ બુરો,
વ્યભિચાર શિરે ઝટ મૂક પુળો. ૪

વ્યભિચારી સ્ત્રી પ્રત્યે!

હરિગીત-છંદ.

જા ! જા ! અરે ! વ્યભિચારણી ! નહિ લાજ કૈં દિલ લાવતી;
નખરાં કરી ઓ નીચ શું ? મમ હૃદયને લલચાવતી;
મીઠું વદી કપટે કરી, કૈંને ફસાવ્યા જાળમાં,
હા ! હા ! ભૂલી હું કેમ પડું ? એ દોજખી અંગારમાં !
તુજ તુંબ સમ અધરોષ્ટનું, પય કૈં જને પીધું હશે,
વળી નીચ સુખ તુજ સંગમાં, લાખ્ખો જને લીધું હશે;
તુજ ડુંગરાસમ કુચને, સહસ્ત્રો જને સાહ્યા હશે,
મીઠી પ્રપંચી વાણીથી, કૈં કૈં જનો વાહ્યા હશે !
વળી શ્વાનને ખાવા તણી, જે ચાટ સમ તુજ કાય છે,
વિષયી હજારો કુતરા, તુજ અંગ ઉપર ધાય છે;
આવું છતાં નહિ તૃપ્ત થાતી, એ અજબની વાત છે;
આવી મ્હને લલચાવવા, ધિક્કાર તારી જાત છે !
જગમાં જીવી સુત સુજ્ઞ પામો, શિયળવંતી નારીઓ,
તારા સમી વ્યભિચારણીની, બંધ થાજો બારીઓ;
વાણી વદે શંકર વિમળ, આ પાપ લઇ તું ક્યાં જશે ?
ન્યાયી હરિ દરબારમાં, માઠી દશા તારી થશે !

વ્યભિચાર વિષે.

લાવણી-(મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ) એ રાહ.

હે આર્ય બંધુઓ સુણો વિનંતિ મ્હારી;
વ્યભિચાર મહા અપરાધ બહુ દુઃખકારી. ૧
વ્યભિચારી જનની નથી આબરૂ જગમાં;
લૈ હસ્ત કુહાડો મારે છે નિજ પગમાં. ૨
પૈસાની હાની થાય આળ ઝટ આવે;
છટકેલો કહે છે લોક લાજ ના લાવે. ૩
વળી સુવે નહિં કો દિન શાન્તતા ધારી;
વ્યભિચારી જનની નિંદ ગઇ પરવારી. ૪
વ્યભિચાર કપાવે શિર અરેરે ! પળમાં;
વ્યભિચારી જનનો જીવ સદા જોખમમાં. ૫
ચોરી જૂઠ ને કૈં પાપ કરાવે જનને;
રે ! કરે અતિ બેહાલ હરે તન ધનને. ૬
પરનાર પતિવ્રત ભંગ કરો ના ભાઇ;
પરનાર નર્કનું દ્વાર તજો દુઃખદાઇ. ૭
જેવી પોતાની નાર અન્યની એવી;
કાં હરો પરાયો માલ ? દુષ્ટતા કેવી ? ૮
પર નાર તણા થૈ ચાર ખુવાર થયા કૈં;
કૈંએ છોડયા નિજ પ્રાણ કાળ મુખમાં જૈ. ૯

નિજ નાર મિષ્ટ પય પાન તજીને ભટકો;
વ્યભિચાર હળાહળ ઝેર પીતાં ના અટકો. ૧૦

નિજ નાર સરસ પકવાન નજરમાં ના'વે;
વ્યભિચાર વાલુકા અતિ અરેરે ! ભાવે. ૧૧

વાણી શંકરની સુણી રીસ નવ કરજો;
વ્યભિચાર રૂપી મહા પાપ સદા પરહરજો. ૧૨

"યુવાની" વિકાર !

હરિગીત—છંદ.

ચંચળ થઇ ચિત્ત ભટકતું, ઘડીએ કંઈ ના ગોઠતું,
હરિભજન કે પરમાર્થમાં, પળ વાર પણ ના ચોટતું;
નિર્ભય અને નિશ્ચળ થઇ, પરનારમાં ભમતું ફરે,
ફટ ! ફટ ! 'યુવાની' આંધળી, તું વિષયને વ્હાલો કરે ! ૧
નિજ લાજ વ્હાલી ના ગણે, નિજ કાજને પણ નવ ગણે,
નિજ જાતને પણ નવ ગણે, નિજ નાતને પણ નવ ગણે;
નિજ પાપથી પણું નવ ડરે, જગનાથથી પણ નવ ડરે,
ફટ ! ફટ ! 'યુવાની' આંધળી, તું વિષયને વ્હાલો કરે ! ૨
નિજ કુટુંબની કે નિજ સગાની નારને પણ નવ જુવે,
પત્નિ ભલે હો પુત્રની, ગુરૂપત્નિને પણ નવ જુવે;
નિજ મિત્રની પત્નિ થકી, હેતે અનીતિ આદરે,
ફટ ! ફટ ! 'યુવાની' આંધળી તું વિષયને વ્હાલો કરે ! ૩
વિધવા ભલે પણ રૂપવંતી, હોય તો તું ન્હાય છે,
ક્યારે મળે ? ક્યારે મળે ? મળવા અતિ અકળાય છે;
વિધવા ગમનથી પાપ છે, તે પાપથી પણ નવ ડરે,
ફટ ! ફટ ! 'યુવાની' આંધળી, તું વિષયને વ્હાલો કરે ! ૪
ઉંચ નીચ કંઇ પરખાય ના, ભુંડું ભલું જોવાય ના,
ગદ્ધાપચીશીમાં પડી, કંઇ ભેદ અવલોકાય ના;

મન માંકડું થૈ શ્વાનની માફક બધે ફરતું ફરે,
ફટ ! ફટ ! 'યુવાની' આંધળી, તું વિષયને વ્હાલો કરે ! ૫

બાળાપણે ભગવંતને નર હેતથી ભજતો હતો,
વ્યભિચારમાં સમજે નહિ, સૌ પાપને તજતો હતો;
ત્હારી અસર જ્યાં થાય કે, તે સૌ પરે પાણી ફરે,
ફટ ! ફટ ! 'યુવાની' આંધળી, તું વિષયને વ્હાલો કરે ! ૬

આત્મા અતી અકળાઇને, આપે શિખામણ ચિત્તને,
પણ તું નહિં ટકવા દીએ, ઇચ્છેજ ત્હારી જીતને;
ડર કોઇનો રાખે નહિ, મૃત્યુ ભલે માથે ફરે,
ફટ ! ફટ ! 'યુવાની' આંધળી, તું વિષયને વ્હાલો કરે ! ૭

અલમસ્ત મલ્લ 'યુવાની' થી સૌ ભાઈ ચેતી ચાલજો,
એ સર્પણી ડંખે નહિ, માટે જરા સંભાળજો;
દિવાની એ 'યુવાની' ને, દુશ્મન ગણી શંકર ડરે,
ફટ ! ફટ ! 'યુવાની' આંધળી, તું વિષયને વ્હાલો કરે ! ૮

અદેખા વિષે.

મનહર—છંદ.

ભાવે ભૂપ ભોજ રાજા, દાન દેવા બેસે ત્યારે,
માગણો ને કવિઓનાં, ટોળે ટોળાં ટુટે છે;
ભાળીને ભંડારી તણું, ચિત્ત બળે ચરરર,
" ભીખારીનાં ટોળાં આવી, ભંડારને લુંટે છે; "
સદાવ્રત આપે કોઈ, શેઠ કે શ્રીમંત ત્યારે,
કોઠારી કકળી કહે, " દાણો હવે ખુટે છે; "
શંકર કહે છે તેમ, વરો કોઇ કરે ત્યારે,
નિહાળી નિહાળી 'નાંનો', નાવી પેટ કુટે છે ! ૧
વર્ષાની રૂતુમાં જ્યારે, વનસ્પતિ ખુબ ખીલે,
જંગલી જવાસો શોક, કરીને સુકાય છે;
ચોમાસામાં ચારો ચરી, પ્રાણી સહુ પુષ્ટ બને,
ગમાર ગધેડો ઘણો, શરીરે શોષાય છે;
શ્વાનને ખાવાનું આપ્યું, હોય પણ ખાતાં ખાતાં,
અન્યને અપાતું દેખી, ઘણો ઘૂરકાય છે;
શંકર કહે છે તેમ, ભલું કો'નું થતું ભાળી,
આદમી અદેખો કોઈ, ઊરે અકળાય છે ! ૨

ઐકયતા !

—ગઝલ—

અમારૂં તે તમારૂં છે, તમારૂં તે અમારૂં છે;
અમારા ને તમારામાં, પ્રભુનું નામ પ્યારૂં છે !
અમે જગદીશને ભજીયે, તમે અલ્લાહ ઉચ્ચારો છો;
અમે શ્રી રામને રટીયે, તમે રહેમાન ધારો છો !
અમે ગીતા તણા રાગી, તમો કુરાન માનો છો;
સકળનું તત્વ છે એક, છતાં કાં ભેદ જાણો છો ?
તમે છો હિંદના બેટા, અમે પણ હિંદના જાયા;
બિરાદર આપણે બન્ને, સકળને હિંદની છાયા.
અરેરે ! ધર્મના લીધે, ગણો જૂદાઈ કાં પ્યારા ?
કુસંપે કલેશ કાં માંડો ? અરે ઓ બંધુઓ મ્હારા.
ભલો સુલતાન અકબરશાહ, પ્રજામાં ભેદ ના રાખ્યો;
ગણી સૌ કોમને સરખી, અમર રસ યશ તણો ચાખ્યો.
કુસંપે નાશ થૈ લક્ષ્મી, કુસંપે દેશ છે દુઃખિયો;
તજી તોફાન જાતીનું, બનાવો દેશને સુખિયો.
અરે ! ઓ ! બંધુ હિંદુઓ ! બિરાદર હે ! મુસલમાનો !
બનો એકત્ર નિજ માટે, સ્વમાતા હિંદને જાણો !

અપંગોની યાચના !

—ગઝલ—

પ્રભુએ જો તને આપ્યું અમોને દાન દેતો જા;
 અપંગો આશરો માગે અરે ! આશીષ લેતો જા ! પ્રભુ૦
બિકારોથી ભરી દુનિયાં રૂપી સહરા તણા રણમાં;
 વહે પરમાર્થનું વારી ભરી પ્યાલીજ પીતો જા ! પ્રભુ૦
અરે ! સંસાર અરણવ આ અતિ મસ્તાન તોફાને;
 સખાવતની તરે હોડી ધરી ધનવાન તરતો જા ! પ્રભુ૦
હજારો રૂપિયા ભાઈ ! મઝામાં તું ઉડાવે છે;
 લખ્યું જો કિસ્મતે ત્હારા અરે ! કૈં ધર્મ કરતો જા ! પ્રભુ૦
હરિ દરબારમાં જાવા મુસાફિર છે મજલ મ્હોટી;
 ભલા સત્કર્મનું ભાથું અરે ! ઓ ભાઇ ! ભરતો જા ! પ્રભુ૦
અમારૂં ટંકનું ભોજન તમારી પાન સોપારી;
 દયા દિલમાં વસે જો તો વિનંતી ધ્યાન ધરતો જા ! પ્રભુ૦
અમોને અન્ન ના મળતું અપંગો શું કરી શકીએ ?
 બને તુંથી બિરાદર તો અમારૂં કષ્ટ હરતો જા ! પ્રભુ૦
અમોને જે અપાશે તે વવાશે ધર્મના ક્ષેત્રે;
 મળે આ પુણ્યનું ટાણું અહા ! સ્નેહે ઉજવતો જા ! પ્રભુ૦
અમારા કર્મના યોગે અમે આ કષ્ટ ભોગવીયે;
 હૃદયમાં રે'મ લાવીને ફરજ ત્હારી બજવતો જા ! પ્રભુ૦
અમોને અન્ન જો મળશે તમારી વાંચ્છના ફળશે,
 પ્રભુ ત્હારૂં ભલું કરશે જરા અમને રિઝવતો જા ! પ્રભુ૦

મૉજશૉખમાં મસ્ત રહેનાર ધનવાનોને !

—ગઝલ—

અરે ! ધનવાન ! નિર્ધનનાં કહો દુઃખ કાપશો કયારે ?
પ્રીતે પરમાર્થમાં પૈસા તમારા આપશો ક્યારે ?
અપંગો યા અનાથોની હ્રુદયમાં કંઇ દયા લાવી ?
સ્થળે સ્થળ ધર્મશાળાને, સદાવ્રત સ્થાપશો કયારે ?
નિરાશ્રીત દર્દીઓ માટે, દવાખાનાં ઉઘાડીને !
"મફત અત્રે દવા મળશે" દિવાલે છાપશો ક્યારે ?
અરે ! કૈં રંક બાળકને, સુવિદ્યા દાન દેવાને !
નિશાળો પાઠશાળાઓ; તમે બંધાવશો ક્યારે ?
તમે મરજી થતાં મોંઘા, જમો મિષ્ટાનને મેવા !
મરે ભુખે ગરીબો તે, જીગરથી જાણશો ક્યારે ?
હજારો મૉજ મેળવવા, ધુમાડો દ્રવ્યનો કરતા !
અપંગો અશ્રુ પાડે છે, અરે ! અવલોકશો ક્યારે ?
તમારી પાન બીડીમાં, સુખે જન એક પોષાયે !
વિવેકે તે વિચારીને, રહમ દિલ રાખશો ક્યારે ?
તમે દરરોજ મોટરમાં, પ્રીતે પેટ્રોલ પૂરો છો !
ભુખ્યાના પેટના ખાડા ! ખુશીથી પૂરશો ક્યારે ?
તમારા અંગના માટે, કરાવો ફેનસી કપડાં !
ગરીબો ટાઢથી ધ્રૂજે ! દયા દરશાવશો ક્યારે ?
નકામું માન મેળવવા, કરો પૈસા તણું પાણી !
પ્રભુના પ્રેમના માટે, અપંગો પોષશો ક્યારે ?

તમે શ્રીમંતમાં ખપતા, બજાવી ના ફરજ શકતા !
  કરી પરમાર્થ એ પદવી, કહો શોભાવશો ક્યારે ?
ભમે છે મર્ણ તો માથે, મળે ના સંપત્તિ સાથે !
  સુતા શું સોડ તાણીને ? ગ્રહસ્થો જાગશો ક્યારે ?
જતાં પરગામ બે ગાઉ, ભરો છો સાથમાં ભાથું !
  મજલ મ્હોટી તણું ભાથું, બિરાદર બાંધશો ક્યારે ?
તમારા આપ્તમંડળ સમ, અવરપર પ્યાર રાખીને !
  ગરીબોને મદદ કરવા, હૃદય વિકશાવશો ક્યારે ?
કથે શંકર યથાશક્તિ, કરી નિષ્કામ કૈં સેવા !
  અહાહા ! આંખમાં પ્યારા ! અમી ઉભરાવશો ક્યારે ?

* * * * *

અનુભવ દુઃખનો ડંકો હૃદયમાં વાગશે જ્યારે !
પરાઇ પીડની પૂરી કદર દિલને થશે ત્યારે !

કઠણ હૃદયવાળા ધનવાન!

શિખરણી—છંદ.

ધની પાસે જૈને, નિરધન બિચારો કરગરે !
અહંકારી થૈને, અરજ નવ તેની ઉર ધરે !
નિસાસા નાખીને, નિરધન પછી પંથ પળતો !
ધનીના હૈયાને, કઠણ હરિ તું કેમ કરતો ?

ધનવાન અભિમાની સગાઓને ઠપકો!

ગઝલ સોરઠી—(હરિગીતમાં પણ ગવાશે.)

આવ્યા તમારે આંગણે આવો ભલે કે'તા નથી;
કરિયે પ્રણામ સલામ પણ કૈં લક્ષમાં લેતા નથી !

કહો શેઠ કુશળ ક્ષેમ છે? તમ બાળ બચ્ચાં કેમ છે?
આ રંકના પર રે'મ છે? ઉત્તર અરે દેતા નથી !

નવ બેસવા આસન કરો, નવ પાન સોપારી ધરો;
અવલોકતાં અવળા ફરો, સ્હામું જરા જોતા નથી !

જળપાત્ર નિજ હાથે ભરી, પ્હેલાં તમો સ્હામે ધરી;
વિવેકની વૃષ્ટિ કરી, પાતા અગર પી-તા નથી !

જળપાન વણ કહેવે કર્યું, અંતર અમારૂં હા ! બળ્યું;
ના ધ્યાનમાં આપે ધર્યું, નરમાશમાં ન્હાતા નથી !

કૈં વાત કરીયે જો અમે, પણ સાંભળો ના તે તમે;
ના બોલવું તમને ગમે, કિરતારથી બ્હીતા નથી !

દુઃખ-વાત તમ પાસે કહે, ના રે'મ તમ હૃદયે રહે;
અમ આંખથી આંસુ વહે, એ આંસુડાં લ્હોતા નથી !

ધનહીણ શું હલકા અમે ? ધનવાન તે ભારે તમે ?
તમને સદા ચહિયે અમે, અમને તમે ચ્હાતા નથી !

અંધા બનો અભિમાનમાં, ના વાત લ્યો કૈં ધ્યાનમાં;
છેવટ જવુંજ શ્મશાનમાં, પણ ગર્વને તજતા નથી !

છે રંક રાજા હારમાં, કિરતારના દરબારમાં;
કો ઊંચ નીચો-ધાર માં, જૂઠું અમે ગાતા નથી !

જેવા દેવ તેવી પૂજા !

—ગઝલ—

અમે મુફલેસ તે માટે, નકામા કાં સતાવો છો?
 દયા સાટે અયે આદમ! તમે તો દમ–બતાવો છો! અમે૦
અરે! નિર્બળ અપંગોને, નથી ભોજન પુરૂં મળતું;
 રખડતા હાલને દેખી તમે ક્યાં ગમ–બતાવો છો? અમે૦
ભલે ના આપશો ભાઈ! મગર ધક્કા નહિં મારો;
 અરે! એવું કરી અક્કલ તમારી કમ–બતાવો છો! અમે૦
તમારા એક ધક્કાથી અમે નીચે પડી જઈએ;
 અતિ બળવાન તે અમને, તમે તાલિમ–બતાવો છો? અમે૦
ગની હો યા ગદા હો પણ પ્રભુ દરબારમાં સરખા;
 જુલમ જગદીશની દ્રષ્ટે, અયે ઝાલિમ બતાવો છો! અમે૦
મુકી ધનમાલ ને માયા, ગયા ચાલી હજારો કૈં;
 જુઓ છો તે છતાં હુંપદ, તમે હરદમ–બતાવો છો! અમે૦
ગરીબો છેક છે હલકા, ગણી અપમાન કાં આપો?
 તમારી જાતની હાથે કરી ન્હાનમ–બતાવો છો! અમે૦
અમે તો માગવા લાયક, તમે છો આપવા લાયક;
 કરીને કોપની દ્રષ્ટિ, ક્રૂરતા ક્યમ–બતાવો છો? અમે૦
તમારે આંગણે આવ્યા, અમે આશા અતિ ધારી;
 "અયે! જા!" કર કરી લાંબો, જવું જહન્નમ બતાવો છો! અમે૦
ભરીને ફંડમાં નાણાં, સખાવત કાં બતાવો છો?
 અપંગો આશ્રયે આવે, અદાવત–કાં બતાવો છો? અમે૦

"એવી દયાને શું કરે?"

—હરિગીત છંદ—

નિર્દોષ પક્ષી પાડવા ગોળી છુટી બંદુકથી,
પોકાર પાડીને પડયું પક્ષી બિચારૂં વૃક્ષથી;
નિરખી ત્રફડતું તેહને હણનારનું અંતર બળે;
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે? ૧

અરજી સુણી પણ મેઘજી આવ્યા ન ચોમાસા વિષે,
દુનિયાં દુઃખી દુષ્કાળથી જન ભૂખથી મરતા દીસે;
પણ માઘ માસે મેઘજી લાવે દયા અવની પરે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે? ૨

પૈસો ઘણો ખ્યારો ગણી બાળા વળાવી વૃદ્ધને,
બાળાપણે વિધવા થતાં આવી દયા દુર્બુધને;
દુઃખ દેખતાં દિકરીતણું રે! આંખ આંસુથી ભરે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે? ૩

રે! નવિન વધુના બોધથી મૈયત પ્રિયાના પુત્રને,
બાળાપણે તરછોડીયો સમજ્યો નહિં ઘરસૂત્રને;
પત્તો મળ્યો ના પુત્રનો મનમાં મુંઝાઈને મરે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે? ૪

ધનવાન હુંપદમાં રહ્યો આપ્યું નહિં કંગાલને,
દુર્બળ હતો રે! ભૂખથી પૃથ્વી પડયો તત્કાળ તે;

પડતાં મરણુ પામ્યો દયા ધનવાનના દિલમાં ઠરે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે ? ૫

કબજે કરી કીલ્લો કતલ શાહે ચલાવી શહેરમાં,
હો બાળ વૃદ્ધ યુવાન પણ સૌ કો કપાયા કે'રમાં;
પોકાર મરતાંનો સુણી અફસોસ કરતો શાહ રે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે ? ૬

શર સાંધીને મૃગ મારવા રે ! પારધી પુંઠે પડયો,
શર વાગતાં ધરણી ઢળ્યો પોકાર મૃગલીને કર્યો;
મૃગલી મરી શિર પટકીને ઘાતક દયાથી થરથરે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે ? ૭

બોટો ડુબાવા આગની દરિયે કર્યું તોફાનરે !
જોડાં વિખુટાં બહુ કર્યાં લીધા કંઇના પ્રાણ રે !
પસ્તાવો કરતો તે પુરો નિજ શાન્ત થાવા આદરે,
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે ? ૮

પ્હેલાં હૃદય કંપે નહિ એવી દયા શું કામની ?
મૃત્યુ થતાં આણે મયા રે ! એ મયા શું કામની ?
'શંકર' કહે છે શિર છેદી પાઘ બાંધે શું વળે?
પાછળ પછાડે પૂછડું એવી દયાને શું કરે ? ૯

ઢોંગી ધર્મગુરૂનું ધતીંગ !!!

—ગઝલ—

ગુરૂજી જો થયા છો તો તમે બસ જ્ઞાન–આપોને !
પ્રભુને ભેટવા ભક્તિ તણું રસ પાન–આપોને !
અરે ! છે દેવ સૌ સરખા ગણીને માન–આપોને !
ખુલાસો પૂછીયે તે પર ધીરજથી ધ્યાન–આપોને !
ગુરૂજી સ્વર્ગમાં જાવા બતાવો જ્ઞાનની ઘોડી !
અરે ! સંસારને તરવા બતાવો જ્ઞાનની હોડી !
રહ્યું અજ્ઞાન અંતરમાં ઝપાટે નાંખજો તોડી !
ગુરૂજી આપ છો મ્હારા કહું છું હાલ કર જોડી !
લગાવી તેલ ને અત્તર ફરો છો ફાંકડા ફક્કડ !
નથી કૈં નમ્રતા તમમાં અભિમાને રહો અક્કડ !
જમો મિષ્ટાન્ન ને મેવા પિવાને દૂધ ને શક્કર !
મઝા એ રાજ્ય વૈભવને ઘડીભર મારતી ટક્કર !
ચઢી ગાડી અને ઘોડે નથી ફરવા–તમે જનમ્યા !
મઝા ને મોજ સંસારે નથી કરવા તમે જનમ્યા !
કરી પધરામણી પૈસા નથી હરવા–તમે જનમ્યા !
ગુરૂજી પારકે તુંબે નથી તરવા–તમે જનમ્યા !
અમોએ જ્ઞાન મેળવવા–ગુરૂજી આપને કીધા !
અમારી બુદ્ધિ કેળવવા–ગુરૂજી આપને કીધા !
હૃદયમાં ભક્તિ મેળવવા–ગુરૂજી આપનો કીધા !
અરે ના ભક્ત ભોળવવા–ગુરૂજી આપને કીધા !

ગુરૂજી પારકા જર પર ગુજારો—આપ લૈ બેઠા !
જગતને ધૂતવાનો શું ઇજારો—આપ લૈ બેઠા ?
દગાથી દેવના નામે મુજારો—આપ લૈ બેઠા !
ઇલાજો દ્રવ્યને હરવા હજારો—આપ લૈ બેઠા !
અરે ! સમજુ જનો કેરી ક—રાજી—આપ લૈ બેઠા !
હતા જે અંધ શ્રદ્ધાળુ હરાજી—આપ લૈ બેઠા !
મુકીને નમ્રતા નેવે મિજાજી—આપ થૈ બેઠા !
અરેરે ! ગર્વની ગાદી ગુરૂજી—આપ લૈ બેઠા !
ધ્વજા નિજ ધર્મની હસ્તે ધરીને—કલેશ કાં માંડો ?
પરાયા ધર્મની નીંદા કરીને—કલેશ કાં માંડો ?
અવરના ધર્મનું ગૌરવ હરીને—કલેશ કાં માંડો ?
ગુરૂજી પાપની પ્યાલી ભરીને—કલેશ કાં માંડો ?
ગુરૂ છો આપ ઘરબારી વિરાગી શિષ્યને કરતા !
પછી ધનમાલ લૈ તેનો સુખે ભંડારમાં ભરતા !
નથી લાયક તમોને એ અરે ! કાં લોભ ના તજતા ?
ગુરૂજી આપ જંજાળી જરા ભગવાન ના ભજતા !
અહા ! ધનવાન જો આવે ખુશીથી માન—આપો છો !
દઈ પરસાદના પડીયા ઉપરથી પાન—આપો છો !
ધકેલા ખાય નિર્ધનીયા છતાં કયાં ધ્યાન—આપો છો ?
સુખે ફટકા મરાવીને અરે ! અપમાન—આપો છો !
ભલું ના આપનું ઇચ્છો અવરનું શું કરી—શકશો ?
રહ્યું અજ્ઞાન અંતરમાં અવરનું શું હરી—શકશો ?
અરે ! કાગળ તણે નાવે ગુરૂજી શું તરી—શકશો ?

ડુબો છો આપ પોતે તો અમોને શું ધરી—શકશો ?
ગુરૂજી જો ચ્હડે ગુસ્સો મયાથી માફ—હા ! કરજો !
વિકારો વેગળા મુકી હવે દિલ સાફ—હા ! કરજો !
ખરા ખોટા તણો ખંતે અરે ! ઇન્સાફ—હા ! કરજો !
વદે શંકર જગત્ કર્તા તણો બસ જાપ—હા ! કરજો !

ઢોંગી વૈરાગીને !

(—મુખડાની માયા લાગીરે—એ રાહને મળતો—)
ઓરા આવો વૈરાગીરે, વાત સુણાવું. (૨)
સંસાર શાને છોડયો ? ગૃહસ્થાશ્રમને કાં તોડયો ?
જીવ જોગવટામાં જોડયો રે ! વાત સુણાવું. ઓરા૦
શા કારણુ ઝાલી ઝોળી ? અંગે વિભૂતિ ચોળી;
ભરમાવો દુનિયાં ભોળીરે ! વાત સુણાવું. ઓરા૦
ગલીએ ગલી ફેરા ફરતા, ભટકીને પેટજ ભરતા;
કલ્યાણુ ન કોનું કરતારે ! વાત સુણાવું. ઓરા૦
વનમાં જૈને ના વસતા, ભાવે ના ભૂધર ભજતા;
સંસાર હજુ ના તજતારે ! વાત સુણાવું. ઓરા૦
છે કામ ક્રોધ તમ સાથે, રે ! મોહ લોભ સંગાથે,
માયા ફરતી તમ માથેરે ! વાત સુણાવું. ઓરા૦
જો જોગવટાને જાણો, ગિરનારે તંબુ તાણો;
ભક્તિમાં મૉજજ માણોરે ! વાત સુણાવું. ઓરા૦

યોગીને આમંત્રણ !

(તોટકમાં ભળતો રાહ.)

ઓ યોગીજી ! તમે આવોને !
તમ યોગની રીત બતાવોને !
કાં ભક્તિ સુધારસ પાવોને !
કાં પાપ જળે ન્હુવરાવોને ! ઓ યોગીજી !
કાં સદ્દ્ગુણ શીખ ચઢાવોને !
કાં દુર્ગુણ માંહી ડુબાવોને !
કાં અલખની જયોત જગાવોને !
કાં સ્વાર્થની ધૂન લગાવોને ! ઓ યોગીજી !
કાં સ્વર્ગનું સુખ બતાવોને !
કાં નર્કનો સ્વાદ ચખાવોને !
કાં ભૂધર ભેટ કરાવોને !
કાં રામનું નામ ભુલાવોને ! ઓ યોગીજી !
કાં વિદ્યા વ્યસન લગાડોને !
કાં ચડસને ગાંજે ચઢાવોને !
કાં હરિકિર્તન ગવરાવોને !
કાં અવરની નિંદ સુણાવોને ! ઓ યોગીજી !
જો પહેલો ગુણ ધરો યોગી !
તો આવોજી ભલે આવોને !
જો બીજો ગુણ ગ્રહો બાવા !
તમ યોગમાં આગ લગાવોને ! ઓ યોગીજી !

" ઝખ મારવા ! "

ગઝલ—સોરઠી. (હરિગીતમાં પણ ગવાશે.)

જો ઇશને સમરે નહિં, જનમ્યો વૃથા 'ઝખ મારવા' ?
પરમાર્થને પોષ્યો નહિં, જીવ્યો જગે 'ઝખ મારવા'! જો.
ખાધું પીધું હા ! ખંતથી, જાડા થયા પાડા સમા;
પર પીંડને પોષ્યો નહિં, જાડા થયા 'ઝખ મારવા'! જો.
મોજો હજારો મારતા, ગાડી અને ઘોડે ચ્હડી;
સત્કર્મ કૈં કીધું નહિં, મોજો કરે 'ઝખ મારવા'! જો.
રાજા થયા કૈં દેશંના, પીડા પ્રજાને આપતા;
રૈયત સદા રડતી રહે, રાજા થયા 'ઝખ મારવા'! જો.
સુખ મેળવે રૈયત સદા, ના રાજ્યને રહેતી વફા;
ટંટો બખેડો જો કરે, રહે રાજ્યમાં 'ઝખ મારવા'! જો.
બાવા અને યોગી બની, માયા મૂકી ના વેગળી;
ઢોંગી થઈ જગ ધૂતતા, બાવા બને 'ઝખ મારવા'! જો.
વિદ્યા ભણી કૈં કૈં શીખ્યા, પંડિત ને જ્ઞાની બન્યા;
ના જ્ઞાન આપ્યું અવરને, જ્ઞાની થયા 'ઝખ મારવા'! જો.
નખરાં કરે છે નવ નવાં, નિજ નાથને સંતાપતી;
સંતોષતી ના સ્વામીને, નખરાં કરે 'ઝખ મારવા'! જો.
અતિ કષ્ટથી ઉછેરીને, ડાહ્યા બનાવ્યા દિકરા;
માબાપને માને નહિં, પેટે પડ્યા 'ઝખ મારવા'! જો.

જો પૂરતું આપે નહિં, જાલિમ! જૂલ્મથી કામ લે;
એ શેઠીયા કે શઠ છે? જૂલ્મો કરે 'ઝખ મારવા'! જો.
ખાઈ નિમક નિજ શેઠનું, હલાલ ના હેતે કર્યું;
એ ચાકરો કે ચોરટા, ખાતા નિમક 'ઝખ મારવા'! જો.
વાણી ઉચારી 'શંકરે' સર, નાઈટ, ને જે-પી થયા;
જો દેશ સેવા નહિ કરી જે-પી થયા 'ઝખ મારવા'! જો.

કન્યાવિક્રય વિષે!

લાવણી. (મુજ ઉપર ગુજરી-એ રાહ.)

હે આર્ય બંધુઓ સુણો, શિખ આ સારી;
"કન્યાવિક્રય" કરો બંધ વિનંતી મ્હારી! ૧
જે જન લઇ પૈસા નિજ પુત્રીને દેશે;
તે પાપ તણો લઇ પુંજ દુઃખ ભોગવશે. ૨
પૈસાના લોભે જુએ નહિં વર સારો;
પછી તે કન્યાનો બળી જાય જન્મારો. ૩
સાસરીયે જાતાં સુખવૃત્તિ નહિં આવે;
જીવ રહે અતિ ઉદાસ દુઃખ બહુ લાવે. ૪
હોય બુઢ્ઢો પણ ધનના લોભે પરણાવે;
એ રંક સુતાને સુખ કદિ ના આવે. ૫

એ બુઢ્ઢા સાથે ઘર શી રીતે માંડે?
પ્યારી પુત્રી તે ન્હાની વયમાં રાંડે. ૬

પામે નહિ સુખ સંસાર તણું તે પ્યારા!
કરો બંધ તમે "કન્યાવિક્રય" ના ધારા. ૭

દે શ્રાપ પછી "માબાપો મ્હારાં મરજો!
હે પ્રભુ! તેમનો નરકે વાસો કરજો." ૮

થાય પુખ્ત ઉમ્મરે તે તનયા તો જ્યારે;
કરે વ્યભિચાર ને અનાચાર તે ભારે. ૯

શાસ્ત્રોની વાતો ધ્યાન મહીં તો ધારો;
પૈસાના લોભે કરો ન વિક્રય યારો! ૧૦

તે પૈસા તમને પચન થશે નહિં ભાઈ;
લેશો તે કરતાં જશે વિશેષ તણાઇ. ૧૧

'કન્યાવિક્રય'થી લાભ નથી કંઇ યારો!
પુત્રીનો પૈસો ગાય રૂદ્ર સમ ધારો. ૧૨

'કન્યાવિક્રય' કરનાર અતિ દુઃખ પામે;
ફટ ફટ! દુનિયામાં થાય આબરૂ વામે. ૧૩

'કન્યાવિક્રય'થી દેશ થયો બેહાલ;
હે મિત્ર માહ્યરા! નજરે તે તું ન્યાળ. ૧૪

વદે વાણી 'શંકરલાલ' મિત્ર ઓ મારા!
કરો બંધ તમે 'કન્યાવિક્રય'ના ધારા. ૧૫

" તું શું કરે ? "

ગઝલ–સોરઠો (હરિગીતમાં પણ ગવાશે.)

આ કાષ્ટની માળા અરે ! તું ફેરવીને શું કરે ?
  કિરતાર ના અંતર વિષે હસ્તે ધરી–' તું શું કરે ?'
નિત્ય ન્હાય નિર્મળ નીરથી સરિતા સરોવરમાં જઇ !
  પણ મેલ ના મનનો મટયો જળ વાપરી–' તું શું કરે ?'
ટીલાં અને ટપકાં કરી, છે ભસ્મ સૌ અંગે ભરી !
  પણ શરીરમાં શયતાન છે, ભભૂતી ભરી–' તું શું કરે ?'
બસ રામ રામ પુકારતો, પણ પ્રેમ ના પ્રભુના પરે !
  ના રે'મ તુજ હૃદયે રહે, ઇશ છેતરી–' તું શું કરે ?'
રે ! દેવદર્શન માટ તું ફરતો ફરે સૌ મંદિરે !
  આકીન ના અંતર વિષે, ફોકટ ફરી–' તું શું કરે ?'
તું નેત્ર ઢાંકીને સદા, બસ ધ્યાન ધરતો ઢોંગથી !
  પણ ચિત્ત તુજ ચંચળ રહે, ફતવા કરી–' તું શું કરે ?'
ધારણ કર્યાં છે શ્વેત વસ્ત્રો, શ્વેત દિલ કીધું નહિ !
  દેખાઓ છો સુતકી સદા, ધોળાં ધરી–' તું શું કરે ?'
એકાદશી ને અન્ય કૈં, ઉપવાસ કરતો કષ્ટથી !
  પણ ભ્રષ્ટ છે તુજ ભાવના, ભૂખે મરી–' તું શું કરે ?'
જે ડોળ રાખે બ્હારનો, તે હોય જો હૈયા વિષે !
  હરિ હાથ છે "શંકર" કહે, ખટપટ કરી–' તું શું કરે ?'

"તો શું ?"

—ગઝલ—

કદર વણુ નોકરી કો'ની કરી યા ના કરી 'તો શું ?'
યકિન વણુ હસ્તમાં માળા, ધરી યા ના ધરી—'તો શું ?'
મહોબત વીણુ મહબુબની, કદી સંગાથ બેસીને !
શરાબોની સરસ પ્યાલી, ભરી યા ના ભરી—'તો શું ?'
મહા મહિના તણી મોસમ, ગગનમાં વાદળી ગાજે !
અરે ! એ વાદળી ભૂપર, ઝરી યા ના ઝરી—'તો શું ?'
ચતુરાને નથી ન્હાતો, ચતુરા ના મને ન્હાતી !
કદી એ સ્નેહ વણુ સાદી, ઠરી યા ના ઠરી—'તો શું ?'
અનીતિ કાર્ય આદરતાં, અવલથી ના ડરી રામા !
બનીને ભ્રષ્ટ ભુંડી તે, ડરી યા ના ડરી—'તો શું ?'
મનુષ્યોથી ભરી હોડી, ડુબી જૈ મધ્ય દરિયામાં !
પડી ઉંધી તરી પાછી, તરી યા ના તરી—'તો શું ?'
નથી મન મોહમાં રમતું, કદી ના કામની ઇચ્છા !
અરે ! કુબજા મળી 'તો શું?' મળી જો ગુલ પરી—'તો શું ?'
ગઈ ઘરને તજી રામા, અવરથી સ્નેહ છે સાંધ્યો !
પછી પસ્તાઇને પાછી, ફરી યા ના ફરી—'તો શું ?'
કમાયો કષ્ટથી પૈસા, કદી કોડી નહિં ખરચી !
મુરખ મુફલિસ રહ્યો 'તો શું ?' અગર દૌલત મળી—'તો શું ?'
કહે 'શંકર' ધરીને જન્મ, જો પરમાર્થ ના પોષ્યો !
જીવે જગમાં કદી 'તો શું ?' ગયો તે જો મરી—'તો શું ?'

ક્રોધ વિષે!

પ્લવંગમ છંદ.

ક્રોધ ફણીધર નાગ! કદી ના પાળશો!
ક્રોધ કરાવે રાગ, વૃથા ચિત્ત બાળશો!
ક્રોધ કરાવે વેર, સુબુદ્ધિ કાપશે,
ક્રોધ હળાહળ ઝેર, રગે રગ વ્યાપશે! ૧
ક્રોધ કરે યશ જાય, પલકમાં આળ દે,
ક્રોધ કરે દુઃખ થાય, અરે! અપવાદ દે;
માટે મ્હારા મિત્ર, તજો એ ક્રોધને,
થાજો સદા પવિત્ર! સુણી આ બોધને! ૨

"તે દુનિયાંના દેવતા!!!"

—સોરઠા—

નારાયણનું નામ, અંતરથી અળગું નહિ;
હરદમ રટતા રામ, 'તે દુનિયાંના દેવતા!' ૧
પરમારથમાં પૂર, પરહિત માટે પ્રાણ દે;
દયા થકી ના દૂર, 'તે દુનિયાંના દેવતા!' ૨
જૂઠ તણી ના જાણ, સત્ય સદા જે બોલતા;
છે સદ્‌ગુણની ખાણ, 'તે દુનિયાંના દેવતા!' ૩

પરધન પરની નાર, પેખીને લલચાય ના;
ગણે અસિની ધાર, 'તે દુનિયાંના દેવતા !' ૪
અંતર ના અભિમાન, જ્ઞાન હૃદયમાં ગરજતું;
દે સૌને સન્માન, 'તે દુનિયાંના દેવતા !' ૫
અપંગનો આધાર, ભુખ્યાને ભોજન દીયે;
દુખીયાંનો દાતાર, 'તે દુનિયાંના દેવતા !' ૬
લોભ, ક્રોધ ને કામ, અંતરથી અળગાં કરે;
મોહ તણું નામ, 'તે દુનિયાંના દેવતા !' ૭
પર દુઃખ દેખી આપ, આંસુડાં આંખે ભરે;
દિલે દયાની છાપ, 'તે દુનિયાંના દેવતા !' ૮
નિર્મળ આપે ન્યાય, પક્ષપાત ક્યારો નહિ;
સાચાને જે સ્હાય, 'તે દુનિયાંના દેવતા !' ૯
સ્વદેશની જે સેવ, કરતા સ્નેહ થકી સદા;
'તે દુનિયાંના દેવ,' શાખ લખો ! "શંકર" તણી. ૧૦

બેવડા મંડળીના મેનેજરની આમંત્રણ પત્રિકા !

ગઝલ—સોરઠી.

મિજલસ અમારી આજ છે ! મૉજો ઉડાવા આવજો !
રે ! બેવડાની બાટલી ! દમભર ચ્હડાવા આવજો !

છે શુદ્ધ જળ એ ફળ તણું !
હા ! પાક પાણી આપણું !
બસ એજ ગંગાજળ ગણું !
તે ગટગટાવા આવજો !
દોષિત દિવાનાઓ ગણે !
નાદાન તે નિંદા કરે !
બસ બેવકુફી વાપરે !
ભર જામ પીવા આવજો !
લહેઝત શરાબે જે રહી !
પીનાર તો જાણે સહી !
અંજાણ તે જાણે નહિ !
ગમ્મત જમાવા આવજો !
અમૃત અમારૂં એજ છે !
પકવાન પ્યારૂં એજ છે !
બસ સ્વર્ગ બારૂં એજ છે !
એ લાભ લેવા આવજો !
પઈશું અને પીશું અહા !
મસ્તાન તો બનશું અહા !
મનથી મઝા કરશું અહા !
ગુલતાન થાવા આવજો !
મુફ્લિસ થૈશું બે ધડક !
છો આવતા દુઃખના ખડક !
પણ બેવડો પીશું કડક !
સૌ પાપ ધોવા આવજો !

રે ! આવજો ! રે ! આવજો !
દિલજાન દોસ્તો લાવજો !
આવી સભા શોભાવજો !
આનંદ કરવા આવજો !
મિજલસ અમારી આજ છે ! મૉજો ઉડાવા આવજો !
રે ! એવડાની બાટલી ! સ્નેહે ઢ્હડાવા આવજો !

બાળ લગ્ન વિષે !

ચોપાઈ—(તુલસીદાસની ચોપાઇનો રાહ.)

હે મમ વીર અર્જ ઉર ધારો; બાળલગ્નનો ચાલ નઠારો.
અણુસમજુ બાળક પરણાવો; લે સંસાર તણો શો લ્હાવો ?
લગ્ન ફરજ કરી લગ્ન ન જાણે, પ્રેમ ચીજ શું ? તે ન પિછાણે.
રમત ઢીંગલા તણી રમાડો, બાળકનો અવતાર બગાડો.
બાળલગ્નથી બાળ સુકાયે; વિદ્યાભ્યાસ પુરો નવ થાયે.
તન મનની અતિ થાય ખુવારી, સુખ ના પામે તે નરનારી.
નિર્બળ સંતતિ તે પ્રકટાવે, રોગ કદી ઘર છોડી ન જાવે.
સુણી સુબોધ સમજ દિલ લાવો, સંતતિ પુખ્ત વયે પરણાવો.

તંબાકુની "બીડી" વિષે !

કુંડળીયા.

બીડીમાં બહુ દોષ છે, અવગુણમાં આબાદ,
રક્તતણું પાણી કરે, મધુર નથી કૈં સ્વાદ.
મધુર નથી કૈં સ્વાદ, છતાં સૌ લોક પીયે છે,
ખાંસી ને ક્ષય થાય અરે ! પણ કોણ બ્હીયે છે?
કહે દ્વિજ **શંકરલાલ** ર્‌હડો ના રોગ સીડીમાં,
પૈસા પાણી થાય, ગુણ નથી કૈં '**બીડીમાં.**'

દારૂના દોષ વિષે !

ગઝલ—(સરકાર રજા દીજીએ—એ રાહ.)

દારૂથી હજારો લોક, થઈ ગયા ખરાબ;
માટે મિત્ર માહ્યરા, પીશો નહિ શરાબ. ૧

દારૂથી અનેક દુઃખ આવીને પડે;
લાજ લોક માંહી જાય બહુજ તે નડે. ૨

દારૂના પ્રતાપે વર્ચ્યો, યાદવોનો ઘાણ;
સીકંદર શૂરાનો ગયો દારૂનાથી પ્રાણ. ૩

દારૂના પીધાથી ગયું રજપૂતોનું રાજ;
કૈંક તેથી મર્ણ પામ્યા બગડ્યાં કંઇનાં કાજ. ૪

દારૂના પીધાથી ભાન નવ જરી રહે;
આબરૂ પિતાની ઉપર પાણી તો વહે. ૫

આટલી આ શિખ સૌ ઉરે તમે ધરો;
'શંકર' કહે છે સહુ દારૂ પરહરો. ૬

દારૂના દુર્ગુણ વિષે !

એકત્રીસો સવૈયો.

દારૂમાં દુર્ગુણ છે ઝાઝા, તેમ છતાં નવ કેમ તજાય ?
દ્રવ્ય અને કીર્તિની હાની, ડાહ્યો પણ ગાંડોજ ગણાય;
સ્વાદ નથી ન સુવાસ મળે કૈં, પણ પીધે મુખડું ગંધાય,
શરીર સંપત્તિનો ક્ષય થાયે, માન ભંગ એથીજ થવાય. ૧

છપ્પન કોટી યાદવ કેરો, મદ્યપાનથી નિકળ્યો ઘાણ,
શૂરા સિકંદર રાજાએ પણ, દારૂથીજ ગુમાવ્યો પ્રાણ;
કૈં રજપૂતો શરાબ પીને, થયા ખરાબ નથી અણજાણ,
માટે મિત્રો શિખ સુણીને, તજો તમે એ અવગુણ ખાણ. ૨

મદ્યપાન નહિ કરવા વિષે !

લાવણી—(ભલાજી મેં બાલકડી હોતી-એ રાહ.)

સુણો હે ભ્રાત વાત મારી (૨)
વ્યસન મદ્યનું આ જગમાં છે અતિશય દુઃખકારી.
વ્યસન એ જે જનને વળગે (૨)
તેના દિલમાં ગુપ્તજ લાહ્યા અહોનીશ સળગે.
ખબર નહિં તે જનને પડશે (૨)
થોડે થોડે મિત્ર માહ્યરા તે દુઃખ તો નડશે.
આબરૂ લોક વિષે જાયે (૨)
ઉંચ જ્ઞાતાના જન થકી આવું વ્યસનજ ના થાયે.
કરે નહિં વિશ્વાસજ કોઇ (૨)
કહેશે આ તો છે છટકેલો સર્વ આબરૂ ખોઇ.
વળી સહુ લોક કહે ગાંડો (૨)
મિત્ર માહ્યરી શિખ સુણી એ વ્યસન હવે છાંડો.

મિત્રતા ઉપર જળ અને દૂધનું દ્રષ્ટાંત !

—ઇંદ્ર વિજય છંદ.—

પ્રીત કરો જન જોઇ જરા કદી કામ પડે ન તુટેજ કદાપિ,
ભીરૂ બને ભયમાંજ સદા, તન ને ધન દે પળમાં પણ આપી;
મૉજ કરે સુખમાં રહી સંગ, પડે દુઃખ તો ન શકે ભય કાપી,
સ્વારથ સાધક મિત્ર તજો કદી હિમ્મત લેશ શકે નવ આપી !

વારિ અને પયને પ્રીત છે કદી દૂધ વિષે જળને જન નાખે,
રૂપ અને દઈ સ્વાદ સદા દૂધ હેત થકી નિજમાં જળ રાખે;
દૂધ વ્હલે વ્હડતું નિરખી બળી અંતરમાં મુખથી જળ ભાખે,
આશ્રય લેઇ અરે! તુજમાં જીવવું કયમ હોય! ગમે તુજ પાખે!
એમ કહી પય પાસ રહી જળ બાળતું વ્હેલ કરી નિજ કાયે,
દેખી અતિ દુઃખ મિત્ર તણું દૂધ અગ્નિ વિષેજ પછી ઉભરાયે;
કોઇ લઈ જળને નીરશે પયમાં કદી જો જળ તો ખુશ થાયે,
મિત્ર મળે સહુ કષ્ટ તજી પય શાન્ત પડી ઉભરોજ સમાયે!

વચન પાળવા વિષે!

ગઝલ—(હરિગીતમાં પણ ગવાશે.)

બોલી વચન પાળે નહિં ને કૉલ તોડે આપનો;
વિશ્વાસ કો તેનો કરે સારો ભરૂસો સાપનો! બો.
હોયે ખરો કુળવાન તે નિજ ટેકને છોડે નહિ;
શિર જાય તો પણ શું થયું? દઇ કૉલને તોડે નહિ! બો.
સરતો કરે છે સ્નેહથી, આવે સમય જો હારવા;
એ બોલ થાયે બાયલા સરતો કરે ઝખમારવા! બો.
આપે શિખામણ અન્યને પણ બોલ બોળે આપનો;
તે જીંદગીમાં ધુળ છે, જો કૉલ તોડે બાપનો! બો.
આપ્યું વચન તે પાળવા, હરિશ્ચંદ્ર દુઃખ પામ્યા ખરે;
વિક્રય કરી સુત નારનો, પોતે રહ્યા નિચના ઘરે! બો.

આપ્યું વચન નીભાવવા, બળી રાય પાતાળે વસ્યા;
પાંડવ ગયા વનવાસ પણ, તે સત્યથી ડગ ના ખસ્યા. એ.
આપ્યું વચન તે પાળવાને, પ્રાણ છોડયો દશરથે;
ગુણો ગવાયા સૃષ્ટિમાં, કવિએ કવિતામાં કથે. એ.
વાણી વદે શંકર સદા, જો બોલ બોલ્યો પાળશે;
કિરતાર કરશે સ્હાય, જો નિજ ટેકને સંભાળશે. એ.

જરા પણ વિવેકભ્રષ્ટ થયેલો માણસ ફરી વધુ ને વધુ વિવેકભ્રષ્ટ થતો જાય છે; એ ઉપર ગંગાનદીનું દ્રષ્ટાંત.

શાર્દૂલ વિક્રિડિત—છંદ.

સ્વર્ગે શ્રી હરિ પાદથી નિકળીને,
ગંગા પડયાં હર શિરે!
ત્યાંથી હીમગિરી પરે જઇ પડયાં,
નીચે પદે હા! અરે!
રે! હીમાલયથી પછી પ્રસરીને,
પૃથ્વી સમુદ્રે પડે!
નીચું સ્થાન સ્વિકારતો સુજન હા!
ઊંચે ફરી ના ચ્હડે!

ગર્વ વિષે !

ઝુલણા-છંદ.

તજ અરે ! માનવી ! તુચ્છ અભિમાનને,
સાર કૈં ના મળે ગર્વ કીધે !
દુઃખનું વારી તું ગર્વ ગણજે સદા,
નાશ સુખ સૌ થશે તેહ પીધે !
ગર્વ છાજ્યો નહિં, રાય રાવણ તણો,
સંપત્તિ સંતતિ હા ! ગુમાવી !
પ્રાણ અર્પણ કર્યો ગર્વની ધૂનમાં,
લ્હાણુ કાઢયું નહિં ગર્વ લાવી !

"તો શું થયું ?"

ગઝલ સોરઠી—(હરિગીતમાં પણ ગવાશે.)

હરિ ભજન કર ! હરિ ભજન કર ! હરિ ભજનમાં હિત છે રહ્યું !
કિરતાર નામ ઉચ્ચારતાં, આયુ વહ્યું—'તો શું થયું ?'
નીતિ નિયમને પાળતાં !
અનીતિ ઊરેથી ટાળતાં !
સત્સંગને સંભાળતાં !
દુઃખ જો સહ્યું—'તો શું થયું ?'

થઈ સત્યનો સાથી સદા !
જુઠું ઊચરવું ના કદા !
આવી પડે જો આપદા !
સુખ સૌ ગયું—'તો શું થયું ?'

પરમાર્થમાં ધન આપતાં !
વળી કષ્ટ કૈંનાં કાપતાં !
સ્થળ સ્થળ સદાવ્રત સ્થાપતાં !
કૈં ના રહ્યું—'તો શું થયું ?'

તુચ્છ લોભ લાલચ ટાળતાં !
કટુ કામ ક્રોધ વિદારતાં !
મન મોહ માયા મારતાં !
મૃત્યું થયું—'તો શું થયું ?'

પરકાજ કષ્ટ ઊઠાવતાં !
સુખ સૌ તજ્યાં મન ભાવતાં !
નિજ દેશ સેવ બજાવતાં !
શિર જો ગયું—'તો શું થયું ?'

હરિ ભજન કર ! હરિ ભજન કર ! હરિ ભજનમાં હિત છે રહ્યું !
કિરતાર નામ ઊચ્ચારતાં, આયુ વહ્યું—'તો શું થયું ?'

યોગી કે ઢોંગી ?

—ગઝલ—

જલાવી દે ! જલાવી દે ! અયે યોગી ! જટા ત્હારી !
અરે ! સંસાર છોડયો છે છતાં માયા અતિ પ્યારી !
પિતા માતા તજ્યાં છોરૂ નિસાસા નાંખતી નારી !
સગાં સ્નેહી તજી દીધાં અહા ! ભગવાં તને ધારી !
કમાવું ના ગમ્યું ત્યારે બની બાવા તમે બેઠા !
પડયા સંસારને માથે કપટ પડદા વિષે પેઠા !
શરીરે ભસ્મ ચોળી છે ભલાં લોકો ભમાવાને !
અહાહા ! સ્કંધ ઝોળી છે ખરેખર ! જર જમાવાને !
બતાવો મંત્ર ને જાદૂ ચમત્કારે તમે પૂરા !
ઉપાધિ એ તમારે શી ? કપટછળમાં રહો શૂરા !
ભગાવો ઘર તમે કૈનાં અરે ! બુદ્ધિ બગાડો છો !
ઘલાવો વ્હેમ કો' ઘરમાં ભમાવી ભૂત કાઢો છો !
અહા ! અલમસ્ત છે કાયા ! હરામી કાં થઇ બેઠા ?
જગતને ધૂતવાનો શું ? તમે ધંધો લઇ બેઠા ?
ભમીને ભીખ માગો છો ઉદર એથી ભરો યોગી !
ગયા છે હાથ શું ભાગી ? અરે ! ધંધો કરો યોગી !
અયે ખાકી ! અયે ખાકી ! કરી લે ખાકથી યારી !
જલાવી ખાક કર માયા પછી એ અંગ લે ધારી !
પડે ના પાસ માયાનો તહાં કર વાસ હે સાધુ !
અલખ ધુનમાં રહે રાચી તજી સૌ આશ હે સાધુ !

કન્યાવિક્રયનો "કબાલો !"

—ગઝલ—

અમારી લાડકી લેવા, ભલે જરદાર આવોને !
  અમારૂં મન મનાવાને, 'મની' કલદાર લાવોને ! અમારી.
અમે ના રૂપને જોતા, નથી કુળવાનને મ્હોતા !
  કરન્સી બેંકની નોટો, અવલ અમને અપાવોને ! અમારી.
ભણેલા કે અભણ આવો, ભલે અજ્ઞાનીને લાવો !
  અમારો દામ પર દાવો, દઇ દિકરી ઉઠાવોને ! અમારી.
ભલે ભુંડો અગર ગાંડો, ભલે રાખે ઘણી રાંડો !
  ભલે પરણ્યા પછી છાંડો, નગદ દમડા અપાવોને ! અમારી.
જુવાનીને નથી જોતો, બુઢાપાને નથી રોતો !
  નથી જોવો ખરો ખોટો, ખરીદીને ખટાવોને ! અમારી.
હશે કન્યા થકી ન્હાનો, છતાં ના રાખશો છાનો !
  કજોડાનો નથી વાંધો, વસૂ વેગે વસાવોને ! અમારી.
ભલે દર્દી દિવાનો હો ! કુટિલ યા અંધ કાણો હો !
  અગર શયતાન શાણો હો ! ખરે ખીસ્સાં ભરાવોને ! અમારી.
રૂપાળી લાડકી મ્હારી, વયે મ્હોટી મનોહારી !
  થવું જો હોય ઘરબારી, અમારૂં મન મનાવોને ! અમારી.
નહિ કન્યા મળે સોંઘી, અમારી માગણી મોંઘી !
  વગર ધનના બધા ઢોંગી, અહીંથી દૂર જાવોને ! અમારી.

થવું જો હોય વરરાજા, પ્રથમ અમને કરો તાજા !
પછી વગડાવજો વાજાં, હજારી પાંચ લાવોને ! અમારી.
અમોને રૂપીયા દેશો, છતાં ના કોઈને કે'શો !
હૃદયમાં જાળવી રે'શો, ભ્હીવા ભ્હાલે વધાવોને ! અમારી.
ત્રીજોરી કોઈની ફાડો, અગર દેવું કરી કાઢો !
ગીરો ઘર કે મુકો વાડો, ભલા અક્કલ લડાવોને ! અમારી.
અમારી લાડકી બેટી, ઉછેરી આપદા વેઠી !
હવે પૈસે ભરો પેટી, પછી પલ્લુ કરાવોને ! અમારી.
અમારી માગણી એ છે, તમારૂં દિલ શું કે' છે ?
"કબાલો" આ કબુલ છે કે? વિચારીને જણાવોને ! અમારી.

\+ + + + +

સુણી "શંકર" કહે સ્વાર્થી ! તમારૂં ધીઃક છે જીવ્યું !
કમાવા હોય ના સત્તા ! ભલે માથું મુંડાવોને ! અમારી.

નૈતિક-કાવ્ય સમાસ.

કન્યાવિક્રયનો "કબાલો"!



"અમારી લાડકી લેવા! ભલે જરદાર આવોને!
અમારું મન મનાવાને મની કલદાર લાવોને!"

"મણિકાન્ત."

સ્વરૂપ પ્રશંસા.



"સરસ બદન ચંદ્ર વદન, તદ્દન તેજ વાળું!
શ્યામ બાલ લાલ ગાલ, ટીલડી ભાલ ભાળું!"

"મણિકાન્ત."

શૃંગારિક-કાવ્ય.

મહીદીપ છંદ.

સરસ બદન! ચંદ્રવદન! તદન તેજવાળું!
શ્યામ બાલ! લાલ ગાલ! ટીલડી ભાલ ભાળું!
નમણું નાક! અજબ આંખ! ઝાંખતાં જણાયે!
મુખ દિસંત! ધવલ દંત! ખંતથી ગણાયે!
ડોક સરસ! કનક કળશ! છાતીએ છુપાવે!
ઉદર ઉપર અજબ નાભી! નિરખી ફેર આવે!
કદળી સ્થંભ! સરખી જંઘ! અંગમાં જણાયે!
કનક રંગ! અવર અંગ! ના હવે ભણાયે!
હસ્ત ચરણ! કરણ તણી! કૃતિ પ્રીય લાગે!
હંસ ગમની! રસીક રમણી! જોઈ પ્રેમ જાગે!
વચન મધુર! ચપળ ચતુર! પતિવૃતા સગુણી!
પૂર્વનાંજ પુણ્ય હોય! એ મળે સલુણી!

"મણિકાન્ત."

"અલબેલું યૌવન આવે છે!"

(માત્રામેળ–તોટક છંદ–સખી સ્વપ્ન મહીં મન મોહન–મને મળતો.)

વધતાં વય કન્યા શરમાયે! બદલાતું બાળાપણ જાયે!
રે! રમત ગમત વિસરાવે છે! અલબેલું! યૌવન આવે છે!
મન નવિન વિચાર વિષે રમતું!
ભણુવા ગણુવાનું ના ગમતું!
ચંચળ ચિતડું ચમકાવે છે! અલબેલું યૌવન આવે છે!
સ્તન નિતંબ ગુરૂતાને ધરતાં!
કટિ લચકાયે હરતાં ફરતાં!
સ્મિત હાસ્ય ધ્વજા ફરકાવે છે! અલબેલું યૌવન આવે છે!
બસ મદન અગન તનમાં લાગે!
યૌવનની. વાંસલડી વાગે!
તન અવય સકળ વિકસાવે છે! અલબેલું યૌવન આવે છે!
મન થાય અલૌકિક રસવાળું!
તજી ઓઢણી અંગ ધરે સાળું!
રતિ રંગ હૃદય રેલાવે છે! અલબેલું યૌવન આવે છે!
ભરથાર તણો મન મંત્ર ભણે!
ચતુરા ચીંતાનો કોટ ચણે!
વિરહાનળ શોર મચાવે છે! અલબેલું યૌવન આવે છે!
તન રંગ સુવર્ણ સમો થાયે!
મુખમંડળ રક્ત બની જાયે!
ચક્ષુને ચપળ બનાવે છે! અલબેલું યૌવન આવે છે!
અલબેલું યૌવન આવે છે!
તે મોહક મંત્ર જપાવે છે!
રસઘેલું! યૌવન આવે છે! અલબેલું! યૌવન આવે છે!

મોહક મુરલી !

(દાસપરે દયા લાવોરે—એ રાહ.)

મોહક મુરલી વાગીરે ! (૨)
મોહન વરની—મોહક મુરલી વાગી !
સૂતી'તી શાન્ત બનીને, નિંદ્રામાં નાદ સુણીને;
રજનીએ ઝબકી જાગી જાગીરે ! મોહન વરની૦
સૂનાં ઘરબાર છોડી, મુરલી સાંભળવા દોડી,
લગની લાલાની લાગી લાગીરે ! મોહન વરની૦
આધારે ચાલી સ્વરને, ભેટી હું ભૂધરવરને;
આ ભવની ભાવટ ભાગી ભાગીરે ! મોહન વરની૦

મનહર મુરલી !

આશા ગોડી.

મનહર મુરલી વાગી ! કનૈયાની મનહર મુરલી વાગી !
સુતી હતી હું ભર નિંદ્રામાં, શબ્દ સુણીને જાગી ! કનૈયાની૦
બની બ્હાવરી બંસી નાદે, ઉઠી હું આળસ ત્યાગી ! કનૈ૦
મોહિત થૈ હું મુરલી સ્વરમાં, મુરલીધરની રાગી ! કનૈ૦
મનહર મોહનને મળવાની, લગન અલૌકિક લાગી ! કનૈ૦
કહે દીન 'શંકર' શ્યામ મળેથી, ભવની ભાવટ ભાગી ! કનૈ૦

" વનમાં વાંસલડી વાગે છે ! "

તોટક—છંદ—(માત્રામેળ.)

(સખી સ્વપ્ન મહીં મન મોહનમેં—એ રાગમાં પણ ગવાશે.)

મધુરો સ્વર ક્યાં થકી આવે છે ?
અમૃત વૃષ્ટિ વરસાવે છે !
અતિ પ્રીય શ્રવણને લાગે છે !
" વનમાં વાંસલડી વાગે છે ! "
રે ! ગાય ગોપ સૌ સ્તબ્ધ રહ્યાં !
યમુના જળ જોને શાન્ત થયાં !
પશુ પક્ષી વિચરવું ત્યાગે છે !
" વનમાં વાંસલડી વાગે છે ! "
મમ અંતરમાં કૈં થાયે છે !
મોહન મળવા મન ચ્હાયે છે !
રે ! ભૂખ તરસ પણ ભાગે છે !
" વનમાં વાંસલડી વાગે છે ! "
જો તપ ધારીએ તપ મુક્યાં !
ધ્યાની યોગી નિજ ધ્યાન ચુક્યા !
નર નાર નિંદથી જાગે છે !
" વનમાં વાંસલડી વાગે છે ! "
સખી મોહનને મળવા ચાલો !
મધુવનમાં નંદ તણો લાલો !
મન ભૂધર ભક્તિ ભાગે છે !
" વનમાં વાંસલડી વાગે છે ! "

કૃષ્ણની બાળ લીલા !

—હોરી—

સખીરી મોહન માન મુકાવે (૨)
કામળી કાંધે, લાકડી હાથે, વન વન ધેનું ચરાવે !
મહીયારણનાં મહીં ઉતરાવે, ખાય અને ખવરાવે !
ગોવાલણને ગભરાવે ! મોહન માન મુકાવે—સ૦
શરદ પુનમની, શુભ રજનીમાં, રસિયોજી રાસ રચાવે !
એક એક ગોપીને, એક એક કાન્હો ! થન થન નાચ નચાવે !
મધુરીશી મુરલી બજાવે ! મોહન માન મુકાવે—સ૦

ગોપીની ફરિયાદ !

(સૈયાં પડું મેં તોરે પૈયાં એ રાહ.)

ગઈતી ઘાટે, મોહન મળ્યો વાટે, બોલાવીને અટકાવી. ગઇતી૦
મને કહે છે તારૂં શું નામ શાણી ? નામ આપી સુખેથી જાઓ પાણી;
સુખેથી જાઓ પાણી, મુરલીધર વધ્યો વાણી;
મનમાંહી, બીક આણી, ગભરાણી, શરમાણી ! ગઈતી૦
નામ દીધું પછી નામ દીધું મેં, રસિયો હસીયો શબ્દ સુણીને;
કાનુડો કામણગાળો ! મોહનજી મુરલીવાળો !
શંકરનો છોગાળો ! ગોવાળો ! હઠવાળો ! ગઈતી૦

રાધા વિયોગી કૃષ્ણ!

—હોરી—

શોચત હે ગિરિધારી, રાધે બિન શોચત હે ગિરિધારી !
રાધેકું શોધત કૃષ્ણ મુરારી, ગલી ગલી રાધે પુકારી;
ઢુંઢ ફીરા પત્તા નહિં પાયા, કહાં ગઈ રાધે પ્યારી?
અયે ભ્રખુખાન દુલારી !   શોચત હે ગિરિધારી ! રાધે૦
બિનતી સુણો સબ યે પુરબાસી, જહાં મીલે રાધે પ્યારી,
જાકે કહો કે કૃષ્ણ ઢુંઢત હે, ગલી ગલી રાધે પુકારી;
કહાં ગઇ ઓ વ્રજનારી?   શોચત હે ગિરિધારી ! રાધે૦
યહી બધિ શોચત, પલપલ કૃષ્ણ–ગોવિંદવર ગિરિધારી,
કહત હે **શંકર** સુનો સબ પ્યારે, લીલા હરિકી ઉચારી;
ગતી ગોવિંદકી ન્યારી !   શોચત હે ગિરિધારી ! રાધે૦

હોળી વિષે !

—હોળી—

અહા ! આઈ રસીલી હોળી !
દીઓ અંગ રંગે ઝબોળી !   આઇ૦
ઠામ ઠામ સબ ભવ પીચકારી,
છાંટત રંગમેં બોળી;

રંગ ગુલાલસે ધૂમ મચત હે,
નાચત ગાવત હોરી;
જમે શેવ સાકર પોળી ! આઇ૦
હોળીમેં ગાન કરો હરિ હરકો,
ગાઓ ન ફાગ નઠોરી;
કયું ધૂળ પાનીમેં અંગકું રોળો ?
શરમ હૃદયમેં ધરોરી;
કહા શંકરકા કારોરી ! આઇ૦

પ્યારાને આવકાર ?

(દેખુંગી પ્યારે અબ્બાકા મુખડા—એ રાગ.
આવોને પ્રીય સુંદિર સુભાગી ! (૨)
ભાવો ! ભાવો ! ભાવો ! ભાવો ! ભાવોરે;
મુજ મનને સુભાગી ! આવો૦
લહેરી લાલા ! છો લટકાળા ! (૨)
લગની ત્હારી ! લાગી ! લાગી ! લાગીરે !
ઓ શાણા સુહાગી ! આવો૦
ઓ વ્હાલા છું તુજ ગુણ રાગી ! (૨)
પ્રેમની જ્યોત છે, જાગી ! જાગી ! જાગીરે !
હવે જાઓ ન ત્યાગી ! આવો૦

"અહાહા ! ! આજ છે હોળી ! "

—ગઝલ—

કસુંબે ચુંદડી બોળી અહાહા ! ! આજ છે હોળી !
જમાડું શેવ ને પોળી, અહાહા ! ! આજ છે હોળી ! કસુંબે.
ધરી ધોળાં તને વસ્ત્રો, બનું હું પ્રેમની જોગણ;
ગુલાલે હા ! ભરૂં ઝોળી, અહાહા ! ! આજ છે હોળી ! કસુંબે.
વસાવો કંથ કેસૂડાં, ભરીશું રંગનાં કુંડાં;
રમાડું રંગમાં હોળી, અહાહા ! ! આજ છે હોળી ! કસુંબે.
સિતારે ચિત્ત સાંધીને, વગાડું પ્રેમથી વ્હાલા;
સુણાવું રાગ હાં ! હોરી, અહાહા ! ! આજ છે હોળી ! કસુંબે.
મગાવો રેશમી મલમલ, વળી મજલિન જે મોંઘી;
કરાવો ચુંદડી ચોળી, અહાહા ! ! આજ છે હોળી ! કસુંબે.
હશે નરનાર નિર્લજ જે, ઉઘાડા ફાગ તે ગાશે;
શરીરે રાખને ચોળી અહાહા ! ! આજ છે હોળી ! કસુંબે.
બને છે કૈંક જન ઘેલાં, બજારે ભાખતાં ભૂંડું;
મળી દશ વીશની ટોળી, અહાહા ! ! આજ છે હોળી ! કસુંબે.
ભરે છે ધૂળ માથે કૈં, રમે છે છાણ માટીથી;
ભલા એ ભીલ્લ કે કોળી? અહાહા ! ! આજ છે હોળી ! કસુંબે.
હશે સજ્જન અને ડાહ્યા, હરિને હેતથી ગાશે;
હૃદયને ભક્તિમાં રોળી, અહાહા ! ! આજ છે હોળી ! કસુંબે.

"અહાહા!! આજ છે હોળી!



"કસુંબે ચુંદડી બોળી અહાહા!! આજ છે હોળી!
જમાડું શેવ ને પોળી, અહાહા!! આજ છે હોળી!"

"મણિકાન્ત."

પ્રેમ ચેષ્ટા!



"ભલે મમ નેત્ર તું ઢાંકે! છતાં હૃદયે રમા-રહી છું!
મધુરી પ્રેમની મૂર્તિ! જીગરને તું ગમી-રહી છું!"

"મણિકાન્ત."

પ્રેમ ચેષ્ટા !

—ગઝલ—

ભલે મમ નેત્ર તું ઢાંકે !
છતાં હૃદયે રમી-રહી છું !
મધૂરી પ્રેમની મૂર્તિ !
જીગરને તું ગમી-રહી છું !
હૃદયને ના શકે રોકી !
દબાવે આંખ કાં ખાલી ?
સુકોમળ હસ્તના સ્પર્શે !
અહા ! મ્હેં ઓળખી વ્હાલી !
હૃદય ધડકે મધુર ત્હેના !
પડે પડઘા જીગર મ્હારે !
છતાં શું ના પિછાનું હું ?
મ્હને બસ મૂર્ખ તું ધારે ?
ચતુરા ચોર પકડાયો !
હવે તુજ હસ્ત દે છોડી !
સલૂણી ભેટ ! બસ સ્નેહે !
જીગર સાથે જીગર જોડી !

'બંસી બજાનેવાલા!' (શ્રી કૃષ્ણને)

(લ્યો ફુલ જાની વે—એ રાગ.)

'બંસી બજાને વાલા'! (૨)
બંસી બજાઓ લાલારે ! બંસી૰

બંસી મધૂરી વાગે, મિઠી શ્રવણુને લાગે !
સુણુતાં ત્રિભુવન જાગેરે ! બંસી૰

કામણુ ભર્યું મુરલીમાં, મોહ્યો મધૂર મુરલીમાં !
ગાંડો બન્યો મુરલીમાંરે ! બંસી૰

બંસી હૃદય લલચાવે, મુરલીધર નામ જપાવે !
ગુણુગાન શંકર ગાવેરે ! બંસી૰

પ્રિયાના રૂપની પ્રશંસા !

—ગઝલ—

ગમે છે ગુલ બદન ત્હારૂં, ચતુરા ચિત્ત ચટકે છે;
  અરે ! વિયોગથી વ્હાલી, ખરેખર દિલ ખટકે છે ! ગ૦
અતિશે કેશ લાંબા છે, સુંવાળા શિરપરે શોભે;
  અદેખો અંતરે થૈને, ફણીધર શિશ પટકે છે ! ગ૦
લલાટે ચાંદલો શોભે, નિહાળી નેત્ર લોભે છે;
  શશી છે એમ ધારીને, કુમુદની મુખ મટકે છે ! ગ૦
હરણ સમ નેત્ર છે ત્હારાં, વળી વિશાળ ને કાળાં;
  નયન નથથી નથાયો તે, નહિં કો કાળ છટકે છે ! ગ૦
ગુલાબી ગાલ છે ગોરા, સુશોભિત નાકમાં નથની;
  અહા ! નથની તણું મોતી, અધર પર છેક લટકે છે ! ગ૦
મનોહર મુખ ત્હારૂં છે, તરૂણી તેજ વાળું છે;
  શશી શરમાઇને ગગને, ગુમાવી ગર્વ ભટકે છે ! ગ૦
સુવાસીત મુખમાં દાડમ, કળી સમ દાંત શોભે છે;
  હશે તે મોતી માનીને, ઝવેરી સ્હેજ અટકે છે ! ગ૦
પ્રવાળાં પાળ છે કે ઓષ્ટ ? તેની ગમ નથી પડતી;
  અધરનું પાન કરવાને, હૃદય તુજ પાસ સટકે છે ! ગ૦
અહા ! શું ડોક ઉંચી છે ! રહ્યા બે છાતીએ કંદૂક;
  ઉદર સુંદિર નિહાળીને, બિલાસી જીવ ફટકે છે ! ગ૦

કટીથી સિંહ શરમાઈ, વને વૈરાગ્ય લઈ વસતા;
જઘન છે કેળના જેવી, હવે બસ વાત અટકે છે! ગ૦
ચરણને હસ્ત તો જાણે; રૂપેરી રંગના લાઠા;
હીરાની વીંટી આંગળીએ, અનુપમ તેજ ઝળકે છે! ગ૦
ઠમકતી ચાલ ચાલે છે, અહાહા! હંસના જેવી;
લલિત લટકો નિહાળીને, ભ્રમિત થૈ ચિત્ત ભટકે છે! ગ૦

વિરહી વામાનું ખટરૂતુનું અવલોકન!

ગઝલ-સોરઠી (હરિગીતમાં પણ ગવાશે.)

પરદેશમાં પ્રિયતમ ગયા, નારી તજી ન્યારા થયા;
રે! વાયદા જાયે વહ્યા, ભરથાર—કાં આવ્યા નહિ?
આવી વસંત રૂતુ રૂડી, ફુલ પાન વૃક્ષે લાવતી;
ના ભાવતી દિલ દાહ છે; દિલદાર—કાં આવ્યા નહિ?
કલ્લોલ સૌ પક્ષી કરે, કોયલ કરે ટૌકારરે;
સંતાપતા એ શબ્દ હા! સુખકાર—કાં આવ્યા નહિ?
ગ્રીષ્મે ઘણી ગરમી પડે, બળતું હૃદય ઝાઝું બળે;
પણ પ્રેમ પાણી પ્રીતથી, પાનાર—કાં આવ્યા નહિ?

સૌન્દર્ય વર્ણન !



કટીથી સીંહ શરમાઇ! વને વૈરાગ્ય લઈ વસતા!
જઘન છે કેળના જેવી હવે બસ! વાત અટકે છે!

"મણિકાન્ત."

વિરહી વામા !



આવ્યા દિવસ હોળી તણા, મોહન પધાર્યા મંદિરે!
વામા ગળે વળગી પડી, વ્હાલા! ભલે આવ્યા અહીં!

"મણિકાન્ત."

પંખા પવન ગમતાં નથી, અત્તર સુગંધી શું કરૂં ?
 વાલમ વિના વસમું બધું, વરનાર—કાં આવ્યા નહિ ?
વર્ષા વિષે વારી પડે; હરિયાળી સૌ પૃથ્વી કરે;
 નવ શાન્ત હું મમ શરીરના, શણગાર—કાં આવ્યા નહિ ?
આકાશ ચમકે વીજળી, ગગડાટ વાદળ ગાજતાં;
 બોલે પપૈયા મોર પણ, દુઃખહાર—કાં આવ્યા નહિ ?
આસો પુનમની ચાંદની, રૂતુ શરદમાં શોભે ઘણી;
 પણ અધર રસ પાનાર ને, પીનાર—કાં આવ્યા નહિ ?
પંથી ઘરે પાછા ફર્યા, દિપોત્સવી દિન આવીયા;
 વિરહી હૃદયમાં વ્હાલથી, વસનાર—કાં આવ્યા નહિ ?
હેમંતમાં સૌ હોંશથી, નરનારીઓ ક્રીડા કરે,
 ચતુરા કહીને ચિત્તથી, ચ્હાનાર—કાં આવ્યા નહિ ?
ઠંડી પડે થરથર ધ્રુજું, બાળા બની છું બ્હાવરી;
 પકવાન સાથે પ્રેમથી, જમનાર—કાં આવ્યા નહિ ?
વાયુ શિશીરે વાય છે, વામા ઘણી ગભરાય છે;
 મમ કષ્ટને હરનાર એ, સરદાર—કાં આવ્યા નહિ ?
ફુલપાન વણ વૃક્ષો થયાં; ભયકાર આ ભવ ભાસતો;
 અકળાઉં છું અબળા તણા, આધાર—કાં આવ્યા નહિ ?
આવ્યા દિવસ હોળી તણા મોહન પધાર્યા મંદિરે;
 વામા ગળે વળગી પડી, વ્હાલા ભલે આવ્યા અહીં !

અલૌકિક-પ્યારમાં મસ્તાન !

—ગઝલ—

બનીને પ્યારના જોગી, જગે અહલક-જગાવીશું;
  અમે બસ પ્યારના નામે, સુખે ગરદન-કપાવીશું !
હજારો માલ મિલકત કૈં વળી જાહોજલાલી કૈં;
  અમે દિલદારના બોલે, બધું પળમાં-ખપાવીશું !
અમોને ઝેરનું પ્યાલું, ભરી કો' પ્યારથી આપે;
  અમે શંકા વિના શરબત, ગણીને-ગટગટાવીશું !
કિતાબો જ્ઞાનની જોવા, જરા અમને નથી ગમતી;
  અમે કોરી કિતાબે પ્યારની બેતો છપાવીશું !
અમે શાળા સ્થપાવીને, ભરીશું પ્યારના ચેલા;
  તહાં બસ પ્યારના જાપો, અમે હરદમ-જપાવીશું !
તપાવી લાલ કીધેલા, ઉન્હા લોખંડના સ્થંભે;
  કહે કો પ્યારને ભેટો ! મળી કાયા-તપાવીશું !
અમે મસ્તાન મ્હોબતમાં, દિવાના ખાસ દિલબરમાં;
  દિલાસો જો નહિ દેશે, કદમ ગરદન-ઝુકાવીશું !
દિવાનો છો કહે દુનિયાં, નથી દરકાર દુનિયાંની;
  અમે બસ પ્યારના બંદા, બની સેવા-બજાવીશું !
અમારા દર્દના માટે, દવા ના કામ કૈં આવે;
  અમોને પ્યારની પરવા ! મળે મૉજો-ઊડાવીશું !

ભયાનક પ્હાડ તોડીશું, લડીશું શેરની સાથે;
અમે તો પ્યારના મંત્રે, મહા મહેનત-ઊઠાવીશું !
અમારો પ્રેમ છે કાતિલ, નથી કાચો જરાએ કૈં;
કહો તો પ્યારની ફૂંકે, ફના દુનિયાં-બનાવીશું !
રહીશું પ્યારની સાથે, મરીશું પ્યારના માટે;
અમે આ જીંદગી દિલદારની પાછળ-લૂંટાવીશું !

વફા પર જફા !

—ગઝલ—

સનમ ત્હારી જુદાઈમાં, જળુ છું હું મરૂં છું હું;
તને તેની નથી પરવા, કદમ બોસી કરૂં છું હું !
વિરહના તાપમાં ત્રફડું, છતાં કાં જાય તરસાવી ?
કદમબોસી અમારી કૈં, અરેરે ! કામ ના આવી !
પૂજારી હું પડું પાયે, દયા દેવી ન તું લાવે;
અમારી બંદગી બિલકુલ, નજરમાં હાય ! ના આવે !
ખુદાની બંદગી કરતાં, ખુદા બહિસ્ત બક્ષે છે;
નગુણી નાર છે તું તો, અગર શયતાન પક્ષે છે !
અરે ! ના થા અભિમાની, ખુદાને એ નહિં ગમશે;
પ્રભુ પ્રેમી પરે રાજી, તુમાખી આખરે નમશે !

અયે દિલબર ! દિવાનો હું બન્યો છું પ્રેમમાં ત્હારા;
રહમ કર તું ! રહમ કર તું ! સુખન આ સાંભળી મ્હારા !

નથી દૌલત તણી પરવા ! નથી ગુલઝાર વણ ગમતું;
હૃદય દિલદારના દિદારના, દર્શન વિષે ભમતું !

હવે તલસાવ ના પ્યારી, હવાલે જીવ હું આપું;
કહે તો તીવ્ર તલવારે, સનમ મુજ શીષ હું કાપું !

પિવાડયો જામ મ્હોબતનો, હવે પ્યારી પચાવા દે;
સનમ મસ્તાન મનડાને, મઝા મૉજો મચાવા દે !

સનમ ત્હારી જુદાઈમાં, અમારી જીંદગી ખારી;
સનમ ત્હારી જુદાઇમાં, અમારી મ્હોતની વારી !

સનમ જે ચ્હાય આપણને, છતાં તેને નહિં ચહિયે;
અરે ! ઇન્સાફની રાહે, સદા ત્હેના થઇ રહિયે !

સફા થઇ ઇશ્ક વ્યાપારે, **નફાનું** નામ ના જોયું;
"**વફા** પરના **જફા**" કર તું, **ખફા** થાતાં બધું ખ્હોયું !

પ્રથમ જો પ્રેમ આપો તો, દઇને લૂટશો ના ! ના !
મગર મરજી તમારી તો અવલથી આપશો ના ! ના !

અરે ! એ પ્રેમ તૂટયાથી, જીગર બસ તૂટશે ત્હેનું !
જહાંથી તે થશે બાતલ, ઝવાહિર ખૂટશે ત્હેનું !

રમત ના પાલવે એવી, અરે ! એ હાસ્ય ના કરવું;
સનમ ભયભિત એ સૉદો, સદા એ રાહથી ડરવું !

અમી તુજ આંખમાં રાખી, ભ્રમરને ભેટવા દેને;
અધર પર મધ રહેલું તે લબોથી ચુસવા દેને!
દુઃખી આ જીંદગી મ્હારી, સુખી ત્હેને થવા દેને;
સનમ બેહાલ દર્દીને દવા દેને! દવા દેને!

સનમ તું બોલ બોલે તે, સુખન છે શાસ્ત્રના મ્હારે;
ચતુરા હું બનું ચેલો, ગુરૂપદ તું ભલે ધારે!
"દિવાનો" છો કહે લોકો, નથી પરવા મ્હને ત્હેની,
ઉદાસી આશરે આવ્યો, ઉડાવી દેજ બેચેની!

હવે તો હદ થઇ હાયે! હઠીલી હઠ ધરી ખ્હોશે;
કજા મ્હારી થશે એથી, ભરીને પેટ તું રોશે!
પછી અફસોસ તું કરશે, નહિં આશક મળે આવો;
સનમ તું ભોગવી લેને, ભલો સંસારનો લ્હાવો!

સ્ત્રીમાં વશીકરણ છે!

(એક નારી જગતમાં પ્યારી—રાહ.)

છે વશીકરણુ વનિતામાં (૨)
મ્હોટા નર પણુ માન મુકીને પડયા પ્રેમ સરિતામાં! છે૦

પરાશર પ્રભુતાને ત્યાગી, મોહ્યા મચ્છગંધામાં;
ઇંદ્ર ચંદ્ર સરખા લલચાયા, ગૌતમની ભામામાં! છે૦

શિવજી પણ જપ તપ ભૂલીને, ભમ્યા ભીલ રાણીમાં;
બ્રહ્મા જેવા નર પણ ભૂલ્યા, ગયું જ્ઞાન પાણીમાં! છે૦
ભલા ભલાનાં પણ મુકાવ્યાં, નેત્ર તણા મટકામાં;
મ્હોટા મ્હોટા મુનીવર મોહ્યા, લલનાના લટકામાં! છે૦
લટકે મટકે મધુર વચનથી, નરને લે પાસામાં;
પતંગ સમ પુરૂષો લલચાઇ, પડે પ્રેમ ફાંસામાં! છે૦
લોહચુમ્બકનો ગુણ રહ્યો છે, સત્ય કહું શ્યામામાં;
કહે શંકર ધન્ય છે તે નરને, ભમે નહિં ભામામાં! છે૦

પાનની બીડી!

—ગઝલ—

કપૂરી પાન પુનાનું સમારી સાફ મ્હેં કીધું;
કળીના કેશરી ચુના થકી તે ચોપડી દીધું!
સુગંધીનો મુકી કાથો લવીંગે તે દીધું બીડી;
પતિ પ્યારા સ્વિકારોને પ્રિયાની પાનની બીડી!
મુકી છે કાતરી સ્વામી સુડીથી કેળ સોપારી;
વળી વીણી ભરી ભાવે ધરીને વ્હાલ વરિયાળી!
અહાહા! એલચી મેલી ધરે છે પ્રેમ પંખીડી;
પતિ પ્યારા સ્વિકારોને પ્રિયાની પાનની બીડી!

પિયૂ આ પાનની બીડી ભલું ભોજન પચાવે છે !
વળી વાયૂ અને વ્યાધી અજીરણથી બચાવે છે !
મહા સંગ્રામ શરદીને હઠાવાને મચાવે છે !
પતિ તે કારણે લોકો જમીને પાન ચાવે છે !
વદન ફીક્કાસ હરનારી–જમોને પાનની બીડી !
અધરમાં રક્ત ભરનારી–જમોને પાનની બીડી !
કટૂતા દૂર કરનારી–જમોને પાનની બીડી !
મધુરો સ્વાદ ઝરનારી–જમોને પાનની બીડી !
અનુપમ પાનની બીડી બનાવી લાલ હું લાવી !
મુકીને કામ સૌ અળગાં ઉમંગે આપવા આવી !
સ્વિકારો સ્નેહથી સ્વામી પ્રશંસા શું હવે ગાવી ?
અહોનિશ પ્રેમ માગું છું પતિ દ્યો વ્હાલ વરસાવી !

શૃંગારિક–કાવ્ય સમાપ્ત.

કનૈયાની બંસી !

—ગઝલ—

કનૈયા કા'ન ઓ મ્હારા ! બજાવો બાંસરી પ્યારા ! ટેક.
મધુરી બાંસરી વાગે, સુકોમળ કાનને લાગે,
રસીક હું બાંસરી રાગે, અજબ જ્યોતી હૃદય જાગે;
ઢળે અંતર અમીધારા ! બજાવો બાંસરી પ્યારા !–કનૈયા.
ભૂલીને ભાન હું ભટકું, સુણાયો શબ્દ આ ક્યાંથી ?
દિવાની થૈ દિશે દોડું, ઝમકતો નાદ એ જ્યાંથી;
દિયો દર્શન દયાવાળા ! બજાવો બાંસરી પ્યારા !–કનૈયા.
કહે છે લોક કાનુડો, અજબ જાદૂ જરૂર જાણે,
અહાહા ! ! બંસીના નાદે, નગર નરનારીને તાણે;
ત્રિકમ તાબે–બનું તારા ! બજાવો બાંસરી પ્યારા !–કનૈયા.
ગમે તે લોક છો બોલે, તમો પર પ્રેમ છે મ્હારો,
ઉગારો આપની દાસી, ભરૂસો છે મને તારો;
નરોત્તમ ના થશો ન્યારા ! બજાવો બાંસરી પ્યારા !–કનૈયા.
કહે શંકર કનૈયાની, સુણીને 'બંસી' હા ! સુંદિર !
બની ઘેલી સકળ ગોપી મધુરો નાદ એ મનહર !
વિભૂ વસજો હૃદય મ્હારા ! બજાવો બાંસરી પ્યારા !–કનૈયા.

કનૈયાની બંસી!



"કનૈયા કાન હે મ્હારા! બજાવો બાંસૂરી પ્યારા!
બજાવો બાંસૂરી પ્યારા! બજાવો બાંસૂરી પ્યારા! કનૈયા!"

"મણિકાન્ત."

માયાનો ત્યાગ !



" મ્હને બસ છોડ એ માયા ! હુવે વનવાસ જાવા દે !
ગુફા ગિરનારની ગોતી ! અહા ! અલહક જગાવા દે !"

"મણિકાન્ત."

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ. 1/

વૈરાગ્ય-કાવ્ય.

—ગઝલ—

મ્હને બસ છોડ ઓ માયા ! હવે વનવાસ જાવા દે !
ગુફા ગિરનારની ગોતી અહા ! અલહક જગાવા દે !
તજી સંસાર ફળ ખાટું મધુર ફળ માઇ ખાવા દે !
હરિના નામથી હરદમ લલિત ધુન તો લગાવા દે !
સગાંના સ્નેહથી છોડી પ્રભુથી પ્રીત થાવા દે ।
શરીરે ભસ્મ ચોળીને હવે ધૂણી ધખાવા દે !
અરે ! સંસાર છે ખોટો છતાં ફોગટ ફસાવા દે ?
જુઠી જંજાળને છોડી હરિનું ગાન ગાવા દે !
અહોનિશ પ્હાડથી ઝરતાં ઝરણ જળમાંજ ન્હાવા દે !
મીઠાં ફળફૂલ વૃક્ષેથી સ્વહસ્તે લેઈ ખાવા દે !
તજી પરતંત્રની બેડી સ્વતંત્ર સદાય થાવા દે !
વદે શંકર વિભૂના નામની બંસી બજાવા દે !

" મણિકાન્ત "

" પીંવા દે ! જ્ઞાનની પ્યાલી ! "

—ગઝલ—

અલૌકિક મીષ્ટ રસવાળી ! પીંવા દે જ્ઞાનની પ્યાલી !
અહા ! અજ્ઞાનને ટાળી, પીંવા દે ! જ્ઞાનની પ્યાલી !

જગતમાં બેઉ બાજુ છે, અરે ! કાળી અને ધોળી;
ગ્રહી ધોળી તજી કાળી, પીંવા દે ! જ્ઞાનની પ્યાલી !

કુટાયો હાય ! અંધારે, જરાએ જોત ના ઝાંખી;
હવે જો જોત છે ભાળી, પીંવા દે ! જ્ઞાનની પ્યાલી !

અબોધે ખૂબ અથડાઈ, ભુલી ભવસાગરે ભટકયો;
નકામી જીંદગી ગાળી, પીંવા દે ! જ્ઞાનની પ્યાલી !

અનીતિ ખર સદા છોડી, નીંતિના અશ્વ પર બેસી;
દઇ દુર્બુદ્ધિને બાળી, પીંવા દે ! જ્ઞાનની પ્યાલી !

મળ્યો છે સદ્ગુરૂ સાચો, બતાવ્યો નેક આ રસ્તો;
ઝલાવી જ્ઞાનની ડાળી, પીંવા દે ! જ્ઞાનની પ્યાલી !

પ્રભુનો પ્રેમ દેનારી ! બતાવે મોક્ષની બા'રી !
અહાહા ! ! હસ્તમાં ઝાલી ! પીંવા દે ! જ્ઞાનની પ્યાલી !

મસ્તાન ફકીર !

—ગઝલ—

અરે ! કો' ઝેરની ફાકી ખુદાનો લાલ લાવો ને !
ફકાવી ફેંસલો લાવો ! મ્હને મુરદું બનાવો ને !

નથી નેકી મગર બદી તણો અન્જામ આવ્યો છે;
જહાંથી કુચ કરવાનો જુઓ પયગામ આવ્યો છે !

અયે ! કમબખ્ત નાદાની ! બુરાઈ યાદ આવે છે;
જીગરને ચાક કરવાને જુઓ જલ્લાદ આવે છે !

નથી ખયરાત કીધી તે ખુદાથી માગવાનો છું;
તજીને રાહ જીન્નતનો અરે ! જહન્નમ જવાનો છું !

અરે ! ઇસ્લામ મજહબમાં મના છે હા ! શરાબીની;
મગર તેનો બન્યો બંદો ! કસુર ખાનાખરાબીની !

જુગારે જર ગુમાવીને ગનીનો છું ગદા આજે;
ફકીરી હાલ આ મ્હારો અરેરે !! પેટને કાજે !

ભરીને જામ પીતાં હું ખુદાઈ રાહને ભુલ્યો;
નતીજો આ મલ્યો ત્હેનો જહાંના શાહને ભૂલ્યો !

તજી મસજીદ હું હરદમ જતો'તો હાય ! મયખાને;
ખુદાની બંદગી કરવા ભૂલાવ્યો હાય ! શયતાને !

ભૂલી ઈન્સાનનો દાવો, બન્યો હયવાન હું હાયે !
નશા ને નાચ મુજરામાં રહ્યો ગુલતાન હું હાયે !
ગુલોના બાગને છોડી ગટરની છે હવા લીધી !
ખુદાના નૂરને છોડી શરાબી જામ મ્હેં પીધી !
બિરાદર કોઈ આવોને ! ડુબૂ છું હું બચાવોને !
કદમ પર સર ઝુકાવું છું અદલ રસ્તો બતાવોને !

* * * *

ભલાઈ કર અયે આદમ ! રહે આ-દમ જહાં સુધી !
ખુદાનું નામ લે હરદમ ! રહે હર-દમ જહાં સુધી !

વૈરાગી થતા મિત્રનો સંસારી મિત્ર સાથે સંવાદ !

(શા માટે શ્રમ કરે સતી તુજ પતિ ભક્તિ સાચી-એ રાહ.)

સંસારી-શા સારૂં સુખ તજો, અરે ! કાં ભેખ તમે ધારો ? (૨)
અહા ! સંસાર અતિ પ્યારો ! (૨)

વૈરાગી-અનુભવ લીધો મ્હેં અતિ, આ સંસાર અસાર;
સગાં સહોદર સર્વ છે, સ્વાર્થ તણાં સરદાર.
ગરજ પડે સૌ કો' બોલાવે, અંત સમે કો' કામ ન આવે,
તે સારૂં સૌ તજી, અમોએ યોગ ગણ્યો પ્યારો ! (૨)
અરે ! સંસાર અતિ ખારો ! (૨)

સંસારી–સુત ભગિની પિતુ માત તજીને, વામાની માયા વરજીને;
શું સન્યાસી બનો ? હ્રદયમાં રે'મ જરા ધારો ! (૨)
અહા ! સંસાર અતિ પ્યારો ! (૨)

વૈરાગી–સુત ભગિની પિતુ માત સૌ, આ જગની જંજાળ;
ત્રીયા તજે પળવારમાં, કષ્ટ પડે તત્કાળ.
સુખમાં સૌ કો' સ્નેહ બતાવે, વિપદ સમે દઈ કષ્ટ સતાવે;
શું સમજી મમ મિત્ર, તમે સંસાર ગણો સારો ? (૨)
અરે ! સંસાર અતિ ખારો ! (૨)

સંસારી–મ્હેલ અને ધનમાલ તમારાં, અરે ! કરો કાં મિત્ર અકારાં ?
સુખ સંપત્તિ પરહરી, હવે કાં હિમ્મત સૌ હારો ? (૨)
અહા ! સંસાર અતિ પ્યારો ! (૨)

વૈરાગી–મ્હેલ અને ધનમાલ સૌ, અચળ નથી નિરધાર;
લક્ષ્મી ના'વે સંગમાં, મર્ણ સમે આ વાર.
સકળ મુકી એકલડું જાવું, સૂણો સ્નેહથી સૌ સમજાવું;
પાપ પુણ્ય લૈ સાથ, જવાનું છે નિશ્ચય ધારો ! (૨)
અરે ! સંસાર અતિ ખારો ! (૨)

સંસારી–ધરી ભેખ જંગલમાં જાશો, મિત્ર કહોને ત્યાં શું ખાશો ?
ગમશે ના પળવાર, તમારો મુમત હવે મારો ! (૨)
અહા ! સંસાર અતિ પ્યારો ! (૨)

વૈરાગી–ફળફૂલ જંગલમાં ઘણાં, તે જમશું સુખકાર;
પશુ પક્ષી મિત્રો ગણી, જૈ વસવું તે ઠાર.

ભજન કરીશું ભવતારકનું, ધ્યાન ધરીશું દુઃખહારકનું;
મોહ લોભ સૌ તજી, ભક્તિનો બાંધીશું ભારો ! (૨)
અરે ! સંસાર અતિ ખારો ! (૨)

સંસારી–રહીં સંસારે રામ ભજોને, ભગવાં કાઢી ભેખ તજોને;
આ છેવટની અરજ, અમારી ધ્યાન વિષે ધારો ! (૨)
અહા ! સંસાર અતિ પ્યારો ! (૨)

વૈરાગી–સંસારે રહીંને નહિં, માયા મોહ તજાય;
જંજાળી જીવડા થકી, ના ભગવાન ભજાય.
માફ કરો મુજને મમ બધું, નથી સાર છે ખોટું સંધુ;
જગનાયક જપવાજ, અમોએ જોગ ગણ્યો પ્યારો ! (૨)
અરે ! સંસાર અતિ ખારો ! (૨)

સંસારી–ધન્ય ! તમારો અચળ ટેક છે, ભમે નહિં એવોજ ભેખ છે !
સુખે સિધાવો મિત્ર, કરોને સફળજ જન્મારો ! (૨)
અહા ! સંસાર અતિ પ્યારો ! (૨)

મનને ઉપદેશ !

તોટક—છંદ.

રટવા રણછોડ તને ન ગમે,
ઘરકાજ મહીં મન તારૂ ભમે;
નવ એક ઘડી ઇશને સમરે,
જગમાં જનમી હરિને વિસરે !

સુત નાર અને ઘરબાર મહીં,
મન ત્હારૂ ફરે મશગૂલ થઈ;
યમનો ભય શિર પરે લટકે,
પણ મૂરખને ન જરા ખટકે!

ધન ધામ થકી મસતાન ફરે,
નવ નાથ તણી દરકાર કરે;
દુઃખ આવી પડે વિભૂને સમરે,
સુખમાં કદીએ નવ યાદ કરે!

રઘુનાથ ભજે ભવ દુઃખ જશે,
સહુ પાપ ટળી મન શાન્ત થશે;
મનવા ભજને ભવતારકને,
જગનાથ વિના નવ કાજ બને!

હરિને સમરે સહુ દુઃખ ટળે,
ઇશને સમરે મન સ્હાય મળે;
રણછોડ વિના રણ કોણ હરે?
કિરતાર વિના કુણ હાથ ધરે?

સુણ શંકરની શિખ આ મનવા,
સુખ થાય હમેશ બતાવું દવા;
રટજે રસથી જગનાયકને,
કર યાદ સદા સુખદાયકને!

પદભ્રષ્ટ થયેલો લૌકિક પ્યાર !

—ગઝલ—

તપાવેલા તવા જેવું, અરે ! અંતર અમારૂં છે;
તમારાં પ્યારનાં બીંદુ, પડયા પહેલાં બળી જાશે !
અમારી દિલ વાડીમાં, બીયાં ના પ્યારનાં રોપો;
સુકાશે ને સડી જાશે, ફળી ફળ ફૂલ ના થાશે !
અમારા મન રૂપી મચ્છી, ન આવે પ્યારની જાળે;
કદિ સપડાય તો છેદી, સપાટામાં છુટી નાસે !
અમારૂં મન રૂપી મૃગલું, ફસે ના પ્યારના ફાંસે;
જશે નાસીજ જંગલમાં, નહિં કો' કાળ સપડાશે !
અમારા દિલના દરિયે, નહિં મળશે મીઠું પાણી;
ખરેખર ! છે બધું ખારૂ, પીશે તે તૂર્ત પસ્તાશે !
અમારા દિલનો શીશો, નથી શરબત શરાબોનો;
ઝરેલું ઝેર છે તેમાં, પીતામાં પ્રાણ તો જાશે !
અમારૂં મન નથી મેવો, ભરૂસે ના ભૂલી લેવો;
જમી ને દોષ ના દેવો, નહિં તો દુઃખ જોવાશે !
અમોને નાથ ના કે'શો, ન અમને બાથમાં લેશો;
ઊજડ અંતર અમારૂં છે, ભયાનક દેખતાં ભાસે !
નથી દિલદાર પર દિલ આ, નથી મહબૂબમાં મોહ્યા;
તમારાં નાઝ નખરાંથી, નહિં મન પ્યારમાં ન્હાશે !
તમારી પ્યારની વાતો, અકારી કાનને લાગે;
અમારા કાન છે બ્હેરા, ભલે બુલબુલ પરી ગાશે !

કિતાબો પ્યારની જોવા, જરા અમને નથી ગમતી;
અમે તો પ્યારના દુશ્મન, ન કો' પ્યાલી ભરી પાશે !
અમે ના પ્યારના ચેલા, નથી માલીક મ્હોબતના;
કરોડો કોસનું અંતર, પડયું પાછું ન સંધાશે !
"કૃતઘ્ની" લોક છો કે'તા, તમા–શી–લોકની અમને ?
અમારામાં અમે રાજી, અમોને કોઈ ના ચ્હાશે !
સુનાં પીંજર અમારાં છે, મળે ના પ્યારની મેનાં;
હતી તે હાથથી ગઈ છે, કદી પાછી ન દેખાશે !
અમે તો પ્યારને બાળી, બનાવી ખાખ ખાધી છે;
કદિ લાખો ઇલાજોથી, સજીવન તે નહિં થાશે !
અમોને છે નહિ પરવા, સજીવન પ્યાર કરવાની;
અમારી જીંદગી આખી, ખરેલા ઝાડ સમ જાશે !

જીવ હંસ પ્રત્યે !

માલિની છંદ.

સમજ સમજ હંસા ! કાળ જાયે નકામો,
વગર સમજ લીધો, વિશ્વમાં તે વિસામો;
નવ પળ પણ એકે, વિશ્વના નાથ ગાયા,
ફૂલ સમ કરમાશે, હંસ તારી સુ કાયા ! ૧
બહુ વરસ કરેલો, સાગરે વાસ ભાઈ!
તદપિ નવ જણાયું, જ્ઞાન ત્હારૂંજ કાંઈ;

પય જળ નવ જુદાં, તુજથી હાય ! થાય,
જળ સમ ઝટ ચાલ્યું, આયુ ત્હારૂજ જાય ! ૨

સ્મરણુ કર સદાયે, તાપને પાપ જાયે,
વિપદ સહુ હણાયે, નાથને જો જપાયે;
ધર ! ધર ! ધર ! કાને, શંકરે શિખ દીધી,
સરસ વખત ખોયો, જ્ઞાન પ્યાલી ન પીધી ! ૩

"પલકમાં પ્રાણ જાવાનો!"

—ગઝલ—

હરિ હરદમ ભજો ભાઈ! 'પલકમાં પ્રાણ જાવાનો!'
કરો સત્કર્મ તો કાંઇ, 'પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.
સગાં સંસારનાં છોડી, જીવનના તારને તોડી;
શરીર રૂપ કુંભને ફોડી, 'પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.
મુકી ધન માલ ને માળા, બગીચા બાગ ફૂલવાળા;
તજી સંસારની શાળા, પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.
સ્ત્રીયા તન માતને મેલી, પિતાના પ્રેમને ઠેલી;
લઈ પુણ્ય પાપની થેલી, 'પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.
મૂરખને મીષ્ટ પય દીધું, હઠીલે હાથ ના લીધું;
હળાહળ વીષ હા! પીધું, 'પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.
ઘણી વ્હાલી ગણી માયા, હરિના ગુણ ના ગાયા;
તજીને કારમી કાયા, 'પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.
નથી ત્હેં ક્રોધને ટાળ્યો, ન પાપી કામને બાળ્યો;
બધો ભવ લોભમાં ગાળ્યો, 'પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.
મનુષ્યા દેહ છે મોંઘો, ગુમાવો કાં ગણી સોંઘો?
અરે! શું ઊંઘમાં ઉંઘો? 'પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.
ગુણો ગોવિંદના ગા તું! ભરી લે ભક્તિનું ભાથું;
ખરૂં ફળ ખંતથી ખાતું! 'પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.
ઊરે લ્યો અર્જ અંતરની, સ્વિકારો શિખ શંકરની;
કરોને ભક્તિ ભૂધરની, 'પલકમાં પ્રાણ જાવાનો!' હરિ.

"બસ એક દિને મરવુંજ ખરે !"

ચઢ ઉતર તોટક છંદની ચાલ. (સખી સ્વપ્નમહીં મનમોહનને)

મન હીત તણી શીખ આ સૂણજે, દિલ ચ્હાય ભલે પ્રિય તો ગણજે;
ફિરનાર નહિં ક્યમ યાદ કરે? 'બસ એક દિને મરવુંજ ખરે!'

ધન માલ અને ઘરબાર તજી!
પડશે જવું હાય! વિના મરજી!
સુત નાર કુટુંબ સદા વરજી!
પડશે તુજને જવું આખરજી!

જ્યમ દોર તૂટેજ પતંગ પડે, જ્યમ શુષ્ક થયેલું પુષ્પ ખરે!
ત્યમ માન અરે! મન મુરખરે! 'બસ એક દિને મરવુંજ ખરે!'

જન જે નિજ હું પદમાં ફરતા!
મન ચ્હાય સુ મોજ સદા કરતા!
નવ કોઇની શિખ રૂદે ધરતા!
પરમેશ્વરથી પણ ના ડરતા!

જન તે પણ કાળ ઝપાટ ચ્હડે, જ્યમ તેતર ઉપર બાજ ફરે!
નવ યત્ન કરે પણ તે ઊગરે, 'બસ એક દિને મરવુંજ ખરે!'

ધર ધ્યાન સદા ધરણીધરનું!
નવ કાજ તું જાણ અરે! પરનું!

પર કાજ વિષે જર વાવર તું!
પરનું હીત પ્રાણુ જતાં કર તું!

શિખ શંકરની મન ધ્યાન ધરે, કિરતાર નહિં ક્યમ સ્હાય કરે?
જગનાયકનો ભરૂસો કરરે! 'બસ એક દિને મરવુંજ ખરે!'

ત્યાગીના વિચાર!

(એક નારી જગતમાં પ્યારી (૨)—એ રાહ.)

જંગલમાં પ્યારા જઈશું (૨)
હિમગીરીના સુંદિર વનમાં; હવે હમે તો રહીશું! જંગલમાં.

ગંગા નીરથી નિત્ય નહીશું, હરિગુણ હરનિશ ગઈશું;
હિમાલયનાં સુંદીર વનફળ, હેત ધરીને ખઇશું! જંગલમાં.

આ દુનિયાની તજી ઊપાધી, ઇશ્વરને આરાધી;
સહુ દુઃખ ત્યાગી લઇ સમાધી, સુખી નિરંતર રહીશું! જંગલમાં.

સદ્‌ગુણના શણગાર સજીશું, માયા મોહ તજીશું;
ભાવ ધરી ભગવાન ભજીશું, સદા સ્વતંત્રજ થઇશું! જંગલમાં.

શંકર વાણી સદા સુખાણી, અંતરમાં પ્રભુ આણી;
એ સુખ આપો સારંગપાણી, ચરણ કમળ સુખ ચહીશું! જંગલમાં.

માયાનો તિરસ્કાર !

શાર્દૂલ વિક્રિડીત છંદ.

લાગી છે હરિ નામની લગન તે, છોડી નહિં છૂટશે,
ભક્તિનો અતિ તેજ તાર પકડયો, તોડયો નહિં તૂટશે;
જા! માયા! ઝખમારતી દૂર હવે, ત્હારૂં નથી કામરે,
આરાધું ઈશ નામ હેત ધરીને, હારૂં નહિ હામરે. ૧

પૂરીને દૂધપાક શાક તજીને, કો ખીચડીને જમે?
ભક્તિનું ભલું ગાન તાન તજીને, ત્હારા થકી કો રમે?
ઝાલીને કરમાં દીવો મૂરખ કો, જૈને કુવામાં પડે?
મ્હોટા સાગરને મુકી નદી કૂવે, મોતી કદી ના જડે. ૨

મન સમજ !

—ગઝલ—

સમજ મન શિખ દઊં સારી,
વિભૂ ના મેલ્ય વિસારી;
ભજન કર ભાવથી ભાઇ!
ન સંગે આવશે કાંઈ!

ભજનથી પાપ સો કાપે,
વિદારી દુઃખ સુખ આપે;

પ્રભુની ભક્તિ કર પ્યારી,
અનીતિને સદા ટાળી!
કરે ભક્તિ કપટ વામે,
પ્રભુની પ્રીત તે પામે;
ન કર તું ચોરી ને ચાડી,
ભજન કર ભાઇ તું દા'ડી!
તજી પરનારની પ્રીતિ,
સકળથી રાખ તું નીતિ;
થશે ઇશ સ્હાય એ ભાઇ!
વળી પરમાર્થ કર કાંઈ!
કહે શંકર, સૂણી પ્યારા,
મનન કર ચિત્ત તું મ્હારા;
હતું તે મ્હેં કહ્યું જે તે,
ચતુર જે હોય તે ચેતે!

મરણ પથારી પર પશ્ચાતાપ !

—ગઝલ—

અરે ! આવ્યો હતો જ્યાંથી, હવે હું ત્યાં જવાનો છું;
તજી આ દેહ પીંજરને, નિરાકારી થવાનો છું ! અરે !
રહ્યો માયા વિષે રાજી, જીત્યો હું જૂઠની બાજી;
જરા જગનાથ ના જાણ્યા, હવે ત્યાં હારવાનો છું ! અરે !
કરી કાળાં અને ધોળાં, ઊડાવી મૉજ દુનિયાંની;
કર્યાં જે કર્મ તેનું હું, કટુ ફળ ચાખવાનો છું ! અરે !
સગાંના સ્નેહને છોડી, પ્રિયાના પ્રેમને તોડી;
હવે કિરતારના દરબારમાં, હાજર થવાનો છું ! અરે !
પ્રભુને કૉલ દીધો 'તો કરીશ સત્કર્મ સંસારે;
હરિ દરબારમાં તેનો, હિસાબજ આપવાનો છું ! અરે.
કમાયો ખુબ દોલત ને, વસાવ્યા મહેલ ને માળા;
અરે ! હું એકલો સઘળું, મુકી અહીંથી જવાનો છું ! અરે !
કર્યું પરમાર્થ ના કૈં એ, ભર્યું ના ભક્તિનું ભાથું;
પ્રભુની પાસ જૈને હું; હવે શું માગવાનો છું ? અરે !
જગતમાં જન્મ લેતાં હા ! હતી બાંધી મુઠી મ્હારી;
ઉઘાડી લેઇને હાયે ! હવે હું તો જવાનો છું ! અરે !

મરણપથારી પર પશ્ચાતાપ !



સગાંના સ્નેહને છોડી! પ્રિયાના પ્રેમને તોડી !
હવે કિરતારના દરબારમાં હાજર થવાનો છું!

" મણિકાન્ત. "

પસ્તાવો ! (પૂર્વદર્શન.)



નાચ રંગમાં રોજ રહ્યો ગુલતાનમાં
ત્રીકમજી ત્હારો છે મ્હારે આશરો !

"મણિકાન્ત."

પસ્તાવો !

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ.)

ત્રીકમજી તારો છે મારે આશરો,
નેહ નજરથી નિરખો નટવરલાલ જો;
ભવસાગરમાં ભુલો ભટકું ભૂધરા,
શરણે લેજો જાણીને નિજ બાળ જો ! ત્રીકમજી.

નામ કદી નારાયણનું લીધું નથી,
નથી કર્યું મ્હેં પરોપકારી કામ જો;
જપ તપ તિરથ દાન ધર્મ કીધાં નથી,
માફ કરો રાધા વર શ્રી ઘનશ્યામ જો ! ત્રીકમજી.

માયામાં હું મસ્ત બનીને મ્હાલતો,
હુંપદમાં શ્રી હરિ વિસાર્યા છેક જો;
ધામ, ધરા, ધન, કાજ કપટ કૈં કૈં કર્યાં,
જપ્યા નહિં જગદીશ્વરને પળ એક જો ! ત્રીકમજી.

ધનવંતાને માન દઈ બોલાવતો,
નિર્ધન જનનું કરતો હું અપમાન જો;
મેળવવાને મોજ બહુ ધન વાપર્યું,
નાચ રંગમાં રોજ રહ્યો ગુલતાન જો ! ત્રીકમજી.

સંત જનોની સેવાથી અળગો રહ્યો,
નથી કર્યું મ્હેં જ્ઞાન સુધારસ પાન જો;

કામી થઇને કર્મ કર્યાં મ્હેં કૈં કુડાં,
થરથર કંપુ જ્યારે આવ્યું ભાન જો! ત્રીકમજી.
અપંગ જનને આશ્રય મ્હેં આપ્યો નથી,
દેશ હીતનું કાર્ય કર્યું નવ એક જો;
ખર મિત્રોની મૌંજ મહીં ધન વાપર્યું,
યૌવન મદમાં છકયો હતો હું છેક જો! ત્રીકમજી.
દેવ તણે દર્શન જાતાં પગ દુઃખતા,
ભજન મંડળીમાં નવ લીધો ભાગ જો;
નૃત્ય અને નાટકમાં સહુ પહેલો જતો,
ખોયો મ્હેં શ્રી નાથ સ્મરણનો લાગ જો! ત્રીકમજી.
અવિનાશી અરજી આ અંતરમાં ધરો,
ભક્તિ માગુ ભવતારક ભગવાન જો;
શંકરના સ્વામિ સદ્દબુદ્ધિ આપજો,
તુજ ઇચ્છાથી ટળો સકળ તોફાન જો! ત્રીકમજી.

ભ્રમરના દ્રષ્ટાંતથી મનને શિખામણ!

(એક નારી જગતમાં પ્યારી–એ રાહ.)

શું ભ્રમર કમળમાં પેઠો? (૨)
કમળ મીંચાશે ભ્રમર મુંઝાશે, દોષ પ્રથમ ના દીઠો! શું.
મન મૂરખા તું મનન કરી લે, એ પેઠો છો પેઠો;
તું ત્હારૂં સંભાળી લેજે, નહિં તો પડશે હેઠો! શું.

સ્વરૂપની સુંદરતા દેખી, શું લલચાઈ બેઠો;
મૂર્ખ ભ્રમર સમ તું ભટકાશે, એ દુઃખ શીદને વેઠો! શું.
મોહ લુબ્ધ ના થા! ઓ મનવા! ભગવતથી કર ભેટો;
કહે દીન શંકર કૈંક છુંદાયા, રાય રંક ને શેઠો! શું.

સાથે શું લઇ જઇશ?

—ગઝલ—

ચૌવટ રાખી હરિ ભજને, જગત જળ ઝાંઝવા જેવું;
જમાવેલું પડયું રે'શે, નથી સાથે કશું લેવું!
મગન મનમાં નહિં થાતું, અરે! દિન એક તો મરવું;
છતાં કાં લાગ જાવા દે? પ્રભુનું નામ દઈ તરવું!
સગાં વ્હાલાં લઇ સાથે, નથી તું ભાઈ! જાવાનો;
સકળ ધન તો ધર્યું રહેશે, પછી ત્યાં શું બતાવાનો?
ભરી લે ભક્તિના લાડુ, અવલ એ કામમાં આવે;
પછી ના રાખ તું શંકા, ખજાને ખોટ ના જાવે!
લખી લેજે હ્રદય શંકર, તણી આ શિખ છે સારી;
સફળ થાશેજ જન્મારો, રટણ કર કૃષ્ણ ગિરધારી!

(૧૧૬)

સંસારને સુખી જાણી-ભૂલેલા ભમરાને!

—ગઝલ—

સુખી સંસારને ધારી, ભૂલો તું કાં ભમે ભમરા?
દુઃખોથી છે ભરેલો આ, સકળ સંસાર મન ભમરા!
સુખોની છાંયડી જાયે, દુઃખોના વાયરા વાયે;
સુખો લાગે અતિ મીઠાં, દુઃખો હાયે! ન સ્હેવાયે!
ભલે સુખ હોય સૌ વાતે, ન હોયે ન્યુનતા કાંઇ;
મરે જો સુત વ્હાલો તો, સુખો સૌ જાય પલટાઈ!
અગર પુત્રી બને વિધવા, કહો દુઃખ એજ ક્યાં કમ છે?
કુસુમ સુખ કેરૂ કરમાયે, નહિં ઓછો સિતમ એ છે!
કંઇ જન દર્દથી ઘેલા, કંઇને અન્ન નહિ ખાવા;
કુટુંબ પરિવારથી ત્રાસી, બને છે કૈંક જન બાવા!
કંઇ જન જઈ કૂવે પડતા! કંઈ ખંજર ખઈ મરતા!
કંઇ જન ઝેર ફાકીને! દુઃખી નિજ દેહ પરહરતા!
કંઈ સ્થળ વાગતાં વાજાં! લગન કોઇ સ્થળે થાતાં!
રૂદન કોઇ સ્થળે થાયે! સગો વ્હાલો મરી જાતાં!
અરે! સંસાર આ એવો, દુઃખોથી છે ભરેલોરે!
કહે **શંકર** જપો જગનાથ ને જંજાળ મેલોરે!

સાધારણ જ્ઞાન મળતાં-ઉન્મત્ત થયેલા જીવ-હંસને ઠપકો !

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાહ.)

સુણ ઓ હંસા ! ઠપકો આપું હિતનો,
ના ઉન્મત્ત થા અંતરમાં અણુ ભાર જો;
ઉપમાને હજુ યોગ્ય નથી તું હંસની,
એ ઉપમા છે સદ્‌ગુણનો શણગાર જો ! સુણ.

પય પુરૂં વિદ્યાનું ત્હેં પીધું નથી,
નથી થયો તું જ્ઞાન વિષે ગુલતાન જો;
જ્ઞાન ચીજનો અંત નથી અવની વિષે,
અધુરા જ્ઞાને મૂર્ખ બન્યો મસ્તાન જો ! સુણ.

હંસ થયો પણ પય-જળ જૂદાં નહિં કરે,
મૌક્તિક ચારો તુજથી નહિં ચરાય જો;
કમળ વને વસવાનું તુજને ના ગમે,
તેમ છતાં કાં ફોકટ તું ફૂલાય જો ? સુણ.

પય-જળ જૂદાં કરવાની વિદ્યા ભણી,
મૌક્તિક ચારો ચરતાં હંસા શિખ જો;
તો' તો તુજને હંસ ખરો કહું હેતથી,
નહિં તો બગ-ખગ કરતાં નહિં અધિક જો ! સુણ.

ત્હારાથી અધિકા જ્ઞાની છે સૃષ્ટિમાં,
હુંપદ છોડી કર સદ્‌ગુરૂનો સંગ જો;
મુક્તિની યુક્તિ જાણ્યામાં આવશે,
ભવસાગરને તરશે તો છે રંગ જો ! સુણ.

મ્હારી દુર્બુદ્ધિ કાપો !

(દેખુંગી પ્યારે અમ્માકા મુખડા—એ રાહ.)

કાપોરે ! દુર્બુદ્ધિ દયાળુ ! (૨)
આપો ! આપો ! આપો ! આપો ! આપોરે ! સદ્‌બુદ્ધિ કૃપાળુ ! કાપોરે !

મોહનવર છો ! શ્યામ સુંદર છો !
ટાળો દુખ આ......................
મ્હારૂં ! મ્હારૂં ! મ્હારૂંરે ! મોહનજી માયાળુ ! કાપોરે !

ભર દરિયામાં ભૂલો પડયો છું,
ડુબી મરૂં છું.....................
તારો ! તારો ! તારોરે ! ત્રીકમજી કૃપાળુ ! કાપોરે !

દીન શંકરની અરજ સ્વીકારો !
જ્યાં ત્યાં તમને................
ભાળું ! ભાળું ! ભાળુંરે ! સર્વત્ર નિહાળું ! કાપોરે !

હે નાથ ! મ્હને તારો !

મહીદીપ–છંદ.

જય ! જય ! જગનાથ ! હાથ, ઝાલીને ઉગારો !
દુઃખ છે અનેક એક, આશરો તમારો !
ભવનિધી વિષે તણાય, નાથ ! નાવ મ્હારૂં !
કૈં નથી ઉપાય તાત ! શર્ણ છે તમારૂં !

કામ ક્રોધ મોહ લોભ, નાવમાં ભરાયા !
પાપ કેરા પોટલા, અપાર ઉભરાયા !
જ્ઞાન શઢ તૂટી ગયો, ગર્વ વાયૂ વા'યો !
અજ્ઞાન અંધકાર ઝટ, અંતરે છવાયો !

નાવ જો તણાઇ નરક ખડકમાં કુટાશે !
દુષ્ટ જીવ તણી હાય ! દુર્દશાજ થાશે !
પાપ તો અમાપ બાપ ! જન્મ ધરી કીધું !
મુક્તિની ન યુક્તિ જાણી, વિષય વારિ પીધું !

આપનું લગાર વાર, નામ ના જપાયું !
મૉજ શૉખમાંજ હાય ! આયુ સૌ ખપાયું !
પણ હવે દયાળુ દેવ ! દિલ દયા લાવો !
જ્ઞાન હાથ આપી નાથ ! નાવને બચાવો !

"મ્હારી નજર પ્હોંચે નહિ !"

—•—

ગઝલ સોરઠી—(હરિગીતમાં પણ ગવાશે.)

કિરતારની કુદરત તણી, કીર્તિ કથાયે ના કથી !
અકળીત કળા અવલોકવા—'મ્હારી નજર પ્હોંચે નહિ !'
દરિયા વિષે મોજાં ઉડે, મીઠી લહર ત્યાં આવતી;
પણ મસ્ત પાણી માપવા—'મ્હારી નજર પ્હોંચે નહિ !'
નયને નિરખતાં નભ વિષે, અતિ તેજ તારા આપતા;
લાખોની સંખ્યા લેખવા—'મ્હારી નજર પ્હોંચે નહિ !'
શશિ સૂર્ય ને પૃથ્વી ગ્રહો, આધાર વણુ અદ્ધર રહ્યા;
એ ભેદ અદ્‌ભુત ભેદવા—'મ્હારી નજર પ્હોંચે નહિ !'
વાયુ મધૂરો વાય છે, પૃથ્વી બધી પોષાય છે;
પણ પાર તેનો પામવા—'મ્હારી નજર પ્હોંચે નહિં !'
ઘન વરસતો વારિ વહે, નિપજે અનાજ વનસ્પતિ;
ખુબી એ વિભૂની ખોળવા—'મ્હારી નજર પ્હોંચે નહિં !'
અગણિત જીવો ઉત્પન્ન થતા, કૈં મ્હોતને તાબે થતા;
ઘટમાળ એ ઉકેલવા—'મ્હારી નજર પ્હોંચે નહિં !'
વન ઝાડ પ્હાડ અને નદી, પક્ષી પશુ સૌ પેખતાં;
કૃતિ એ કિતાબે છાપવા—'મ્હારી નજર પ્હોંચે નહિં !'
પાત્રો બન્યાં સૌ પૃથ્વીમાં, નાટક નરોત્તમજી તણું;
નિરખું સકળ પણ સમજવા—'મ્હારી નજર પ્હોંચે નહિં !'

શંકર કહે એ સમજવા, મુનિ દેવ સૌ હારી ગયા !
જગનાથ લીલા જાણુવા—'મ્હારી નજર પ્હોંચે નહિં !'

જાગ્યો કોણ ?

શાર્દૂલ વિક્રિડિત—છંદ.

જાગ્યો જે જગનાથ નામ જપતો,
માયા મૂકી વેગળી !
ભાગ્યો તે નરનો સદાય ભય સૌ,
વ્યાધિ ઉપાધિ ટળી !
ઝાલીને જપમાળ શાન્ત મનથી,
રાધાપતિ ના ભજે !
ચાલી જીંદગી જાય વારિ સમ આ ?
ચેતાય તો ચેતજે !

શું ગ્રહણ કરશો ?

—માઢ—

જેણે જીવતર જૂઠું જાણ્યું રે ! તે તરશે આ સંસાર;
પણ મીષ્ટ ગણીને માણ્યું ! તે સમજ્યો ના કૈં સાર.
દુનિયાં દહીંની ગોરસી છે, ભીતર માખણુ ખાસ;
સમજુ જન તે માખણુ ખાશે, મૂર્ખો ખાશે છાશરે. તે.

દુનિયાં દરિયો છે ઊંડોરે ! મુક્તાફળ દેનાર;
શાણા મુક્તાફળ મેળવશે, ગોતે શંખ ગમારરે ! તે.
જગ બાજી પાસા તણીરે ! ખેલે સૌ નરનાર;
હારી જાશે હીર વિનાનો, પાડે ચતુર પોબારરે ! તે.
બાગ ખીલ્યો છે ખલકનોરે ! પુષ્પ અનુપમ સાર;
મોગરો ગુલ ગુણિયલ જન સુંઘે, કેતકી લે કુંભાર રે. તે.
મોદક છે બે હસ્તમાંરે ! મિષ્ટ અને વિષદાર;
મિષ્ટ જમો **મણિકાન્ત** કહે છે, વિષ જીવને હણનારરે ! તે.

દુઃખોદ્ગાર !

—ગઝલ—

દુઃખી દુનિયાં અમારી છે, ન છાયા સુખની દેખું;
કસમ કાયા અકારી છે; પળેપળ દુઃખની દેખું ! દુઃખી.
દરદથી દેહ છે અડધી, દવા પી પી હવે થાકયો;
ન ભોજન નામ પણ ભાવે, ન ઇચ્છા ભૂખની દેખું ! દુઃખી.
કદી હું તાવથી તફડું, કદી દમ ખાંસીથી લથડું;
ગયો આનંદ અંતરથી, ઉદાસી મૂખની દેખું ! દુઃખી.
અરે ! આ દેહને છોડી, ન દર્દોને જવા ગમતું;
સદા મન વ્હેમથી ભમતું, ન આશા સુખની દેખું ! દુઃખી.
નિરોગી દેહ છે જેની, સુખી છે જીંદગી તેની;
નસીબે જે લખ્યું થાયે, ન ભૂલ હું દેવની દેખું ! દુઃખી.

સંસારમાં સંપૂર્ણ સુખી કોઇ નથી!

હરિગીત છંદ.

ધન સંપતિમાં કમ નથી, ભંડાર તો ભરપૂર છે,
કીર્તિ તણો કિલ્લો ચણ્યો, વ્યાધિ થકી તન દૂર છે;
પણ સંતતિનું સુખ નથી, ચિતડું સદા તેથી બળે,
આ સારવિણ સંસારમાં, દુઃખ મુક્ત જનકો' નવ મળે! ૧

સુખપાલ ઘોડા ગાડીને, ચાકર તણો ટોટો નથી,
વ્હાલાં સગાંનો સ્નેહ છે, પ્રિય નારનો જોટો નથી;
પણ વ્યાધિ તનથી ના ખસે, ના વૈદ ઘરમાંથી ટળે,
આ સારવિણ સંસારમાં, દુઃખ મુક્ત જનકો' નવ મળે! ૨

વિદ્વાન ને ગુણવાન છે, યુવાન ને કુળવાન છે,
છે સંતતિનું સુખને, શરીરે સદા બળવાન છે;
પણ પાસ કોડી નવ મળે, ચગદાય પરના રણ તળે,
આ સારવિણ સંસારમાં, દુઃખ મુક્ત જનકો' નવ મળે! ૩

રાજા મહારાજા થયા, મુલકો હજારો મેળવ્યા,
પૈસા ગ્રહી પર રાજ્યના, ભંડાર ભેગા ભેળવ્યા;
પણ નાર કુલટા નિવડ્યાથી, ગર્વ રાજાનો ગળે,
આ સારવિણ સંસારમાં, દુઃખ મુક્ત જનકો' નવ મળે! ૪

કૈંને કુટુંબનું દુઃખ છે, કૈંના શરીરે રોગ છે,
ધન સંતતિ વિણુ કૈં દુઃખી, વ્હાલાં મુઆનો શોક છે;

એ રીત કો'ના શિરપરે, સંપૂર્ણ સુખ જળ નવ ઢળે,
આ સારવિણુ સંસારમાં, દુઃખ મુક્ત જનકો' નવ મળે ! ૫

"છતાં જગનાથ ના જોયા !"

—ગઝલ—

સદા સંસારથી છટકયા ! 'છતાં જગનાથ ના જોયા !'
બની બાવા બધે ભટકયા ! 'છતાં જગનાથ ના જોયા !' સ.
બનારસ દ્વારકાં બદ્રી, ગયા ગોકુળ મથુરાંમાં;
અયોધ્યા આવીને અટકયા ! 'છતાં જગનાથ ના જોયા !' સ.
ગુફા ગિરનારની ગોતી, હિમાલય ને હરિદ્વારે;
ફરીને ટાંટીયા ફટક્યા ! 'છતાં જગનાથ ના જોયા !' સ.
અતિ તપ તાપમાં કીધું, ઘણું દુઃખ દેહને દીધું;
અહા ! ઉંધે શિરે લટકયા ! 'છતાં જગનાથ ના જોયા !' સ.
નદીના નીરથી ન્હાયા, કસી ઊપવાસથી કાયા;
પૂજામાં પ્રાણુ છે પટક્યા ! 'છતાં જગનાથ ના જોયા !' સ.
થયા જોગી જટાધારી, વિભૂતિ ભાવથી ચોળી;
મરણુ ભયથી નહિં ભડક્યા ! 'છતાં જગનાથ ના જોયા !' સ.
પઢયા પૂરાણુ, રામાયણુ, મહાભારત ભણ્યા ભાવે;
અનીતિને નહિં અડકયા ! 'છતાં જગનાથ ના જોયા !' સ.
કહે શંકર તપાસી જો ! હૃદયમાં શ્રી હરિ રાચે;
નકામા ભવ વિષે ભટકયા ! 'છતાં જગનાથ ના જોયા !' સ.

"નકામી જીંદગી એવી!"

—ગઝલ—

હરિને ના ભજ્યા હેતે, 'નકામી જીંદગી એવી!'
ચતુર થઇને નહિં ચેતે, 'નકામી જીંદગી એવી!'

પ્રભુનું નામ ના લીધું,
ભજન ના ભાવથી કીધું;
હરિ પય હાય! ના પીધું,
'નકામી જીંદગી એવી!' હરિ.

થયો માયા તણો રાગી,
કુબુદ્ધિ લેશ ના ત્યાગી;
લગન તો લોભની લાગી,
'નકામી જીંદગી એવી!' હરિ.

અતિ અંધો અભિમાને,
શિખામણ ના ધરે કાને;
કહ્યું ના કોઇનું માને,
'નકામી જીંદગી એવી!' હરિ.

કદાપિ ક્રોધ ના કાપ્યો,
રગેરગ કામ છે વ્યાપ્યો;
સદા છળ છાતિએ છાપ્યો,
'નકામી જીંદગી એવી!' હરિ.

કુકર્મે કાળ છે ગાળ્યો,
નહિં ભય મોહમાં ભાળ્યો;
પૂરો વ્યભિચારને પાળ્યો,
'નકામી જીંદગી એવી!' હરિ.

કદી સત્સંગ ના કીધો,
ભજનમાં ભાગ ના લીધો;
દગો વિશ્વાસ દઈ દીધો,
'નકામી જીંદગી એવી !' હરિ.

પ્રમાણિક તંત્રને તોડી,
સુસોબત સત્યની છોડી;
જૂઠામાં જીંદગી જોડી,
'નકામી જીંદગી એવી !' હરિ.

રહે છે સ્વાર્થમાં રાચી,
કળા પરમાર્થમાં કાચી;
ત્રીયા નયને રહે નાચી,
'નકામી જીંદગી એવી !' હરિ.

અપંગોને નહિં આપ્યું,
ન કો'નું કષ્ટ તો કાપ્યું;
દયામાં દિલ ના સ્થાપ્યું,
'નકામી જીંદગી એવી !' હરિ.

સુખો સંસારનાં લેવા,
જમ્યો મિષ્ટાન્ન ને મેવા;
કરી ના **દેશની સેવા**,
'નકામી જીંદગી એવી !' હરિ.

પૂરીને પેટના ખાડા !
કહે **શંકર** થયા જાડા !
હરાયા હોય જ્યમ પાડા !
'નકામી જીંદગી એવી !' હરિ.

" અમારૂં ના સગું કોઇ ! "

—ગઝલ—

અહા ! દુનિયાં બધી જોઇ, અમારૂં ના સગું કોઇ !
રહે સૌ સ્વાર્થને રોઈ, અમારૂં ના સગું કોઈ ! અહા !

કૃપાળુ તાત યા માતા, ભજન સૌ સ્વાર્થનાં ગાતાં;
ભલે હો મા જણ્યો ભાઇ, અમારૂં ના સગું કોઇ ! અહા !

સગા કાકા અને કાકી, નથી કો સ્વાર્થ વણુ બાકી;
ભલે ભગિની અને ફોઈ, અમારૂં ના સગું કોઇ ! અહા !

સુતા સુત કે હશે નારી, સગાઇ સ્વાર્થની પ્યારી;
વિના તે નાંખશે ધોઇ, અમારૂં ના સગું કોઈ ! અહા !

અહા ! મામા અને મામી, વળી માસા અને માસી;
પડ્યાં સૌ સ્વાર્થને મોહી, અમારૂં ના સગું કોઈ ! અહા !

સધાયે સ્વાર્થ તો પ્યારા, નહિં તો લાગશો ખારા;
કરે છે સર્વ બદબોઇ, અમારૂં ના સગું કોઈ ! અહા !

વિના સ્વાર્થે અરે ! ભ્રાતા ! નથી કો' મિત્ર પણ થાતા;
સંબંધી હોય હર કોઈ, અમારૂં ના સગું કોઈ ! અહા !

સગો છે શ્રીહરિ સાચો, અહા ! સૌ તેહને યાચો !
જપીશું નામ સુખદાઇ, અમારૂં ના સગું કોઈ ! અહા !

ફરિયાદ !

—ગઝલ—

ફસાયો મોહના ફાંસે બચાવો ! કો' કનૈયાને !
સકળ ગોપી મળી ઘેર્યો છુડાવો ! કો' કનૈયાને ! ફસાયો.
અરે ! અવળી વહે ગંગા ! રહડે નીર નેવનાં મોભે !
ડુબે છે નાવમાં નદીઓ ! બતાવો ! કો' કનૈયાને ! ફસાયો.
પ્રથમ જે કૃષ્ણને દેખી અહા ! ઘેલી થતી ગોપી !
બન્યો તે ગોપીમાં ઘેલો ! જગાવો ! કો' કનૈયાને ! ફસાયો.
મધૂરી બંસીના નાંદે ! સકળ કુરબાન તન કરતી' !
પડી શું બંધ એ બંસી ? જગાવો ! કો' કનૈયાને ! ફસાયો.
હતો નિર્લેપ જે યોગી ! બન્યો તે લુબ્ધ લલનામાં !
પરાધિન પિંજરે પેઠો ! ઉડાવો ! કો' કનૈયાને ! ફસાયો.
કનૈયો નિજને ભૂલી ! બન્યો સૌન્દર્યનો બંદો !
અલૌકિક પ્રેમની બંસી ! સુણાવો કો' કનૈયાને ! ફસાયો.
કરે છે હાસ્ય સૌ ગોપી ! કનૈયાનું હૃદય રોતું !
કરાવી જયોતની ઝાંખી ! હસાવો કો' કનૈયાને ! ફસાયો.
કથે **શંકર** સિતમ વરસે ! સળગતી આગ અંતરમાં !
અખંડાનંદનું દર્શન ! કરાવો કો' કનૈયાને ! ફસાયો.

રામ નામ રટવા વિષે.

(નિત્ય નિત્ય ભજીએ ત્હારૂં નામ (૩) એ રાહ.)

રટ! રટ! મનવા! રામ નામ, રામ નામ, રામ નામરે!
મનુષ્ય મણિ હવે ફરી ના મળે હોજી.

કાયા ને માયા ત્હારી, કાચનો કુંપોરે;
ફૂટી તૂટી જાશે તે તમામ, તે તમામ, તે તમામરે! મનુ.

કો'ના. ધન, ધામ, ધરા, સગાં, સુતનાર સર્વે;
આખર ના આવે ત્હારે કામ, ત્હારે કામ, ત્હારે કામરે! મનુ.

બાળપણું રમતાં ખોયું, યુવા મોહ લોભેરે!
આવ્યો કાળ પાસે હાર્યો હામ, હાર્યો હામ, હાર્યો હામરે! મનુ.

સમજે સઘળું તું શંકર! છતાં કેમ ભૂલેરે?
જ્યારે ત્યારે ત્હારો એ અન્જામ! એ અન્જામ! એ અન્જામરે! મનુ.

ॐ

સોજીતરીયા બ્રધર્સ.

બુકસેલર્સ, પબ્લીશર્સ, એન્ડ કમીશન એજન્ટસ.

ઠે. ગણેશવાડી લખમીદાસ ખીમજીનો માળો, ચાલ નં. ૨ મુંબઈ.

અમારે ત્યાં દરેક જાતનાં પુસ્તકો ઑર્ડર મળે વી. પી. થી રવાના કરવામાં આવશે. બહાર ગામના ઑર્ડરો ઉપર પુરતું અને તાકીદે ધ્યાન આપવામાં આવશે.

બુકસેલર તથા સામટી નકલો ખરીદનારને સારૂં કમીશન આપવામાં આવશે.

☞ લખો! ઉપરને શિરનામે.

મનને શિખામણ!

—•••—

તોટક-છંદ—કક્કા વારી.

કરજે સદ્‌કામ સદા મન તું,
ખસજે નિચ કર્મ થકી દૂર તું;
ગણજે જગમાં સહુને સરખા,
ઘટમાં હરિ ધ્યાન ધરી હરખા! ૧

ચળજે નવ નીતિ થકી કદીએ,
છળ ભેદ કરી જૂઠ ના વદીએ;
જશવંત થશે તુજ આવરદા,
ઝરણાં ઝરશે સુખનાંજ સદા! ૨

ટળશે તુજ આધિ ઉપાધિ અરે!
ઠરશે નવ રોગ કદી શરીરે;
ડરશે તુજથી નિચ નિર્ધનતા,
ઢગલા વળશે જ સદા ધનના! ૩

તન ને ધન ધામ ધરા પળમાં,
થઇ જાય અલોપ ભૂમંડળમાં;
દશ શિષ ગયાંજ દશાનનનાં,
ધરી ગર્વ કદી મૂરખો બન ના! ૪

નભમાં શશિ સૂર્ય અતિ ચળકે,
પરમેશ્વરની પ્રભુતા ઝળકે;

ફળ ફૂલ અને તરૂ ઝ્હાડ નદી !
બળવાન પિતા ન ભૂલાય કદી ! ૫

ભગવાન ભજે ભવ દુઃખ ટળે,
મન વાંચ્છિત સુખ હમેશ મળે;
યશ વૈભવને નિજ તેજ વધે,
રઘુનાથ તણું ધર ધ્યાન રૂદે ! ૬

લખી રાખ શિખામણ અંતરમાં,
વણસી વય જાય ભૂલો ફરમાં;
શક રાખ નહિંજ શિખામણમાં,
સહુ સત્ય કહું જુઠ તું ગણમાં ! ૭

હરિને ભજજે ! દુઃખ મુક્ત થવા,
ક્ષય પાપ થશે સઘળાં મનવા !
સમજે પણ શંકર કેમ ભૂલે ?
વય જાય વહ્યું તુજ વારિ તલે ! ૮

મન પ્રત્યે !

(સુંદર શામળીયા નામ જપીશ નિત્ય તારૂં—એ રાહ.)

ઓ મનડા મૂરખા ! માન કહ્યું રજ મ્હારૂં;
નાહક ના ધૂળ ખા ! અરે ! થશે શું ત્હારૂં ? ઓ.

પાતાળે ચંચળ થઈ પેસે, ઝ્હાડ પર પળમાં જઈ બેસે,

આભની ખબરો પણ લેશે, પાણીમાં પણ સ્હેજ પ્રવેશે;
હરિ ભજવું નહિ પ્યારૂં ! ઓ મનડા મૂરખા !
ચેત ! ચેત ! અવસર આ જાયે, હરિ ભજવાથી દુઃખ દૂર થાયે,
માયામાં તું કાં લપટાયે ? 'શંકર'ની જો શિખ મનાયે;
તો ભજ ! પરમ કૃપાળુ ! ઓ મનડા મૂરખા ?

જીવડા જાગીને જો !

(પધારો પોપટ રાજા રામના—એ રાહ.)

જાગીને જો તું તો જીવડા, ઉંઘને કર અળગી;
આંખ ઉઘાડી થા ઊભો, આગ ચોમેર સળગી ! જાગી.
કામ ક્રોધ મોહ શત્રુએ, બંધ કીધી છે બા'રી;
બચીશ હવે કેમ આગમાં ? ભજ શ્રી ગિરધારી ! જાગી.
બાળપણે ભલે ના ભજ્યા, અજ્ઞાની ગણાયો;
મોટો થયો ત્યારે મૂરખા ! માયા નદીએ તણાયો. ! જાગી.
મ્હારાં સગાં મ્હારાં છોકરાં મ્હારૂં ધન મ્હારી નારી;
ભૂલો ભમે તું એમ કાં ? ત્હારો કુંજ બિહારી ! જાગી.
પાપના કીધા પોટલા, ત્હારી સાથે બંધાશે;
પુણ્યનું કર્મ કર્યું નથી; ત્હારી શી ગતિ થાશે ? જાગી.
બચવાની બા'રી એક છે, ભાવે ભજી લે મોરારી;
દીન 'શંકર'નો નાથ એ, લેશે તુજને ઉગારી ! જાગી.

" રે! રે! તથાપિ તુજને નવ ભાન આવ્યું ! "

વસંત તિલકાવૃત.

જા ! જા ગમાર નર શું જગમાં કમાયો ?
પામ્યા અપાર ધન તું ઈશ ના ભજાયો;
લોભાન્ધ ને નફ્ટ થૈ વય તેં ગુમાવ્યું,
રે ! રે ! તથાપિ તુજને નવ ભાન આવ્યું ! ૧

હાકે હલાવી જગને બિરલા ગણાતા,
ધાકે ધ્રુજાવી જનને જમડા જણાતા;
ચાલ્યા ગયા ખબર કો' નાવ તેની લાવ્યું,
રે ! રે ! તથાપિ તુજને નવ ભાન આવ્યું ! ૨

ખાતા હતા મગન થૈ મિષ્ટાન ભાવે,
જાતા દીઠા જમપુરે નવ કો' બચાવે;
માટીતણું શરીર જૈ ધૂળમાં સમાયું,
રે ! રે ! તથાપિ તુજને નવ ભાન આવ્યું ! ૩

બાળાપણે રમતાં હરિને વિસાર્યો,
મ્હોટો થયો પણ નહિં જગનાથ ગાયા;
ચાલ્યું જાશે જળ સમુ સરવે સુ આયુ,
રે ! રે ! તથાપિ તુજને નવ ભાન આવ્યું ! ૪

જેનો ઉચ્ચાર જન સૌ પઠતો ઉપાડે,
જેનું અપાર ધન તે ન સમાય ગાડે;
વૉરંટ તે જન પરે જમડે બજાવ્યું,
રે ! રે ! તથાપિ તુજને નવ ભાન આવ્યું ! ૫

વાણી વદે વિમળ 'શંકર' આ સહાયે,
ટાળે ત્રિવિધ દુઃખ જો ઇશને ભજાયે;
સાથે મળે નવ કદી ધન જે જમાવ્યું,
રે ! રે ! તથાપિ તુજને નવ ભાન આવ્યું ! ૬

ગાડું અધવચ અટક્યું !

(સુજ ના પડે પીયુ પ્યારા—એ રાહ.)

અધવચ ગાડું અટક્યું !—એ ટેક,
ભૂલી રાહ ભવે ભવ ભટક્યું, તૂટી ખીલી ને જોતર સટક્યું;
લખ્યા લેખ પ્રમાણે લટક્યું. અધવચ.
અહંકારે આંતરીયું ગાડું, મોહ લોભ થયા વાટ પાડું;
ત્રણે સંપીને પાડયું ધાડું. અધવચ.
નહિ આઘું કે પાછું જવાય, ગાડું ગાળામાં ઘુંચાય;
વ્હાલા વિઠ્ઠલ કરજો સહાય. અધવચ.
હવે એકે જડે નહિં આરો, ઝાલી હાથ ઓ નાથ ! ઉગારો !
છે 'શંકર' ને ભરૂસો ત્હારો. અધવચ.

" ક્યમ ચાલશે ? "

ગઝલ સોરઠી—(હરિગીતમાં પણ ગવાશે.)

તેડું થયું કિરતારનું, માન્યા વિના 'ક્યમ—ચાલશે ?'
આંખી થઇ જમદૂતની, જાવા વિના 'ક્યમ—ચાલશે ?'

જાવું મજલ મ્હોટી તહીં !
તૈયારી કૈં કીધી નહિં !
ભાથું ભર્યું ના સાથ કૈં !
ભાથા વિના ' ક્યમ—ચાલશે ! '

શણગાર ધારી અંગમાં !
રમતો ત્રિયાથી રંગમાં !
રામા ન આવે સંગમાં !
રામા વિના ' ક્યમ—ચાલશે ? '

મિત્રો મહીં તું મ્હાલતો !
ફક્કડ બની ફરતો હતો !
ના એકલો કૈં એ જતો !
સોબત વિના ' ક્યમ—ચાલશે ? '

સેવક તણા સહવાસમાં !
હુકમો કર્યો હુલ્લાસમાં !
નોકર મળે ના સાથમાં !
ચાકર વિના ' ક્યમ—ચાલશે ? '

સુખ ભોગનાં સાધન ઘણાં !
હાજર હતાં કૈં ના મણા !
અંતે ન કીધાં આપણાં !
તેના વિના ' કયમ—ચાલશે ? '

માયા અને મિલકત ખરે !
મુકી જવું પડશે—અરે !
નાણાં નકામાં આખરે !
નાણાં વિના ' કયમ—ચાલશે ? '

પરમાર્થ તો પ્રીતે કરો !
ભક્તિ તણું ભાથું ભરો !
કલ્યાણ—કાયાનું કરો !
તેના વિના ' કયમ—ચાલશે ? '

હે રાજન ! ત્હમારો અને અમારો પંથ ન્યારો છે !

—ગઝલ—

ત્હમે છો દેશના રાજા, અમે જંગલ વસાવ્યું છે;
ત્હમે અજ્ઞાનના તાબે, અમે તેને ફસાવ્યું છે !
ત્હમારે મ્હેલ ને માળા, બગીચા બાગ વસવાના;
અમે સુંદર ગૂફા શોધી, તહાં જગનાથ જપવાના !

ત્હમે ગાદી અને તકિયા, તથા શય્યા વસાવી છે;
અમે તો પ્રેમથી પૃથ્વી, પરે કંથા બિછાવી છે !
ત્હમે મિષ્ટાન્ન ને મેવા, અતિશે સ્વાદથી જમતા;
અમે ફલ ફૂલ ખાનારા, નથી મિષ્ટાન્ન પર મમતા !
ધરી વસ્ત્રાભુષણ અંગે, ત્હમે મોજો ઉડાવી છે;
શરીરે ભસ્મ ચોળીને, અમે કફની ચ્હડાવી છે !
વિષય તમને અતિ વ્હાલો, વળી માયા તણા રાગી;
અમે તો મુક્તિને મોહ્યા પ્રભુની ધૂન છે લાગી !
ત્હમે હર કામમાં નોકર, પરે હુકમ બજાવાના;
અમારા હસ્ત ને ચરણો, અમોને સ્હાય થાવાના !
સગાં ને મિત્રની સાથે, ત્હમોએ સ્નેહ રાખ્યો છે;
અમે જંગલ તણાં પક્ષી, પશુનો પ્રેમ ચાખ્યો છે !
સદા ચિંતા અને ભયમાં, તમોને શાન્તિ ના જરીએ;
અમે નિશ્ચિંત ને નિર્ભય, હરિનું ધ્યાન હા ! ધરીએ !
ત્હમે રાજા મહારાજા, અરે ! તેમાં અમારે શું ?
નથી કૈં લેવું કે દેવું, પછી પરવા લગારે શું ?
ત્હમારો રાહ જૂદો છે ! અમારો પંથ ન્યારો છે !
ત્હમે છો ભોગના ભોગી ! અમોને યોગ પ્યારો છે !
ત્હમારો ભોગ છે રોગી, અમારો યોગ બળવાળો !
અમે જીવન સફળ કરીએ, ત્હમે આયૂ વૃથા ગાળો !

વૈરાગ્ય–કાવ્ય સમાપ્ત.

રાજા અને યોગી!



"ત્હમે રાજા મહારાજા, અરે ! તેમાં અમારે શું ?
નથી કૈં લેવું કે, દેવું, પછી પરવા લગારે શું ?"
"મણિકાન્ત."

નળદમયંતી વનવાસ (અસ્તોદય).



" કરમ ત્હારી કળા ન્યારી, હજારોને નચાવે છે!
ચ્હડે જે ચક્કરે ત્હારા, ઘણું ત્હેને ભમાવે છે!"

" મણિકાન્ત."

પ્રસ્તાવિક-કાવ્ય.

—ગઝલ—

કરમ ! ત્હારી કળા ન્યારી ! હજારોને નચાવે છે !
ચ્હડે જે ચક્કરે ત્હારા ! ઘણું ત્હેને ભમાવે છે ! ક૦
હતો જે કાલ ભીખારી બને ધનવાન તે આજે !
અહા ! ધનવાનને પળમાં ભમી ભીક્ષા મગાવે છે ! ક૦
હજારો મૉજ જે કરતા મહારાજા કહેવાતા !
તજાવી મૉજ ત્હેને તું અહા ! બાવા બનાવે છે ! ક૦
લગનનાં વાગતાં વાજાં ! ગવાતાં ગીત વ્હીવાનાં !
અરે ! એ ઘેર તું પળમાં મરણ પોકો પડાવે છે ! ક૦
નહિં કૈં વાત જે સમજે અભણ જ્યાં ત્યાંજ અથડાતો !
બનાવી જ્ઞાનિ તું ત્હેને અતિ ઊંચે ચ્હડાવે છે ! ક૦
સુવાસણ હોય જે નારી પતિની પ્રાણની પ્યારી !
અરે ! વિધવા બનાવીને બિચારીને રડાવે છે ! ક૦
બનાવે યોગીને ભોગી ! કરે બળવાનને રોગી !
નીચાની ઊંચના પાસે ગુલામી તું કરાવે છે ! ક૦
ઘડીમાં તું રડાવે છે ! પલકમાં હા ! હસાવે છે !
કથે શંકર તું ફંદામાં સકળ જગને ફસાવે છે ! ક૦

"મણિકાન્ત."

કુદરતને !

—ગઝલ—

અરે ! ઓ કારમી કુદરત ! તને અવળું સુઝયું ક્યાંથી ?
સુધાર્યું હોત તો સુધરત ! તને અવળું સુઝયું ક્યાંથી ?
સુશોભિત ને સુગંધી છે છતાં કાંટા ગુલાબે કાં ?
મહા ખેંચાણ મુકયું છે અયે ! કુદરત ! શરાબે કાં ?
ભર્યું ત્રણ ભાગમાં પાણી જમિન તો એક ભાગે છે ?
છતાં જળ છે બધું ખારૂં ! કહે એ ઠીક લાગે છે ?
રૂડો રજની તણો રાજા કલંકિત ચંદ્ર કાં કીધો ?
બનાવ્યો કેમ ક્ષય રોગી ? અરે ! અપવાદ કાં દીધો ?
મનોહર કંઠની કોયલ કરી કાં તેહને કાળી ?
બનાવ્યો બગ રૂપાળો કાં ? તને કો' ના શકયું ખાળી ?
સુગંધી યુક્ત કસ્તુરી અહા ! કાળી કરી કુદરત !
સફેદી છે છતાં કાંદે અરે ! બદબો ભરી કુદરત !
પુરા પ્રેમી પપૈયાને તૃષાતુર કેમ રાખે છે ?
કરે દરકાર ના ત્હેના પરે તું રે'મ રાખે છે !
નથી પીનાર કો' પાણી ભર્યાં મીઠાં સરોવર જ્યાં !
અરે ! કૈં દેશ છે એવા પુરૂં પાણી મળે ના ત્યાં !
ગુન્હો શું છે ? ઘુવડનો તે; દિવસમાં ના શકે દેખી !
હળાહળ ઝેર છે જેમાં સફેદી સોમલે મુકી !
ઘણા છે દાખલા એવા ! ગણાવું શું ? તને કુદરત !
અજબ ફાંટા અરે ! ત્હારા ! જણાવું શું ? તને કુદરત !

દાનો કે દિવાનો?

—ગઝલ—

દિવાનાને તમે છેડી! નકામા શિર ફોડો છો!
 અમારા ઝખ્મના ટાંકા તમે શા માટ તોડો છો? દિ.
દિવાની છે બધી દુનિયાં દિવાનો અન્યને ધારે!
 સમજ વણ પારકી પોથી સબબ વણ કેમ છોડો છો? દિ.
દિવાના હાલ આ સાથી? અમારૂં દિલ જાણે છે!
 પરાઈ પીડ સાંભળવા તમે કાં જીવ જોડો છો? દિ.
ઝખમ ઝેરી કટારીનો! પિછાને છે પડયો જેને!
 દિશા દેખ્યા વિના જે તે દિશાએ કેમ દોડો છો? દિ.
અમારા કષ્ટની કા'ણી સૂણીને શું તમે કરશો?
 અરે! એ યાદને આપી પડેલાને પછાડો છો! દિ.
છતાં ઇચ્છા તમારી છે અમારો હાલ સાંભળવા!
 કહું ટુંકાણમાં કા'ણી મગર બાજી બગાડો છો! દિ.
અરેરે!! એ કથા કે'તાં જીગર મ્હારૂં જળી જાશે!
 અધૂરી વાત એ રે'શે ભલા કાં દિલ લગાડો છો? દિ.
સૂણી શાણા દિવાનાની કથા દિલમાં દયા ધરજે!
 અરે! વાજીંત્ર તુટેલું! તમે વીરા વગાડો છો! દિ.

* * * *

અમારો પ્રેમનો તંતુ! અરે! ઓ ભાઈ! તૂટયો છે!
ભરેલો કુંભ અમૃતનો! અરેરે!! હાય! ફૂટયો છે!

અરે ! તે રોજથી અક્કલ ખજાનો છેક ખૂટયો છે !
અમારા દિલનો ઘોડો કરી તોફાન છૂટયો છે !

* * * *

પ્રભુએ પ્રેમની દેવી ! ભલી દિલબર મ્હને દીધી !
પતિ ભક્તિ તણો હૈયે હતો હા ! મિષ્ટ વારિધિ !
ભરીને પ્રેમની પ્યાલી ! હતી મ્હેં પૂર્ણ ના પીધી !
અરે ! ઝાલીમ ! જમડાએ ઊપાડી તેહને લીધી !

* * * *

નિરખજો આ દિવાનાને ! નયનમાં નીર–આવે છે !
હવે ફાટે હ્રદય મ્હારૂં ! અરે રે !! ફેર–આવે છે !
કહી હું ના શકું કા'ણી 'દિવાની' લ્હેર–આવે છે !
કલેજું કત્લ કરવાને જુઓ ! સમશેર–આવે છે !

* * * *

પધારો ! પ્રેમની દેવી ! અહા ! પુષ્પે વધાવું છું !
અમારો પ્રેમ છે કેવો ? હ્રદય ખોલી બતાવું છું !
અરે ! પણ તું નથી પાસે પછી કો'ને જણાવું છું !
કબરમાં તું સબર કરજે ! ખબર લેવાજ આવું છું !

* * * *

દિવાનો એટલું બોલી હસ્યો હી ! હી ! અને નાઠો !
દિવાનાને રડાવી મ્હેં ! અનુભવ મેળવ્યો માઠો !
અવલની યાદ આપીને હ્રદય ત્હેનું દુઃખાવ્યું મ્હેં !
હવે પસ્તાઊં છું પૂરો ! અરે ! આ શું બનાવ્યું મ્હેં ?

* * * *

—દોહરો—

અંતરના આઘાતથી, મસ્તિક ભ્રમ જો થાય;
દિવાનો દુનિયાં કહે, વૃથા જીંદગી જાય.

મ્હારી મીઠી કોયલનું મ્હોત !

—ગઝલ—

સુકોમળ કંઠની કોયલ ! સૂણાવી રાગ રમતી'તી !
બિચારી બાગ ભમતી'તી ! અરે ! ઘાયલ કરી કોણે ?
ન કો'ને દુ;ખ તે દેતી ! ન કો'નું નામ તે લેતી !
છતાં નિર્દોષ પર ગોળી ! અરે રે ! ! વાપરી કોણે ?
કરી ઉત્પન્ન કિરતારે ! હતી ના કોઇને ભારે !
તથાપિ તેહને હણવા ! અરે ! હિંમત કરી કોણે ?
દુ:ખી આ દિલ મ્હારાને, અહા ! આરામ દેતી'તી !
મધુરૂં ગાન ગાતી'તી ! ગુણી ગાયક હરી કોણે ?
હતો હું તેહનો આશક ! મીઠી મોહક હતી મ્હારી;
મ્હને નારાજ કરવાની, કુબુદ્ધિ એ કરી કોણે ?
અહા ! આંબા તણી ડાળે ! મનોહર ટૌકતી માળે !
ધડાકે ભોંય પાડી પાપની પ્યાલી ભરી કોણે ?
નહિં કોયલ વિના ચાલે, હવે આનંદ કો આલે ?
અમારા પ્રેમની દોરી, અરેરે ! ! કાતરી કોણે ?
અરે ! કો' આંહીં આવોને ! સિતમગરને બતાવોને !
કરૂં શિક્ષા સિતમની હું ! હવે ઘેલો બન્યો છું હું !

"બળી એ નોકરી કરવી !"

—ગઝલ—

કદર જ્યાં થાય ના કૈં એ, બળી એ નોકરી કરવી !
પુરા પરતંત્ર જ્યાં થઇએ, બળી એ નોકરી કરવી ! કદર.

સગું વ્હાલું તજી દીધું, ગમન પરદેશમાં કીધું;
છતાં ના સુખ પય પીધું, બળી એ નોકરી કરવી ! કદર.

કરી નિજ શેઠની સેવા, જપ્યા ના લેશ જગદેવા;
રહ્યા જેવા હતા તેવા, બળી એ નોકરી કરવી ! કદર.

મળે દશ બાર કે પંદર, વીશીનું ખર્ચ પણ અંદર;
રખડવું કોટ ને બંદર, બળી એ નોકરી કરવી ! કદર.

હશે જે શેઠના સાળા, નહિં કૈં કામ કરનારા;
મફતનો માલ ખાનારા, બળી એ નોકરી કરવી ! કદર.

ખુશામત શેઠની કરતા, સલામો દર કદમ ભરતા;
બનીને બેફીકર ફરતા, બળી એ નોકરી કરવી ! કદર.

ઝપાટામાં જમી લઇએ, નિયમસર નોકરી જઇએ;
છતાં ઠપકો અતિ ખઇએ, બળી એ નોકરી કરવી ! કદર.

મળે ના પેટને પુરતું; હૃદય તેથી રહે ઝુરતું;
અરે ! એ ચાકરી તજ તું ! બળી એ નોકરી કરવી ! કદર.

રજા ના કો' સ્થળે જાવા, તુંકારા શેઠના ખાવા;
ભલે એથી બનો બાવા, બળી એ નોકરી કરવી ! કદર.

મળે ફુરસદ નહિં જરીએ, કઠણુ થૈ કામ સૌ કરીએ;
છતાં ના આપદા હરીએ, બળી એ નોકરી કરવી ! કદર.

ધરમ કે, ધ્યાન ના થાયે, દિવસ સૌ કામમાં જાયે;
છતાં જો શેઠ ના ચાહે, બળી એ નોકરી કરવી ! કદર.

ચિવટથી ચાકરી મ્હડીએ, પરાધિન પિંજરે પડીએ;
છતાં જો રોદણાં રડીએ, બળી એ નોકરી કરવી ! કદર.

થયા પરતંત્ર તન તોડી, જુવાની ઝેરમાં જોડી;
છતાં ના પાસ રહી કોડી, બળી એ નોકરી કરવી ! કદર.

મળે સર્વિસ સરકારી, અગર કો' રાજ્ય દરબારી;
ખુશામતની બધે સ્વારી, બળી એ નોકરી કરવી ! કદર.

અધીકારી કંઈ એવા, વસીલાની કરે સેવા;
ખુશામતના જમે મેવા, બળી એ નોકરી કરવી ! કદર.

ખુશામતખોર જન જ્યાં છે, સુખો 'શંકર' બધાં ત્યાં છે;
કદર તો કામની ક્યાં છે ? બળી એ નોકરી કરવી ! કદર.

કિસ્મતનો આંક !

—ગઝલ—

નજૂમી જોષી પાસે જૈ,
બતાવ્યો જોષ કિસ્મતનો !
"તમોને દ્રવ્ય મળશે કૈં,
જગાડો જોસ"–કિસ્મતનો !

અહા ! કિસ્મત જગાવાને,
ભરી ટીકીટ ડરબીની !
અરે ! ઘોડો નહિં લાગ્યો,
થયો જ્યાં રોષ–કિસ્મતનો !

રમ્યા કૈં જાતની સરતો,
જુગારી જીંદગી ગાળી !
કરી સટ્ટો અતિશે હા !
તપાસ્યો કોષ–કિસ્મતનો !

ઘણા ધંધા કર્યા એવા,
છતાં ના પાસ થઇ કોડી !
પછી અપવાદ દે કો'ને ?
બધો છે દોષ–કિસ્મતનો !

નજૂમી જોષી સૌ જૂઠા,
ચ્હડાવે આશ ચગડોળે !
વિભૂ વિણુ "આંક" જોનારો.
ન કો' બાહોશ–કિસ્મતનો !

ચાલૂ જમાનાનો "સુધારો !"

—ગઝલ—

જમાનો વહિ ગયો જૂનો, અરે ! ફેશન વિના સૂનો;
અમોને શોખ પ્યારો છે ! અમારો એ 'સુધારો' છે !
ગમે ના પાઘડી જરીયે, શિરે ટોપી ધરી ફરીયે;
જુનો ધારો અકારો છે ! અમારો એ 'સુધારો' છે !
વિના દર્દે ધર્યો ચસમો, ભલે આંખે પડે વસમો;
સુનેરી ફ્રેમ વાળો છે ! અમારો એ 'સુધારો' છે !
ભલે ઘરમાં નથી ખાવા, ભલે બાપા બને બાવા;
નવિન પોશાક પ્યારો છે ! અમારો એ 'સુધારો' છે !
ગમે ના જ્ઞાનનાં પોથાં, નકામાં એ બધાં થોથાં;
સરસ શૃંગાર પ્યારો છે ! અમારો એ 'સુધારો' છે !
નથી કિરતાર જેવું કૈં, ભૂલી ભટકી મરે છે કૈં;
વકુફ વણુ એ વિચારો છે ! અમારો એ 'સુધારો' છે

પુરાણો શાસ્ત્ર છે ખોટાં નકામાં ખાય સૌ ગોથાં;
ધરમ ખાલી ધખારો છે! અમારો એ 'સુધારો' છે!

પૂજા ને સ્નાન સંધ્યાનું, વળી પરમાર્થ કરવાનું;
નકામો એ કૂટારો છે! અમારો એ 'સુધારો' છે!

ગમે ના ઘર મહીં ખાવું, સદા હૉટલ વિષે જાવું;
તહાંનો સ્વાદ સારો છે! અમારો એ 'સુધારો' છે!

ગમે તે જ્ઞાતિનું ખાવું, અરે! એંઠું જુઠું કેવું?
ખરે ખોટા વિચારો છે! અમારો એ 'સુધારો' છે!

ફરીશું ફાંકડા ફક્કડ, અભિમાને અતિ અક્કડ;
વિનયનો તો ઉધારો છે! અમારો એ 'સુધારો' છે!

ચ્હડાવી બૂટ ને મોજાં, ફરીશું બાગ વાડીમાં;
ભજન ખાલી લવારો છે! અમારો એ 'સુધારો' છે!

મરાવી રૉફ બૈરીને, જશું નાટક તમાસામાં;
સુધારાનો વધારો છે! અમારો એ 'સુધારો' છે!

અહાહા! બ્રાન્ડી ને બીડી, અમારી સ્વર્ગની સીડી;
પીયે ના તે ગમારો છે! અમારો એ 'સુધારો' છે!

અનીતિમાં મઝા જેવી, નીતિમાં ના મળે એવી;
કહે કો' એ કુધારો છે? અમારો એ 'સુધારો' છે!

પિતા માતા તણે તાબે, રહેવું એ કહ્યું કોણે?
પ્રિયાનો પ્રેમ પ્યારો છે! અમારો એ 'સુધારો' છે!

અમે તો પ્યારમાં ઘેલા, ચતુરાના બન્યા ચેલા;
ગુરૂજી એ અમારો છે! અમારો એ 'સુધારો' છે!
ગરીબો છેક છે હલકા, નથી મિત્રો થવા જેવા;
અમારો રાહ ન્યારો છે! અમારો એ 'સુધારો' છે!
તમોને જે કહી વાતો, સુધારા જુજ છે એ તો;
હજુ બીજા હજારો છે! અમારો એ 'સુધારો' છે!
કહે શંકર તમો જેવા, અરે! દુનિયાં ડુબાવાના;
અમારો જે કુધારો છે! તમારો તે 'સુધારો' છે!

સુધરેલાનો સંતાપ!

—ગઝલ—

સુણો સાથી સુધારાના! અરે! સૌ આંહિ આવોને;
તમારા ભાષણે ભૂલ્યો, હવે રસ્તો બતાવોને! સુણો.
તમારા રાહ પર ચાલી, સુધારો ઘર વિષે ઘાલી;
પીધી મ્હેં ઝેરની પ્યાલી, તમે તેથી બચાવોને! સુણો.
પ્રિયાનાં પોલકાં લાવી, નવીન પોશાક પહેરાવી;
ગરીબી ઘર વિષે આવી, હવે તેને હઠાવોને! સુણો.
પ્રિયા ઘરકાજને છોડી, ચઢાવી બૂટની જોડી;
હવા ખાવા જતી દોડી, કહે "નોકર વસાવોને!" સુણો.

" નથી હું કાંઈ ભઠીયારી, નથી કૈં કામ કરનારી;
 હવે હકદાર હું નારી, નિયમસરનું બજાવોને ! સુણો.
સુધારો આપણે માથે, નહિં ખાવા કરૂં હાથે;
 પિયૂજી રાંધવા માટે, રસોયો એક લાવોને ! સુણો.
સુશોભિત ડ્રેસ લાવોને, સરસ ચશ્માં અપાવોને;
 હુકમ મ્હારો બજાવોને, મડમ મુજને બનાવોને ! સુણો.
જવું ફરવા પગે ચાલી, સુધારાની નહિં વ્હાલી;
 દિયો એ આપદા ટાળી, સરસ સાઇકલ અપાવોને ! સુણો.
બનું હું રાયની રાણી, જવું નાટક વિષે જાની;
 ટિકિટ લાવો તમાસાની, સુધારાને વધાવોને ! સુણો.
ઘણું છે કામ તમ માથે, તમે ના આવશો સાથે;
 કુલાજી ફ્રેન્ડને માટે, ટિકિટ બીજી મગાવોને ! સુણો.
અદેખા શું બનો એમાં ? કુલાજી સાથ છે તેમાં;
 સુધારો છે રહ્યા જેમાં, જરા વિશ્વાસ લાવોને ! સુણો.
સુધારાના થયા સાથી, પછી ખટપટ કરો આ શી ?
 કરે અજ્ઞાનિયો હાંસી ! કુધારાને હરાવોને ! " સુણો.
સુધારો આ જુઓ યારો ! તમોને જે અતિ પ્યારો !
 હવે લાગે મને ખારો ! ભલે ભપકો બતાવોને ! સુણો.
ખરચ પોષાય ક્યમ આવું ? મુસારો સાઠનો લાવું;
 પ્રિયાને કેમ સમજાવું ? જરા યુક્તિ જણાવોને ! સુણો.
રસોયો ક્યાં થકી રાખું ? હૃદયનું દુઃખ ક્યાં દાખું ?
 નિસાસા હાય ! હું નાખું, દયા દિલમાં ધરાવોને ! સુણો.

છકેલી કૈં થઈ નારી, જરાએ લાજ ના ધારી;
 પતિ તો શાક તરકારી ! પતિવ્રત તો પળાવોને ! સુણો.
લજાવ્યા તાતને કૈંએ, બનાવ્યા ભ્રાતને કૈંએ;
 ડુબાવ્યું કુળ હા ! કૈંએ, ભલે દિલને મનાવોને ! સુણો.
નિયમસર છુટ છે સારી, નિયમસર કેળવો નારી;
 નિયમસરની બલીહારી ! નિયમસર સૌ ચલાવોને ! સુણો.
સુધારો ! એ તમારો તો, ભલે તમને મુબારક હો !
 અરે ! પસ્તાઉં છું પૂરો ! પ્રભુ તેથી બચાવોને ! સુણો.

* * *

સુણી શંકર કહે શાણા ! ભવાડા આ 'સુધારાના !'
 સુણી ના કોપશો પ્યારા ! અરજ દિલમાં ઠસાવોને ! સુણો.

પરપોટા પેઢી યા બેંકના મેનેજરની મનોભાવના !

—ગઝલ—

અમે પેઢી ઉઘાડી છે ? મઝા મોજો ઉડાવાને !
 અમોએ બેંક કાઢી છે ! ગરીબોને રડાવાને ! અમે.
તમારા રૂપિયા લાવો ? જમે અમ બેંક મંડાવો !
 અમે હાજર છિયે આવો ! હુકમ માથે ચ્હડાવાને ! અમે.

સુભાષિત શબ્દ ભાખીશું, તમારૂં દ્રવ્ય રાખીશું;
મઝાનું વ્યાજ આપીશું, પછી પોકો પડાવાને ! અમે.
અમો મોટર વસાવીશું, નવી બિલ્ડીંગ બનાવીશું;
પુરો ભપકો બતાવીશું, પ્રથમ પૈસા કઢાવાને ! અમે.
બનીશું ફાંકડા એવા ? નવલશા હીરજી જેવા !
કરીશું કૈંકના દેવા ? ઘરેણાં તો ઘડાવાને ! અમે.
પુનાની રેસમાં જઈશું, જુગારે દોકડા દઈશું;
અજબ સટ્ટો ઉઠાવીશું ! અહા ! કિસ્મત લ્હડાવાને ! અમે.
બનીશું મીલના માલિક, હજારોના થશું પાળક;
મુકીશું મીલને ગીરો, નગદ નાણાં કઢાવાને ! અમે.
કરીશું કુંપની ઉભી, ખરેખર ! વાપરી ખૂબી !
અમે શૅરો ભરાવીશું, સબંધીને ફસાવાને ! અમે.
ડબલ શૅરો બનાવીશું, પ્રજામાં તે ખપાવીશું;
ખુશીથી વ્યાજ આપીશું, સુખે મૂડી પચાવાને ! અમે.
કરીશું હાથને કાણા, ભરીશું ફંડમાં નાણાં;
સખી શ્રીમંત છે એવું, જગતને તો જણાવાને ! અમે.
અમારી ધારણા એવી, સખાવતમાં રકમ દેવી;
થવું સર, નાઇટ, કે, જે. પી. અહા ! મ્હોટા મનાવાને ! અમે.
અહાહા ! ! પાર્ટિઓ આપી, વિગત છાપા વિષે છાપી;
જશે-જશ જગ વિષે-વ્યાપી, પુરા પ્રખ્યાત થાવાને ! અમે.
ટિલાં તાણી ભગત થૈશું, હવેલી મંદિરે જૈશું;
વસૂ પરમાર્થમાં દૈશું, મહા ધર્મી ગણાવાને ! અમે.

બનીશું બૈંકના ત્રસ્ટી ! બગાડીશું પછી દ્રષ્ટિ !
હજમ મીલકત કરીશું તે ! અહા ! રાંડો નચાવવાને ! અમે.
અવલથી વાપરી અક્કલ, પ્રિયાના નામ પર મિલકત;
ઉડાવીશું નહિં હરકત, હજારોને હરાવવાને ! અમે.
અમારો ધીકતો ધંધો ! ધિરજ ધારી ધીકાવીશું !
તગાદો બહુ થશે ત્યારે ! દેવાળાને દીપાવીશું ! અમે.

પરપોટા બેંકના મેનેજરનો ભવિષ્યમાં ભુસકો !

—મનહર છંદ—

(૧)

આવો મ્હારા મ્હેરબાન ! છાની વાત ધરો કાન;
ખીસ્સાં ખાલી છે તે માટે, બેંક તો ઉઘાડીશું !
ડિરેકટરો મ્હોટાં મ્હોટાં, પુછડાંવાળા શોધીને;
મ્હોટી મ્હોટી આશા આપી, નામ તો ઘુસાડીશું !
જાહેર ખબરો મીઠી મીઠી પેપરોમાં આપી;
શૅરો લેવા માટે બસ જગ્તને જગાડીશું !
લાગ વગ વાપરીને શૅરોને ખપાવા માટે;
દલાલો રોકીને તેને એ કામ લગાડીશું ! !

(૨)

વ્યાજે નાણું ધીરવાની કૈંકને આશાઓ આપી;
  થોડા ઘણા શૅર લેવા તેને લલચાવીશું !
બાકીના વધેલા શૅરો જેને તેને ગળે ઘાલી;
  હુંડીઓ લખાવી લઈ ગાડું ગબડાવીશું !
ખોટે નામે નાણાં લખી પછી તે નાણાં વિષેથી,
  ડિરેકટરો તણા નામે શૅર તો ચડાવીશું !
ગોટાળા પીંડાળા વાળી શૅરનો નીકાલ લાવી;
  ભરાએલી થાપણ હા ! મ્હોટી બતલાવીશું ! !

(૩)

જમે નાણાં ખેંચાવાને ડિપોઝીટ ખાતાં ખોલી;
  બાંધી મુદતોનું વ્યાજ મ્હોટું હા ! ઠરાવીશું !
ગરીબ નોકર વર્ગ, યાને રાંડીરાંડો માટે;
  સેવીંગ ખાતું ખોલીને નાણું ત્યાં ભરાવીશું !
ચાલુ ખાતાં લગવગ વાપરી વધારવાના;
  હરીફ બેંકોને ધરી હીમ્મત હરાવીશું !
બહાર ગામ તણું નાણું બારોબાર ખેંચવાને;
  અનેક શાખાઓ ખોલી વસુલ કરાવીશું ! !

(૪)

જામીનગીરી યા ઠામ ઠેકાણું તપાસ્યા વીના;
  અમારૂં ખીસ્સું ભરીને હુંડીઓ સ્વીકારીશું ! !

અમારા પોતાને માટે બીજે નામે નાણું લખી;
ઘાલખાદ ખાતે પછી છેવટે ઉધારીશું !
સગાં સ્નેહી મીત્ર વર્ગ સર્વેને હુંડી ધીરીશું;
નાદાર બનાવી તેને જોખમ ઉતારીશું !
ડિરેકટરો અગર કો' વાંધો ના ઉઠાવે માટે;
ખોટે નામે નાણું ધીરી તેમને સુધારીશું !

(૫)

ચાંદી, રૂ, મોતી, શૅરોનો, સટ્ટો ખૂબ ખેલવાના;
અન્યને નામે ઉધાર, જમે બતલાવીશું !
નફો જો થશે તો અમે તે ખીસ્સામાં મુકવાના;
ખોટ જશે ત્યારે બસ ! બેંકને રડાવીશું !
ગાડી ઘોડા મોટરમાં, મઝા કરવાના અમે;
બાયડીના નામે મ્હોટી, મિલકત ચઢાવીશું !
મ્હોટાઈનાં કામ કરી, મ્હોટામાં ખપીશું અમે;
પારકો મુડીએ મૉજ અહાહા ! ઉડાવીશું !!

(૬)

ખોટાં ખોટાં સરવૈયાં, બહાદુરીથી બહાર પાડી;
ખોટ હશે પણ મ્હોટો, નફો હા ! જણાવીશું !
શૅર હોલ્ડરોને સારૂં વ્યાજ આપી પતાવીશું;
બોનસ વ્હેંચી તેઓને, મુરખા બનાવીશું !

અનામત ફંડ મ્હોટી રકમનું બતલાવી;
બેંક છે સદ્ધર એવું દીલમાં ઠસાવીશું !
સીન્ડીકેટ કરી ભાવ શેરના વધારી દૈશું;
હીમ્મત રાખીને બધી આફતો હઠાવીશું ! !

(૭)

આપણા કહ્યામાં રહે, એવા ઑાડીટરો રાખી;
તેનું મન મનાવીને, કામ તો કરાવીશું !
પ્રજાના વિશ્વાસ માટે, ખોટું ખરૂં સમજાવી;
ચોપડા તપાસ્યા કેરૂં બીલાડું ખેંચાવીશું !
ભાગીદારો ભીખ માગે, લેણદારો પોક મુકે !
તેની દરકાર અમે લેશ ના ધરાવીશું !
શોપાળું જણાતાં લેવા લેણદારો આવશે તો;
બંધ કરી બેંક પછી, નાદારી નોંધાવીશું ! !

"ફુંકાયો વા હેવાળાનો !"

(સને ૧૯૧૩.)

—ગઝલ—

જુઓ ! જ્યાં ત્યાં પ્રસરનારો, ફુંકાયો–વા–હૅવાળાનો !
હૃદય ભયભીત કરનારો, ફુંકાયો–વા–હૅવાળાનો ! જુઓ.
હજારોને હવા લાગી, ભડાભટ પેઢિયો ભાગી;
ઈજ્જતપર ડાઘ દેનારો, ફુંકાયો–વા–હૅવાળાનો ! જુઓ.

પડી છે બંધ કંઇ બેન્કો વસાયાં બારણે તાળાં;
સકળની હામ હરનારો, કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.
હતી બાંધી અરે ! મૂઠી, ઝવેરી કંઈ ગયા તૂટી;
ધનીકોને ધ્રુજવનારો, કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.
ગયા ભાગીજ ઘીવાળા, વળી તે સાથ રૂવાળા;
અરે ! ચોપાસ ફરનારો, કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.

દલાલો શૅરના ડુલ્યા, ભરમ બાંધ્યા બધા ખુલ્યા;
ભરૂસાને ભરડનારો, કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.
ગયા છે ભાવ હા ! ગગડી, અરેરે ! શૅર, મોતીના;
નથી દેનાર લેનારો, કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.

અધીરા કૈં થયા લોકો, ઉપાડી કૈં ગયા નાણાં;
નથી વ્હેપાર વધનારો, કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.
" ફલાણી બેંક તુટે છે, ફલાણો શેઠ ખૂટે છે;
ઉપાડો રૂપિયા યારો !" કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.

ફલાણો ભાગવાનો છે, બુમો દરરોજ ઊડે છે;
અતિ ઉત્પાત કરનારો,-કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.
ઘલાયાં કૈંકનાં નાણાં, ગરીબો પોક મૂકે છે;
રહ્યો ના એક જ્યાં આરો, કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.
બન્યા બેહાલ કૈં લોકો, ગુમાવી ગાંઠની મૂડી;
રિબાવીને રગડનારો, કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.
બિચારી કૈંક વિધવાઓ, રડે છે પોક મૂકીને;
નિસાસા લાખ લેનારો, કુકાયો-વા-દૅવાળાનો ! જુઓ.

બન્યા બેચેન ધનવાનો, નિરાંતે નિંદ ના આવે,
ફકીરી હાલ કરનારો, ફુકાયો–વા–દૅવાળાનો ! જુઓ.
દિવાળીના ગયા દા'ડા છતાં હોળી હતી હૈયે !
ફજેતીમાં ફસવનારો, ફુકાયો–વા–દૅવાળાનો ! જુઓ.
અરે ! શયતાન સટ્ટાએ, લગાડયો દવ દૅવાળાનો !
ગરીબો પર પડે મારો, ફુકાયો–વા–દૅવાળાનો ! જુઓ.

વાંઢાની વિનંતી !

—ગઝલ—

દયાળુ દીકરીવાળા ! દયા વાંઢા પરે લાવો !
દુઃખી છે જીંદગી મ્હારી, કૃપાળુ કોઇ પરણાવો ! દયાળુ.
સુનું ઘરબાર મ્હારૂં છે, વિના નારી અકારૂં છે;
પરણવું પ્રાણ પ્યારૂં છે, હવે ના લેશ તરસાવો ! દયાળુ.
સકળ લોકો કહે "વાંઢો" ! ભરૂસો તેહનો છાંડો;
કહે છે લોક કૈં ગાંડો, તપેલાને નહિં તાવો ! દયાળુ.
સગું ના કોઇ સંગાથે, અરેરે ! ! રાંધવું હાથે;
વળી ઘરકામ તે સાથે, કરૂં હું કેમ ? બતલાવો ! દયાળુ.
કડાકુટ ઘર તણી કરવી, નિયમસર નોકરી ભરવી;
નથી નવરાશ એ પળની, કરૂં કો'ના પરે દાવો ! દયાળુ.

હૃદયની વાત કયાં કરવી ? પ્રીતી પ્યાલી કહાં ભરવી ?
ધીરજ તે કયાં સુધી ધરવી ? નિવેડા તેહનો લાવો ! દયાળુ.
પ્રિયાનાં સ્વપ્ન આવે છે, મ્હને મૉજી બનાવે છે;
પ્રભાતે તે સતાવે છે, દયા તે કોઈ દરશાવો ! દયાળુ.
પિતા સૌ દ્રવ્યને ચ્હાયે, સુતા ધનકાજ વેચાયે;
અછત કન્યા તણી થાયે; કુધારો કોઈ અટકાવો ! દયાળુ.
પુરો પૈસો નથી પાસે, અરેરે ! ! કેમ પરણાશે ?
કુંવારી જીંદગી જાશે, કરૂં દરરોજ પસ્તાવો ! દયાળુ.
સુતાનું દ્રવ્ય લેનારા ! સુણો તમથી કસઇ સારા;
તમો પર શ્રાપ છે મ્હારા ! હૃદયમાં લાજ કૈં લાવો ! દયાળુ.
અહો ! કન્યા તણા વાલી ! પિવાડો પ્રેમની પ્યાલી;
અરેરે !! દુઃખ ઘો ટાળી, લઊં સંસારનો લ્હાવો ! દયાળુ.
વિનંતી આ સુણો મ્હારી, ગયો છું હામ સૌ હારી;
કરોને કોઇ ઘરબારી, નહિ તો હું બનું બાવો ! દયાળુ.

* * *

કહે શંકર બિચારા રંકને ના દાદ કો' દેતું !
પિતા જ્યાં દ્રવ્યના લોભી ! પછી ફરિયાદ કો' લેતું ? દયાળુ.

"રે! રે! દયાળુ દૈવ ત્હેં! મમ કર્મ કાં આવું ઘડયું?!!"

હરિગીત છંદ.

સુખ મેળવ્યું મેં કંઈજ ના, બળતું હૃદય મ્હારૂં સદા,
ધન ધાન ને ઘરબાર મેળવવા ખમી બહુ આપદા;
હા! હા! તથાપિ નવ મળ્યું, સુખ મ્હારૂં તો વ્હીલું પડયું,
રે! રે! દયાળુ દૈવ ત્હેં મમ કર્મ કાં આવું ઘડયું?
નિજ ગામ ને ઘરબાર ત્યાગી, લેશ કૈં ન્હોતો ખસ્યો,
ધન કાજ તે સર્વે તજી, પરદેશમાં આવી વસ્યો;
વ્હાલાં સકળ પરિવાર સૌ, પળ એકમાં તજવું પડયું,
રે! રે! દયાળુ દૈવ ત્હેં મમ કર્મ કાં આવું ઘડયું?
વળી ચાકરી અતિ આકરી, ખરી ખંતથી મ્હેં તો કરી,
કીધી ખુશામત શેઠની, કે આપદાને લે હરી;
પણ પેટ પુરતું નવ મળ્યું, જ્યાં નસિબ આવીને નડયું,
રે! રે! દયાળુ દૈવ ત્હેં! મમ કર્મ કાં આવું ઘડયું?
વળી દેહથી પણ સુખ નહિ, વ્યાધિ હજારો આવતી,
ના એક-દી-સાજો રહું, ચિંતા અતિ ચીત્તમાં થતી;
કાલે હતો જો તાવ તો, આજે વળી માથું ચ્હડયું!
રે! રે! દયાળુ દૈવ ત્હેં! મમ કર્મ કાં આવું ઘડયું?

કૈં કૈં ઇલાજો આદરૂં, પણ એક ચાકે ના વ્હડે,
જીવથી ઘણો હું જાળવું, પણ ઝટ તે ભાગી પડે;
લોકો કહે છે " મુર્ખ છે " ! એને કંઈ ના આવડયું,
રે ! રે ! દયાળુ દૈવ ત્હેં ! મમ કર્મ કાં આવું ઘડયું ?

મોજો હજારો મારતા, જાતા દીઠા કૈં વાડીએ,
ખાતા હતા પકવાનને, ફરતા દીઠા કૈં ગાડીએ,
ના પુરતું ખાવા મળે, જોડા વિનાનો આથડું,
રે ! રે ! દયાળુ દૈવ ત્હેં ! મમ કર્મ કાં આવું ઘડયું ?

કૈનું દુઃખે રજ પેટ તો, વૈદ્યોની દોડાદોડ છે,
રિબાઉં હું દરદે ઘણો, સંભાળનારૂં કોણ છે ?
નાખું નિસાસા હું ઘણા, કે પાપ કો ભવનું નડયું ?
રે ! રે ! દયાળુ દૈવ ત્હેં ! મમ કર્મ કાં આવું ઘડયું ?

કૈંના પરાણે મિત્ર થાવા, જન હજારો જાય છે,
હું મિત્ર શોધું એક પણ, તે દાદ ક્યાં લેવાય છે ?
શું જગ્તનો એ નિયમ કે ? પડતા ઊપર સૌ કો' પડયું ?
રે ! રે ! દયાળુ દૈવ ત્હેં ! મમ કર્મ કાં આવું ઘડયું ?

શાને કરે મન શોક તું ? ત્હારા સમા જગમાં ઘણા ?
તું તો હજુએ ઠીક છે, કૈંનાં દુઃખોની નહિ મણા ?
વાણી વદે શંકર' વિમળ–સંતોષમાં સુખ છે પડયું ?
રે ! રે ! દયાળુ દૈવ ત્હેં ! મમ કર્મ કાં આવું ઘડયું ?

બેવફા ભરથારને.

—ગઝલ—

નથી જો પ્યારની પરવા !
સગાઇ કાં બતાવો છો ?
સગાઇ જો ગણો છો તો !
ઠગાઇ–કાં બતાવો છો ? નથી૦

સગાઈ લગ્નથી સાંધી !
સગાંએ ગાંઠ આ બાંધી ?
અરે ! એ ગાંઠને તોડી ?
જુદાઇ કાં બતાવો છો ? નથી૦

પ્રભુ છો પ્રાણથી પ્યારા !
સદા શિરછત્ર છો મ્હારા !
બનીને બેવફા વ્હાલા !
બુરાઈ–કાં બતાવો છો ? નથી૦

હૃદયમાં જો હતી ચોરી !
ફસાવી નાર કાં ભોળી ?
સગાઈ સાંધતાં પ્હેલાં !
સફાઇ કાં બતાવો છો ? નથી૦

અમારૂં ચિત્ત હરવાને !
અમોને હાથ કરવાને !

અમારી સાથ વરવાને !
ભલાઈ–કાં બતાવો છો ? નથી૦
અમોને છે અતિ આશા !
તમારો પ્રેમ મેળવવા !
જુની આંખે નવી પ્યારા !
નવાઈ–કાં બતાવો છો ? નથી૦
તમારા પ્રેમને સારૂ !
કરૂં કુરબાન ! તન મ્હારૂં !
છતાં હે ! નાથ ! મ્હારા !
બેવફાઈ કાં બતાવો છો ? નથી૦
પડું તમ ચર્ણમાં પ્યારા !
દયા હા ! કયાં–બતાવો છો !
તમારે આશ્રયે આવી !
અરેરે ! કાં સતાવો છો ? નથી૦

પરીક્ષા વિના નકામું !

—સોરઠો—

મોતીનું શું મુલ્ય વાનર જ્યાં ટોળે વળ્યાં !
ત્હેને તો ફળ તુલ્ય ! ફોડીને ફેંકી દીએ !

ગમાર જનને જાણ, ગુણવંતી ગોરી મળે !
કરી ન શકે પિછાણ, ભવ બગડે ભામા તણો !

હોય પુરૂષ વિદ્વાન, નાર મળે જો શંખણી !
આપીને અપમાન, લાજ ઘટાડે લોકમાં !

બ્હેરા આગળ ગાન, મધુર સ્વરે જન કો' કરે !
ચ્હડે ન ત્હેને તાન, વૃથા દુઃખાવે કંઠને !

દુનિયાનો દેખાવ, અંધાને શું કામનો ?
પડે નકામી સાવ, 'અંધા આગળ આરસી' !

ઉત્તમ હીરો એક, જડે કદી કુંભારને !
કાચ ગણીને છેક, બાંધે ગર્ધવના ગળે !

ગાંડાને જો જ્ઞાન, ગુણવંતો દેવા જશે !
શું પામે સન્માન ? માન ભંગ તે થાય છે !

મધુર કાવ્ય રસદાર, રસિક વિના શું કામનું ?
ગુણ સમજે ન ગમાર, ભવાઇમાં મનડું ભમે !

પતિવ્રત કેરો પંથ, પાતર શું જાણી શકે ?
અતિ અબળાનો કંથ, પ્રેમ કદી ન પિછાણશે !

એમ પરીક્ષા વીણ, મોઘું પણ શું કામનું ?
કૈં અક્કલના હીણ, લાભ ગુમાવે લક્ષનો !

પેટ વિષે !

રાગ—સારંગ (હરિભજન વિના દુઃખ દરિયા-
સંસારનો પાર ન આવે.) એ રાહ.

ઓ ! પાપી પેટ ! તારી ખાતર કષ્ટ કેટલાં વેઠીએ ?
ભટકી મરીએ, ભાવ થકી ભવતારકને નવ ભેટીએ. ઓ !

નિજ દેશ તજી પરદેશ રહ્યા,
સુત નાર કુટુંબ વિયોગ થયા;
અતિ ટાઢ અને તડકાજ સહ્યા !........... ઓ પાપી !

પરની તાબેદારી કરીએ,
કહી "શેઠ" સલામ સદા ભરીએ;
વળી ધાક અથાગ ઉરે ધરીએ !........... ઓ પાપી !

ઉદ્યોગ નવિન કૈં આદરીએ,
જૂઠ વચન ઉચરતાં ના ડરીએ;
નહિ કરવાનાં કર્મો કરીએ !........... ઓ પાપી !

ખુશામત કૈં ખોટી કરીએ,
અન્નદાતા કહીને કર ધરીએ;
દીન વચન અરેરે ! ! ઉચરીએ !........... ઓ પાપી !

કો' પંડિત ને યોગી બનતા,
કો' વૈદ વકીલ બની ફરતા;
કૈં રખડી કાસીદાં કરતા !........... ઓ પાપી !

કૈં મુછ મુડાવી નૃત્ય કરે,
નર થૈ નારીનો વેષ ધરે;
ગાયન વાદનથી ઉદર ભરે !.......... ઓ પાપી !
કૈંના ત્હેં હાલ કર્યાં ભુંડા !
જન સર્વ બન્યા ત્હારા લુંડા !
ત્હારા ખાડા છે અતિ ઊંડા !.......... ઓ પાપી !

અંતરનો દાહ !

(નાથ કેસો ગજકો બંધ છોડાયો–એ રાગ.)

ગુરૂજી ! દિલ દુઃખ ક્યાં જઈ કહીએ !
બળી રોજ હૃદયમાં રહીએં ! ગુરૂજી !
માથું કે તાવ ચઢયો હોય ત્યારે, વૈદની પાસે વિચરીએ;
ચિંતાની આગ બળે અંતરમાં, ઔષધ ત્યાં શું લઇએ ! ગુ.
ભૂખ કદી લાગે અતિ ભારી, ચીજ લઈ કંઇ ખઇએ;
અંતરનું દુઃખ છે ગુરૂ એવું, અંતરમાં બળી રહીએ ! ગુ.
તેમ તૃષા લાગે જો ગુરૂજી ! પાણી થકી તે છીપવીએ;
દુઃખ–કર ચિંતા વળગી પુંઠે, તેને કહો શું પઇએ ! ગુ.
એમ મળે ઔષધ સૌ દુઃખનું, પણ ચિંતા પરહરીએ;
એવો ઉપાય કહો શંકરને, તો સેવક થઇ રહીએ ! ગુ.

નિદ્રાને વિનંતી !

—ગઝલ—

અયે ! નિદ્રા ! અરે ! નિદ્રા ! હઠીલી કેમ ના આવે ?
કરૂં છું બંદગી દેવી ! દયા ! ના કેમ દરશાવે ?

પ્રહર બે રાત્રીના વિત્યા ટકોરા બારના વાગ્યા !
સકળ સૃષ્ટિ વિસામો લે ! અમારા ભોગ છે લાગ્યા !

સ્મરણ ત્હારૂં કરૂં સ્નેહે રસીલી ! તું રિસાઈ છે !
વિનવણી હું કરૂં વ્હાલી ! છતાં તું ક્યાં મનાઈ છે ?

નથી દરકાર જે કરતું, કરે તેના પરે દાવો !
અરેરે ! ઉંઘ ! તું ઉંઘી, કરે ઈન્સાફ શું આ'વો ?

બિચારા જેલના સંત્રી અગર દરવાન દરવાજે !
ફરજ ત્હેની ભુલાવે તું વગર તેડી તહાં ગાજે !

અગર કૈં કામ કરતાને અરેરે ! આવતાં ડોલાં !
બિચારા હોય બેઠેલા છતાં તે જોખતા તોલાં !

નથી મચ્છર અગર માકણ પવન હા ! મંદ આવે છે !
પલંગે હું પડ્યો ત્રફડું ! છતાં ક્યાં નીંદ આવે છે ?

કર્યો અપરાધ શું ત્હારો ? અરે ! તું કેમ કોપી છે ?
દયા દિલમાં નથી ત્હારા, ખરે ! ત્હેં લાજ લોપી છે !

હવે તો ટેક છોડી દે ! વિનંતી આ સુણી મ્હારી !
અમીની એક દૃષ્ટિથી, મ્હને લે પાંખમાં ત્હારી !

સકળ કષ્ટો ભુલવનારી ! ફિકરને દૂર કરનારી !
મધુરાં સ્વપ્ન દેનારી ! દયા કર ! ઓ મનોહારી !

ગરજ વિષે !

—ગઝલ—

ગરજ તો ચીજ છે એવી,
નરમ સૌને બનાવે છે !
ભલે હો શાહ કે, સેવક,
ગરજ સૌને નચાવે છે !
કદી કો' હોય ગાંડો તો,
ગરજ ડાહ્યો ઠરાવે છે !
ગરજથી ગાયને ચારો,
સકળ લોકો ચરાવે છે !
ગરજ નટ્ટી મદારીને,
રમત દોરે ચ્હડાવે છે !
ગરજથી નાટકી લોકો,
અરે ! મૂછો મુડાવે છે !
ગરજથી બૅલ, ખર, ઘોડા,
અતિ બોજો ઊંપાડે છે !
ગવૈયા ગાય છે ગરજે,
વળી વાજાં વગાડે છે !
ગરજ તો ઊંચની ગરદન,
નીચા પાસે નમાવે છે !
વદે શંકર ગરજ કૈંને,
અહા ! પાણી ભરાવે છે !

સુખી ગૃહસ્થાશ્રમ !

શિખરણી છંદ.

સદા આનંદે જો, સદન સઘળું પ્રેમમય છે,
પિતુ ભક્તિવાળા, સકળ ગુણુશાળી તનય છે;
હશે સ્નેહી શ્યામા, મનહર મુખે મિષ્ટ વદતી,
અતિ રિદ્ધિ સિદ્ધિ, દિન પ્રતિદિને હોય ચ્હડતી.

મળે પ્રેમી મિત્રો, નવ હ્રુદયમાં સ્વાર્થ ધરતા,
પડે કષ્ટો ત્યારે, તન મન ધને સ્હાય કરતા;
નથી અંગે વ્યાધિ, અગર ન ઉપાધિ દિલ વિષે,
ભલા આજ્ઞાધારી, અચળ મનના ચાકર હશે.

અપંગો ને સાધુ, સતત બસ પોષાય ઘરમાં,
રહે ભક્તિ ભાવે, હ્રુદય રમતું રોજ હરમાં;
વળી પ્રેમી પોતે, વિમળ મન વિદ્વાન જન છે,
અહા ! જે તે પામે, પરમ પુણ્યશાળી સુજન છે.

* * * *

અહાહા ! એથી કૈં, અધિક સુખવાળા સુર નથી !
મળે જો એવું તો, સ્વરગ સુખ એથી દૂર નથી !
હશે જેણે પૂર્વે, જપ તપ કરી દેવ રિઝવ્યા !
અહા ! તે પુણ્યાત્મા, સકળ સુખધારી જન થયા !

દ્વિજ દુર્દશા !

શિખરિણી–છંદ.

ગયા ક્યાં એ વિપ્રો ? જપ તપ અને હોમ કરતા,
ગયા ક્યાં એ વિપ્રો ? હરનિશ હરિ ધ્યાન ધરતા;
હશે ક્યાં એ વિપ્રો ? સતત મુખથી વેદ વદતા,
અરે ! એ વિપ્રોના, તનય ધન લોભે ભટકતા !

દ્વિજોની આશીષે, તન, ધન, ધરા, સુખ મળતું,
દ્વિજોની આશીષે, સકળ ભય ને પાપ ટળતું;
દ્વિજોના શ્રાપોથી, રવિ શશિ અને દેવ ડરતા,
અરે ! તેના પુત્રો, વિનય તજી જે તે ઉચરતા !

મહારાજા આવી, મુનિવર કહી પાય પડતા,
મુનિ જો માગે તો, તન ધન ધરા રાજ્ય ધરતા;
સુતો તેના હાયે ! નૃપતિ દરબારે રઝળતા,
કરીને કાસીદાં, અધમ થઈને પેટ ભરતા !

ગુમાવી ગાયત્રી, જપ તપ ભૂલીને ઝઘડતા,
પ્રભુતાને ત્યાગી, ઘરઘર અરેરે ! ! રખડતા !
કરે છે સેવા કૈં, ઉદર ભરવા ક્ષુદ્ર જનની,
કરી કાળાં ધોળાં, અચળ ધરતા આશ ધનની !

ઘણા પંથો કાઢી, અસલ રીતભાતો વિસરતા,
પ્રજાના પૈસાથી, ઠગ ગુરૂ બની મૉજ કરતા;

મુકી નીતિ નેવે, અવર મતનું ખંડન કરે,
અવિશ્વાસી થાયે, જગત પણ પોતે નવ ડરે !
ઘણા માઝા મુકી, અણુખપતુ ખાયે નફટ થૈ !
કરી કુડાં કર્મો, અપયશ ઊપાડે મૂરખ કૈં,
મલીદા મિષ્ટાન્ને, દ્વિજ ચિત્ત સદા ચંચળ રહે,
પિતાજી ઓ બ્રહ્મા ! તનય તમ મુક્તિ નવ ચહે !
ગયા વિશ્વામિત્ર ! મુનિવર ગયા ગૌતમ અરે !
ગયા ભારદ્વાજ ! ભરત, શુક ને વ્યાસ મુનિ રે !
વશિષ્ટ, વાલ્મિક ! જમદ મુની ને કશ્યપ ઋષિ !
તપસ્વી અત્રી ક્યાં ? ચ્યવન, ભૃગુ ને નારદ ઋષિ !
ગયા પુણ્યાત્માઓ, સકળ જગને પાવન કરી !
રહ્યા તેના પુત્રો, નિજ ફરજનું જ્ઞાન ન જરી !
તરે એ કે, તારે ? અધવચ ડૂબાડે જગતને !
કળીની લીલાથી, ભયભિત સદા શંકર બને

—દોહરો—

બ્રહ્મ તત્વ ભાગી ગયું, પુણ્ય ગયું પાતાળ;
વિદ્યા સૌ વણુસી ગઈ, દ્વિજ તણી નિરધાર.
બ્રાહ્મણુના બાંમણુ થયા ! દ્વિજવરના બીજવર !
સ્થાન ભ્રષ્ટ વિપ્રો થયા, કર ! કરૂણા નટવર.

"બિચારા બચ્ચાની મનહરણ માતા નવ મરો."

શિખરિણી છંદ.

ઘણાં કષ્ટો, વેઠી ઉદર મહિં રાખે ગરભને,
વળી જાયા કેડે, મધુર પય દે પોષક બને;
તજી ખાટું તીખું, નિરસ જમવા ટેક અધરો,
"બિચારા બચ્ચાની, મનહરણ માતા નવ મરો !"

સુવાડે સૂકામાં, શયન પલળેલે સ્થળ કરે,
દુઃખી દેખી બાળ ભૂખ તરસ નિદ્રા પરહરે;
અરે ! એ માતાનું, જગજીવનજી રક્ષણ કરો !
"બિચારા બચ્ચાની, મનહરણ માતા નવ મરો!"

નથી માતા તુલ્યે, સકળ જગમાં કો' સુખકર,
ભલે આપે પિતા, અધીક સુખ હેતે વયભર;
તથાપિ માતાની સુખકરણ છાયા નવ ફરો !
"બિચારા બચ્ચાની, મનહરણ માતા નવ મરો !"

ઘણું રાખે હેત, સુત ભગિની દારા જગ બધું,
વળી ભ્રાતા મિત્રો, પણ જનુનિની પાછળ બધું;
પ્રભુ ! માતા રૂપી, અચળ ધન કો'નું નવ હરો !
"બીચારા બચ્ચાની, મનહરણ માતા નવ મરો"

મરે માતા જેની, પરમ સુખ તેનું ઝટ ટળે !
મરે માતા તેનું ત્રિભુવન વિષે કોઈ ન મળે !
મળે ના મા તુલ્યે, દશ દિશ ભલે શંકર ફરો !
"બિચારા બચ્ચાની મનહરણ માતા નવ મરો !"

" ચમત્કારે નમસ્કાર ! "

—ગઝલ—

અરે ! કળિયુગની દુનિયાં, સમજતી લેશ ના સાર;
અબોધે ખાય અરબડીયાં, ચમત્કારે નમસ્કાર !

હજારો દેવનાં દેરાં, સકળ પ્રેમે ન પુજાયે;
પુજારી હોય પાખંડી, ચમત્કારે નમસ્કાર !

પુજારી મંત્ર જ્યાં બોલે, પ્રતિમા દેવની ડોલે;
દીધેલાં દ્વાર ખોલે તો, ચમત્કારે નમસ્કાર !

ધ્વજાઓ આવતી અદ્ધર, ગણાતા દેવ તે સદ્ધર;
તપાસી કોણ જોનાર ? ચમત્કારે નમસ્કાર !

ભરાશે મંડળી મેળા, હજારો માનતા થાશે;
પુજારી પુત્ર પણ આપે, ચમત્કારે નમસ્કાર !

સદાચરણી ભલો સાધુ, નહિં સન્માન કૈં પામે;
" છુમંતર " ભૂત કાઢે તો, ચમત્કારે નમસ્કાર !

સુપાત્રે દાન ના કરશે, અપંગો અન્ન વિણ મરશે;
કુછંદીના થશે શિષ્યો, ચમત્કારે નમસ્કાર !

બનીને નમ્ર પૂછે તો, નહિં કો' રાહ બતલાવે;
દબાવી દમ બતાવે તો, ચમત્કારે નમસ્કાર !

ધરો પોષાક સાદો તો, મીટીંગે માન ના પામો;
વિદેશી વસ્ત્ર વળગાડે, ચમત્કારે નમસ્કાર !

વિનયથી વંતરી વામા, કહ્યું ના કંથનું કરશે;
પડે સોટી સપાટો તો, ચમત્કારે નમસ્કાર !

ચમત્કારે સકળ ચૂકી, અહા ! વશ થાય નરનારી;
વિવેકે ના વિચારે કૈં, ચમત્કારે નમસ્કાર !

ભુંગળ વિનાની ભવાઇ !

હરિગીત છંદ.

હે ! આર્ય બંધુઓ ! તમે, જોયા તમાસા છે ઘણા,
નાટક સિનેમા સર્કસો, રાખી હશે ના કૈં મણા;

ભાળી ભવાઇ પણ હશે, નવું કૈં નિરખવા-આવજો !
ભુંગળ વિનાની આ ભવાઈ ! ભાઇ ! જોવા આવજો !

× × × ×

ગૌરી પુજનનું પર્વ છે, બાળા જુઓ ટોળે મળી,
ભુડું પરસ્પર ભાખતી, નખરાં કરે નિર્લજ વળી;

કૈં કૂટતી રોતી અરે ! તે સાથ રોવા-આવજો !
ભુંગળ વિનાની આ ભવાઈ ! ભાઈ ! જોવા-આવજો !

× × × ×

આવો ! નવી વહુજી તણી, અત્રે અઘરણી આજ છે,
વાજાં વગાડી લોકને, ભેગા કરે કયાં લાજ છે ?

વહુને બનાવે "વાઘ" ભુંડાં ગીત ગાવા–આવજો !
ભુંગળ વિનાની આ ભવાઈ ! ભાઈ ! જોવા–આવજો !

× × × ×

આ **લગ્ન મંડપમાં** જુઓ ! વિધી યુક્ત મંત્ર ભણાય છે;
વર વહુ વચે ખટ વર્ષનાં, શું લગ્ન યોગ્ય ગણાય છે ?
વર તો ઊંઘે ! કન્યા રડે ! એ અશ્રુ લ્હોવા–આવજો !
ભુંગળ વિનાની આ ભવાઇ ! ભાઇ ! જોવા–આવજો !

× × × ×

આ જાય **વરઘોડો** જુઓ ! બુઢ્ઢા બબુચકજી તણો,
વર વર્ષ પંચોતેરના, પણ મોહ અંતરમાં ઘણો;
કન્યા વર્યા દશ વર્ષની, ફુલ પાન લેવા–આવજો !
ભુંગળ વિનાની આ ભવાઇ ! ભાઈ ! જોવા આવજો !

× × × ×

આ **બારમાની ન્યાત** છે ! પુત્રે પિતાનું ઋણ ભર્યું,
ઘરબાર સૌ ગીરો મુકી, પકવાનનું ભોજન કર્યું;
પહેલુ ગયું પત્નિ રડે ! પકવાન જમવા–આવજો !
ભુંગળ વિનાની આ ભવાઈ ! ભાઈ ! જોવા–આવજો !

× × × ×

આ **દીકરીના દોકડા**, લેનાર દેવીદાસ છે,
કન્યા કુવામાં નાંખવાનો, નીચ ધંધો ખાસ છે;
કન્યા દલાલી પણ કરે, તેને ખટાવા–આવજો !
ભુંગળ વિનાની આ ભવાઈ ! ભાઇ ! જોવા–આવજો !

× × × ×

આવો ! હવે આ પોળમાં, કુળવાન સૌ કહેવાય છે,
ન્હેરામણીથી પરણતા, વસુ કાજ વર વેચાય છે;
બે ચાર બૈરી લાવતા, ઇન્સાફ કરવા–આવજો !
ભુંગળ વિનાની આ ભવાઈ! ભાઈ ! જોવા આવજો !

× × × ×

ભાઈ ! ભવાઇ ! ભાળતાં આજે અસૂરૂં થઈ ગયું !
મળજો ફરી કૌદી હજુ, જોવું ઘણું બાકી રહ્યું !
જો ઝાંખ આંખે હોય તો, ચસ્મા ખરીદી લાવજો !
ભુંગળ વિનાની આ ભવાઈ ! ભાઇ ! જોવા–આવજો !

કર્કશાનો કંથ !

—ગઝલ—

પુરાણાં પાપ જો જાગે, મળે છે કર્કશા નારી;
અકારી જીંદગી લાગે, ખરેખર ! ખારથી ખારી ! પુરાણાં.

ઉદય થાયે અરૂણનો કે, ઉગે ઉર કલેશ અબળાને;
તપી પોતે તપાવે છે, જીગરમાં ઝખ્મ કરનારી ! પુરાણાં.

કુશબ્દો સાસુને ભાખે, નણંદથી સ્નેહ ના રાખે;
નીતિને નીરમાં નાંખે, પતિને પણ પજવનારી ! પુરાણાં.

શ્વસુરને શાપ આપે છે, દિયરને દાબમાં રાખે;
ગણે ના જેઠ જેઠાણી, જરા ના લાજ ધરનારી ! પુરાણું.

ગધેડી ગર્વથી ગર્જે, બિચારાં બાળને મારે;
પડોસી સાથ લડવાને, બને વિક્રાળ વઢકારી ! પુરાણું.

નિશાએ નાથને કનડે, કરે ફરિયાદ સર્વેની;
કરે શું ! કંથ કમભાગી ! ફરે તલવાર બે ધારી ! પુરાણું.

કરી આખો દિવસ ધંધો, ધણી આરામ ઈચ્છે ત્યાં;
કલેજું કોરતી કુબજા ! વચનનાં બાણુ રે ! મારી. ! પુરાણું.

શિખામણ સ્વામિ જો દેશે, કહેશે જૈ કુવો પૂરૂં;
અગર આપો અફીણ ખાઉં, કહી ભય આપતી ભારી ! પુરાણું.

સુવા દે શેજ ના સુખે, જગાડે જામિની આખી;
પ્રભાતે કંથ પરવારી, જશે કે, નીંદ લેનારી ! પુરાણું.

સુખી છે કે, દુઃખી સ્વામિ, નથી દરકાર દારાને;
અરે ! એ વંતરી વળગી, પતિનું રક્ત પીનારી ! પુરાણું.

ભલો ભરથાર શિર કૂટે ! "ડરે છે ભૂત ભુંડાથી;"
પડી તે ટેવ ના જાયે, કરીને લગ્ન ઝખમારી ! પુરાણું.

પ્રભુ જો પત્નિ આપો તો, સગુણી સોંપજો શ્યામા;
નહિં તો નાથ ! ઈચ્છુ છું, કુંવારી જીંદગી સારી ! પુરાણું.

મુંબઈની ઈમીટેશન શેઠાણી !

—ગઝલ—

તમે મુંબઇ વિષે આવ્યા, નિહાળી સર્વ હરખાયા !
  છતાં સાહેબ ! ઓ મ્હારા ! જુઓ ! મુંબઈની શેઠાણી !
અહા ! મુંબઈની અલબેલી ! છકેલી કંઇક સુધરેલી;
  લટકતી લાજને મેલી, જુઓ ! મુંબઇની શેઠાણી !
કરે છે કંથ ઉઘરાણી, લખે નામું નયન તાણી;
  છતાં કહેવાય " શેઠાણી " જુઓ ! મુંબઈની શેઠાણી !
પતિ પરદેશમાં આવે, પ્રિયાને પાસ તેડાવે;
  પછી વહુ પાંખ ફફડાવે, જુઓ ! મુંબઇની શેઠાણી !
સ્વદેશે કામ સૌ કરતી, ખુશીથી ખાંડતી દળતી;
  હવે " રામા " વિના રડતી, જુઓ ! મુંબઇની શેઠાણી !
ઘરે સસરો અને સાસુ, ખરચ વિણ ખેરવે આંસુ;
  જમે વહુ મિષ્ટ ફરમાસુ, જુઓ ! મુંબઇની શેઠાણી !
કુવેથી ખેંચતી પાણી, નણંદની સાચવે ભાણી;
  હવે થઇ રાયની રાણી, જુઓ ! મુંબઈની શેઠાણી !
ઘણી મુંબઇ તણી નારી, બતાવે ઠાઠ બસ ભારી;
  ભલે વર થાય ભીખારી, જુઓ ! મુંબઈની શેઠાણી !
અને મુંબઇની શેઠાણી કરે પૈસા તણું પાણી;
  રળે વર ટાંટીઆ તાણી, જુઓ ! મુંબઇની શેઠાણી !
પતિ સીત્તેર લાવે છે, સકળ પત્નિ ઉડાવે છે;
  છતાં દેવું કરાવે છે, જુઓ ! મુંબઈની શેઠાણી !

વસાવે નવનવી સાડી, ફુલેલી ફેનસી ચોળી;
ખરીદે બૂટની જોડી, જુઓ ! મુંબઈની શેઠાણી !
સુવાસિક તેલ ને અત્તર, રૂમાલો રાખતી સત્તર;
ગણે છે કોણુ ત્યાં ગણતર ? જુઓ ! મુંબઈની શેઠાણી !
કબાટો કે તીજોરી ના, છતાં દશબાર ચાવીના;
રૂપાના રાખતી ઝૂડા, જુઓ ! મુંબઇની શેઠાણી !
જશે નાટક તમાસામાં, અગર સરકસ સિનેમામાં;
ગણે મ્હોટાઇ ભપકામાં, જુઓ ! મુંબઇની શેઠાણી !
સદા નરવી રહે નાડી, જતાં કૈં જોઇશે ગાડી;
જશે લટકો કરી લાડી, જૂઓ ! મુંબઇનીં શેઠાણી !
કરે ઘરકામ સૌ ઘાટી, પદમણી પાલવે જાતી;
અહા ! હોંશે હવા ખાતી, જુઓ ! મુંબઇની શેઠાણી !

*　　*　　*　　*

નથી નારી સકળ એવી, સતી કૈં છે સીતા જેવી;
દયા સૌભાગ્યની દેવી, અસલ છે એજ શેઠાણી !
નકલ કરનાર શેઠાણી ! સુણી ના કોપશો વાણી;
હશે પરમાર્થિ ને શાણી, ખરી મુંબઈની શેઠાણી !
અપંગો પર દયા આણી, દુઃખીના દર્દને જાણી;
મદદ દેતાં ન અચકાણી અહાહા ! ! એજ શેઠાણી !
સ્થિતિ સ્વામિ તણી જાણી, વિના "ઘાટી" ન ગભરાણી !
શિયળવંતી ! વિનયવાળી ! ગુણી ગૃહરાજ્યની રાણી !

એક અદેખા કવિનું કલ્પાંત!

—ગઝલ—

કવિતા ! ઓ પ્રિયા ! મ્હારી ! હવે તું દૂર હુંથી થા !
ગયું પિંગળ થયું ડીંગળ અરે ! પાતાળ પેસી જા !
કવિનો રાફડો ફાટયો ! કવિતા છોકરાં જોડે !
પરાણે પ્રાસ બેસાડે વળી ગણુ તાલને તોડે !
ભણેલી કૈંક ભામાઓ અવરનાં કાવ્ય તફડાવી !
છપાવે સદ્ય પેપરમાં નીચે નિજ નામ લટકાવી !
વધી માસિકની સંખ્યા નવું દરમાસ શું આપે ?
કરીને એકઠો કચરો ! પછી તે છુટથી છાપે !
વળી કૈં ડીગ્રીઓવાળા ! બનાવી શબ્દનું ખોખું !
મળે ના પ્રાસ-ગણુ તોપણુ કહેશે કામ આ ચોખું !
નવી ઢબની કવિતા એ કરે છે પાસ સાક્ષર જે !
ખરૂ ખોટું તપાસે શું ? પઢયા ના હોય પોતે તે !
ચઢીને તેલની ઘાણી “ ગગો ” ઘાંચી ગઝલ જોડે !
ગઝલમાં બેલને હાંકે નકામું શિર એ ફોડે !
મુકીને કામ ચણુવાનું કવ્વાલી ગોઠવે કડીઓ !
પડે ના કામ કાગળનું કલમ યા ના મળે ખડીઓ !
રચે છે છંદ બસ ! સોની લુહારો લાવણી કરતા !
રસોઇયા રાસડા જોડે ભવૈયા તે કવિ ઠરતા !

કવિ શ્રી ક્યાં હશો **દલપત** ? ગુરૂ **નર્મદ** પધારોને !
બગડતી કાવ્યની શૈલી તમે સત્વર સુધારોને !
અમારો ભાવ ના પૂછે નવિન તે તુર્ત પોષાયે !
જીગરમાં આગ વરસે છે ! સહન ના આ સિતમ થાયે !

× × × × ×

સુણો શ્રીયુત્ કવિ પ્યારા ! કરો છો કાં અદેખાઇ ?
સકળ દરિયાતણું પાણી ગણો ના આપનું ભાઇ !
મહાશય ! કાવ્ય રચવાનો ઈજારો શું તમે લીધો ?
તમોને શારદાએ કૈં રજીસ્ટર માર્ક ના દીધો !
વધી છે વિશ્વમાં વિદ્યા સમય પ્રગતિ તણો જાણો !
જમાનો એ ગયો જૂનો ! નકામો રોષ કાં આણો ?
જગતને જે રૂચિકર છે સરસ બસ ! તે ગણાયે છે !
હશે તે કાચ યા હીરો ! ઝવેરીને જણાયે છે !

ખુશામત !

—ગઝલ—

ખુશામત ખલ્કમાં મીઠી ! ખરેખર ! ખાંડ સમ લાગે;
અમીરો ને ફકીરો સૌ ખુશામત ખંતથી માગે !
અજબ જાદૂ ભર્યું એમાં સબળ સત્તા ચલાવે છે;
ભલે રાણી અગર દાસી સકળને તે નમાવે છે !
હરામી નોકરો હરદમ ખુશામત શેઠની કરતા;
કહે હાજી ! કરે રાજી ! સલામો દરકદમ ભરતા !

બપોરે શેઠજી બકતા દીસે રાત્રી મુનિમ મ્હારા;
" બરોબર બાપજી બોલ્યા જણાયે આભમાં તારા ! "
અહા ! દરિયાતણું પાણી ગળ્યું છે સાવ મહેતાજી;
મુનિમ માથું હલાવીને પગે લાગી કહે હાજી !
નિરંતર ખંત રાખીને નિયમસર નોકરી ભરતા;
ખુશામત વીણ નોકરની કદર ના શેઠજી કરતા !
ભલું માલિકનું કરતા ખુશામતથી સદા ડરતા;
જુઓ ! ચાલૂ જમાનામાં બિચારા તેજ રડવડતા !
દિવસ આખો દુકાને જે ચિવટથી ચાકરી કરશે;
મળે ના પેટને પૂરતું હજૂરી હોજરૂ ભરશે !
હજુરમાં શેઠની રહેતા ઉપાડી બોલ બસ લેતા;
ગણીને શેઠને મૂર્ખો સદાયે હાજી ! હા ! કહેતા !
બિચારા અન્ય નોકરની કરે છે શેઠને ચાડી;
કપટથી કાન ભંભેરી મુકાવે કૈંકને કાઢી !
અધિકારી અમલદારો ખુશામતખોરને ચાહે;
ડબલ દેતાજ દરમાયો જતા અન્યાયને રાહે !
ખરાને કોઇ ના ચાહે ખુશામત રંગભીની છે !
નથી કંઇ કામની કિમ્મત ! કદર કયાં નોકરીની છે ?

× × × × ×

ભલે સત્તા ખુશામતની મુરખ લોકે વધારી છે;
અકારી આખરે લાગે સ્વભાવે સાવ ખારી છે !

ખુશામતખોર દુનિયામાં ખરે ! ઝેરી જનાવર છે;
દગાથી ડંસ તે દે છે ગણો ! ઘાતક બરાબર છે !
વ્યસન બૂરાં ગણાયે જે અફિણુ ગાંજો શરાબી છે;
સકળ કરતાં અધિક જાણો ખુશામતથી ખરાબી છે !
કથે શંકર સુણો યારો ! નથી હું ગર્જતો ગર્વે;
ખુશામતને સદા ત્યાગી થજો **સત્યાગ્રહી** સર્વે !

"યુવાની શું ગઈ ચાલી ?"

—ગઝલ—

હતી તું નાર નખરાલી ! હતી મદમસ્ત મતવાલી !
હવે છે હુસ્ન વણુ ખાલી "યુવાની શું ગઈ ચાલી ?"
અરે ! ના ચશ્મ છે કાળી ! ગઈ ક્યાં ગાલની લાલી ?
બુઢાપાની પીધી પ્યાલી "યુવાની શું ગઈ ચાલી ?"
હતી હા ! તું મનોહારી ! લટકતી ચાલ ક્યાં ત્હારી ?
અરે ! કર જયેષ્ટીકા ઝાલી "યુવાની શું ગઈ ચાલી ?"
બદનનો જોસ ક્યાં ત્હારો ? હૃદયનો રોષ ક્યાં ત્હારો ?
તુમાખી તૉર ક્યાં ત્હારો ? "યુવાની શું ગઈ ચાલી ?"
સફેદી શિર પરે ભાળી ગઇ ક્યાં જુલ્ફી એ કાળી ?
ગરૂરી કેમ ત્હેં ગાળી ? "યુવાની શું ગઇ ચાલી ?"
પડ્યા છે ગાલમાં ખાડા ! કળી સમ દંત ક્યાં ત્હારા ?
ગયા ક્યાં ચેન ને ચાળા ? "યુવાની શું ગઇ ચાલી ?"

પ્રફુલિત પુષ્પ બે ઉરનાં કહે તે કેમ કરમાયાં ?
જરાને જોઇ શરમાયાં "યુવાની શું ગઈ ચાલી ?"
બદનમાં ખૂન ના બીંદુ ! સુકાયો રક્તનો સીંધુ !
ગુમાવ્યું ક્યાં કહે સંધુ ? "યુવાની શું ગઇ ચાલી ?"
થયું છે ગાત્ર સૌ ગંદુ ! ઘટી ગરમી પડયું ઠંડુ !
વળી વ્યવહારમાં મંદુ "યુવાની શું ગઇ ચાલી ?"
"યુવાની' ક્યાં ગુમાવી ત્હેં ? વિષય જવાળા સમાવી ત્હેં !
જુદી બાજી જમાવી ત્હેં ! "યુવાની શું ગઈ ચાલી ?"
"યુવાની" એ ગઈ ત્હારી ! હવે તો મ્હોતની વારી !
પ્રભુની ભક્તિ કર પ્યારી ! "યુવાની શું ગઈ ચાલી ?"

"એ નિશ્ચય નર્કે જશે !"

—સોરઠ—

બાપ થઈને આપ, વિક્રય કન્યાનો કરે;
બાપ નહિં પણ સાપ, "એ નિશ્ચય નર્કે જશે !"

× × × ×

પોતે મારે મોજ, માત પિતા ભૂખે મરે;
જન્મ્યા પેટે બોજ, "એ નિશ્ચય નર્કે જશે !"

× × × ×

કરે અન્યથી પ્યાર, પતિવ્રત જો પાળે નહિં;
વ્હાલો છે વ્યભિચાર, "એ નિશ્ચય નર્કે જશે!"

× × × ×

ઘેર સલૂણી નાર, રાંડોમાં રખડ્યા કરે;
ધીઃક ધર્યો અવતાર, "એ નિશ્ચય નર્કે જશે!"

× × × ×

પતિ પત્નિનો પ્રેમ, વ્હેમ ઘલાવી તોડતા;
હૃદય વિષે ના રે'મ, "એ નિશ્ચય નર્કે જશે!"

× × × ×

જુઠાણાનું જોર, સત્ય નહિં સ્વપ્ના વિષે;
છે ઈશ્વરના ચોર, "એ નિશ્ચય નર્કે જશે!"

× × × ×

આપીને વિશ્વાસ, નાશ કરે છે આશનો;
લે કૈંના નિશ્વાસ, "એ નિશ્ચય નર્કે જશે!"

× × × ×

પરધન પરનો માલ, ચોર બનીને ચોરતા;
નહિં થવાના ન્યાલ, "એ નિશ્ચય નર્કે જશે!"

× × × ×

ખાય શેઠનો માલ, હલાલ ના હેતે કરે;
હરામ ચાલે ચાલ, "એ નિશ્ચય નર્કે જશે!"

× × × ×

ઉપકારે અપકાર, અવસર આવે આપતા;
કરે ભૂમિને ભાર, "એ નિશ્ચય નર્કે જશે !"

× × × ×

રાજા થઇને આપ, રૈયતને રંજાડતા;
પડે પ્રજાના શ્રાપ ! "એ નિશ્ચય નર્કે જશે !"

× × × ×

ગુરૂ અગર થઇ દેવ, દુર્ગુણુમાં ડૂબી મરે;
વૃથા કરાવે સેવ, "એ નિશ્ચય નર્કે જશે."

× × × ×

ગરીબ કેરી હાય ! આંતરડી કકળાવશે;
જડામૂળથી જાય, "એ નિંશ્ચય નર્કે જશે !"

× × × ×

પરનીંદા કરનાર, ચાડી ચુગલી જે કરે;
ના કો' દી–તરનાર, "એ નિશ્ચય નર્કે જશે !"

× × × ×

કરે બરાબર ભાવ, ઓછું આપે તોલમાં;
કો' કરશે અટકાવ; "એ નિશ્ચય નર્કે જશે !"

× × × ×

ભરે બરોબર હાથ, તસુ ઘટાડે ફાડતાં;
જુએ જગતનો નાથ, "એ નિશ્ચય નર્કે જશે !'

× × × ×

યોગ અને સન્યાસ, જગ ધૂતી ખાવા ધરે;
મન માયાની પાસ, "એ નિશ્ચય નર્કે જશે !"
× × × ×
ખોટી પૂરે શાખ, લાંચ લઇ રાજી થતા;
અંતે રહેશે રાખ, "એ નિશ્ચય નર્કે જશે !"
× × × ×
અધિકારનું જોર, જુલ્મ કરી અજમાવતા;
બને ન્યાયના ચોર, "એ નિશ્ચય નર્કે જશે !"
× × × ×
એમ હજારો લાખ, પાપ વસાવી પરવરે;
છે ઈશ્વરની શાખ, "એ નિશ્ચય નર્કે જશે. !"

સહુથી સરસ કોણ ?!

મનહર

સખી–૧–સુણજે સખી મ્હેં આજ, લાભનું કર્યું છે કાજ,
ઠીકરાં વસાવા માટે, માટલાં ભગાવ્યાં છે !
રંગે જરા કાળી છું તે, ધોળું વસ્ત્ર શોભે નહિ,
સફેદ સુવસ્ત્ર સર્વે, ગળીમાં રંગાવ્યાં છે !
મોતીનાં તોરણ બારસાખે સારાં લાગ્યાં નહિં,
તેને તોડી તુરીઆંનાં તોરણ ટંગાવ્યાં છે !
બપોરના બાર વાગે, ભૂખ ભારે લાગી તેથી,
આટા સાટે ગામમાંથી, ગાજર મંગાવ્યાં છે !

સખી-૨-આવાં જુજ કામ કરી, રખે ! તું ફૂલાતી અલી !
ત્હારાથી અધીક મ્હેં તો, અક્કલ દોડાવી છે !
ફૂલનો સુવાસ ફૂલ, ખીલે ઊડી જાય માટે,
કુસુમની કાચી કાચી, કળીઓ તોડાવી છે !
ઊન્હાળામાં શાક ભાજી, મોંઘી મળે માટે કરી,
સામટી છ માસની મ્હેં ભાજી તો ભરાવી છે !
દેવું છે ધણીના માથે, છતાં પણ હઠ કરી,
ખેતર વેચાવી કડાં કાંબીઓ કરાવી છે !

સખી-૩-જાણી ત્હારી ચતુરાઇ, બોલતી થા બંધ બાઇ !
ત્હારાથી અધીક કૈંક પદવી વધારી છે !
ખીરમાં નાંખે છે ખાંડ, ગાંડા ને ગમાર લોક,
મીઠું નાંખી મ્હેં તો, જુની પદ્ધતી સુધારી છે !
ધણી પરે ધાક રાખું, રાંધતાં રસોઇ ચાખું,
એવી એવી રીત મ્હારા પુણ્યથી પધારી છે !
બિસારી પ્રભુ ને પતિ, સેવું છું ભુવા ને જતી,
વર વશ કરવાની, ધારણા મ્હેં ધારી છે !

સખી-૪-પોઢણ કરૂં છું પ્હેલી, સવારે ઊઠું છું છેલ્લી,
દોઢ પ્હોર દા'ડો ચઢે, દાતણ સંભાળું છું !
ન્હાવાનો નિયમ નથી, ખાઊં છું ખરી ખંતથી,
પર નિંદા કરવામાં, વખત હું ગાળું છું !
સાસુને સંતાપુ ઘણું, જેની તેની સાથે વઢુ,
સાચાનું જૂઠું ઠરાવી, સ્વામી ચિત્ત બાળું છું !

શંકર કહે છે એક એક ને ઉથાપે એવી,
ભુંડી કૈંક ભામિનીઓ, ભૂતળમાં ભાળું છું !

સોરઠો.

જે ઘર ભુંડી નાર, દુઃખ દાવાદળ તેહને !
ભલે તજો સંસાર, બાવા થઈ વનમાં વસો !

હું આળસું કે તું ? !

મનહર છંદ.

બોરડીના ઝાડ નીચે, આળસુનો સરદાર,
લાંબો થઇ સુતો હતો, કરને પ્રસારીને !
એટલામાં છાતી પરે, બોરડીથી બોર પડયું,
મુખમાં મૂકાય નહિ, જુએ ધારી ધારીને !
ઊંટે ચઢી એક જણુ, જતો હતો તેને કહ્યું,
"બોર મૂખે મૂક મ્હારા, નીચે તું પધારીને!"
પેલો બોલ્યો ઝટ જવું, ત્યારે સુતા જને કહ્યું,
"ઊંટવાળા આળસુ તું!" બોલ્યો બૂમ મારીને!
ઊંટવાળો બોલ્યો પછી, આળસુ હું કે તું અલ્યા ?
હાથે બોર ઝાલી મૂખે મૂકતાં શું થાય છે ?
ઊંટેથી ઊતરી નીચે, બોર ખવરાવું તને,
કામ મ્હારૂં ચૂકું ત્હારા, હાથે શું દુઃખાય છે ?

અંગે કંઈ રોગ નથી, માતેલો તું મ્હારા થકી,
આળસું કહેતાં મને, બોલતાં લજાય છે ?
શંકર કહે છે બોરવાળા જેવા બેવકૂફ,
છુપાવી પોતાનો દોષ, શિખ દેવા જાય છે !

સોરઠો.

દે બીજાને શિખ, દોષ જુવે ના આપનો !
તે જીવતરને ધીક, શિખ દીએ ઝખ મારવા !

બેમાં જૂઠો કોણ ?

મનહર છંદ.

બે માણસો બેઠા હતા, વાતને તડાકે ચઢ્યા,
એક કહે કૌતુક મ્હેં, નજરે નિહાળ્યું છે !
બાવાજીની બકરીએ, બાર બચ્ચાં સાથે જણ્યાં,
બાવાજીનું બધું દુઃખ, બકરીએ ટાળ્યું છે !
સાત અશ્વ, ત્રણ ખર, ઊંટ એક, હાથી એક,
એટલું અવતરતાં, આપોઆપ ભાળ્યું છે !
ખરને સુથારે લીધા, રૂપિયા હજાર દીધા,
ઊંટ ઘોડા, હાથી, સહું, કુંભારે સંભાળ્યું છે !

* * * *

" વાંકાબોલા વાત એવી, કેમ માનવામાં આવે ?
સામટાં શું બાર બચ્ચાં, બકરીને થાય છે ?
હાથી, ઘોડા, ઊંટ, ખર, બકરીને કેમ આવે ?
ખરને ખરીદીને શું, સુથાર કમાય છે ?
હાથી, ઘોડા, ખરીદીને, કુંભાર ક્યાં છે જવાનો ?
જૂઠું ત્હારૂં સુણુ હવે, મ્હારી વાત થાય છે !
સોયના નાકમાં થઇ, સાત હાથી સાથે ગયા !
નજરે જોયેલું આનું નામ કહેવાય છે ! "

દલાલી વિષે !

મનહર છંદ.

દલાલીનો રોગ આખી દુનિયાને લાગ્યો ભાઇ !
જેની તેની બસ હવે, દલાલીજ થાય છે !
ધાતુની દલાલી થાય, અન્નની દલાલી થાય,
ગોળ, ખાંડ, તેલ, ઘીની, દલાલી ગણાય છે !
ઝવેરાતની દલાલી, કાપડ, રૂની દલાલી,
હાડકાં, ને ચામડાંમાં, દલાલી પોષાય છે !
શંકર કહે છે જેમાં તેમાં દલાલોનો લાગો,
કળી કાળ આવ્યો એવું, આ થકી જણાય છે !
લોન, શૅર, હુંડીઓ ને, વીમાની દલાલી થાય,
ઝાડ, પાન, લાકડાંની, દલાલી લેખાય છે !

ફળ, ફૂલ, પશુ, પક્ષી, કોલસા, પથ્થર, ઇંટો,
દરેક જણસ પર, દલાલી લેવાય છે !
ભલે તેનું કંઇ નહિ, પણ આ તો હદ થઇ,
આજ કાલ કન્યાઓની, દલાલી ખવાય છે !
શંકર કહે છે ભુંડી, દલાલીએ દાટ વાળ્યો,
યોગ્ય કે અયોગ્ય ભાઇ ! કયાં હવે જોવાય છે !

મુંબઇની ચોપાટીની લ્હેર !

છપ્પો.

ચોપાટીની લ્હેર, શહેર મુંબઇની પ્યારી !
ચોપાટીની લ્હેર, મ્હેર સાગરની સારી !
ચોપાટીની લ્હેર, રોગને શોક સમાવે !
ચોપાટીની લ્હેર, હૃદયને શાન્ત બનાવે !
પચરંગી મુંબઇની પ્રજા, તે સ્થળ ભેગી થાય છે !
સાંઝ પડે કે લોક સૌ ઝટ, ચોપાટી પર જાય છે !
શીતળ વાયુ વાય, લ્હેર સાગરની આવે !
બેસી સૌ જન ત્યાંય, ગાન કુદરતનું ગાવે !
કો' ગાડીની મ્હાંય, પગે કો' આવે ચાલી !
કો' મોટરની મ્હાંય, બાઇસીકલે પગ ઘાલી !
અઢારે વરણ ત્યાં આવતી, નવિન નવિન વસ્ત્રો ધરી !
ચોપાટી ચિત્ત રમી રહે, જવું ગમે ત્યાં ફરી ફરી !

ગાયોનો પોકાર !

—ગઝલ—

અરે ! ઓ હિંદના બેટા ! અમારૂં હિત ચ્હાનારા;
બનીને સુસ્ત કાં બેઠા ? અમારૂં દૂધ પીનારા !
અમારા માંસને માટે કસાઇઓ કાપતા અમને;
અમારી દીનની ફરિયાદની દરકાર ના તમને !
અમારાં બાળ તરછોડી તમોને દૂધ તો દઇએ;
અમારા દુઃખની વાતો કહોને ક્યાં જઇ કહીએ ?
હજારો ગાય દરરોજે કપાયે હિંદમાં હાયે !
તમોને છે નહિં પરવા ! અમોને કષ્ટ જે થાયે !
અમારા પુત્ર ખેતીમાં તમોને કામ આવે છે;
અતિશે ભાર ખેંચીને સરસ સેવા બજાવે છે !
તમારા બાપ, દાદાઓ, અમોને માન દેતા'તા;
કહીને ગાય માતા સૌ અમારી સેવ કરતા'તા !
અમારો વધ થતો અટકાવવાને પ્રાણ પણ દેતા;
અરે ! પુત્રો તમે તેના અમારી દાદ ના લેતા !
તમારા શાસ્ત્રના લેખો તપાસો હિંદુઓ પ્યારા !
ઘણું છે પાપ ગૌવધથી સૂણોને સ્નેહીઓ મારા !
બચાવોને ! બચાવોરે ! કતલ થાતાં બચાવોને !
અમારો ગુણ લ્યો હૈયે ! જરા સેવા બજાવોને !
અમારી અર્જ લ્યો ધ્યાને ! અમારાં આંસુ લ્હોનારા !
અમારૂં દુઃખ દેખીને અમારા માટ રોનારા ! !

ગૌ રક્ષા કરો !

ધીરાના પદનો—રાગ.

સુખ સૌને કરનારી રે ! મરતી માતા "ગાવડી;"
દુઃખ દરિયે તરનારી રે ! નવ ડુબવા દો નાવડી. સુખ.
માંસને માટે ક્રુર કસાઇઓ, આણે તેનો કાળ;
બળતણુ સાટે કલ્પતરૂનો, છેદ કરે તત્કાળ.
ઘૃત માંખણુ દેનારી રે ! દહીં દૂધ દાતા–"ગાવડી." સુખ.
તેના તનુજો બળધ કહાવે, ઉપાડે અતિ ભાર,
ખેતર ખેડે જગ્ત જીવાડે, કાં વિસારો ઉપકાર ?
જૈ જંગલ ચરનારી રે ! પણુ નવ ન્હાતા–"ગાવડી." સુખ.
પોતાનાં છોરૂ તરછોડી, પય દુનિયાંને પાય;
ગાય સમાન ગરીબ ન કોઇ, જ્યાં દોરે ત્યાં જાય.
અમૃત રસ ઝરનારી રે ! ગુણુ સૌ ગાતા–"ગાવડી." સુખ.
કેમ કૃતઘ્ની થયા હિંદુઓ ? ગાયો માગે દાદ;
ન્યાયી પ્રજા પાળક રાજાને, પ્હોંચાડો ફરિયાદ.
વણુ મ્હોતે મરનારી રે ! બળધ જનેતા–"ગાવડી." સુખ.
ગૌ હત્યાથી પાપ ઘણું છે, અટકાવો ધરી ટેક;
શાસ્ત્ર તમારાં શાખ પુરે છે, વાંચો કરી વિવેક.
વૈતરણી તરનારી રે, છે તે ત્રાતા–"ગાવડી." સુખ.
હે ધનવાનો ! ધનને ખરચો ! ગૌ રક્ષાને માટ,
ધર્મ કરો **મણિકાન્ત** કહે છે, દુષ્ટો વાળે દાટ.
વણુ અપરાધે મારીરે, પાપી ખાતા–"ગાવડી." સુખ.

" ઘનરાજ સવારી આવે છે. "

(માત્રામેળ-તોટક છંદ.)

જો ! વાદળમાં ડંકો વાગ્યો !
રે ! સૂર્ય છુપાવાને ભાગ્યો !
વિજ શ્વેત ધ્વજા ફરકાવે છે !
ઘનરાજ સવારી આવે છે !

જો ! મોર મીઠા ટૌકાર કરે !
દ્રઢ ભક્ત પપૈયા ખૂશ ખરે !
તે પિયુ પિયુ શબ્દ સુણાવે છે !
ઘનરાજ સવારી આવે છે !

પક્ષી સૌ માળામાં પેસે !
વનચર જૈ વૃક્ષ નિચે બેસે !
પંથીનો પીંડ ધ્રુજાવે છે !
ઘનરાજ સવારી આવે છે !

રે ! પવન વાય છે શિતકારી !
જો ! મેઘ ગર્જના છે ભારી !
તે ઝાડ પાન ડોલાવે છે !
ઘનરાજ સવારી આવે છે !

કૃષિકાર હૃદયમાં ખુશ થાયે !
નરનાર મલ્હાર મીઠા ગાયે !

સૃષ્ટિને શાન્ત બનાવે છે !
ઘનરાજ સવારી આવે છે !
ઝરમર ઝરમર વરસે વારિ !
ખળખળ વ્હેતું જળ જો ! ભારી;
ગરમીનું નામ ભૂલાવે છે !
ઘનરાજ સવારી આવે છે !
વિરહી વામા વર વાટ જુવે !
" રે ! ઘેર પધારો ! નાથ ! હવે ! "
પિયુના પર પત્ર પઠાવે છે !
ઘનરાજ સવારી આવે છે !
ઘનરાજ સવારી આવે છે !
આનંદ ! બધે ફેલાવે છે !
જયકાર ! જગે રેલાવે છે !
ઘનરાજ સવારી આવે છે ! !

વર્ષાઋતુનું વર્ણન !

(એક નારી જગતમાં પ્યારી—એ રાહ.)

ટળે તાપ પડે અતિ વારિ ! (૨)
હરિયાળી હરિયાળી પૃથ્વિ, લાગે સૌ ખુશકારી ! ટળે.
આકાશે વિજળીઓ ચમકે, ગગન ગર્જના ભારી;
ઝરમર ઝરમર મેહુલો વરસે, પવન વાય શિતકારી ! ટળે.

મોર બપૈયા હર્ષિત થઇને, વદે શબ્દ પ્રિયકારી;
જંગલ પણ મંગલ સમ લાગે, વન રચના અતિ સારી ! ટળે.
ખેડુતો મન હોંસ ધરીને જાય ક્ષેત્ર હળ ધારી;
હેત ધરીને ખેતર ખેડે, કરે જમીન કસવાળી ! ટળે.
તળાવ ને નદીઓ ઊભરાઈ, ખળખળ વ્હેતું વારિ;
ઘાસ પાન ને ફૂલ ખીલે છે, કરે ગાન નરનારી ! ટળે.
ધન વરસે ને અનાજ ઊગે, ટળે સકળ ભય ભારી;
કહે શંકર છે સર્વ ઋતુ પણ, વર્ષાની બલિહારી ! ટળે.

ગ્રીષ્મ ઋતુની પીડા !

(એક નારી જગતમાં પ્યારી !)

પડે તાપ તપે અતિ વારિ ! (૨)
સુખકારી ગઈ શિત ઋતુ, થૈ ગ્રીષ્મ તણી અસવારી ! પડે.
પક્ષી સૌ કલ્લોલ તજીને, જઇ બેઠાં તરૂ ડાળી;
વનચર પણ નિજ ખાન તજીને, સ્થળ શોધે શિતકારી ! પડે.
નદી તળાવે મીનો ત્રફડે, મળે ન પુરતું વારિ;
ફળફૂલ ત્યાગી ઝાડ સુકાયાં, ભાસે સૌ ભયકારી ! પડે.
ત્રાસ પામતા કૈંક મુસાફર, તાપ થકી અકળાઇ;
રેલા ઊતરે પરસેવાના, જતાં વસ્ત્ર ભિંજાઇ ! પડે.

કામ ન સુઝે આળસ આવે, દિવસ લાગતો ભારી;
ભલે મૉજ મારે ધનવંતા, ગણી ગ્રીષ્મને પ્યારી ! પડે.
વર્ષાથી પૃથ્વિ હરિયાળી, શિત અતિ ગુણકારી,
ફળ, ફૂલ થાયે ઋતુ વસંતે, ત્રણ સર્વેથી સારી ! પડે.
એ વિણ અન્ય ઋતુ ત્રણ છે પણ, ગ્રીષ્મ નહિં ગમનારી,
કહે **શંકર** એ વિણ નવ ચાલે, પણ તે નહિ ખુશકારી ! પડે.

"ક્ષયરાજ સવારી આવે છે !"

માત્રા મેળ તોટક છંદ.

ઉધરસ દમના ડંકા વાગ્યા,
સુખ શાન્તિના સેવક ભાગ્યા;
જ્વર જીર્ણ ધ્વજા ફરકાવે છે,
ક્ષયરાજ—સવારી—આવે છે !
નવ ભોજન પાચન કૈં થાયે,
રજની હું હું કરતાં જાયે;
ચ્હડી તાવ પસીનો લાવે છે,
ક્ષયરાજ—સવારી—આવે છે !
કિન્ચિત શ્રમથી જો શ્વાસ ચ્હડે,
કફ મિશ્રિત જો કદિ રક્ત પડે;
એ ચિન્હ બુરાં બતલાવે છે,
ક્ષયરાજ—સવારી—આવે છે !

રે ! શરિર સુકાતું જો જાયે,
નિજ તોલ કદી હલકું થાયે;
ગભરાટ ઘણો ફેલાવે છે,
ક્ષયરાજ—સવારી—આવે છે !

* * *

એ દુઃખ દેખી ના ગભરાવું,
નવ ચિંતાતુર કદી થાવું;
ચિંતા યમદ્વાર બતાવે છે,
ક્ષયરાજ—સવારી—આવે છે !

વસવું જ્યાં ખુલ્લી હોય હવા,
પાચન શક્તિની સેવ દવા;
શરદી ક્ષયને બોલાવે છે,
ક્ષયરાજ—સવારી—આવે છે !

દૂધ, ઘી માવાનું ભક્ષ કરો,
પોષક વસ્તુથી પેટ ભરો;
એ સુખકર સેવ બજાવે છે,
ક્ષયરાજ—સવારી—આવે છે !

સુવૈદ્ય તણું ઔષધ લેજો,
જ્વર જીર્ણ હઠાવાનું કે'જો;
ભગવાન ભરૂસો ભારી છે,
ક્ષયરોગ મહા દુઃખકારી છે !

પારસી ભાઇઓને સાલ મુબારક !!

—ગઝલ—

નવિન શુભ સાલ જરથોસ્તી બિરાદરને મુબારક હો !
સદા સુખ સંપતિ યશને, હૃદય શુદ્ધિ–મુબારક હો !
કૃપા કિરતારની હોજો !
સદા આનંદમાં રહેજો !
કરો પરમાર્થનાં કામો, અખુટ રિદ્ધિ મુબારક હો !
તમારાં કષ્ટ સૌ જાઓ !
પૂરા ધીમંત તો થાઓ !
શૂરા શ્રીમંત કહેવાઓ, સદા સિદ્ધિ–મુબારક હો !
અહા હા ! દંપતી વચ્ચે !
જીગરનો પ્રેમ બસ જામો !
રહો સૌ સંપ સંપીને, પ્રજા વૃદ્ધિ–મુબારક હો !
તમો પર પાક પરવરની !
રહમ હરદમ અહા ! રહેજો !
સકળ પરિવાર સુખ પામો, રૂડી બુદ્ધિ–મુબારક હો !
નવું આ સાલ જરથોસ્તી !
નવિન"નવરોજ"નો દિન છે !
દુઆ દીન શંકરે દીધી, દુઆ મ્હારી–મુબારક હો

પારસી બિરાદરને લગ્નની મુબારકબાદી !

ભુજંગી.

(૧)

ઘણાં વર્ષ જીવો ઘણું માન પામો !
તમો દમ્પતીમાં ખરો પ્રેમ જામો !
ટળો આધિ વ્યાધિ ઉપાધિ તમારી !
મળો સંપતિ સંતતિ લાભકારી

(૨)

અહાહા ! મુબારક ! અહોહો ! મુબારક !
સદા શુભ સાદી તમારી મુબારક !
રૂડો રોજ છે સાલવારી મુબારક !
દુઆ દિલ ખરાની અમારી મુબારક !

પારસી બુચાને નવજોતની ભલી દુઆ !

(૧)

મુબારક તને તુજ નવજોત આજે !
યશોગાન તારાં ગવાજો સમાજે !

પુરો પાક જરથોસ્તી બંદો નિવડજે !
ખુદાની દયા હો ! ભલાં કામ કરજે !

(૨)

અહાહા ! અહોહોહો !! આનંદ આજે !
ખુદાવંદ નેકી હૃદયમાં નવાજે !
ભલો ભાગ્યશાળી દયાવંત થાજે !
સુવિદ્યા તણો જાણનારો ગણાજે !

પારસી બુચીને નવજોતની ભલી દુઆ !

(૧)

મુબારક તને બ્હેન નવજોત આજે !
ખુદાવંદ નેકી હૃદયમાં નવાજે !
ભલા ગુણવાળી દયાવંત થાજે !
સદા પાકપરવર તણું ગાન ગાજે !

(૨)

સુખી સર્વ વાતે તું બ્હેની ગણાજો !
સુકિર્તી તણી તો દિવાલો ચણાજો !
સદા શત્રુ તારા હણાજો ! હણાજો !
દુઆના સખૂનો છે "શંકર" તણા જો !

મુબારક ! તને નેક બાનું નિવડજે !
ભલું થાય ત્હારૂં ! ભલાં કામ કરજે !
બુરાં કામથી બ્હેન દરરોજ ડરજે !
સુવિદ્યા તણો બ્હેન ભંડાર ભરજે !

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત! અને તે પ્રત્યે આપણી ફરજ!

સને–૧૯૧૩–૧૯૧૪.

—ગઝલ—

અરે ! ઓ હિંદના વાસી, વિનંતી ધ્યાનમાં ધરજો;
યથાશક્તિ મદદ આપી, ફરજ સૌ કો’ અદા કરજો.
સહે છે કષ્ટ આફ્રીકે, બિરાદર આપણા ખંતે;
ખરેખર ! ટેક સાચવવા, ગયા કૈં કેદમાં અંતે;
અરે ! સરકાર બાયરની, ગુજારે જુલ્મ હિંદુ પર;
નવા ધારા વધારીને, લીયે ત્રણ પૌંડનો તે કર.
કરે ના “કર” કબુલ તેને, ધકેલી કેદમાં દે છે;
વસુલ વેરો અરે ! કરવા, ઇલાજો સખ્ત તે લે છે.

કરેલાં લગ્ન હિંદીનાં, કબુલ તેઓ નથી કરતા;
નથી હક્કદાર એ લગ્નો, કહીને કાયદો ઘરતા.

નથી અપમાન એ ઓછું, અરેરે ! આર્ય પત્નિને;
નહિં અપમાન એ ઓછું, ગણાયે હિંદ વતનીને.

વળી લે અંગુઠા કેરી, સકળ હિંદી તણી છાપો;
ગુલામો સમ ગણે છે તે, સહન ના થાય એ તાપો.

અરે ! એવા ઘણા બીજા, ઘડ્યા છે કાયદા ભારે;
ખરે ! એ દેશ છોડાવા, હૃદયમાં ધારણા ધારે.

અભય આપી વચન મ્હેલાં, ફરે સરકાર બૉયરની;
હવે તો જુલ્મ હિંદુપર, કરે સરકાર બૉયરની.

થઈ તે કાયદા સ્હામે, કર્યો પોકાર હિંદુએ;
કરીને ઐકયતા પાડી, તહાં હડતાળ હિંદુએ.

નથી કો' કામપર જાતા, સુકાતા ખાણુના ધંધા;
ખરે ! નિજ ટેકના માટે, લડે છે હિંદુઓ સંધા.

કરે છે કેદ તેઓને, બની સરકાર અન્યાયી,
ચલાવે ચાબુકે મારો, નથી કૈં ન્યાય ત્યાં ભાઇ !

ઝળકતો હિંદનો હીરો, ગયો છે કેદમાં "ગાંધી";
થવા તે કાયદા સ્હામે, બરોબર બાકરી બાંધી.

સકળ કષ્ટો સહન કરતા, બિરાદર હિંદવાનો ત્યાં;
નથી ડગ એક પણ ડગતા, બિરાદર હિંદવાનો ત્યાં.

કબુલ ના કાયદો કરતા, અધીરા લેશ ના થાતા;
ખમે ચાબુકનો મારો, ખુશીથી કેદમાં જાતા.
હજારો હિંદના લોકો, પડચા છે કેદમાં હાચે !
વળી વીરાંગનાઓ કૈં, અરેરે ! જેલમાં જાયે.
કથા એ કષ્ટની સુણતાં, વહે અશ્રુતણી ધારા;
બચાવો દેશ બંધુને, મદદ આપી તમે પ્યારા.
સહે છે કષ્ટ તે લોકો, બિચારા ટેકના માટે;
હજારો હાડમારી તે, ઉઠાવે હિંદના માટે.
કુટુંબો તેમનાં રખડે, મદદ તે લોકને કરવા;
બનો તત્પર તમે ભ્રાતા ! વિપત્તી તેમની હરવા.
નિરાધારી કુટુંબોને, નિભાવાને મદદ કરજો;
ઉદર પોષણ તણે અર્થે, રકમ કૈં ફંડમાં ભરજો.
યથાશક્તિ મદદ આપો, તમે સૌ હિંદના જાયા;
દયા દેશી પરે લાવો, બિરાદર આપ છો ડાહ્યા.
હજારો રૂપિયા ભાઈ ! તમે નાહક ઉડાવો છો;
અરે ! ઓ શેઠ શ્રીમંતો ! તમે કાં તક ગુમાવો છો ?
સ્થળે સ્થળ ફંડ ખોલ્યાં છે, ભરો તે ફંડમાં નાણું;
બચાવા દેશ બંધુને, મળે છે યોગ્ય આ ટાણું.
વિનંતી ધ્યાનમાં ધારી, તિજોરી આપની ખોલો;
અહાહા ! હિંદ ભૂમિનો, થજો જયકાર ! સૌ બોલો !

સ્વભોગ આપનારા બહાદુર સત્યાગ્રહીઓ !

સન ૧૯૧૩–૧૯૧૪.

—ગઝલ—

લડાઈ સત્યની લડવા થયા તૈયાર શિર સાટે;
ડગીશું એક ના ડગલું અમારા દેશના માટે !
અતિશે કષ્ટ વેઠીશું અમારા સુખના સાટે;
અહા ! ના હામ હારીશું અમારા હિંદના માટે !
બ્રિટિશ રૈયત અમે સાચી લડીશું હા ! હકો માટે;
અરે ! સરકાર ઑાયરની અમારા તે હકો દાટે !
કર્યો ત્રણ પૌંડનો વેરો સકળ હિંદી તણે માથે;
વળી લે અંગુઠા કેરી અરેરે ! છાપ તે સાથે !
ભરે ના "કર" અરે ! તેને ઝપાટે કેદમાં નાખે;
ચલાવે ચાબુકે મારો છતાં સૌ હિંદીઓ સાંખે !
ગુલામો સમ ગણી અમને અતિ અપમાન આપે છે;
વચન રક્ષણ તણું આપી હવે તેને ઊથાપે છે !
કબુલ ના કાયદો કરતા અમે સૌ કેદમાં જાતા;
અમારા દેશના માટે અરે ચાબુક પણ ખાતા !
અમે હડતાળ પાડી છે થવા તે કાયદા સ્હામે;

લડીશું ખંત રાખીને અમારા દેશના નામે !
નથી ધનમાલની પરવા ! સગું વ્હાલું તજી દીધું !
અમારો ટેક સાચવવા અમે આ કાર્ય છે કીધું !
નથી હથીઆરથી લડતા લડીશું ન્યાયના રસ્તે;
અમારી આબરૂ સર્વે અમારા શાહના હસ્તે !
અમારા સૈન્યનો "નેતા" શુરો સરદાર છે "ગાંધી";
અમોએ ન્યાય મેળવવા કમર મજબૂત છે બાંધી !
લડીશું હા ! હકો માટે ! મરીશું ટેકના માટે;
અમારા દેશની દાઝે ! અમારા હિંદના માટે !

ગોખલે અને ગાંધી !

સને ૧૯૧૩–૧૪,

—ગઝલ—

અમે વ્યંજન બધા જોયા,
નજર ગગ્ગા પરે સાંધી !
સ્વદેશી કાર્યમાં સ્નેહે,
શુરા છે–ગોખલે, ગાંધી ! અમે.
અમારા આભ મંડળમાં,
સીતારા બે પ્રકાશે છે !
સદા પરમાર્થ કરવામાં,
પુરા છે–ગોખલે, ગાંધી ! અમે.

લડાઈ સત્યની લડતા,
અમારા લાભ સાચવવા !
અમારી હિંદ ભૂમિના;
હીરા છે-ગોખલે, ગાંધી ! અમે.

ડગે ના એક પણ ડગલું,
નહિં હિમ્મત કદી હારે !
સહન સૌ કષ્ટ કરવામાં,
ધીરા છે-ગોખલે, ગાંધી ! અમે.

ઘણું જીવો અહા ! બન્ને,
હિતેચ્છુ હિંદના પ્યારા !
“ સ્વદેશી ” બ્હેનના બ્હાલા,
વીરા છે-ગોખલે, ગાંધી ! અમે.

પતિ પ્રેમ પરિક્ષા !

ભુજંગી તથા ગઝલ

અહો ! નાથ ! આજે દિસો કાં ઉદાસી ?
અરે ! આનને શોક છાયા પ્રકાશી;
વિનંતી કરે આપને દીન દારા,
કહો સત્ય સ્વામી ! પ્રભુ ! પ્રાણ મ્હારા !
પધારો ગૃહે સાંઝના શાન્ત પેખું,
સદા નાથ ! આનંદમાં મુખ દેખું;
નથી આજ આનંદ કે, શાન્તિ પ્યારા !
કહો સત્ય સ્વામી ! પ્રભુ ! પ્રાણ મ્હારા !
નથી ચેન ચિત્તે નડી કૈં ઉપાધિ !
વદો સત્ય વ્હાલા ! થયો કૈંક વ્યાધિ !
દુઃખી દેખતાં છે દુઃખી આપ દારા,
કહો સત્ય સ્વામી ! પ્રભુ ! પ્રાણ મ્હારા !
ઉમંગે વધાવા મુકી કામ આવી,
પીંચો નાથ પાણી ! ભરી પાત્ર લાવી;
પતિ ચર્ણ ચાંપુ વદો ચક્ષૂ તારા !
કહો સત્ય સ્વામી ! પ્રભુ ! પ્રાણ મ્હારા !

*　　*　　*　　*

પ્રિયા ! શાન્ત થા ! ત્હને કષ્ટ કે'વું ?
ટળે કષ્ટ તુંથી નથી હાય ! એવું;

નથી વ્યાધિ કૈં છે ઉપાધિ અકારી;
કહી ના વૃથા દૂભવું પ્રાણ પ્યારી !
ટળે કષ્ટ કે'વા થકી ના કદાપી,
સુણી હાય ! શાણી ! રહે શોક વ્યાપી;
થવાનું હશે તે થશે એમ થારી,
કહી ના વૃથા દૂભવું પ્રાણ પ્યારી !

* * * *

ભલે કષ્ટ એવું હશે તો સહીશું !
પતિના દુઃખે દુઃખિયાં હા ! રહીશું !
સુણી શબ્દ સ્વામી ! વહે અશ્રુધારા !
કહો સત્ય સ્વામી ! પ્રભુ ! પ્રાણ પ્યારા !
કદી કષ્ટ ટાળી શકાયે ન પ્યારા !
છતાં દૈ દિલાસો શકું નાથ ! મ્હારા !
અરે ! અશ્રુ સાટે દઊં રક્ત ધારા,
કહો સત્ય સ્વામી ! પ્રભુ ! પ્રાણ મ્હારા !

* * * *

અતિ હઠ્ઠ ત્હારી ! હવે હું જણાવું !
કથા કષ્ટની રે ! સલૂણી ! સુણાવું !
દિલાસો નહિં તો ભલે દોષ દેજે !
દુઃખી થાય તો કંથને કાજ સ્હેજે !
કુસંગે ચઢીને કર્યો હાય ! સટ્ટો !
અરે ! આબરૂને લગાડયોજ બટ્ટો !

હતી શેઠની ઉઘરાણી જ આવી !
અરે ! હાય ! સટ્ટા વિષે સૌ ગુમાવી !
હતા બારસો રૂપિયા મુજ પાસે !
બધા હાય ! હાર્યો હવે કેમ થાશે ?
નથી બાર તો બારસો ક્યાંથી લાવું ?
અરે ! હાય સુઝયું મ્હને કેમ આ'વું ?
અરે ! હાથે કરીને મ્હેં લગાવી પેટમાં પાળી !
કુહાડાથી અરે ! કાપી હતી જે બેસવા ડાળી !
અહા ! ફળફૂલ દેનારા બગીચાને દિધો બાળી !
ખરેરે ! ! આવતી રોજી પ્રિયા ! સટ્ટો કરી ટાળી !
ખબર જો શેઠને પડશે કદી ના માફ–તે કરશે !
ખરા ખોટા તણો ખંતે અરે ! ઈન્સાફ–તે કરશે !
કર્યો સટ્ટો અરે ! મ્હેં તે સુણીને કોપ તે કરશે !
કરાવે કેદ તે મુજને દયા દિલમાં નહિ ધરશે !

* * * *

કથા આ કષ્ટની સુણતાં કલેજું કંથ ! ફાટે છે !
ઘરેણાં ને વળી પલ્લું પછી તે કોણ માટે છે ?
મુકી ગીરો અગર વેચી અનામત શેઠની આપો !
કરો ના નાથ ! કૈં ચિંતા ! કથોલું કષ્ટ આ કાપો !

* * * *

ઘરેણાં ના ગીરો મૂકું પિયરથી તું પ્રિયા ! લાવી !
નથી પત્લા પરે સત્તા ! થવાનું તે થશે ભાવી !

કરૂં કંગાલ ના તુજને સુખેથી કેદને સેવું !
જવા દે વાત એ વ્હાલી ! કરૂં ના કામ હું એ'વું !

*   *   *   *

વદો શું નાથ ! આ વાણી ? પરાયું કાં તમે જાણો ?
પિયરની શું હવે સત્તા ? પતિ ! તકરાર કાં તાણો ?
અપાયું દાન કન્યાને પિતાનો ના પછી દાવો !
ઘરેણાંને મુકી ગીરો રૂપૈયા રોકડા લાવો !
ભિખારી હો ! ભલે થૈશું તજીશું ટેક–ના પ્યારા !
મજૂરી અન્યની કરતાં ડગીશું છેક–ના પ્યારા !
ગણો ભરથાર ભામાનાં હૃદય શું એક–ના પ્યારા !
તમારો ને અમારો તે નવો છે નેક–ના પ્યારા !
કદાપી કષ્ટ જો પડશે સહીશું–કંથના માટે !
અરે ! વેરાન જંગલમાં રહીશું–કંથના માટે !
ભલે આ દેહને વેચો ! કહીશું–કંથના માટે !
અરે ! અપવાસ જો પડશે ચહીશું–કંથના માટે !

પતિ કાજ **તારામતી** કષ્ટ પામી,
હરિશ્ચંદ્ર જેવો હતો શિર સ્વામી;
બની અન્ય દાસી પતિ ઋણ વાળ્યું,
મહા કષ્ટ સ્વામી તણું સદ્ય ટાળ્યું !
સતી અન્ય કૈંએ કરી સ્વામી ભક્તિ,
મહા માન પામી મળી સદ્ય મુક્તિ;

સતી કૈં બળી ભસ્મ થૈ નાથ સાથે,
પતિ ભક્તિ એ'વી હણ્યા પ્રાણ હાથે !
અરે ! અલ્પજ્ઞાની કરી શું શકું હું ?
છતાં આપને નિજ આત્મા ગણું હું;
વૃથા વાદ મેલી ઘરેણાં વટાવો,
અહા ! રોકડા રૂપિયા નાથ ! લાવો !
નથી યોગ્ય હું આપને શિખ દેવા,
છતાં થાય ઇચ્છા અરે ! કૈંક કે'વા;
ક્ષમા આપની હે કૃપાનાથ ! માગું,
પછી શબ્દ એ નમ્રતા ધારી ભાખું !
મળે મ્હેનત તણી રોજી ખુશીથી નાથ ! તે ખાવી !
અવરની ના કરો ઇચ્છા ! વૃથા હા ! લોભ વરસાવી !
હરામી માલ મેળવવા કરે છે યત્ન જે સ્વામી !
ગુમાવે ગાંઠનું નાણું અતિશે કષ્ટ તે પામી !
હવે અફસોસને છોડી સલુણા શ્યામ છો શાણા !
કહ્યો તે યત્ન અજમાવી ભરોને શેઠનાં નાણાં !
નહિ શંકા ધરો કાંઇ નથી કૈં પારકું પ્યારા !
અરે ! આ દેહ છે અર્પણ સદા શિરછત્ર છો મ્હારા !

*　　*　　*　　*

પ્રતિમા પ્રેમની મ્હારી ! ભલી આ શિખ ત્હેં દીધી !
કસોટી પ્રેમની આજે અહાહા ? પુર્ણ મ્હેં કીધી !
તરૂણી ! મ્હેં તને તાવી ટકી તું તાપની પાસે !
અહાહા ! ધન્ય છે ! ભામા ! પતિ ભક્તિ ભલી ભાસે !

નથી સટ્ટો કર્યો મ્હેં તો ગુમાવ્યું છે નહિં નાણું !
પરિક્ષા પ્રેમની જોવા ત્રિયા ! મ્હેં મેળવ્યું ટાણું !
નથી એવી સકળ નારી ઘરેણું ગાંઠનું આપે !
સમય કળિયુગનો છે આ હૃદયમાં સ્વાર્થને છાપે !

* * * *

કરે સૌ તે અમે કીધું પરીક્ષા શું ત્હમે લીધી ?
કસોટી એ નહિ પ્યારા ! અહા ! હાંસી ત્હમે કીધી !
ભરીને ઝેરની પ્યાલી ! ધરો જો નાથ ! તો લઇએ !
હૃદયમાં નાથને લાવી ખુશીથી ઝેર પી-જઇએ !

હવે નાથ મ્હારા ! પધારો રસોડે !
જમાડું રસોઇ અહા ! આજ કોડે !
ફરી ના કરો આ પ્રમાણેજ હાંસી !
દુભાયે અતી આપની નાથ ! દાસી !

* * * *

અહા ! પ્રાણપ્યારી થયો ખેલ પૂરો !
જુગારી તણો છેજ અન્જામ બૂરો !
જુગારે જીતી તું પતિને હરાવી !
પતિ ભક્તિ ત્હેં આજ પૂરી જણાવી !

નમું કિરતાર કરૂણાળુ ! કૃપા તું હિંદ પર કરજે !
અહા ! સૌ હિંદવાણીમાં પતિ ભક્તિ સદા ભરજે !
વિનંતી આ કરી મ્હેં તે દયાળુ ! ધ્યાનમાં ધરજે !
અમારા હિંદનાં કષ્ટો અહા ! કિરતાર ! તું હરજે !

ટોળક બંધુને સવિનય વિનંતિ!

હરિગીત છંદ.

ઔદીચ ટોળકીયા તણા સંતાન છો શાણા તમે !
તમ જ્ઞાતિનો સેવક વિનય ને સ્નેહથી તમને નમે !
દિન અર્જ આ મમ એક છે દિલમાં ધરો તે દ્વિજવરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
જે આ સભાના કાયદા તે કયાંય પણ પોષાય ના !
મનને ગમ્યું સૌ કો' કરે પ્રતિબંધ તેનો થાય ના !
દુઃખકર કુધારા છે ઘણા જે બંધ કાં ના તે કરો ?
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
હાંસી કરે સૌ હોંશથી ભૂદેવ ભેગા થાય છે !
ભાષણ નકામાં ભરડતા હો ! હા ! કરી વેરાય છે !
ના ન્યાતનું ઘોળે કશું ડાહ્યા ઘણા છે દ્વિજવરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
છે વિપ્ર નેતા વિશ્વના પણ તે અનીતિ આદરે !
નહિ હીત ઇચ્છે આપનું તે અન્યનું કેવું કરે ?
અપવાદ એ ઓછો નથી પણ ધ્યાનમાં ના તે ધરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
સૌ કો' કહે કૈં વર્ષથી કૉંગ્રેસ ભેગી થાય છે !
ના ફંડ કૈં ભેગું કર્યું રે ! કયાં કુધારા જાય છે ?

રે ઉન્નતિ જ્ઞાતિ તનોને કેળવવીને કૈં કરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૅાન્ફરન્સો કાં ભરો ?
નવ બંધ થાતાં બાળલગ્નો બહુ બુરૂં તે થાય છે !
બાળા વરસ ષટ્ સાતની તે સાસરે સંધાય છે !
નિપજે પ્રજા નિર્બળ અરે ! તન સુખ ત્હેનું કાં હરો ?
હું પ્રેમથી પૂછું તમોને, કૅાન્ફરન્સો કાં ભરો ?
કૈં તો બિચારી બાળવિધવા અલ્પ વયમાં થાય છે !
સંસાર સુખ ચાખ્યા વિના ખૂણા વિષે ખડકાય છે !
શું દમ્પતીનો ધર્મ છે ? જાણ્યા વિના ના કૈં કરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૅાન્ફરન્સો કાં ભરો ?
રે ! દીકરીના દોકડા લેવાય છે નિજ ન્યાતમાં !
વય ગુણ કૈં જોવાય ના નાણું મળે જ્યાં હાથમાં !
બસ સુખ સૌ તનયા તણું હાથે કરીને કાં હરો ?
હું પ્રેમથી પૂછું તમોને, કૅાન્ફરન્સો કાં ભરો ?
હા ! વિત્ત હરવા વૃદ્ધ–રોગી–આંધળો પણ નવ જુવે !
હોયે અપંગ–અનાથ–નિર્બળ નાંખતા કન્યા કુવે !
રંડાય કે છંડાય તે દિલમાં દયા કૈં ના ધરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૅાન્ફરન્સો કાં ભરો ?
નવ બંધ થાતાં બારમાં લાડુ ઉડાવો લ્હેરમાં !
દેવું કરી દા'ડો કરો નવ ખાખ ખાવા ઘેરમાં !
ચગદાઇ પરના રણ તળે જીવતર અકારૂં કાં કરો ?
હું પ્રેમથી પૂછું તમોને, કૅાન્ફરન્સો કાં ભરો ?

જે ઘેર મૃત્યુ હોય ત્યાં રો–પીટ ઝાઝી થાય છે !
પણ બારણામાં પ્રેમથી પકવાન તો પીરસાય છે !
મૃત્યુ ભણે હો યુવકનું પણ મુખમાં મોદક ધરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
સીમંતમાં પણ ખર્ચ છે બીજી રૂઢી ના છાજતી !
નિચ ઢોલી સાથે નારીઓ નખરાં કરીને નાચતી !
વગડાવી વાજાં વહાલથી કાં લોકને ભેગા કરો ?
હું પ્રેમથી પૂછું તમોને કૉન્ફરન્સો કાં ભરો ?
વળી લગ્નનાં છે ખર્ચ મ્હોટાં તે કમી કૈં થાય ના !
ઘર બાળીને તીરથ કરો એ આંખથી જોવાય ના !
ઘરમાં મળે ના અન્ન ને પ્હેરી પિતાંમ્બર કાં ફરો ?
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
ગાયે ફટાણાં નારીઓ નિજ લાજને નેવે મુકી !
બસ સાંભળો છો હોંસથી ચતુરાઇ કાં જાઓ ચુકી ?
રે ! સાંભળે મા–બ્હેન પણ ના ધ્યાનમાં તેને ધરો !
હું પ્રેમથી પૂછું તમોને કૉન્ફરન્સો કાં ભરો ?
"ઊંચા અમે" કોઇ કહે "કન્યા બીજે ના આપીએ !"
"પણ આપનારો હોય તો બે ઉપર ત્રીજી સ્થાપિયે !"
"કન્યા રડે રખડે ભલે પ્હેરામણી પ્હેલાં ધરો !"
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
એ વણુ બીજા કૈં દોષ છે તે ક્યાં જરા જોવાય છે ?
નિર્ધન અને નિસ્તેજ જ્ઞાતી ભાઈ થાતા જાય છે !

દે શિખ યા ભય-દંડથી અટકાવ બસ તેનો કરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
ખોટાં ખરચ અટકાવોને પૈસા ભરાવો ફંડમાં !
તન કેળવો જ્ઞાતી તથા બસ નામના નવખંડમાં !
થાયે ઉદય કૈં આપણો એવા ઈલાજો આદરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
રે ! એકડાને બેખડાની રીત કૈં સારી નહિં !
વિભાગ પાડો જ્ઞાતિના એ ભૂલ શું ભારી નહિં !
સૌ સંપસંપીને રહો કન્યા અછત શાને કરો ?
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
લ્યો જૈન કેરો દાખલો કૉન્ફરન્સ તેઓની ખરી !
તારી અહા ! નિજ ન્યાતને કૈં કૈં સુધારાઓ કરી !
રે ! કેમ સુધરે અન્ય ને કાં આપ અંધારે ફરો ?
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
કૉન્ફરન્સ ભરવાની મના મ્હારી નથી શાણા સુણો !
આરંભ છે એ ઉદયનો છે લાભ એ માંહી ઘણો !
પણ ખંત રાખીને ખરી "યાહોમ" પગ આગળ ધરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?
અંતર બળે માટે કરી કટુ વચન આ બોલાય છે !
પણ તે બદલ સૌ સુજ્ઞની "**મણિકાન્ત**" માફી ચ્હાય છે !
રે ! બોલવું બાકી રહ્યું તડભેદને પણ પરહરો !
હું પ્રેમથી પૂછું તમોને, કૉન્ફરન્સો કાં ભરો ?

(૨૧૯)

કૈંક વર્ષે નિદ્રામાંથી જાગ્રત થએલું બાળક !

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાહ.)

નીર ભર્યાં કાં નયન વિષે ઓ માવડી ?
મ્લાન થયું તુજ મૂખ કહે શ્યા માટજો ?
યૌવન ને ગૌરવ તે ત્હારૂં કયાં ગયું ?
તેજ વિનાનો આ શું ? ત્હારો ઘાટજો ! નીર૦

કેશ બધા વિખરાઈ પડયા પૃથ્વિ પરે,
મસ્તિક મુકયો હસ્ત કહે શા કાજજો ?
મહારાણી સમ ઓ માતા ! તું તો હતી,
કયાં છે ? ત્હારૂં મણિમુક્તામય તાજજો ! નીર૦

લીલી ને સુંદિર સાડી તું ઓઢતી,
જીર્ણ વસ્ત્ર તુજ અંગ પરે છે આજજો;
આભૂષણુ ત્હારાં માતાજી કયાં ગયાં ?
એ વૈભવ શું ? હાય ! થયો તારાજજો ! નીર૦

મંદિર સુંદિર કયાં છે ? માતા આપણું,
નંદન વન સમ વાડી ના દેખાયજો;
વૃક્ષ નીચે વાસો માતા ત્હેં કાં કર્યો ?
આ જંગલ છે ચો દિશ ખાવા ધાયજો ! નીર૦

ઓ માતા ! અત્રે બેઠી તું એકલી,
નોકર, ચાકર, નજરે ના દેખાયજો;
શાણા ભ્રાતા સર્વે મ્હારા કયાં ગયા ?
અવલોકી અંતરમાં કૈં કૈં થાયજો ! નીર૦

સંપરામ સ્નેહી તે ના નજરે પડે,
ભગિની ત્હેની લક્ષ્મી કયાં ? હે માતજો;
ધર્મરામ મમ તાત તજીને કયાં ગયા ?
કયાં છે ? કયાં છે ? સુખકારક એ સાથજો ! નીર૦

આ શું દેખું ? બંધુ મ્હારા ઊંઘતા,
રક્ત તણા છાંટા આ જો ! દેખાયજો;
દુર્ગંધી દારૂની અત્રે આવતી,
તે સર્વે મુજથી કૈં ના સમજાયજો ! નીર૦

માતાજી બોલોને મુગાં કાં રહ્યાં ?
સર્વ કથા સાંભળવા છું તૈયારજો;
હિમ્મતવાળી ઓ માતાજી ! તું હતી,
હજુ વહે છે આંસુડાં ચોધારજો ! નીર૦

× × × ×

કષ્ટ તણી કથનીઓ બેટા ! શું કહું ?
અરે ! હાય ! એ કે'તાં નાવે પારજો;
તેમ છતાં સમજાવું હું ટુંકાણમાં,
સમજીને મેળવજે સઘળો સારજો ! કષ્ટ૦

કુસંપરાજા આવ્યો આ નગરી વિષે,
સર્વ જણે તેનો કીધો સત્કારજો;
સંપરામ સ્નેહી સાથે ટંટો કરી,
હાંકી કાઢયા નગ્ર તણી રે! બ્હારજો ! ક૦૮૦

સંપરામની સાથે હા ! લક્ષ્મી ગઈ,
ધર્મરામ પણ ગયા તજીને ધામજો;
મદ્યપાન મહેમાન બનીને આવીયો,
આપ્યું તુજ ભ્રાતાએ ત્હેને ઠામજો ! ક૦૮૦

મદ્યપાન ને કુસંપરાજાએ મળી,
કરી દશા માઠી મ્હારી નિરધારજો;
છું દુઃખણી મ્હારૂં કોઇ બેલી નથી !
કેમ વહે ના ? આંસુડાં ચોધારજો ! ક૦૮૦

હળધરવાસનો ગરબો

(સારૂં સારૂં રે સુરત શહેર—એ રાહ.)

હરિયાળું હળધરવાસ, વેત્રવતી તીરે,
વૈશ્નવ જનનો છે વાસ, વેત્રવતી તીરે.
સુંદર શોભા ગામ તણી છે, મૂખે કહી નવ જાયરે;
રચના રૂડી અવલોકીને, મુજ મનડું લોભાય. વેત્રવતી તીરે

પ્રથમ પહેલાં દર્શન કરીએ, ભીમનાથ મહાદેવરે;
જીવરામ બાવો હેતે નિત્યે, કરે તેમની સેવ. વેત્રવતી તીરે.

ભીમનાથના દેવળ પાસે, સોમનાથ સોહાયરે.
બાગ કુવાની રચના દેખી, મમ અંતર લોભાય. વેત્રવતી તીરે.

ધર્મશાળાનું ધામજ મ્હોટું, વૈષ્ણવનું કહેવાયરે;
જતા આવતા જન ઉતરે છે, વિશ્રાન્તિ લેવાય. વેત્રવતી તીરે.

દવાખાનું છે દીપતુંરે, દરબારી કહેવાયરે;
દરદીને ઔષધ ત્યાં મળતું, દુઃખ તેનું દૂર થાય. વેત્રવતી તીરે.

ત્યાંથી ચાલ્યા દૂર જરા કે, હાટ તણી છે હારરે;
ગાંધી કાપડીઆ ને કણીઆ, દરજીને સોનાર. વેત્રવતી તીરે.

ઘાંચી મોચી ને પરજાપત, રંગરેચ સુથારરે;
ધમધોકારે ધંધો કરતા, ડરતા નહિ તલભાર. વેત્રવતી તીરે.

આસપાસના ગામ વિષે તો, શહેર સમું પંકાયરે;
માલ મળે છે મનનો માન્યો, જે તે, લેવા જાય. વેત્રવતી તીરે.

અડબોલી ને હાથરોલી છે, બારમું વાડું રૂડુંરે;
સરસવણી ને છીંપીઆલ છે, ભલું ગામભર કુંડું. વેત્રવતી તીરે.

એ સહુ ગામતણીવચ્ચે છે, **હળધરવાસ** આબાદરે;
ગામડીઆ જન કેરૂં તે તો, નાનું અમદાવાદ. વેત્રવતી તીરે.

બજાર મુકી આગળ ચાલ્યા, મંદીર આવે મો'ટુંરે;
રાધા ને ઘનશ્યામ બિરાજે, દર્શન વિણ સહુ ખોટું. વેત્રવતી તીરે.

દરબાર આવ્યો દીપતોરે, ઠાઠજ તેનો ભારીરે;
મુખી તલાટી તેમાં બેસે, ઉતરે છે અધીકારી. વેત્રવતી તીરે.

મંદીરનાથી પૂર્વ દિશાએ, વૈશ્ય તણાં છે ધામરે;
ઉત્તરમાં પણ વૈશ્ય વસે છે, બ્રાહ્મણનો મુકામ. વેત્રવતી તીરે.

મંદીર સ્વામીનારાયણનું, તે પાસે હનુમાનરે;
વલ્લભ કુળની બેઠકમાં, જન કરતા હરિનું ગાન. વેત્રવતી તીરે.

બેઠકની શોભા સુંદીર છે, મૂખે કહી નવ જાયરે;
નવરાત્રીના નવા દિવસમાં, માંડવડી મુકાય. વેત્રવતી તીરે.

ત્યાંથી આગળ ચૅારામાં છે, અંબાજીનું ધામરે;
બળવંતો હનુમાન બિરાજે, જોવા જેવું કામ. વેત્રવતી તીરે.

ચૅારાની સ્હામે શેરીમાં, બ્રાહ્મણનો મુકામરે;
અંબાલાલે બંધાવેલું ધર્મશાળાનું ધામ. વેત્રવતી તીરે.

વેત્રવતીના ઢાળ ઉપર છે, ગુજરાતી નિશાળરે;
ભણતાં ગણતાં પાઠ શિખતાં, નાનાં મ્હોટાં બાળ. વેત્રવતી તીરે.

દક્ષિણ ઉત્તર લીંબડી બહુચર, માત તણાં છે ધામરે;
વેત્રવતી ગંગા ઉતરીને,લઊં ભૃગુઋષિનું નામ. વેત્રવતી તીરે.

ધન્ય ધન્ય છે ભૃગુઋષિને, જંગલના છે રસીયારે;
આગળ પાછળ ઝાડ ઝુંડ છે, વચમાં પોતે વસીયા. વેત્રવતી તીરે.

ભૃગુઋષીની સ્હામી પાળે, પારાસુર બિરાજેરે;
દેવળની રચના રઢીઆળી, મનડું મારૂં રાચે. વેત્રવતી તીરે.

વ્યતિપાત જે દિવસે હોયે, મહા પૂજા અહીં થાતીરે;
ભેગા થઇ બ્રાહ્મણ આવે છે, ભક્તિ ત્યાં હરખાતી. વેત્રવતી તીરે.
ઘણા દાકતરોનો મત એ છે, હવા અહીંની લેશેરે;
શરીર સંપતિનું સુખ પામે, દેહ નિરોગી રે'શે. વેત્રવતી તીરે.
બે શંકરની વચમાં વાત્રક, પૂર્વ દિશાએ વહે છેરે;
અહીં ન્હાવાથી પુણ્ય ઘણું છે, શાસ્ત્ર પુરાણો કહેછે. વેત્રવતી તીરે.
ગામતણી ઉત્તર બાજુમાં, કોટ કુવો વિખ્યાતરે;
બ્રાહ્મણ કેરો વાસ હતો ત્યાં, બ્રહ્મપુરી પ્રખ્યાત. વેત્રવતી તીરે.
એ વીણ રચના અન્ય ઘણી છે, કહેતાં ના'વે પારરે;
સર્વ મળીને જન્મભૂમિનો, બોલો જય! જયકાર! વેત્રવતી તીરે.
સંવત ઓગણી પાંસઠ કેરા, ફાગણ સુદી બીજરે;
ગરબો ગાયો 'શંકરલાલે,' હરિની ઇચ્છાથીજ. વેત્રવતી તીરે.

નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જનું હિંદમાં આગમન !

(તા. ૧-૧૨-૧૯૧૧).

(કામણ દીસે છે અલબેલા ત્હારી આંખમાં રે-એરાહ.)

રાજા જ્યૉર્જ પાચમા ભરત ભૂમિમાં આવશેરે. રાજા.
ઠામ ઠામ તૈયારી થઇ છે. ગામે ગામ વધાઇ ગઇ છે;
હીંદ તનૂજો માટે કૈં કૈં લાવશેરે. રાજા.

રાજા રાણી હિંદ પધારે, ભરત ભૂમિનાં માન વધારે;
મહારાણી સહ દીલ્હી તખ્ત દિપાવશેરે. રાજા.

ધામધૂમ મુંબઈમાં થાયે, ઇંદ્રપુરી સમ સૌ દેખાયે;
ધ્વજા વાવટાથી રસ્તા સોહાવશેરે. રાજા.

દરવાજા જ્યાં ત્યાં દેખાયે, દીવાનાં તોરણ બંધાયે;
ફુલ લાઇટથી બિલ્ડીંગો શોભાવશેરે. રાજા.

રાજાજીનાં દર્શન કરવા, અંતરની આશીષ ઉચરવા;
બ્હાર ગામથી રૈયત ઝાઝી આવશેરે. રાજા.

મંડપ ઍપૉલોપર કીધો, અસંખ્ય બેઠકથી ભર્રી દીધો;
રાજા રાણી માનપત્ર સ્વીકારશેરે. રાજા.

તારીખ બીજીને શનિવારે, ડીસેમ્બરની સાયંકાળે;
હિંદ ભૂમિને નિજ પદથી દિપાવશેરે. રાજા.

મુંબઇથી દીલ્હી ઉપડશે, તારીખ બારે તખ્તે ચ્હડશે;
હીંદ તનૂજો ફુલ વૃષ્ટિ વરસાવશેરે. રાજા.

ભલે પધારો રાજા રાણી, ખરો સ્નેહ અંતરમાં આણી
જુગ જુગ જીવી સદ્કીર્તિ ઝળકાવશેરે. રાજા.

નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ ભલે પધારો !

(તા. ૨-૧૨-૧૯૧૧.)

—ગઝલ—

અહા આનંદ છે આજે, પધારો જ્યૉર્જ મ્હારાજા;
તખતપર બેસવા કાજે, પધારો જ્યૉર્જ મ્હારાજા !

સુરજ સોના તણો ઉગ્યો, દિવસ દેખું દીવાળીનો;
મધુર વાજાં અહા ! વાજે, પધારો જ્યૉર્જ મ્હારાજા !

સ્ટીમર સ્વારી લઇ આવી, ફુટે તોપો વધાઇની;
ધડાકાથી ગગન ગાજે, પધારો જ્યૉર્જ મહારાજા !

ભલે આવ્યાં મહારાણી, રહમ રૈયત પરે આણી;
કદમ તમ હીંદમાં છાજે, પધારો જ્યૉર્જ મ્હારાજા !

અહા ! રૈયત ઉમંગી છે, તમારૂં મુખ જોવાને;
અમારા દેશની દાઝે, પધારો જ્યૉર્જ મ્હારાજા !

અમારી એ વફાદારી, તમારૂં શુભ ચાહીશું;
અમે આનંદમાં આજે, પધારો જ્યૉર્જ મ્હારાજા !

તમે જે કારણે આવ્યા, સફળ તે કાજ તમ થાજો;
સુયશ સૌ દેશમાં ગાજે, પધારો જ્યૉર્જ મ્હારાજા !

હિતેચ્છુ હિંદના પ્યારા, પ્રજાને ભેટવા આવ્યા;
અચળ હો! તખ્તને તાજે, પધારો જ્યૉર્જ મ્હારાજા !

ફરીથી હિંદમાં આવી, અમોને દર્શ દેવાની;
કરી છે મ્હેર મહારાજે, પધારો જ્યૉર્જ મ્હારાજા !

સફળ હોજો સફર સરવે, દુવા દિલની અમારી એ;
પ્રભુજી સ્હાય તું થાજે, પધારો જ્યૉર્જ મ્હારાજા !

રાજ્યાભિષેકનો શુભ દિવસ !

(તા. ૧૨-૧૨-૧૯૧૧.)

—સોરઠો—

આજ ખુશી હદપાર, હિંદ ભૂમિના પડ પરે;
છે દીલ્લી દરબાર, તખ્ત બિરાજે રાજવી !

ગઝલ-સોરઠી.

છે ધન્ય ! ઘડી પળ આજની, છે મ્હેર શ્રી જગરાજની;
જય ! શહેનશાહી તાજની, જય ! જ્યૉર્જ શ્રી મહારાજની ! છે.

ધન્ય ! આજનો શુભ વાર છે, દીલ્લી રૂડો દરબાર છે;
ત્યાં તખ્ત પર ચ્હડનાર છે, જય હિંદના શિરતાજની ! છે.

દીલ્લી દીસે અલકાપુરી, જયમ સ્વર્ગની શોભે હુરી;
હિંદી પ્રજા હર્ષાતુરી, જય ! આજના શુભ કાજની ! છે.

રાજા અને રાણી તણું, આયૂ વધો વિભૂજી ઘણું;
સદ્‌ભાવથી આશીષ ભણું, છે પ્રીત ! હીંદ સમાજની ! છે.

બહુ રાજ્ય હિંદ પરે કરો ! અમ માગણી ઉરમાં ધરો !
અમ દેશનાં દુ:ખને હરો ! જય ! જય ! તમારા રાજ્યની ! છે.

માફી અને સલામ !

—ગઝલ—

અમારી કો' કવિતાથી, અરે ! માઠુ હશે લાગ્યું;
મુરબ્બી માફ તો કરજો, વચનનું બાણ જો વાગ્યું.
કવિતાની કસુર કૈં ના, કલમને કોપથી કાપો;
લખે છે લોકની નીંદા, ભલે બદલો તમે આપો.

× × × ×

વિવેકે જો વિચારો તો, કલમની પણ કસુર છે ના;
કલમ ધરનાર એ કરને, કરો શિક્ષા હવે તો હા !

× × × ×

કરે શું ? કર બિચારો એ, રહ્યા આધિન અંતરને;
કહે જે તે મુજબ કરતો, કરો બસ કેદ એ મનને.
પરાયાં છીદ્ર જોવાની, બુરી આદત–પડી એને;
પછી પોગળ પકડવામાં, પુરી લહઝત–પડી એને.

× × × ×

મહા મસ્તાન એ મન છે, કદી કબજે નહિં થાયે;
પ્રવેશે સદ્ય પાતાળે, ઉડી આકાશમાં જાયે.
જવા દ્યો નામ ઝાલિમનું, તમારૂં જોર ના ચાલે;
ગુન્હો તેનો ગણાયે ના, બિચારો ! રાસ્ત મત આલે.

× × × ×

બિરાદર દરગુજર કરજો, પધારો ! આવજો પ્યારા !
જીગરની સો સલામો છે, કબુલ તે રાખજો પ્યારા !

“ મણિકાન્ત ”

પ્રસ્તાવિક કાવ્ય સમાપ્ત.

શ્રી હરિ.

શુભાશિષ !

—ગઝલ—

હિમાચળની સુતા તેનો કરી આનન તનય છે જે;
સુબુદ્ધિ સર્વને દે છે, "કરે રક્ષા તમારી તે"!
જગતને જાળવે છે જે દધી જામાત્ર દૈવી એ;
પન્નાંગે આપ પોઢે છે, "કરે રક્ષા તમારી તે"!
સુતા જે શૈલની શાણી ગ્રહ્યો છે તેહનો પાણી;
વૃષભપર વ્હાલથી બેસે "કરે રક્ષા તમારી તે"!
કમળમાં વાસ કરનારો જગતમાં જીવ ભરનારો;
ચતુરાનન કહાવે છે "કરે રક્ષા તમારી તે"!
હણાવ્યો તાતને જેણે ગુમાવ્યો દેહનિજ-યજ્ઞે;
ત્રિનયની પાસ જે રહે છે "કરે રક્ષા તમારી તે!"
અકળ બળ છે ગદાધારી રહ્યા જે બાળ બ્રહ્મચારી;
પનોતી પાય દાબી છે "કરે રક્ષા તમારી તે"!
તિમીરને ટાળનારો જે, સદા આકાશમાં રહે છે;
બિરાજે સપ્તસુખ અશ્વે "કરે રક્ષા તમારી તે"!
સકળ દેવો દયા કરજો તમારાં વિઘ્ન સૌ હરજો;
સુઆશિષ એ અમારી છે "કરે રક્ષા તમારી તે"!

"મણિકાન્ત"

નૂતન વર્ષે હીંદ દેવીની શુભાશિષ !

—ગઝલ—

મધુરાં બાળકો મ્હારાં ! મુબારક સાલ આ નવલી;
અહાહા ! ! આપને પ્યારાં ! મુબારક સાલ આ નવલી !
રહો સૌ કષ્ટથી ન્યારા, સકળ સુખ ભોગવો સારાં;
થજો આનંદની ધારા, મુબારક સાલ આ નવલી !
વધો ભંડારમાં રિદ્ધિ, વચનની પામજો સિદ્ધિ;
થજો સંતાનની વૃદ્ધિ, મુબારક સાલ આ નવલી !
સુયશ સર્વે સ્થળે સ્થાપો, દયા હરદમ હૃદય વ્યાપો;
અનાથોને મદદ આપો, મુબારક સાલ આ નવલી !
વધો આયૂષ્યની દોરી, ભરો સત્કર્મની ઝોળી;
જીવન પરમાર્થમાં જોડી, મુબારક સાલ આ નવલી !
મુબારક સાલ વિક્રમની, પ્રભુ આશા પૂરે મનની;
ફળો આશીષ અંતરની મુબારક સાલ આ નવલી !

"મણિકાન્ત"

"સાલ મુબારક!"



"મધુરાં બાળકો મ્હારાં! મુબારક! સાલ આ નવલી!
અહાહા!! આપને પ્યારાં! મુબારક! સાલ આ નવલી!"

"મણિકાન્ત."



હિંદભૂમિ હે માત! નિર્મળ ત્હારા ઉદર પર;
ગુણવંતી ગુજરાત! પાલવ સમ પથરાઈ છે. "મણિકાન્ત."

ગુજરાત-સ્તોત્ર.

જય ! ગરવી ગુજરાત !

હરિગીત.

દુનિયા તણા સૌ દેશમાં ભારત સકળથી શ્રેષ્ઠ છે !
જન જીવન અર્થે નિપજતું અતિ અન્ન માટે જયેષ્ટ છે !
તેમાં વળી પ્રખ્યાત ! હે ! ગુજરાત ! તું ઝરતી અમી !
જય ! જય ! જગતવિખ્યાત ! ગરવી માત ! જય ! ગુજર્જર ભૂમિ !

જય ભગવતી ! રસકસવતી ! તું છે ભૂમિ મનરંજની !
દુહિતા દયાળુ હિંદની હે ! પૂજ્ય ! પરદુઃખભંજની !
જોડી જડે ત્હારી ન કૈં જોતાં જગત આખુ ભમી !
જય ! જય ! જગત વિખ્યાત ! ગરવી માત ! જય ! ગુજર્જર ભૂમિ !

નિપજે અનાજ અપાર તુજમાં કૈંક ચીજો પાકતી !
ફળફૂલ પલ્લવ ઘાસ બારે માસ અઢળક આપતી !
દહીં દૂધ માખણ ઘૃત તણી તુજ રાજ્યમાં ના કૈં કમી !
જય ! જય ! જગત વિખ્યાત ! ગરવી માત ! જય ! ગુજર્જર ભૂમિ !

નિર્મળ નદી નાળાં નવાણો નીરથી ભરચક રહે !
જંગલ અને ખેતર લીલાં તેમાં મધુર વાયુ વહે !
નિર્ભય બની પક્ષી પશુ આનંદમાં રહેતાં રમી !
જય ! જય ! જગત વિખ્યાત ! ગરવી માત ! જય ! ગુર્જર ભૂમિ !

બળવંત ને રણધીર કૈં શૂરવીર પાકયા તુજ કુખે !
હે માત ! ત્હારા માટ કૈં રણમાં પડ્યા સ્હામા મુખે !
રાજા મહારાજા થયા કૈં દેશ જીત્યા ઘા ખમી !
જય ! જય ! જગત વિખ્યાત ! ગરવી માત ! જય ! ગુર્જર ભૂમિ !

કૈં શિયળવંતી નારીઓ નિજ શિયળને સંભાળવા !
ના પ્રાણની પરવા કરી પ્યારૂં પતિવ્રત પાળવા !
કૈં તો સતી થઈ નાથ સાથે દેહને અનહદ દમી !
જય ! જય ! જગત વિખ્યાંત ! ગરવી માત ! જય ! ગુર્જર ભૂમિ !

પ્રખ્યાત ને આબાદ સુંદર ગામ ત્હારા પડપરે !
તેમાં વસી તુજ બાળકો કલ્લોલમાં ક્રીડા કરે !
છે પૂર્ણ શ્રદ્ધા ધર્મમાં નિજ દેવ મૂર્તિ દિલ રમી !
જય ! જય ! જગત વિખ્યાત ! ગરવી માત ! જય ! ગુર્જર ભૂમિ !

માતા પ્રશંસા શું કરૂં ? તુજ ગુણ ગણના થાય ના !
ઉપકાર છે અગણિત અમો પર આ ભવે ભૂલાય ના !
જય ! જય ! થજો ! ત્હારો કથે **મણિકાન્ત** તુજ ચરણો ચૂમી !
જય ! જય ! જગત વિખ્યાત ! ગરવી માત ! જય ! ગુર્જર ભૂમિ !

જય ! જન્મભૂમિ ! वंदेमातरम् ! “ મણિકાન્ત ”

ૐ



ગુજરાત સ્તોત્ર.



(ગુર્જર રાજ્યના ટુંક ઇતિહાસ સાથે.)

સોરઠા.

હિંદભૂમિ હે માત! નિર્મળ ત્હારા ઉદર પર;
ગુણવંતી ગુજરાત, પાલવ સમ પથરાઈ છે.

*　　*　　*　　*　　*

જય ! ગરવી ગુજરાત ! માતૃભૂમિ ભારત સુતા !
જય ! જય ! જગ વિખ્યાત ! વખાણુ ત્હારાં શું કરૂં ?

ગણાય હિંદુસ્થાન, વાડી વિશ્વંભર તણી !
તેમાં તું ગુજરાત ! મિષ્ટ દ્રાક્ષનો માંડવો !

અસંખ્યનો આધાર, પોષક હે પરમેશ્વરી !
અન્નપૂર્ણા અવતાર ! તું દેવી સૌન્દર્યની !

ખેતર રમ્ય રસાળ ! નિર્મળ કૈં નદીયો વહે !
લીલાં વૃક્ષ વિશાળ ! નંદન વન સમ વાડીઓ !

માતા બારે માસ, લીલી સાડી તું સજે !
ફળફૂલ પલ્લવ ઘાસ, અનાજ અઢળક આપતી !

બળદ ભેંસ ને ગાય, પળાય છે બહુ પ્રેમથી !
ઘૃત માખણ દહીં થાય, જળ સમ પય વપરાય છે !

ગામ ઘણાં પ્રખ્યાત, દેવાલય જ્યાં દીપતાં !
" ધર્મ ઘેલી ગુજરાત, " શ્રદ્ધાથી સેવા કરે !

કુવા તળાવ અપાર, જંગલ મંગલમય દીસે !
નિર્ભય થઈ તે ઠાર, પશુ પક્ષી કીડા કરે !

અનાથ અને અપંગ, સાધુ સંત ભીખારીઓ !
નિર્બળ પ્રાણી અસંખ્ય, પોષે તું પરમેશ્વરી !

કરે વિદેશી વાત, હિંદ તણો હીરો ખરો !
છે ગરવી ગુજરાત, કાચું સોનું સાંપડે !

પોષે તું નિજ બાળ, ને પોષે પરદેશનાં !
જય! જય! જય! જીવપાળ! પરદુઃખ ભંજન હે! ભૂમિ !

પૃથ્વી અક્ષયપાત્ર, કલ્પવૃક્ષ સમ ઝાડ સૌ !
કામધેનુ ગૌ માત્ર, ગણાય છે ગુજરાતની !

જય ! ગરવી ગુજરાત ! ગરવાં ત્હારાં બાળકો !
ભોળાં ને નિભ્રાંન્ત, આત્મ તત્વને ઓળખે !

પર દુઃખ દેખી આપ, આંખ વિષે અશ્રુ ભરે !
જીવ હીંસા એ પાપ, જાણે જન ગુજરાતના !

મહેમાનોને માન, દિલભર દેવાને સદા !
પાથરતા નિજ પ્રાણ, પ્રેમ થકી ગુજરાતીઓ !

વિદ્યાનું રહેઠાણ, સાહિત્યે તું શોભતી !
કવિ લેખકની ખાણ, ગુણવંતી ગુર્જર ભૂમિ !

જય ! જનુની ગુજરાત ! શૂરવીર પાકયા તુજ કુખે !
માતા ત્હારા માટ, પ્રાણ સમર્પણ કૈં થયા !

જયશીખર, વનરાજ, સિદ્ધરાજ, મૂળરાજ સૌ !
લઢયા રાખવા લાજ, કરણે મર્ણ ગણ્યું મીઠું !

જન્મભૂમિ ! જય ! માત ! ગુણ ગણના તુજ થાયના !
હશે કોણુ કમજાત ? માતૃભૂમિનું માન નહિં !

માતા ત્હારૂં માન, સાચવવા સંતાન સૌ !
કરે શિર કુરબાન ! તો પણ બદલો ના વળે !

અગણિત મા ઉપકાર ! બાળક ત્હારાં શું બૂજે ?
ધન્ય ! ધન્ય ! અવતાર જે ત્હારા માટે મુઆ !

× × × × × ×

પ્રથમ **વલ્લભીપુર**, રાજ્યધાનો ગુજરાતની;
અઢાર રાજા શૂર, બસો વર્ષમાં થઇ ગયા.

શિવમાર્ગી રાજન, **શિલાદિત્ય** છેલ્લો થયો;
ત્હેના સમયે અંત, આવ્યો **વલ્લભીપુરનો**.

પછી **ચાવડા** વંશ, **પંચાસર** ગાદી ગઈ;
જયશીખરનો ધ્વંશ, કરી **ભૂવડ** રાજા થયો.

નિજ જનુનીની કુખ, શોભાવી **જયશિખરે**;
રાખી સ્હામું મુખ, રણઘેલો રણમાં પડયો !

સાળો વીર **સુરપાળ**, જયશિખર રાજા તણો;
તેણે લીધી ભાળ, ગર્ભવંતી નિજ બ્હેનની.

પ્રગટયો પૂરે માસ, દીપ ચાવડા વંશનો;
વનમાં જનમ્યો ખાસ, નામ **વનૂ** ધારણ કર્યું.

બાળાકુંવર **વનરાજ,** જયશિખરનો ઉછર્યો;
તેણે **ગુર્જર તાજ,** વન વેઠી ધારણ કર્યું.

પવિત્ર **સરસ્વતી** તીર, **પાટણ** શે'ર વસાવીને;
ત્હેને સ્થાપ્યું સ્થીર, પાટનગર ગુજરાતનું.

સુંદર અનુપમ શહેર, **અણહિલ્લપુર પાટણ** હતું !
લક્ષ્મીની ત્યાં લ્હેર, હતી અહા ! અલકાપુરી !

.વણીક **ચાંપો** ખાસ, મંત્રીશ્વર વનરાજનો;
પાવાગઢની પાસ, **ચાંપાનેર** વસાવીયું.

માતા ! ત્હારૂં તેજ ! વનરાજે વિકસિત કર્યું;
પ્રથમ કરી તેણેજ, ગુર્જર રાજ્યનીં સ્થાપના !

વર્ષ શાન્તિથી સાઠ, વનરાજે વહિવટ કર્યો;
એકંદર નૃપ સાત, થયા ચાવડા વંશમાં.

છેલ્લો નૃપ **સામંત,** નબળો ને વ્યસની હતો;
તેથી આવ્યો અંત, જયશિખરના વંશનો.

મુકી શિર પર તાજ, રાજા ગુર્જર દેશનો;
સોલંકી મૂળરાજ, મામાને મારી થયો !

પરાક્રમી મૂળરાજ, બળવતો બહાદુર હતો !
તાબે કીધા તાજ, કચ્છ અને **સોરઠ** તણા !

સોલંકી કુળ ભાણુ, રાજ્ય વધાર્યું શૌર્યથી;
ફરતી ત્હેની આણ, **આબુથી** રેવા સુધી.

રૂદ્રમાળ વિખ્યાત ! બંધાવ્યો **સિદ્ધપુરમાં;**
સ્થળે સ્થળે ગુજરાત, શિવાલયો સ્થાપિત કર્યાં.

મહારાજા મૂળરાજ, પછી ચાર રાજા થયા;
હાલ્યું ગુર્જર તાજ, **ભીમદેવના** વખતમાં.

ગીઝનીનો સુલતાન, **મહમદ** તે ગુજરાત પર;
કરવાને તોફાન, ઓચિંતો આવ્યો ચઢી !

ભીમદેવ બહાદુર, હતું તેટલું સૈન્ય લઇ !
અટકાવા તે પૂર, **પ્રભાસપાટણ** પર ગયો !

યુદ્ધ થયું તે ઠાર, રજપૂતો શૂરથી લડયા;
ગુર્જરપતિની હાર, થતાં યવન ઉન્મત્ત બન્યા.

દેવળ લૂટયું ખ્યાત ! **સોમનાથ મહાદેવનું !**
ધર્મઝનુની જાત, શિવલિંગના કડકા કર્યા !

કરી ઘણું નુકસાન, અખૂટ દૌલત લઇને;
ગીઝનીનો સુલતાન, મહમદ ગયો સ્વદેશમાં.

સંભાળ્યું નિજ રાજ્ય, આવી પાટણમાં ભીમે;
પછી કર્યું એ કાજ **સીંધ** દેશને સર કર્યો.

વણિક **વિમળશા** એક, થયો ભીમના સમયમાં;
દે'રાં કર્યાં અનેક, **આરાસુર**, **આબુ** પરે.

ભીમ પછીથી કરણ, બેઠો રાજ્યાસન પરે;
તેણે કીધાં શરણ, **ધંધુકા**, **મહેવાસને**.

મોઢેરા છે ગામ, ત્યાં તેણે ઉત્સાહથી;
કરણસાગર નામ, તળાવ બંધાવ્યું રૂડું.

સોલંકી **સિદ્ધરાજ**, કરણ પછી રાજા થયો;
રૂદ્રમાળનું કાજ, અપૂર્ણ તે પૂરૂં કર્યું.

કૈંક કુવાને વાવ, સિદ્ધરાજે બંધાવીને;
સહસ્ત્રલિંગ તળાવ, ખોદાવ્યું પાટણપુરે.

મુનસર અને **મલાવ**, **વિરમગામ**, **વિરાટમાં**;
બે પ્રખ્યાત તળાવ, બંધાવ્યાં **માતુશ્રીએ**.

નિજ કબુલેલી નાર, રંભા **રાણકદેવડી** !
તેને રા'ખેંગાર, **જુનાગઢનો** લઈ ગયો !

શિક્ષા કરવા કાજ, અને **પદ્મિની** આણવા;
સોલંકી સિદ્ધરાજ, સૈન્ય લઇ ગઢ પર ગયો.

ગઢનાં દીધાં દ્વાર, ખેંગારે ખૂબી કરી !
ઘેરો વર્ષજ બાર, જુનાગઢ પાછળ રહ્યો !

અંતે આપી હાર, યુધ્ધ કરીને **રાહને** !
રણે પડયો ખેંગાર, જુનાગઢ કબજે કર્યો !

પદ્મિનીને લઇ સાથ, પાછા પાટણ આવતાં;
રાણક નાર અનાથ, સતી થઈ **વઢવાણમાં** !

પરાક્રમી સિદ્ધરાજ, કબજે કીધો **માળવો**;
સત્તા નીચે રાજ્ય, **અચળેશ્વર**, **ચંદ્રાવતી.**

ત્યાર પછી નૃપ પાંચ, એ વંશે આવી ગયા;
ના'વી ઉન્હી આંચ, ત્યાં સુધી ગુજરાતને.

સિધ્ધરાજ નિરવંશ, મરણ તણે શરણે થયો;
ભાયાતોને વંશ, ગાદી ગઈ ગુજરાતની.

શૂરો **કુમારપાળ**, સામંતોની સ્હાયથી;
ખટપટ કરી અપાર, પાટણનો રાજા થયો.

જૈન ધર્મ ધરનાર, સાધુ **હેમાચાર્યનો**;
હતો અતિ ઉપકાર, તેથી નૃપ **શ્રાવક** થયો !

બંડખોરનું જોર, કુમારપાળે તોડીને;
કોકણુને નાગોર, જીતીને તાબે કર્યાં !

બંધાવ્યા બહુ ઠાર, દે'રાં અને શિવાલયો;
કીધો જીર્ણોદ્ધાર, પ્રભાસના દેવળ તણો.

અજેપાળ, મૂળરાજ, એ બે ત્યાર પછી થયા;
ત્હેના અમલે રાજ્ય, સંભાળ્યું **ભોળા ભીમે.**

ઘોરી મહમદશાહ, ચઢી આવ્યો ગુજરાત પર;
ભીમે રોકી રાહ, પાછો વાળ્યો તેહને !

ભડવીર ભોળો **ભીમ, સોમેશ્વર** સાથે લઢયો !
પ્રાક્રમ કર્યું અસિમ ! આણ ફરી **અજમેરમાં** !

આવ્યું બે ત્રણ વાર, યવન સૈન્ય ગુજરાત પર;
પ્રથમ ભીમની હાર, **પુનરપિ પાટણ** મેળવ્યું.

બધા મળીને બાર, સોલંકી રાજા થયા;
પછી રાજ્ય તલવાર, ગઈ **વાઘેલા** વંશમાં.

વિશળદેવ સરદાર, વાઘેલો **વિરાટનો** !
તેણે **ત્રિભુવનપાળ**, પાસેથી પાટણ લીધું !

વાઘેલાનો વંશ, **ઘેલાની** ઘેલાઇથી !
માધવ નાગે ડંશ, ઓ દેવી ! તુજને દીધો !

ઉર્વશિનો અવતાર ! પ્રધાનપત્નિ નિરખતાં !
ગુર્જરનો સરદાર, વાઘેલો ઘેલો બન્યો !

પ્રધાનને પરગામ, પ્રપંચ સાધી પાઠવ્યો !
પધરાવી નિજધામ, હરણ કરી **હરિણાક્ષીને** !

ભાભી રક્ષણ કાજ, કેશરી સમ **કેશવ** લઢયો !
છતાં રહી ના લાજ, કેશવ કિર્ત્તિ સહ મુઓ !

કેશવ નાર અનાથ, આપ્યો શ્રાપ સતી થતાં !
યવન અરિને હાથ, રાજ્ય જજો ગુજરાતનું !

થતાં પૂર્ણ નિજ કામ, માધવ આવ્યો ગામમાં !
ઉજજડ જોયું ધામ ! વાત સુણી વિપરીત થયો !

ભીમદેવનું પ્રભાસના રક્ષણ અર્થે પ્રયાણ.



ભીમદેવ બહાદુર, હતું તેટલું સૈન્ય લઇ!
અટકાવા તે પૂર, પ્રભાસ પાટણ પર ગયો!

" મણિકાન્ત. "

સતીનો શ્રાપ.



કેશવ નાર અનાથ, આપ્યો શ્રાપ સતી થતાં!
યવન અરીને હાથ, રાજ્ય જજો ગુજરાતનું!

"મણિકાન્ત."

દિલ્હીનો સુલતાન, **અલ્લાઉદ્દીન ખૂની** હતો !
માધવ મૂકી માન, શાહ તણે શરણે ગયો !

ઉત્તમ **નાગર** ન્યાત, છતાં વૈરને વશ થઈ !
ગર્વ ધરી ગુજરાત, **યવન અતિથિ** નોતર્યા !

અલફખાન મિજબાન, આવ્યો સૈન્ય સુંઢાડીને !
શત્રુનું સન્માન, શૌર્ય સહિત કર્ણે કર્યું !

ગ્રહી હાથ હથિયાર શૂરવીર તુજ પુત્રો લડયા !
યવન કર્યા કૈં ઠાર, રક્તે ત્રપ્ત કરી ત્હને !

બરછી ને તલવાર, ભાલા ભારે ઉછળતા !
બંદૂકોના બા'ર, તીર તણી વૃષ્ટિ થતી !

દુશમન સૈન્ય અપાર, તથા **સતીના** શ્રાપથી !
કર્ણ તણી થઇ હાર, રજપૂતો રણમાં પડયા !

નિજ કુળ લજ્જા કાજ, નાઠો બે કન્યા લઈ !
છતાં રહી ના લાજ, રવડી **વાઘેલો** મુઓ !

ધરી રાજ્યનો પાઘ, મહેમાનો માલિક બન્યા !
દેશદ્રોહીનો ડાઘ, **માધવ** નામ પરે રહ્યો !

કરણે કીધો કે'ર, **કરણ** થકી લડવું હતું !
જન્મભૂમિને ઝેર, ઘટે ન **માધવ** આપવું !

યવને કીધો કે'ર, આવીને ગુજરાત પર !
લૂંટી ખેતર શે'ર, બાળીને ઉજ્જડ કર્યાં !

દે'રાં તોડયાં ખ્યાત ! ભાગી અદ્‌ભૂત મૂર્ત્તિઓ !
સૌ દેવળનો તાત, **રૂદ્રમાળ** ખંડિત કર્યો !

જોર જુલ્મથી માત ! વટલાવ્યાં તુજ બાળકો !
કૈં નો કીધો ઘાત ! રક્ત તણી સરિતા વહી !

કુળવંતી કૈં નાર, શિયળવ્રત સંભાળવા !
દેહ તજ્યો તત્કાળ, કન્યાઓ કૂવે પડી !

ઉષ્ણ અશ્રુ હે માત ! ત્હારી આંખ થકી ખર્યાં !
ગયાં વહી—**ખંભાત ! અખાતને ખારો કર્યો !**

પડી પરાયે હાથ ! પવિત્ર માતા હાય ! તું !
પુનરપિ પૃથ્વીનાથ ! નિપજ્યો ના ગુજરાતમાં !

વાવેલું વનરાજ, મૂળરાજે મ્હોટું કર્યું !
સંભાળ્યું સિદ્ધરાજ, કર્ણે કાપ્યું વૃક્ષ એ !

સ્થાપન ગુર્જર રાજ્ય, સૈકા સાત વિષે થયું;
અને થયું તારાજ, સને તેરસો ચારમાં.

ત્યાર પછીનો કાળ, અંધાધૂધીમાં ગયો !
માતા ! ત્હારાં બાળ, પડયાં પરાધિન પીંજરે !

ટોળાં વાર અનેક, પરદેશી તીડો તણાં !
આવ્યાં ગુર્જર ક્ષેત્ર, ચણ ચુંણી ચાલ્યાં ગયા !

મારફાડ ને ત્રાસ, લુંટ થકી લક્ષ્મી લઇ !
જાનમાલનો નાશ, કરી કૈંક રાજી થયા !

* * * * *

ઓ બાપુ ! **વનરાજ** ! સૂતો તાણી સોડ તું !
પાટણ ત્હારૂં આજ ! પરદેશી હસ્તે ગયું !

રણધીરા **મૂળરાજ** ! **સિદ્ધરાજ** ! વિજયી સુણો !
ગુજર્યું ગુર્જર રાજ્ય ! પુનરપિ જન્મો આ ભૂમિ !

કયાં આ **પાટણ ગામ** ? કયાં એ **પાટનગર** રૂડું ?
કયાં છે ? દોર દમામ ! સ્વતંત્ર ગુર્જર રાજ્યનો !

કયાં છે ? વીર રજપૂત ! વીરાંગનાઓ પણ નથી !
ધન ભંડાર અખૂટ ! હતો હવે તે કયાં ગયો ?

રૂદ્રમાળનું રૂપ ! જોતાં ભૂપ જશો ભૂલી !
હાડ ઉભાં છે ચૂપ ! આત્મા તો ઉડી ગયો !

સહસ્ત્રલિંગ તળાવ! "ક્યાં છે?" પંથી પૂછતો !
"આ ઝાંખો દેખાવ ! આ ઠેકાણે તે હતું !"

નથી! નથી! હૈં હાય ! હતું પ્રથમ તે કંઈ નથી !
યવન તણો અન્યાય ! નાશ કર્યો સૌન્દર્યનો !

કુદરત સેવા કાજ, ચક્ર ફરે જે કાળનું !
તેણે ગુર્જર રાજ્ય, ભાગીને ભૂકો કર્યું !

* * * * *

પ્રથમ રાજ્ય **રજપૂત**, પછી **મુસલમાની** થયું;
તેનો આણી અંત, **મોગલ** સત્તાધિશ થયા.

મહાન **મોગલ** રાજ્ય, અંતે તે નિર્બળ થયું;
તેથી ગુર્જર તાજ, ગયું **મરાઠા** હસ્તમાં.

કૈંક વર્ષ શિરતાજ, બની રહ્યા ગુજરાતમાં;
અંતે ગુર્જર રાજ્ય, સંભાળી તે ના શક્યા.

લૂંટફાટ ને ત્રાસ ! બળવા જાગ્યા બહુ સ્થળે;
કૈંક પરગણાં ખાસ, સોંપ્યાં **બ્રિટિશ** રાજ્યને.

પેશ્વાનો પણ ભાગ, હતો કૈંક ગુજરાતમાં;
તે પણ સાધી લાગ, **અંગ્રેજે** જીતી લીધો.

ઘણુંખરૂં ગુજરાત, બ્રિટિશને તાબે થયું;
શેષ રહ્યો તે ભાગ, સત્તા **ગાયકવાડની.**

ગયાં ઝેરને વેર, ગયા કે'ર કરનાર સૌ;
પ્રજા કરે છે લ્હેર! પ્રતાપ એ **અંગ્રેજનો.**

* * * * *

ઓ દેવી ગુજરાત! માતા ત્હારા મધ્યમાં;
સ્વર્ગપુરી સાક્ષાત! **રાજનગર** રળિયામણું!

અદ્‌ભુત ઉંચો કોટ, દ્વાદશ દરવાજા દિસે;
જડે ન તેની જોડ, **સાબર** તીરે શોભતું.

પહેલો **અહમદશાહ**, હતો શાહ ગુજરાતનો;
આવ્યો મન ઉત્સાહ, **અમદાવાદ** વસાવીયું.

રાજનગર તે એજ, ગાદી સ્થાપન ત્યાં કરી;
વધ્યું પછી તો તેજ, સને **ચૌદસો ચૌદમાં.**

મ્હોટું એક તળાવ, **કાંકરીયું** કહેવાય છે;
ફરતાં ન્હાનાં નાવ, વચમાં વાડી બંગલો.

દાદાહરિની વાવ, માતૃભવાનીની બીજી;
દિલખુશ સૌ દેખાવ, રોજો શાહઆલમ તણો.

કિલ્લો સાબર તીર, ભવ્ય ભદ્રકાળી તણો;
માતાનું મંદીર, છે તેમાં ટાવર તળે.

વચમાં સુંદર હોજ, ત્રણ દરવાજા દીપતા;
શુક્રવારના રોજ, ભરાય છે ત્યાં ગુજરી.

મનહર માણેકચોક, છે ચૌટાની મધ્યમાં;
ટળી જતા સૌ શોક, રચના અન્ય નિહાળતાં.

વળી શહેરની બ્હાર, ઘણી મીલ કાપડ તણી;
ગરીબનો આધાર, અસંખ્યને રોજી મળે.

રેશમનો અસબાબ, પરદેશે પોષાય છે;
અતલસને કિનખાબ, મશરૂ મોંઘા મૂલ્યનો.

વડોદરા વિખ્યાત ! ગુણીયલ ગાયકવાડનું !
ઠીક કર્યો છે ઠાઠ ! આંખ ઠરે અવલોકતાં !

દરવાજા છે ચાર, શ્હેર માંડવી મધ્યમાં;
પરાં ઘણા તે બ્હાર, સુંદર શોભા શ્હેરની.

મકરપરાનો મહેલ, રાજમ્હેલ રળીયામણો !
વર્ણવવો મુશ્કેલ, ઇંદ્રભુવન આબાદ છે !

વડો કમાટી બાગ, નજરબાગને નિરખતાં !
ઉપજે હર્ષ અથાગ, ફરનીચર છે ફાંકડું !

સુરસાગરને તીર, રાજમ્હેલના રોડ પર;
નવું ન્યાયમંદીર, ગાયકવાડી રાજ્યનું,

દેવ તિર્થ ડાકોર, ગામ વિષે છે ગોમતી !
બિરાજતા ઠાકોર, ઋણ કાપે રણછોડજી !

પવિત્ર રેવા તીર, કુન્યાળી, ચાણોદ છે;
દેવ તણાં મંદીર, અસંખ્ય છે તે સ્થાનમાં.

દરિયા સમ દેખાય, મહાનદી જ્યાં નર્મદા !
ભવ્ય ભરૂચ જણાય, ત્યાં તેના કાંઠા પરે !

સુંદર સુરત શે'ર, શોભે તાપીની તીરે !
આગ રેલનો કે'ર, એણે અતિશય અનુભવ્યો !

બંદર એ આબાદ, મુખ્ય મથક વહેપારનું;
આવે વૈભવ યાદ ! એનો બસ ઇતિહાસથી.

અજબ **ચરોતર** પ્રાંત ! "તરમાં તર" ગુજરાતમાં !
ઉદ્યોગી પણ શાન્ત, શે'ર, ગામ ને ગામડાં.

ઉત્તમ ભૂમિ રસાળ ! દરેક વસ્તુ પાકતી;
ફળ ફુલ થાય અપાર, ધાન્ય તણા ઢગલા વળે !

મશહૂર છે **મે'વાસ**, દિલહર બસ **દંઢાય** છે !
ચૂંવાળ ત્હેની પાસ, ત્યાં **બહુચરબાળી** વસે.

ભલો પ્રાંત છે **ભાલ**; ઘઉં પાકે છે ત્યાં ઘણા;
કા'નમ ને **વઢિયાળ**, રમણિય અને રસાળ છે !

પાવાગઢ પ્રખ્યાત ! ડુંગર છે રળિયામણો !
વસે **કાળિકા માત**, પાસે **ચાંપાનેર** છે !

ઉત્તરમાં મશહૂર ! ગિરિરાજ **આબુ** દિસે !
અદ્દ્ભુત **આરાસુર** ! દેવળ ત્યાં **અંબા** તણું !

બીજાં પણ પ્રખ્યાત ! સ્થાન ઘણાં કહેવાય છે;
માતૃભૂમિ ગુજરાત ! વખાણ ત્હારાં શું કરૂં ?

રાજનગરની પાસ, અને ચરોતર ચોટલે;
મનહર **હળધરવાસ**, શોભે સેંથે તાજ સમ !

નિર્મળ આછાં નીર, **વેત્રવતીનાં** જ્યાં વહે;
તે સરિતાને તીર, તંબૂ **હળધરવાસના.**

ગરવાં મેડી ગોખ, દ્રષ્ટે પડતાં દૂરથી
રાખી ઉંચી ડોક, અતિથિને આદર દીયે !

વાડવપુર વિખ્યાત ! પ્રથમ નામ હેનું હતું;
વિપ્રતણી ઠકરાત, હતી હવે તો કૈં નથી !

વૈભવવંતી ખાસ, રમ્ય રૂડી **વાડવપુરી;**
ભાગી **હળધરવાસ,** વસ્યું વિધિના લેખથી !

ભરતી પાછળ ઓટ ! એ કુદરતનો કાયદો !
ભવ્ય **પડેલો કોટ** ! શાખ પૂરે વભવ તણી !

સુંદર **હળધરવાસ** ! ધર્મે ધંધે ધીકતું !
વર્ણ અઢારે વાસ, કરી રહે કલ્લોલમાં !

વેત્રવતીનાં નીર, પૂર્વ દિશામાં જ્યાં વહે;
હેને ઉત્તર તીર, **ચ્યવન—ભ્રગુનાં** ધામ છે.

દક્ષિણ તીરે દેવ, રૂષિ **પરાશર** તપ કરે !
જય! જય! જય! મહાદેવ! ભવ્ય ધામ ભેખડ પરે :

પશ્ચિમ પાદર વાસ, **ભીમનાથ** મહાદેવનો;
સોમનાથ તે પાસ, દેવાલય અદ્‌ભૂત દિસે !

ચાકું, ચૉરો, ચૉક, નિશાળ, સુંદર **મંદિરો** !
બાર ગામના લોક, માલ વ્હોરવા આવતા !

નિશાળ કેરી પાસ, દેવળ જ્યાં **અંબાતણું**;
વિપ્રતણો છે વાસ, ત્યાં મઢુલી **મણિકાન્તની.**

* * * * *

જય ! **અન્નપૂર્ણા** વેશ ! જન્મભૂમિ ! **ભારતસુતા** !
ભલે વસું પરદેશ ! તોપણ દ્રષ્ટિ તુજ પરે !

દુઃખમાં આવે યાદ ! દેહ વિષે વ્યાધિ થતાં;
સાંભળતી ફરિયાદ ! આશ્રય ખોળે આપતી !

જય ! જય ! જગવિખ્યાત ! જય ! જય ! જય ! ભારતભૂમિ !
જય ! ગરવી ગુજરાત ! નમન માત મણિકાન્તનું.

वंदे मातरम् જય ! જન્મ ભૂમિ !

ગુજરાત સ્તોત્ર સમાપ્ત.

હળધરવાસમાં પવિત્ર વેત્રવતી તીરે મહર્ષિ પરાશર સ્થાપિત મહાદેવ પારાશુરના શુભ સ્થાનનું સ્મરણ!

—ભુજંગી—

મહર્ષિ પરાશર તણું ઠામ–આ છે!
સદા સુખકારી અહા! નામ–આ છે!
જુઓ દેવ ડે'રૂ મહા ધામ–આ છે!
નહિં માનુષી દેવનું કામ–આ છે! ૧

મહા પુણ્યશાળી વહે પાસ–ગંગા!
અહાહા!! કરે પાપનો નાશ–ગંગા!
વહે પૂર્વમાં પ્રેમથી ખાસ–ગંગા!
કરાવે જુઓ તીર્થનો ભાસ–ગંગા! ૨

કરી સ્નાન તેમાં મહાદેવ આવો!
જળે ચંદનેથી કરો સેવ આવો!
ધરી પુષ્પ ને આરતી તો ઊતારો!
વદો દેવ "ત્રાતા ત્હમે તાત તારો!" ૩

સુગંધી મધુરી હવા મંદ આવે!
મહા રોગ હોયે નિરોગી બનાવે!
અહા! પક્ષીઓ શબ્દ મીઠા સૂણાવે!
વિભુની ખુબીનો ખજાનો બનાવે! ૪

રક્ષા બંધન! (જુઓ પેજ. ૨૨૯. શુભાશિષ).



સકળ દેવો દયા કરજો! તમારાં વિઘ્ન સૌ હરજો!
સુઆશિષ એ અમારી છે! "કરે રક્ષા તમારી તે!"
"મણિકાન્ત."

નિર્દોષ નિર્મળા.



"અહ! નામ સુંદિર "નિર્મળા," ભૂલાય ના સ્વપ્ને કદી:
કન્યા કનકની પૂતળી, મૃગલોચની મનહર હતી!"
"મણિકાન્ત."

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઇ. ૨૪

નિર્ભાગી નિર્મળા!

યાને

એક યુવકની કરૂણાજનક પ્રેમકથા!

સોરઠા.

નિર્મળ આપ્યું નીર, પાગલ ! ત્હેં પીધું નહિં !
ઢોળ્યું રેતી તીર, રે ! પસ્તાવો કાં કરે ?

*　*　*　*

ખાવા આપી ખીર, ખંતે કાં ખાધી નહિં ?
દિલ ! થા ના દિલગીર, ગયો સમય ના આવશે !

*　*　*　*

મણિમય મુક્તામાળ, મૂર્ખા ! કાં ફેંકી કુવે !
પળ પળ ના સંભાળ યાદ કરીને કાં રૂવે ?

*　*　*　*

મનહર ને પ્રેમાળ, બાળા તરછોડી અરે !
દેહ તજ્યો તત્કાળ, માફ પાપ એ નહિ થશે !

*　*　*　*

ફરશે બની ફકીર, છતાં ફિકર ટળશે નહિં !
કર્મે લખ્યું કથીર, કનક ગુમાવ્યું કર થકી !

"મણિકાન્ત"

" હવે પસ્તાઇ શું કરવું ? "

—ગઝલ—

ધરી કર પ્રેમની માળા, સુકન્યા અર્પવા આવી;
કરમહિણુ હાર ત્હેં તોડયો, હવે પસ્તાઇ શું કરવું ?
સુધાની છે ભરી પ્યાલી કરી ઉંધી કરે ઝાલી;
અલૌકિક લાભ કાં છોડયો ? હવે પસ્તાઈ શું કરવું ?
મનોહર કાચનો પ્યાલો મુરખના હાથમાં આવ્યો;
પછાડી પૃથ્વિમાં ફોડયો, હવે પસ્તાઈ શું કરવું ?
સુવાસિત પુષ્પ આપ્યાં તે છરીથી ત્હેં છુંદી નાંખ્યાં;
કહે શું લાભ ત્હેં કાઢયો ? હવે પસ્તાઈ શું કરવું ?
હતી સૌ હાથમાં બાજી તથાપી દાવ તું હાર્યો;
ખરો પાસો નહિં પાડયો, હવે પસ્તાઈ શું કરવું ?
હતું પરમાર્થ કરવાનું હતી હા ! સુખની આશા !
તજી એ રાહ તું દોડયો, હવે પસ્તાઈ શું કરવું ?
ભરૂસો તુજ પરે લાવી ગરીબ ગૌ આશરે આવી;
દયામાં જીવ ના જોડયો, હવે પસ્તાઇ શું કરવું ?
અરે ! અફસોસ કરવાથી હવે શું હાથમાં આવે ?
નકામી પાડય ના રાંડયો, હવે પસ્તાઈ શું કરવું ?

" મણિકાન્ત "

ॐ

નિર્ભાગી નિર્મળા

યાને

(એક યુવકની કરૂણાજનક પ્રેમકથા.)

પ્રેમ

હરિગીત છંદ.

પ્રિય પાઠકો મમ પ્રેમની કરૂણાજનક કથની સુણી,
નયને વહે ના નીર તો છે વજ્ર છાતી તમ તણી;
પણ આ કથા અવલોકતાં દિલમાં દયા કૈં જો વસે;
તો "હૃદયવાળા" છો ત્હમે જાણી મ્હને શાન્તિ થશે.

મમ દોષ તમ નજરે પડે યા ચાલ મ્હારી ના ગમે,
રે ? હું "દિવાનો" છું ગણીને દરગુજર કરજો ત્હમે;
અશ્રુ વહે છે આંખથીરે ! આ કથા આલેખતાં,
કંપે કલમ મ્હારી અરેરે ! ! દગ્ધ થાઉં દેખતાં.

* * * * *

કૈં કર્મના સંયોગથી છું બાળપણનો હું દુઃખી,
માતા પિતા સ્વર્ગે ગયાં સંસારમાં મુજને મુકી;
નવ ભ્રાત ભગિની કે કુટુંબી કોણ મમ સંભાળ લે ?
હું એકલો અવની વિષે રે ! રે ! દિલાસો કોણ દે ?

મમ વય વરસ નવની હતી ભણુતો હતો નિશાળમાં,
મમ તાતના કો સ્નેહીએ લીધો મને નિજ ભાળમાં;
પાળે મને તે પ્રેમથી બસ પુત્ર પોતાનો ગણી,
ઓછું મને આવે નહિ, સંભાળ લેતા તે ઘણી.

પત્નિ અતિ પ્રેમાળ સદ્ગુણુ ખાણ શાણી શોભતી,
દેવી દયાની દેખતાં મમ ભૂખ પણુ ભાગી જતી;
કરૂણા હતી મુજ પર ઘણી રે ! સ્નેહ માતા સમ ખરે !
નિજ પુત્ર તુલ્ય ગણી લડાવે લાડ એ શું વીસરે ?

સૌ સંપસંપીને સદા આનંદમાં વસતા અમે,
પણુ એ અલૌકિક સુખ મમ પ્રારબ્ધને કયાંથી ગમે ?
છે દિવસની અંતે નિશા સુખની પછી દુઃખ થાય છે,
ઘટમાળ આ સંસારની ક્રમવાર ફરતી જાય છે.

કન્યા વરષ વય પાંચની મેલી પતીને આશ્રયે,
મમ પ્રેમી પોષકની પ્રિયા ચાલી ગઈ પ્રભુના ઘરે;
ઘરભંગ અધવચમાં થયું દુઃખની સીમા કૈં ના દીસે,
સંસાર તારણ તેહ ડુબ્યું વ્હાણ ભર દરિયા વિષે.

નિજ માત આવે યાદ ત્યાં બાળા બિચારી બહુ રડે,
જનુની તણી આ જગતમાં ના અન્ય કૈં જોડી જડે;
પત્નિ નવી લાવ્યા પિતા બાળા બિચારી પર બળે,
અંતર અદેખું તેહનું દિલમાં દયા કૈં ના મળે.

દરરોજ બાળાને દઈ મ્હેણું અતી સંતાપતી;
કન્યા કઠણ હૈયું કરી ઉત્તર અરે ! ના આપતી;
દેખી હૃદય મ્હારૂં બળે પણ હું પરાધિન શું કરૂં ?
મુજને રખે રખડાવશે એ બ્હીક અંતરમાં ધરૂં.

રમતાં અમે સાથે અહા ! બઢતાં ઝઘડતાં ના કદા,
રે ! સ્નેહ નિર્મળ એ હતો બસ સાંભરે છે હા ! સદા;
એ રીત સુખ દુઃખમાં દિવસ ચાલ્યા ગયા કૈં હા ! અરે !
બાળા વયે થઈ બારની હું પણ થયો મોટો ખરે !

રે ! નવીન વહુના પ્રેમમાં પોષક પરાધિન મમ થયા,
જૂની પ્રીયાના પ્રેમને રે ! શેઠજી વિસરી ગયા;
મ્હારી અને કન્યા તણી નીંદા સુણાવે શેઠને,
મુજને બતાવી બોલતી, " કાઢો હવે આ વેઠને. "

મ્હોટો થયો માટે હવે આપો રજા તેને સહી,
ધંધો કરીને પેટ ભરશે છેક ન્હાનો છે નહિ; "
અકળાવતી' અમને સદા ખાવા પુરૂં ના આપતી,
બાળા બિચારીને નવી માતા બહુ સંતાપતી. "

ઘરની પુઠે પુષ્પો તણી વાડી સુશોભિત હા ! હતી,
હું પાણી પાતો ઝાડને બાળા સદા ત્યાં આવતી';
એકાંતમાં મળતાં અમે નિજ કષ્ટ વાત સુણાવતાં.'
રોતાં' અમે બન્ને બહુ ચોધાર આંસુ આવતાં,'

" છાની રહે બાળા " કહીને હું દિલાસો આપતો,'
પણ હું પરાધીન શું કરું ? ના કષ્ટ તેનું કાપતો;'
મમ પ્રેમમય શબ્દો સુણી શાણી હૃદય શાન્તિ ધરે,
હસતું વદન રાખી પછી આનંદથી વાતો કરે,

અહા! સુંદિર "નિર્મળા" ભૂલાય ના સ્વપ્ને કદી,
કન્યા કનકની પૂતળી મૃગલોચની મનહર હતી;
નિર્દોષ નાજુક ને દયાળુ દેવકન્યા દીપતી,
એ પ્રેમમય બાળા નિહાળી પૂજ્ય બુદ્ધિ મમ થતી.

પણ એક દિન ગુસ્સે થયા પોષક પ્રીયાના બોધથી,
" જા ! ત્હારૂં તું સાંભળી લે! ન્હાનો હવે તું કૈં નથી;"
લાગ્યું બુરૂં મનમાં મને હું તુર્ત ચાલ્યો નીકળી,
પણ પોળના નાકે જતાં પ્રિય **નિર્મળા** સ્હામી મળી.

શાળા વિષેથી આવતી'તી ઘેર તે કન્યા ભણી,
નિરખી નયનમાં અશ્રુ મ્હારા અજબ થઈ પોતે ઘણી !
મુજને કહ્યું **શશિકાન્ત** જાશો ક્યાં ? નયનમાં નીર શું ?
શું તાતજી ગુસ્સે થયા ? કે માત બોલ્યાં મમ કશું ?

નિર્દોષ બાળા **નિર્મળા** ! મુજ પુણ્ય પરવારી ગયું,
રે ! દોષ કો'નો છે નહિં મ્હેં જે બન્યું તે સૌ કહ્યું;
બાળા સુણીને થૈ દુઃખી ! **શશિકાન્ત** કૈં જાશો નહિં !
હું જઇ પિતાને વીનવું મમ અર્જ સાંભળશે સહી.'

હે ! **નિર્મળે** મમ માટ કૈં તમ તાતને કે'શો નહિં!
પાછો ફરૂં હું ના કદી તસ્દી તમે લેશો નહિં !
ત્હારી ભલામણ તાત પાસે લેશ પણ નવ ચાલશે !
કટુ વચન માત સુણાવશે ગુસ્સે અતીશે તે થશે !

બાળા બિચારી કરગરે "દીન અર્જ આ મમ સાંભળો,
કટુ વચન સહન કરીશ હું કરૂણા કરી પાછા વળો;
તમ વણ મને ગમશે નહિં તમ વણ દિલાસો કોણ દે ?
દિલનો વિસામો એક છે તે પણ અરે ! જાતો રહે!"

બાળા તજી રોતી કઠણ હૈયું કરી ચાલ્યો ગયો,
મમ ઉજડ ઘર ઊઘાડીને રે ! એકલો ત્યાં જૈ રહ્યો;
સ્નેહાળ એ બાળા મને બસ યાદ આવી ત્યાં બહુ;
રોતાં ગઇ રજની બધી એ કષ્ટ હું કોને કહું ?

ભણવું હવે મૂકી દીધું જ્યાં પેટ પીડામાં પડયો,
રે ! ચાકરી કંઈ શોધવા આખો દિવસ હું આથડયો;
લાગી નહીં કૈં ભાળ તે નીરાશ હું પૂરો થયો,
વિદ્યાગુરૂ મ્હારા હતા હું તેમના મંદિર ગયો.

ઉદાર દિલના તે હતા મમપર દયા બહુ લાવતા,'
મ્હારા સમા દુઃખિયાપરે કરૂણા અતી દર્શાવતા'
મ્હેં વાત વિસ્તારી કહી ગુરૂજી થયા દીલગીર ખરે!
મુજને કહ્યું "ગભરા નહિં રે'જે હવે મ્હારે ઘરે."

મ્હેં હસ્ત જોડીને કહ્યું કરૂણા તમારી છે ઘણી,
મુજને અપાવો નોકરી એ યાચના સેવક તણી;
ગુરૂજી કહે આપું ભલામણ હું લખી તે લૈ જજે,
મમ મિત્ર **અમદાવાદના** છે શેઠ તેને આપજે.

માલીક છે તે મીલના તુજને પગારે રાખશે,
મ્હારી ભલામણ માનીને કૈં નોકરીએ નાંખશે;"
બે દિવસનો ભૂખ્યો હતો ભોજન કર્યું ગુરૂના ઘરે,
લઈ પત્ર **અમદાવાદ** જાવાનું કર્યું નક્કી ખરે !

ગુરૂપત્નિ પણ ગુણીયલ હતાં મુજપર કરૂણા રાખતાં,'
મમ સ્વર્ગવાસી માતનાં સદ્‌ગુણી તે સહિયર થતાં;'
મુજ કર્મની કથની સુણી અંતર બળ્યું તેનું ઘણું,
નિઃશ્વાસ નાંખીને વધ્યાં "ધાર્યું ન થાયે આપણું."

"એ નિર્મળાની માત ને તુજ માત મમ સહિયર હતી,
બન્ને સખી તમને લઇ મમ ઘેર મળવા આવતી;'
તે સમય તું ને નિર્મળા મમ બારણે રમતાં હતાં,
તે દેખતાં અંતર અમારાં હર્ષમાં ડૂબી જતાં."

શશિકાન્ત ને કન્યા તણું જોડું રૂડું આ છે ઘણું,
પ્રભુ જીવતાં જો રાખશે તો લગ્ન કરશું તે તણું;
એ નિર્મળાની માત ને તુજ માત આનંદી થતાં,
વ્હેવાણ થૈશું આપણે એવું પરસ્પર બોલતાં.

રે ! દિવસ તે ચાલી ગયા સ્વર્ગે ગઇ બન્ને સખી,
આશા ગઈ તે સાથ બનશે વાત જે કર્મે લખી;"
ગુરૂપત્નિના મુખથી સુણી સૌ વાત હું વિસ્મય થયો !
તે દિવસથી બસ સ્નેહ મ્હારો પ્યારમાં પલટાઈ ગયો !

ગેબી અસર થઈ મમ હ્રદયપર શરિરમાં ગરમી વધી !
મસ્તિક બન્યું મસ્તાન ભૂલી ભાન ના વિસરે કદી !
ઝણઝણ થયા સૌ જિગર કેરા તાર બસ આવેશમાં,
મમ શરિરની સઘળી નસોએ ખૂન ફરતું જોસમાં

ગુરૂપત્નિએ પાયો અલૌકિક પ્રેમનો પ્યાલો મ્હને !
નહિ તો હ્રદય નિર્દોષ આ શું પલકમાં ઘેલું બને ?
વમળે પડયો વિચારના નિદ્રા સુતાં આવી નહીં,
આલેખતો પ્રિય નિર્મળાની આકૃતી અંતર મહી,

હે ! નિર્મળે ! હે ! નિર્મળે ! તું પ્રેમમય બાળા ખરે !
મમ માટ તુજ અંતર વિષે શું ચાહ કૈં હોશે ? અરે !
ના એ બને ! ના એ બને ! બાળા હ્રદય ભોળું ખરૂં !
ઉપકાર મુજ ઉપર કર્યો ઉપયોગ ખોટો કાં કરૂ ?

નિર્દોષ કન્યા નિર્મળા પર તું કુદ્રષ્ટિ કાં કરે ?
રે ! રે હૃદય બસ શાન્ત થા ! કાં પાપના થેલા ભરે ?
એવા વિચારો યોજતાં રજની ગઈ ઉજાગરે,
તત્કાળ **અમદાવાદ** હું જાવા થયો તૈયારરે !

*　　*　　*　　*　　*　　*

એ વાતને બે વર્ષ અમદાવાદમાં વીતી ગયાં,
પણ નિર્મળાનાં પ્રેમ પુષ્પો હૃદયમાં પ્રફુલિત રહ્યાં;
કરમાય ના ! દુર થાય ના ! સુગંધ પણ જાતી નથી,
બાળા તણી મનહર છબી રે ! દુર રજ થાતી નથી.

સ્વપ્ના વિષે પણ નિર્મળા ! ફરવા જતાં પણ નિર્મળા !
એકાંતમાં પણ નિર્મળા ! બસ યાદ આવે નિર્મળા.
જમતો હતો વીશી વિષે હું નોકરી મીલમાં જતો,'
ગુરૂના પ્રતાપે સર્વ વાતે હાલ તો સુખિયો હતો.

પણ સ્વપ્ન આવ્યું એક દી ભયભીત તેથી હું થયો !
મમ પાસથી પ્રિય નિર્મળાને સીંહ ઉપાડી ગયો !
રે ! **નિર્મળા** પોકારતી "**શશિકાન્ત** વ્હારે આવજો !
જો પ્રેમ સાચો હોય તો આવી મને ઉગારજો ! "

હું સીંહની પાછળ ગયો ઝટ સ્વાર ઘોડાપર થઇ !
પણ એટલામાં હા ! અરે ! મમ આંખ તો ઉઘડી ગઇ !
ના **નિર્મળા** ! ના સીંહ છે ! ના અશ્વ ને હું કયાં પડયો?
રે ! ભેદ શું આ સ્વપ્નનો ? વીચારના વમળે ચ્હડયો.

સંસાર બસ સૂનો બધો જો **નિર્મળા** દેખુ નહિ,
છે જીવવું આ ઝેર જેવું લાભમાં લેખુ નહિ;
આ નોકરી કરવી નથી તેમાં હૃદય રોકું નહિ,
જ્યાં "નિર્મળા" ત્યાં પ્રાણ મ્હારો અન્ય અવલોકું નહિ

ઉઠયો સ્હવારે કામ અટપી નોકરી પર હું ગયો,
પણ સ્વપ્ન ના વિસર્યું અરે ! ઉદ્વેગ એ અંતર રહ્યો;
છે **નિર્મળા** કૈં ભય વિષે બસ ભાસ મુજને એ થયો,
દિન આઠની લીધી રજા મમ ગામમાં સત્વર ગયો.

* * * * *

'ગુરૂના ઘરે મળવા ગયો, ગુરૂપત્નીને પાયે પડયો.
આવ્યો ભલે **શશિકાન્ત** તું આનંદ અમ અંતર ચ્હડયો;"
ગુરૂજી ગયા શાળા વિષે વાતો કરી સુખ દુઃખ તણી,
ગુરૂપત્ની બોલ્યાં "નિર્મળાપર કષ્ટની વૃષ્ટી ઘણી.

જે દિવસ તું અહીંથી ગયો તે દિવસની બાળા દુઃખી,
મળવા મને તે આવતી' દીઠી કદી ના હસમુખી;
તુજને સદા સંભાળતી' ત્હારી ખબર તે પૂછતી',
નિજ કષ્ટ વાત કહી રડે હું અશ્રુ ત્હેનાં લૂછતી'.

પત્નિ નવીના પાશમાં નિજ તાત પણ પરવશ થયા,
પુત્રી સુખી છે કે દુઃખી ? વાત્સલ્ય સૌ વિસરી ગયા;
માતા નવી જે કષ્ટ દે કન્યા સહન તે સૌ કરે,
અવધી નથી દુઃખની હવે બાળા બિચારી કયાં ઠરે !

વળી નિર્મળાના લગ્ન કેરી વાત પણ ચર્ચાય છે;
મ્હેં સાંભળ્યું છે કે ન્હીવા વંઠેલ સાથે થાય છે;
રે ! દુર્ગુણી ને છે જુગારી લગ્ન ના કોઇ કરે,
છે એ નવીનો કો સગો તે કાજ ખટપટ આદરે.

છે લગ્ન થોડા દિવસમાં એવું બધે બોલાય છે,
પણ **નિર્મળા** માને નહિં તે રોજ ટંટો થાય છે;
મુજને કહેતી એ હતી માશી નહિ એને વરૂં,
માબાપ કરશે જુલ્મ તો બસ ઝેર પીને હું મરૂં,

એ રીત કન્યાના પરે ઘેરાય છે દુઃખ વાદળું,
સુણતાં બળે અંતર અરે ! પણ ના ઇલાજે શું કરૂં ?"
કરૂણાજનક કથની સુણી ગુરૂપત્નિના મુખથી અરે !
અશ્રુ ન માયે આંખમાં શું કષ્ટ આ કન્યા પરે ?

બાળાપણે માતા મરી રે ! બાપ પણ વૈરી થયા ?
મોહાન્ધ શું એવા બન્યા ? કે હૃદયથી ત્યાગી દયા !
કિરતાર જગદાધાર કરૂણાવંત છો કેશવ તમે,
નિર્દોષ આ દંડાય તે ગોવીંદ કાં તમને ગમે ?

* * * * *

નિજ કાર્ય પરવારી પ્રભાકર અસ્ત થાવા પરવરે,
પક્ષી પશૂ સૌ પ્રેમથી સ્થાનક ભણી પાછાં ફરે;
સુંદિર સરિતા તીર નિર્મળ નીર સૌ નારી ભરે,
ઠંડી પવનની લ્હેર આવે નિરખતાં નયનો ઠરે.

ન્હાવા નદીમાં કૈં પડે સંધ્યા પૂજા કૈં જન કરે,
કપડાં ધુવે છે કૈંક ને કૈં તો હવા ખાવા ફરે;
સરિતા કિનારે શીવનું મંદીર સુંદિર છે જહાં,
સંધ્યા સમય અવલોકતો ઉભો હતો હુંતો તહાં.

શિરપર ધરી ગાગર સુશોભિત હંસચાલે ચાલતી,
તારૂણ્ય વયમાં પેસતી દેખી સુકન્યા આવતી;
બે વર્ષમાં આ શું તફાવત ! જોઇને વિસ્મય થયો,
કન્યા મટી તરૂણી થઈ રે ! રંગ બદલાઇ ગયો.

નિરખી મને આવી વદી "**શશિકાન્ત** ક્યારે આવિયા ?
ના સ્મરણમાં આવી કદી હું ના હૃદયમાં લાવિયા ?
જે દિવસથી જૂદા પડ્યા તે દિવસની છું હું દુઃખી !
રે ! યાદ કરતી' રોજ હું ને ઇચ્છતી' તમને સુખી."

એવું વદીને સ્તબ્ધ થૈ આંસુ ભરાયાં આંખમાં,
"નિર્દોષ બાળા શાન્ત થા રે ! રે ! નિસાસા નાંખ-માં;
તુજ કષ્ટની કથની સુણી માશીતણા મુખથી અરે !
અંતર બળે મ્હારૂં અતી, છે જુલ્મ ઝાઝો તુજ પરે.

હું ઊતર્યો છું ગામમાં વિદ્યાગુરૂજીના ઘરે,
મેળાપ મ્હારો ત્યાં થશે તું આવજે ફુરસદ મળે;"
એવું સુણી બાળા ગઇ જળ કાજ સરિતા પટ ભણી,
હું પણ પછી પુરમાં ગયો અંતર વિષે ચીંતા ઘણી.

*　*　*　*　*

વળતે દિવસ આવી સુકન્યા **નિર્મળા** ગુરૂવાસમાં,
ગુરૂજી હતા શાળા વિષે ગુરૂપત્નિ ના અવકાશમાં;
બસ એકલાં બન્ને અમે વાતો કરી સુખદુઃખ તણી,
બાળા કહે " હું શરણુ છું છે આશ અંતરમાં ઘણી.

મા બાપના ધાર્યા પ્રમાણે લગ્ન કરવાની નથી,
માનીશ મીઠું મ્હોતને રે ! લેશ ડરવાની નથી."
તુજ પ્રેમમય વાણી સુણી બાળા હૃદય ઉભરાય છે,
મુજ શરણમાં લેવા ખુશી છું દિલ તને બસ ચ્હાય છે.

ત્હારા પિતાજી પાસ આવી ને વિનંતી હું કરૂં,
અંતર વસે હરિ એમને ઈલાજ છેલ્લો આદરૂં,
બાળા સુણી શરમાઈ મુખડું લાલ કુન્દન સમ થયું,
આનંદની પળ એ હતી મન કષ્ટ સૌ વિસરી ગયું.

*　*　*　*　*

રે ! એ પળો ! રે ! એ પળો ! પાછી ફરી ના આવશો !
ના દગ્ધ થાતા હૃદયને નિર્મળ જળે ન્હવરાવશો !
હે ! નિર્મળા ! ઓ નિર્મળા ! તું ટેક ત્હારો તોડજે !
કંગાલ થૈને કરગરૂં રે ! રે ! સમાધી છોડજે !

*　*　*　*　*

પાપ.

બીજે દિવસ ઉદાર પાલણુહારને મળવા ગયો,
પાયે પડયો હું તેમને કરજોડીને ઊભો રહ્યો;
"શું ખબર છે? **શશિકાન્ત** ત્હારી! તું હવે સુખિયો થયો",
ના પત્ર એકે ત્હેં લખ્યો ઉપકાર સૌ વિસરી ગયો?

તુજ કાજ જે ઠપકો દીધો માઠું તને લાગ્યું હશે,
ઘરબ્હાર કાઢયો એમ જાણી જીવન ત્હારૂં સુધરશે;"
મ્હેં નમ્રતા ધારી કહ્યું ઉપકાર ભૂલું ના કદી,
પાળક પિતા મમ આપ છો શરમાવશો ના કૈં વદી.

સેવક સદા તૈયાર છે તમ હુકમ શીર ચ્હડાવવા,
આ જીંદગી છે આપની માલીક છો વણુસાડવા;
મ્હારી હકીકત શેઠને મ્હેં સર્વ વિસ્તારી કહી,
પણ **નિર્મળાની** માગણી રસના થકીરે! થાય નહિં.

તો પણ ધરી હિમ્મત કહ્યું ઓ! શેઠજી કરૂણા કરો!
હું નિર્મળાનો હસ્ત માગું અર્જ આ ધ્યાને ધરો!
રે! શબ્દ છેલ્લો સાંભળીને શેઠજી ગુસ્સે થયા!
"ઓ! મુર્ખ! તું આ શું બકે? આવે મને તારી દયા!

ના શર્મ કૈં મન આવતી આશા નકામી કાં કરે ?
શું ન્યાતમાં વર છે નહિ ? કંગાલને કન્યા વરે !"
ઓ ! શેઠજી ! આ શું વદો ? કંગાલ પણ છું સદ્‌ગુણી,
કટુ વચન ના કૈં બોલશો અંતર બળે એવું સુણી.

હું **નિર્મળાને** ચ્હાઉં છું છે **નિર્મળાની** પણ ખુશી,
આશીષ લ્યો અંતર તણી રે ! ના બતાવો નાખુશી;
"શું બોલતાં બ્હેકી ગયો ? બાળા ભમાવી ત્હેં ખરે !
પાળ્યો ત્હને મેં પ્રેમથી બદલો મળ્યો તેનો અરે !

રે ! સર્પ કેરા બાળને પય પાઈને જે પાળશે,
મ્હોટો થતાં માલીકને દૈ ડંસ બદલો વાળશે;
પાળક પિતા ત્હારો બન્યો હું **નિર્મળા** ભગિની સમી,
કપટી કુદ્રષ્ટી કાં કરે ? બુદ્ધિ બધી ત્હારી ભમી.

જા ! શ્યામ મુખ ત્હારૂં લઈ ના આવતો અત્રે ફરી,
ઉપકાર હૈયે હોય તો પરદેશ જા ! કરૂણા કરી;
મળતો હવે ના નિર્મળાને વચન મ્હારૂં માનજે,
માગી લઉં છું એટલું આભારને રજ જાણજે.

વાણી સુણી પોષક તણી રે ! રે ! પરાધિન હું થયો,
અંતર તપ્યું તેથી અરેરે !! પ્રેમ પણ વિસરી ગયો;
રે ઘાત કીધો પ્રેમનો આજે ઘણો પસ્તાઉં છું,
બળિદાન આપી રક્તનું હરદમ હવે સૂકાઉં છું.

એ પાપની માફી કદાપી આ ભવે મળશે નહિ,
પ્રાયશ્ચિત તેનું છે નહિ રે! તાપ તે ટળશે નહિ;
મેં હસ્ત જોડીને કહ્યું ઓ શેઠજી હું જાઉં છું,
રે! **નિર્મળાથી** હું જુદો આ જીંદગીમાં થાઉં છું.

પણ છે ભલામણ એજ કે, કન્યા કુવે ના નાંખશો,
રે! મા વિનાની **નિર્મળા** પર રે'મ માયા રાખશો;
એવું કહી પાછો ફર્યો ના ત્યાં ઘડી ઊભો રહ્યો,
બાળા તજી હરિ આશ્રયે હું ગામ ત્યાગીને ગયો.

* * * *

હું હાલ **અમદાવાદમાં** છું આઠ દિન આવે થયા,
પણ નોકરી પર મન નથી દિન શોકમાં જાયે વહ્યા;
ભોજન નથી કૈં ભાવતું ફરવા જવાનું ના ગમે,
નિદ્રા ન આવે નયનમાં રે નિર્મળામાં મન ભમે.

"શું હાલ બાળાના હશે?" ઊભો હતો ઉચાટમાં,
ત્યાં પોષ્ટમેંને પત્ર લાવી એક આપ્યો હાથમાં;
પ્રિય નિર્મળાનો પત્ર આવ્યો દેખતાં ખુશ હું થયો,
ફોડયું કવર ઝટ વાંચવા પળ શોક પણ વિસરી ગયો.

વાંચી વિચિત્ર લખાણ એ લંબાણ હું વિસ્મય થયો!
સમજી હકીકત હા! પછી દુઃખ અબ્ધિમાં ડૂબી ગયો!
અશ્રુ ન માયે આંખમાં રે! પોક મૂકીને રડયો!
"રે! નિર્મળા! ઓ! નિર્મળા!" બેભાન થૈને હું પડયો"

પત્ર.


" **શશિકાન્ત!** મારા લગ્નની કંકોતરી આ વાંચજો!"
" કંકુ નથી મમ રક્તના છાંટા પડ્યા અવલોકજો!"
" એ લગ્નની ચૉરી નથી પણ છે ચીતા તૈયારરે!"
" મમ લગ્ન કરશે કાષ્ટથી પામીશ દુઃખનો પારરે!"

" વાજાં નહિ ત્યાં વાગશે રે! ગીત કો ગાશે નહિં!"
" રોશે કકળશે સ્નેહિયો આનંદ વર્તાશે નહિ!"
" મીંઢળ સ્થળે શ્રીફળ અને બનશે ન્હીવાનું બારમું!"
" જ્યુરી મળી મત આપશે મૃત્યૂ થયું છે કારમું!"

" સ્નેહી સગાં તેડાવવા કંકોતરી તાતે લખી!"
" આનંદથી સૌ આવશે પણ દેખતાં થાશે દુઃખી!"
" એ લગનમાં ના આવશો અંતર દુઃખાશે આપનું!"
" મેળાપ ના મ્હારો થશે દર્શન થશે ત્યાં રાખનું!"

" જે વ્હાણમાં બેઠી હતી તે વ્હાણ વંટોળે ચ્હડ્યું!"
" નાવિક તરી નાસી ગયો ના ફરજનું "નાણું" નડ્યું!"
" રે! જૈ કિનારે તે ઉભો હિમ્મત વિના તે શું કરે!"
" દરિયે ડુબૂ છું હાય હું આશા ભરી છું હા! અરે!"

શશિકાન્ત.



પ્રિય નિર્મળાનો પત્ર આવ્યો દેખતાં ખુશ હું થયો!
ફોડયું કવર ઝટ વાંચવા પળ શોક પણ વિસરી ગયો!

શોકાતુર નિર્મળા.



રે! ઝેરની પ્યાલી પીતાં અટકાવનારૂ કો'નહિ!
જનુની જતાં આ જગતમાં બસ! હાય! મ્હારૂ કો'નહિ!

"મણિકાન્ત."

" આ ઝેરનું પ્યાલું પિતાં અટકાવનારૂં કો' નહિં !"
" જનુની જતાં આ જગ્તમાં રે! હાય! મ્હારૂં કો'નહિં !"
" બસ ઝેરથી આરામ છે એ વીણ પ્યારૂં કો નહિં !"
" છે સ્વાર્થમય સંસાર જીવડા જાણ ત્હારૂં કો નહિં !"

" દેખી દુઃખી નિજ બાળને મમ માત રોતી સ્વર્ગમાં !"
" ખળખળ ઉન્હાં અશ્રુ થકી મમ પાપ ધોતી સ્વર્ગમાં !"
" મળવા મ્હને જલ્દી જનેતા વાટ જોતી સ્વર્ગમાં !"
" ઝટ ઝેર પી જઇને મળું મમ માત ગોતી સ્વર્ગમાં !"

" બાપા બન્યા દુશ્મન અરે ! રાખ્યો ભરૂસો તમપરે !"
" ત્યાગી તમે ચાલી ગયા આપ્યું વચન તે શું ફરે ?"
" પણ ભૂલ હું મ્હોટી કરૂં કર્મે લખેલું ના મટે !"
" ભાવી પ્રબળ છે " સત્ય કો'ને દોષ દેવો ના ઘટે !"

" દિલગીર ના દિલમાં થશો આશીષ દે બાળા દુઃખી !"
" સદ્‌ગુણી કો' કન્યા વરી સંસારમાં થાજો સુખી !"
" જો પ્રેમ મુજ પર હોય તો **શશિકાન્ત** તે વિસરી જજો !"
" નિર્ભાગી કન્યા **નિર્મળા**ને કો' દિવસ સંભારજો !"

લી. નિર્ભાગી,

" **નિર્મળા.** "

*　　　*　　　*　　　*

બે રાત્રિને બે દિવસ રે ! બેભાનમાં ચાલી ગયા,
ચક્ષુ ઉઘાડી જોઉં તો ગુરૂદેવનાં દર્શન થયાં;
ગુરૂપત્નિ પણ પાસે હતાં હું તો પથારીમાં હતો,
રે ! નિર્મળા ! રે ! નિર્મળા ! એ શબ્દ હરદમ ઝંખતો.

કો' સ્નેહીએ ઝટ તારથી ગુરૂદેવ તેડાવ્યા હતા,
મમ માતસમ ગુરુપત્નિને નિજ સંગ તે લાવ્યા હતા;
મસ્તિક દવા તે ચોળતાં' ગુરૂપત્નિ છે ગુણિયલ ખરે !
હે ! માત ક્યાં છે નિર્મળા ? એ પ્રશ્ન મેં પૂછયો અરે !

ગુરુપત્નિ ના બોલ્યાં કશું આંસુ ભરાયાં આંખમાં,
"તબિયત બગડશે શાન્ત થા !" ગુરુજી કહે કૈં ભાખમાં;
ચેતી ગયો હું નિર્મળાનો પ્રાણ પરલોકે ગયો !
રે ! નિર્મળા ! એવું વદી બેભાન પાછો હું થયો.

*　　　*　　　*　　　*

કૈં કૈં દવાઓ વાપરી ડૉકટર અને વૈદ્યો તણી,
દિનરાત ગુરૂ ગુરૂપત્નિએ લીધી મહેનત હા ! ઘણી;
મમ દર્દ તો વાધ્યું હતું રે ! કેસ કબજે ના રહ્યો,
કૈં કૈં ઇલાજો યોજતાં છઠ્ઠે દિને જાગ્રત થયો.

ડૉકટર વિના મુજ પાસ બીજું કોઇએ પણ ના હતું,
ગુરૂપત્નિને જોવા થકી મમ દર્દ તો વધતું જતું;
તેથી અરે મુજ પાસ બીજું કોઇએ પણ ના રહે,
મમ હૃદય ઘટના રોકવા ડૉકટર નવિન વાતો કહે.

એ રીત દિન પંદર ગયા સાજો શરિરે હું થયો;
ગુરૂની રજા પૂરી થતાં ગુરૂસંગ નિજ ગામે ગયો;
પણ ગામમાં આવી કથા મેં નિર્મળાની સાંભળી,
હા ! લગ્નના પ્હેલે દિવસ રે ! ઝેર-પી-કન્યા મરી.'

છટકેલ સાથે લગ્ન લીધું તાત પણ નિર્દય થયા;
ના અર્જ બાળાની સુણી રે ! પ્રાણ કન્યાના ગયા;
ચૅારિ બદલ ખડકી ચિતા પ્રારબ્ધ પણ બેઠું ફરી !
આશાભરી ભોળી સુકન્યા હાય ! ભસ્મિભૂત કરી !

જન કૈં મ્હને દેખી બતાવી આંગળી હાંસી કરે !
"પ્રેમી તણું આ પૂછડું !" એવું વદી આડાં ફરે !
કન્યા તણા કમભાગ્યની કરૂણાજનક કથની સુણી,
ધિઃક્કાર આવ્યો મુજપરે રે ! રે ! સુકન્યા મ્હેં હણી !

*   *   *   *

(સાંધણ છે).

પ્રાયશ્ચિત !

રે ! રે ! હૃદય બસ જા બળી ! અંગારમાં તું રાખ થા !
પ્રાયશ્ચિત એ પુરૂં નથી જા ? જા ! હવે દુર્મૂખ થા !
બાળા ફસાવી ભોળી ત્હેં આ દુષ્ટ દિલડા દૂર જા !
એ જુલ્મ કંઈ ઓછો નથી રે ! ઝેર ખા બસ ઝેર ખા !

દીધો દિલાસો ને પછી વિશ્વાસઘાતી કાં થયો ?
કન્યા અરણ્યે એકલી ત્યાગી હું તો નાસી ગયો !
કન્યા કપાણી વન વિષે ખૂની ખરે તેનો થયો !
રે ! રે ! ભુસાયે ના કદાપી ડાઘ એ દિલમાં રહ્યો !

શોધ્યું સકળ સંસારમાં પણ નિર્મળા મળશે નહિ !
રે ! નિર્મળા જો ના મળે ચીંતા કદી ચળશે નહિં !
રે'વું ફીકરમાં રોજ રે ! શું કષ્ટ એ ટળશે નહિં !
શશિકાન્ત આ સંસારમાં શાન્તિ તને મળશે નહિ !

ડંખે હૃદય દરરોજ મ્હારે ડંખ એ રહેવો નથી !
આ મોહમય સંસારનો લ્હાવો હવે લેવો નથી !
સુખ સ્વપ્નમાં દીઠું ન કો' દુઃખવંત મમ જેવો નથી !
કિસ્મત બન્યું કંગાલ કો'ને દોષ કૈં દેવો નથી !

ફાટે હૃદય મ્હારું અરે ! લૈને ફકીરી હું ફરૂં !
પણ જીંદગી છે ઝેર જેવી તો જીવીને શું કરૂં ?
છે પાપમય કાયા બધી તો મર્ણથી શાને ડરૂં ?
ના પાપ જાયે મ્હોતથી રે ! રે ! મરીને શું કરૂં ?

કર્મે બનેલો અંધ છું ના રાહ કો બતલાવશો !
અથડાઉ છો કૂટાઉ પણ રે ! રે ! દયા ના લાવશો !
નિર્દય ખુની ખાડે પડે ના ના નહિં અટકાવશો !
પોકાર કરશે કાઢવા ના પાસ તેની આવશો !

* * * * *

રે ! બાર વર્ષ થયાં છતાં પણ ઘા હજુ રૂઝતો નથી !
પ્રાયશ્ચિતનો કીડો હૃદય ત્યાગી જરા ખસતો નથી !
કોરે કલેજું તે કીડો આનંદ મન વસતો નથી !
રે ! રે દિવાનો છું જરા પણ કો' દિવસ હસતો નથી !

પાપી જીગર ઝખ્મી થયું પણ ખૂન કાં ટપકે નહિ !
રોતો સદા પણ અશ્રુ કેરૂં બુંદ કાં ટપકે નહિ ?
એંચાય નાડી ને નસો કાં એક પણ છટકે નહિ ?
આ દેહનું ઘડીઆળ ટકટક ચાલતું અટકે નહિ !

સ્નેહી મથે પરણાવવા પણ લગ્ન તો કરવું નથી !
દુનિયા દિવાનો છો કહે એ દોષથી ડરવું નથી !
સંસાર પર પૂળો મૂકયો બસ પંથ એ પળવું નથી !
રે ! મોહમાયાના સમુદ્ર વિષે હવે મળવું નથી !

આ જીંદગીને ત્યાગવા બે વાર મ્હેં ખટપટ કરી !
આયૂષ્ય દોરી ના કપાણી રે ! ગયો હું ના મરી !
રે ! મ્હોત નાસે દૂર મુજને દેખતાં જાયે ડરી !
કંગાળ છું ! પાપિષ્ટ છું ! છુટકો કરોને શ્રી હરિ !

મજનૂ બન્યો છું હાય! હું **લયલી** વિના ઘેલો ફરૂં !
લયલી વિના હું શું કરૂં ? લયલી વિયોગે હા ! મરૂં !
લયલી ભરૂસે છે ફરી **મજનૂ** હૃદય ડરતો નથી !
લયલી કબરમાં જૈ સુતી **મજનૂ** હજૂ મરતો નથી !

ફરહાદ તોડે મ્હાડ ત્યાં "**શીરી** મરણુ પામી" સુણી !
માશૂકને મળવા ગયો ! છે રીત એ પ્રેમી તણી !
પણ હું અભાગી ! નીચ પાપી ! બેકદર થઈને ફરૂં !
રે ! **નિર્મળા** સ્વર્ગે જતાં આ દેહ કાં ધારણ કરૂં ?

આવે સુકન્યા સ્વપ્નમાં "**શશિકાન્ત** છો શાણા તમે !"
"શરણે રહેલાંને તજી સંસારમાં રે'વું ગમે ?"
"હું તો, સુખી છું સ્વર્ગમાં પણ રીત તમ સારી નહિ !"
"વિશ્વાસઘાતી કાં થયા ? દિલમાં દયા ધારી નહિ !"

પળમાં હસે ! પળમાં રડે ! પળમાં ઘણી ગુસ્સે થતી !
પળમાં છુપાવી મૂખ કન્યા **નિર્મળા** નાસી જતી !
હું કરગરી પાયે પડું પણ **નિર્મળા** માને નહિં !
મમ હૃદય કેરા કષ્ટને દેવાંગના જાણે નહિં !

નિષ્ઠુર આ સંસાર આપે ભાળ ના વ્હાલી તણી,
જંગલ વિષે જઈ વૃક્ષને વળગી વિનવતો કરગરી;
વાતો વિહંગોથી કરૂં પણ કષ્ટ કો' કાપે નહિ,
દેખી મ્હને હસતાં બધાં ઉત્તર અરે! આપે નહિ!

કો'વાર કાળી રાત્રીએ સમશાનમાં હું તો જતો!
ભડભડ ચિતાઓ જ્યાં બળે તે પાસ જૈ રોતો હતો!
લૈ રાખ તે સમશાનની આખા શરિરે ચોળતો'!
હે **નિર્મળા**! તું ક્યાં ગઈ? પોકાર પાડી બોલતો'!

* * * *

પળ આંખ ઢાંકી ને ઉઘાડું એ વિષે શું થઈ ગયું!
આનંદની મૂર્તિ સનમ સરકારનું દર્શન થયું!
જોવા ફરી એ જ્યોતને ઘેલો બનીને આથડું!
આનંદ ના નજરે પડે હું એકલો છાનો રડું!

તિરછી અને કાતિલ નજરથી આ જીગર ઝખમી કર્યું!
એ ઝખ્મમાંથી ખુન ટપકે! તે છતાં દિલ ના ડર્યું!
ઝખ્મો સહન કરવા ફરી! બસ ખૂન ટપકાવા ફરી!
એ મૉજ મેળવવા ફરી! તલસૂં સનમ જોવા ફરી!

ફરહાદ! મજનૂ! હે! કલાપી! સ્વર્ગમાંથી આવજો!
તમ માર્ગમાં ભૂલો પડયો છું રાસ્ત રાહ બતાવજો!
બસ પ્રેમની મૂર્તિ ત્હમે છો ઇશ્ક મંત્ર પઢાવજો!
આ અર્ધદગ્ધ હૃદય જલાવી સાફ ખાક બનાવજો!

મણિભાઈ ! આવો છો પ્રવાસી આપ પંથ અભેદના ?
સાકી બની પ્યાલી શરાબેથી ભરી પાજો ભલા !
બાકી નહીં કૈં રાખશો સાકી ! સખી દિલ આપનું !
પીપો કરી ખાલી અખંડાનંદનો આશક બનું !

* * * * *

દુનિયાં **દીવાની છે બધી બસ ઇશ્ક ! ઇશ્ક !** પુકારતી !
પણ ના પિછાને સનમને નાહક ગઝલ લલકારતી !
રે ! રોગ વણ દર્દી ઠરે ! વાગ્યા વિના ઝખ્મી બને !
સૌ ચશ્મ મીંચીને ફરે ! લાગે અજાયબ એ મ્હને !

ઓ ! ઈશ્કના અક્ષર પરે આશક બનેલા આવજો !
શું ઇશ્ક ? ને છે શું **સનમ** ? છે રંકને સ્હમજાવજો !
સાકી શરાબો જામની સાથે પિછાન કરાવજો !
નહિ તો ગઝલ બેતો તણાં દફ્તર ઉપાડી લાવજો !

હી ! હી ! બિરાદર બસ કરો એ રાહ કૈં સ્હેલો નથી !
રે ! છે કઠણ ! પ્રેમી સનમનો ચાહ કૈં સ્હેલો નથી !
એ રાહ પર જાતાં જુઓ ! કુરબાન શિર કૈંએ કર્યાં !
દુનિયાં તણા અપવાદ યા ભય દંડથી તે ના ડર્યાં !

પાડે બરાડા સોયથી ખંજર ખમી તે શું શકે ?
પાદર જતાં ડરનાર જે જંગલ ભમી તે શું શકે ?
દિલમાં હળાહળ ઝેર છે આપી અમી તે શું શકે ?
રે ! શુદ્ધ પ્રેમ નથી ! સનમ સંગે રમી તે શું શકે ?

અધિકાર ઉત્તમ ઇશ્કનો ! વ્યભિચાર તેને ના ગણો !
વાંચી શરાબોની સ્તુતિ બાપુ ! શરાબી ના બનો !
નારી અનીતિવાનને પ્રેમી સનમ ના જાણુશો !
મસ્તાન ને ઘેલા બની તેમાં મઝા ના માણુશો !

*   *   *   *   *

પ્રિય પાઠકો ! મમ પ્રેમની કરૂણાજનક કથની લખી;
રે ! છે અધુરી તે હજુ ! આગળ લખાઇ ના શકી !
પુસ્તક ભરાયે કૈંક પણ ઉદ્ગાર મ્હારા ના ખુટે !
હરિ હાથ લે ! ઝટ મ્હોત દે ! આ દેહથી આત્મા છુટે !

*   *   *

*   *   *

*   *

છેવટ

એ રીતે એ શશિકાન્ત ભૂલી ભાન દીવાનો થયો,
વર્ષો વિત્યાં પણ નિર્મળાની યાદ ના વિસરી ગયો;
ના દેહનું કૈં ભાન છે સૂકાઇ કાષ્ટ સમો થયો,
રે ! રક્ત સૌ ઉડી ગયું બસ અસ્થિનો માળો રહ્યો

દિન એક આવ્યું પૂર સરિતા જોસમાં વહેતી હતી,
વાદળ છવાયું ગગનમાં વરસાદની વૃષ્ટિ થતી;
ચમકે વિજળીઓ નભ વિષે ગગડાટ વાદળ ગાજતાં;
આવે સપાટા પવનના સૌ ઘર વિષે પેસી જતાં.

તે સમય સાધીને દીવાનો તીર સરિતાને ગયો !
ભેખડ હતી ઉંચાણુમાં તે સ્થાન જઇ ઉભો રહ્યો !
"વ્હાલી વિલંબ કરૂં નહિં આવું હવે મળવા ત્હને !"
"પ્રેમાળ બાળા સ્નેહથી સ્વીકારજે ! **શશિકાન્તને** !"

વિદ્યુતના ચમકારથી ચળકાટ જળમાં થઇ રહ્યો !
"**હે ! નિર્મળા !**" એવું વદી **શશિકાન્ત** જળવાસી થયો;
પત્તો મળ્યો ના તેહનો જળની સમાધી છે કરી,
શશિકાન્ત આ સંસારમાં શોધ્યો મળ્યો ના કૈં ફરી.

તે જાણતાં સૌ લોક શોકાતુર અંતરમાં થયું,
રે ! દિવ્ય પ્રેમી જોડલું સંસારને છોડી ગયું;
હે ! દેવ ! તું સૌ દમ્પતીમાં પ્રેમ એવો સ્થાપજે,
એ યુગલ આત્માને સદા શાન્તિ પ્રભુ તું આપજે

* * * *

બે, ચાર પ્રેમીએ મળીને **નિર્મળા શશિકાન્તની** !
સમશાનમાં સરિતા તીરે પત્થર સમાધી છે ચણી !
તે પર લખ્યું "**પ્રેમી યુગલ શશિકાન્ત** ! **કન્યા નિર્મળા** !
આનંદમાં અત્રે વસે સંસારની છોડી પળા !"

* * * *

જે દિવસ પુત્રી **નિર્મળાનો** પ્રાણ પરલોકે ગયો,
તે દિવસથી ભોળો પિતા દુઃખથી પથારી વશ થયો;
"ઓ પ્યારી પુત્રી ક્યાં ગઇ ? હું મોહમાં અંધો રહ્યો,
રે ! દિવ્ય મ્હારો દીવડો ! મુજ પાપથી ગુલ થૈ ગયો."

ના પાસ કો’ને આવવા દે પત્નિને ગાળો દીયે,
“ તુજ વીણ પ્યારી પુત્રીનું રે ! રક્ત પાપી કો પીયે ?
જા દૂર થા ! જા દૂર થા ઓ રંડા મુજ થકી,
તુજ ફંદમાં હા ! હું ફસાયો વાત થૈ કર્મે લખી. ”

એ તીવ્ર પશ્ચાત્તાપથી પ્રેમી પિતા પાગલ થયો,
ત્રણ માસ સેવી મંદગી સંસારને છોડી ગયો;
લોકો તણા અપવાદથી પત્નિ પિયરમાં જૈ રહી,
એ રીત એક કુટુંબની કરૂણાજનક કથની કહી.

કથા સમાપ્ત.


દુઃખી પિતા! (નિર્ભાગી–નિર્મળા).



"જા! દૂર થા! જા! દૂર થા! ઓ દુષ્ટ રંડા! મુજથકી!
તુજ ફંદમાં હા! હું ફસાયો વાત થઇ કર્મે લખી!"

"મણિકાન્ત."

બ્રહ્મહત્યા!



“કર્યો ઉપકાર તે બદલે, ભર્યો અપકાર ત્હેં ભૂંડા!
વયોવૃદ્ધ વિપ્ર ગરદન પર, ઘસી તલવાર ત્હેં ભૂંડા!”

“મણિકાન્ત.”

બ્રહ્મહત્યા

યાને

આપઘાત કે ખુન ?!

(એક કરૂણાજનક કથા.)

સોરઠા.

બ્રહ્મહત્યાનું પાપ, છાપ પડી ત્હારા શિરે;
ન્યાયી જગનો બાપ, માફ કરે ના મૂરખા !

* * * *

પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિં;
પાપ તણી છે માત, બ્રહ્મહત્યા નહિ છૂટશે ?

* * * *

આશા! આશા! હાય! કામ કરાવ્યું ત્હેં કુડું;
"લોભે લક્ષણ જાય," હાય ! વિધાતા શું કરે ?

"મણિકાન્ત."

ભુંડાની ભુંડાઇ !

—ગઝલ—

કર્યો ઉપકાર તે બદલે ભર્યો અપકાર હ્હેં ભૂંડા !
વયોવૃદ્ધ વિપ્ર ગરદન પર, ઘસી તલવાર ત્હેં ભૂંડા !

\+ + + +

તપેલો શાન્ત થાવાને, વિસામો વૃક્ષનો લીધો !
કુહાડાથી પછી કાપ્યું, દગો કાં વૃક્ષને દીધો ?

\+ + + +

અરે ! પય પાઇને પાળ્યો, વળી મ્હોટો ત્હને કીધો !
ફણીધર હા ! બનીને ત્હેં, અરેરે ! ! ડંસ કાં દીધો ?

\+ + + +

મુસાફર હા તને માની, સુવાડયો ગૃહ વિષે જ્યારે !
કરી ચંડાળ ! ત્હેં ચોરી ! પડયાં સૌ નિંદમાં ત્યારે !

\+ + + +

અરે ! જગદીશ જાણે છે, અયે ! ઝાલિમ જુલમ ત્હારો !
કદી નહિ માફ કરશે તે, અદલ ઇન્સાફ કરનારો !

"મણિકાન્ત."

॥ શ્રીહરિ ॥

બ્રહ્મહત્યા !

યાને

આપઘાત કે ખૂન ?!

નોટઃ—સદરહુ કથામાં ટુંકી લાઇનો છે તે ચોપાઇમાં લેવી તથા વચ્ચે મ્હોટી લાઇનો છે તે ગરબી (સાંભળજો સજ્જન નરનારી હિતશિખામણ સારી-જી) ના રાહમાં લેવી.

ઈષ્ટ દેવને પાયે પડી,
વાત સુણાવું સૌને વડી;
કૈંક વર્ષની છે આ કથા,
દાદા મ્હારા કહેતા હતા.

નિશાળમાંથી આવું ઘેર,
દાદા વાત સુણાવે પેર;
સુણી વાત આંસુડાં ઢળે,
કુમળું અંતર મ્હારૂ બળે.

* * * *

શ્રી સરખાપુર ન્હાનું ગામ,
ભીલ લોકનું ભારે કામ;
અન્ય વરણુ ત્યાં થોડી ઘણી,
વધુ વસ્તી ઠાકરડા તણી.
વેત્રવતીને સુંદર તીર,
ગામ સદા દીસે ગંભીર;
ગામ શેઠ છે **મોતીલાલ**,
વ્હેપારે પામ્યો ધનમાલ.

બીજા વણીક વસે દસબાર,
ગામ શેઠ સૌનો સરદાર;
શેઠ તણી ઉમ્મર છે ત્રીસ,
શેઠાણી વર્ષ ત્રેવીસ.

સાત વર્ષનો પુત્રજ એક,
માત પિતાને વ્હાલો છેક;
કૃષ્ણલાલ છે ત્હેનું નામ,
નામ પ્રમાણે અંગ તમામ.

મુનિમ શેઠના અંબારામ,
છે વિશ્વાસુ ચોખ્ખું કામ;
વયે વૃદ્ધ છે વર્ષ સાઠ,
વિપ્રતણી ઉત્તમ છે નાત.

ઘણા વર્ષથી વહિવટ કરે,
શેઠ તણું અંતર તો ઠરે.

\+ + + +

બાર વર્ષના શેઠજ હતા,
પાટી લઈ ભણવાને જતા;
પિતા શેઠના ગયા સ્વધામ,
મુનિમને સોંપ્યુંજ તમામ.

સંભાળો સઘળો વ્હેપાર,
મમ બાળકની લ્યો સંભાળ;
તમપર મારો છે વિશ્વાસ,
હવે નથી જીવવાની આશ.

મુવા શેઠ મૂકી જંજાળ,
થયાં વર્ષ તેનેજ અઢાર;
પૈસા સારા પૈદા કર્યા,
શેઠ તણા ભંડારો ભર્યા.

ગણી પુત્રસમ પાળ્યો બાળ,
ભણાવવા લીધી સંભાળ;
વ્હેપારે પાવરધો કર્યો,
સોળે વર્ષે કન્યા વર્યો.

થયો તરૂણ ત્યાં **મોતીલાલ**,

ત્રેવીસ વર્ષે પ્રગટયો બાળ;
મુનિમને મુરબ્બી ગણે,
મુનિમની હા, એ હા, ભણે.
પુછયા વિણ પાણી નવ પીયે,
ખપતી વસ્તુ પૂછી લીયે;
એમ અઢારે પૂરાં થયાં,
શેઠ મુવે વર્ષો વહી ગયાં.
વર્ષ ત્રીસનો **મોતીલાલ**,
સાત વર્ષનો ત્હેનો બાળ;
હવે મુનિમની કહું છું કથા,
દેવ સમા ડોસા તે હતા.
ભોળાને ભગવત્ પર ધ્યાન,
સંતોનું કરતા સન્માન;
ગામ તેમનું ગંગાવાસ,
છે **સરખાપુર** કેરી પાસ.
ગંગાતીરે સુંદિર ગામ,
યાત્રા કેરૂં મ્હોટું ધામ;
વસે કુટુંબ ત્યાં મુનિમ તણું,
સુખિયું ને સંતોષી ઘણું.
ત્રણ પુત્રો ને પુત્રી એક,
પરણાવ્યાં સૌ કરી વિવેક;

પુત્ર તણે ઘર પુત્રો થયા,
સૌ નિજ ધંધે વળગી ગયા.
મૂકી ભર બાડી વસ્તાર;
ગયાં ડોસી હરિને દરબાર.
સદ્ગુણવાસી મુનિમ તણી,
ગામ વિષે કીર્તિ છે ઘણી;
એક વખત પુત્રો ને પિતા,
નિજ ઘરમાંહી બેઠા હતા.

(ગરબી–સાંભળજો સજ્જન નરનારી–એ રાહ.)

પુત્ર કહે છે તાત અમારા, વાત અમારી માનોજી;
મ્હોટા રળતા પુત્ર થયા તો, જગદીશ્વરને જાણો–
સાચું માનોજી.
શેઠ હવે તો મ્હોટા થયા છે, સઘળો વહીવટ સોંપોજી;
મુક્ત થઇને નિજ ઘર આવો, સૌ જંજાળો કાપો–સાચું.
તાત કહે છે પુત્ર તમારી, વાત હૃદયમાં ધારીજી;
રજા માગતાં શેઠ દુભાયે, એ ચિંતા છે ભારી–સાચું.
તોપણ **'મોતીને'** સમજાવી, મુક્ત થઇને આવુંજી;
સૌ જંજાળો ત્યાગ કરીને, હરગુણ હરનિશ ગાવું–સાચું.

ગયા માસ બીજા ત્યાં ચાર,
"મોતી" શેઠ થયાજ બિમાર;

ક્ષય વ્યાધી **મોતીને** થયો,
દિન પરદિન તે ગળતો ગયો.
ઔષધ કીધાં અપરંપાર,
પણ ના સારૂં થયું લગાર;
રોગ વધ્યો ને શક્તિ ગઈ,
મુનિમની હિમ્મત ના રહી.
છતાં દિલાસો દે છે ઘણો,
રાખ ભરૂસો ભગવત તણો;
તુજને સારૂં થશે વિચાર,
હિમ્મત ત્યાગીશ ના તલભાર.

શેઠ કહે છે કાકા મારા, મૃત્યુ માથે આવ્યુંજી;
તાબે થાવું પડશે તેને, જે ભગવતને ભાવ્યું-
મૃત્યુ આવ્યુંજી.
આ જગમાં જન્મીને જાવું, તેમાં શાને રોવુંજી;
પણ અધવચમાં ન્હાવ ડુબે તો કયમ આંસુડાં લ્હોવું-મૃત્યુ૦
જેવો મુજને તાતે સોંપ્યો, તેવો તમને સોંપુજી;
મમ બાળકની રક્ષા કરજો, હસ્ત હું તેનો આપું-મૃત્યુ૦
જેવું મારૂં જતન કર્યું'તું, તેવું તેનું કરજોજી;
જગતપિતા એ જગદીશ્વરજી, તમ અંતરમાં ઠરજો-મૃત્યુ૦
એમ કહેતાં **મોતીલાલે**, દેહ તજી ત્યાં દીધોજી;
મુનિમને આંસુ ના માયે, કોપ પ્રભુ શ્યો કીધો ?-મૃત્યુ૦

ઘરડાને મૃત્યુ ના આવે, કેમ યુવાનો જાયેજી?
અવળી ગંગા કેમ ચલાવો? આ દુ:ખ ના સ્હેવાયે—મૃત્યુ૦

ડોસે સૌને શાન્તજ કર્યા,
ક્રીયા કરી સૌ ઠામે ઠર્યા;
ડોસે વહીવટ ચાલુ કર્યો,
કૃષ્ણલાલને હાથે ધર્યો.
ભણાવવા મુકયો નિશાળ,
પુત્ર તુલ્ય લેતા સંભાળ;
શેઠાણીને આપે આશ,
થાશો નહિં કૈં તમે નિરાશ.
પુત્ર કાલ તુજ મ્હોટો થશે,
કષ્ટ તમારાં સર્વે જશે;
વર્ષ વિત્યાં બીજાં ત્યાં આઠ,
ડોસે ઠીક કર્યો છે ઠાઠ.

આગળથી બ્હોળો વ્હેપાર,
કરી કમાયા પૈસા ચાર;
શેઠ તણી મિલકત તો વધી,
મુનિમની મહેનત છે બધી.
કૃષ્ણલાલનાં લગ્નજ કર્યાં,
ડોસાએ દિલ સૌનાં હર્યાં;

વૃદ્ધ થઈ ડોસાની કાય,
આંખે ઝાઝું ના દેખાય.
નામું લખવા માટે એક,
મ્હેતો રાખ્યો કરી વિવેક;
શેઠ તણા સગપણમાં હતો,
દરિદ્રતાથી દુઃખિયો થતો.
ચાર હતાં તેને સંતાન,
પણ પૈસા વણ દુઃખની ખાણ;
ડોસાને દીલ આવી દયા,
દઈ નોકરી શાન્તજ થયા.
પાવરધો વ્હેપારે કર્યો,
અંદેશો ના અંતર ધર્યો;
નામ તેહનું **કાળીદાસ**,
નામ પ્રમાણે અવગુણ ખાસ.
લોભીને લુચ્ચો છે ઘણો,
ડર ના રાખે ઈશ્વર તણો;
અદેખાઇનું પુરૂં જોર,
અંતર તેનું હતું કઠોર.
પાપ પુણ્ય ના ગણે લગાર,
ચોરી એ ચોખ્ખો વ્હેપાર;

વળી કુછંદી પૂરો હતો.
નવ કરવાનું કરવા જતો.
શરિર પણ લાગે ભયકાર,
હબસી સમ તેનો આકાર;
આંખો દેખી બાળક બ્હીયે,
ભુલે ચુકે કો નામ ન લીયે.
પણ ઉજળો તેનો વસ્તાર,
તેની આવે દયા લગાર;
બાર માસ નોકરીએ થયા,
દુઃખના દા'ડા સર્વે ગયા.
દુકાનમાંથી ચોરી કરે,
દાણા વસ્તુ હરદમ હરે;
મુનિમથી ડરતો હદબાર,
પણ અંતર ઈર્ષા અંગાર.
લાંચ લઇ ગ્રાહકથી મળે,
હિસાબમાં ગોટાળો કરે;
મુનિમજી વિશ્વાસે રહ્યા,
એમ દિવસ કૈં ચાલ્યા ગયા.

પાપ ઘડો જ્યાં પુર્ણ ભરાયે, તુર્ત પછી છલકાયેજી;
કૈંક ઈલાજો કામ લગાડે, પણ ના તે ઢંકાયે–સાચું માનોજી.

ચોરી કરશે ચોર સદા પણ, એક દિવસ પકડાશેજી;
માન ભંગને થાયે દુઃખિયો, ન્યાયવિષે સપડાશે–સાચું મા.
તે જાણે ના જોતું કોઈ, પણ જોતો જગરાયજી;
અવધી થતાં અલ્પ સમયમાં, પાપ પ્રગટ સૌ થાયે–સાચું.

મુનિમને તો થઈ છે જાણ,
કે, મ્હેતાએ કાઢયો ઘાણ;
ઓ મુરખા! શું કીધું કામ?
નિમકહરામી થયો તમામ.
તારા વિશ્વાસે હું રહ્યો,
ઘાતી તું આવો કાં થયો?
દન જાણીને રાખ્યો પાસ,
તેનો બદલો આપ્યો ખાસ.
રજા તુજને આપુ સહી,
હવે કદિ ના આવીશ અહીં;
નિમકહરામી શેઠજ તણો,
ધમકાવ્યો ડોસાએ ઘણો.
કરગરતો ત્યાં કાળીદાસ,
માફ કરો આ સમયે ખાસ;
ખચ્ચાં મારાં થાશે દુઃખી,
શુભ આશિષથી થાશો સુખી.

હવે કરૂં ના એવું કામ,
ના કરશો મુજને બદનામ;
ડોસાને મન આવી દયા,
શિખ દઈને શાન્તજ થયા.
કૃષ્ણલાલને ડોસે કહ્યું,
હવે બાળપણ તારૂં ગયું;
મુજને આંખે હવે કચાસ,
માટે વહીવટ સર્વ તપાસ.
પુત્રો કહે છે "આવો ઘેર,
રામ રટોને રૂડી પેર;"
તેથી તારૂં તું સંભાળ,
મ્હારો પાસે આવ્યો કાળ.

કૃષ્ણલાલ બોલ્યો દિન થઈને, કાકા કરૂણા રાખોજી;
આ ઘરબાર ગણો કાં જુદાં? શું મુખથી આ ભાખો?-
કરૂણા રાખોજી.
રામ રટો આ ઘરમાં રહીને, પુત્ર મને નિજ ધારોજી;
પુણ્ય દાન પ્રિતેથી કરજો, સર્વેને સંભાળો-કરૂણા.

એમ દિવસ કૈં થયા પસાર,
કૃષ્ણલાલને પ્રગટયો બાળ;
આવ્યા દીવાળીના દીન,
ડોસા આવ્યા નિજ વતન.

દીવાળી કરવા શુભ પેર,
પુત્રો પણ આવ્યા નિજ ઘેર;
હશી ખુશીથી દિવસો ગયા,
તહેવારો ત્યાં પુરા થયા.
પુત્ર કરી આજીજી કહે,
હવે જશો ના શેઠજ ગૃહે;
નિજ ઘરની ના કૈં દરકાર,
તજો હવે ત્યાંની જંજાળ.

નહિં જવા દઈશું ત્યાં અમે,
સૌ ખટપટને ત્યાગો તમે;
ડોસા બોલ્યા દિકરા સુણો,
હવે નથી રહેવાનો ઘણો.
કૃષ્ણલાલને સોંપી સહી,
જુજ વખતમાં આવું અહીં;
દઈ દિલાસો ડોસો ગયા,
પુત્રો પણ પરદેશે વહ્યા.

યત્ન કરોને ક્રોડ કદાપિ, ટેવ પડી ન તજાયેજી;
તેમ સ્વભાવ નહિં બદલાયે, મર્ણ થતાં દુર થાયે—સાચું.
ધુવો કોયલા બહુ સાબુથી, પણ ધોળા નવ થાશેજી;
હીંગ વિષે સુગંધી ભેળો, વાસ નહિં બદલાશે:—સાચું.

બુદ્ધિ બગડી મ્હેતા તણી,
અદેખાઇ અંતરમાં ઘણી;
વિચારતો પોતાને મન,
ડોસો વચમાં નડે વિઘ્ન.
જુવાન સાસુ મરશે નહિ,
વહુનો દહાડો વળશે નહિ;
ડોસાનું જો કાસળ જાય,
મન ગમતો પૈસો લુંટાય.
ડોસો દેશ જવાનો નથી,
પ્રપંચ કૈં નભવાનો નથી;
જ્યાં ત્યાં ડોસો પામે માન,
મારૂં ના થાયે સન્માન.
રકમ એક ઉચાપત કરી,
જો ડોસાની દ્રષ્ટે પડી;
તો, તો, થાશે બૂરા હાલ,
ફજેત કરશે તે તત્કાળ.
રસ્તા વચ્ચે આવે આડ,
કેમ કાપવી ઘટે ન વાડ?
દુનિયા છે દોરંગી બધી,
સાર અસાર સમજતી નથી.

મ્હારે શું બીજાથી કામ ?
કરવું મ્હારે કામ તમામ;
ડોસો પ્હોંચાડું ચમત્કાર,
પડે પછી પાસા પોબાર.
કૃષ્ણલાલ છે ભોળો છેક,
નવ સમજે તે બે કે, એક;
મનમાંહી મનસુબો કરી,
મ્હેતાએ મન આશા ભરી.

ડોસા આવ્યા સૌ મન ભાવ્યા, રોજ ગયા અગીયારજી;
કાર્તિકને સુદ અગીયારસનો, દીન હતો નિરધાર-સાચું.
પેઢી ને રહેવાનું મંદિર, બન્ને એક મકાનેજી;
આગળ પેઢી પાછળ ઘર છે, દ્વાર બે રાખ્યાં તેને-સાચું.
શેઠ શેઠાણી સાત દિવસથી, ગામ ગયાં છે બીજેજી;
ડોસા વણ ઘરમાં ના કોઇ, વાત હૃદયમાં લીજે-સાચું.

અગીયારસની શાન્ત સ્હવાર,
મુનિમજી ઉઠયા તત્કાળ;
તુર્ત ગયા સરિતાને તીર,
ન્હાયા ડોસા નિર્મળ નીર.
આજે ડોસાને ઉપવાસ,
અગિયારસ તે કરતા ખાસ;

સ્નાન ધ્યાન ક્રિતેથી કર્યું,
ધરણીધરનું ધ્યાનજ ધર્યું.
સ્નાન કરીને ગયા મુકામ,
દુકાનનું ઉકેલ્યું કામ;
મ્હેતાજી પણ હાજર હતા,
અંગે આજ અતી ધ્રૂજતા.
સાંઝ પડીને દીવા થયા,
મ્હેતાજી નિજ મંદીર ગયા;
ડોસે થોડું કર્યું ફરાળ,
જપવા બેઠા શ્રી ગોપાળ.
જપ તપ કરતાં વાગ્યા આઠ,
ઠીક જમાવ્યો ડોસે ઠાઠ;
દુકાનને મ્હોટો છે ચોક,
રાત પડે ત્યાં આવે લોક.
મિત્ર મંડળી ત્યાંજ ભરાય,
ડોસાનું હૈયું હરખાય;
ડોસો કહેતા સુંદર વાત,
શિખામણની તે સાક્ષાત.
ડોસે વાત ચલાવી છેક,
બાર ઉપર ત્યાં વાગ્યો એક;

સૌ સૌને ઘેર ચાલ્યા ગયા,
ડોસો દ્વાર દઇ સુઇ રહ્યા.

લોક કહે છે યમના દૂતો, જનને લેવા આવેજી;
પણ ના કો'ની દ્રષ્ટે પડતા, ના કો'ને ગભરાવે-સાચું.
પણ ડોસાએ નિજ દ્રષ્ટીએ, બે જણ દીઠા પાસજી;
એક હતો કો પુષ્ટ ભીલડો, બીજો **કાળીદાસ**-સાચું.
પુષ્ટ ભીલડે ડુચો દીધો, ડોસાજીના મૂખેજી;
છાતીપર મ્હેતાજી બેઠો, ડોસા નિર્બળ ભૂખે-સાચું.
ભિક્ષુ કહે છે એ મ્હેતાજી, કામ કરોજ ખલાસજી;
પાસ ગળાપર દીધો મ્હેતે, સુણતાં ઉપજે ત્રાસ-સાચું.

મ્હેતે કીધું કામ ખલાસ,
ડોસા પામ્યા સ્વર્ગે વાસ;
ડોસાને ઉપાડયા ત્યાંય,
દુકાનની માળી છે જ્યાંય.
ગળે દોરડું બાંધી એક,
લટકાવ્યા નીચાણે છેક;
ગુઠણુ પર બેસાડયા ધરા,
દુષ્ટો ભુલ્યા કરતાં કળા.

* * * *

પાછળ દ્વારે પેઠા હતા,
ડોસો જ્યારે કહેતા કથા;

તે અવસરમાં કાળીદાસ,
ઉઠી સાંકળ ખોલી ખાસ.
ભીલ્લ ઉભો'તો પાછળ દ્વાર,
ત્હેને લીધો અંદર સાર;
સંતાડયો ત્હેને એકાંત,
કથા સુણવા બેઠો શાન્ત.
સૌ સૌને ઘેર જ્યારે ગયા,
મ્હેતાજી સૌ સાથે વહ્યા;
સમય થયો અડધો કલાક,
મહેતાજીએ સાધ્યો લાગ.
પાછળ દ્વારે ધીમે ગયો,
ભીલ્લ બીજો ત્યાં ભેગો થયો;
ભીલ્લ કહે "કયાં જાઓ દાસ?"
નામું છે લખવાનું ખાસ.
ચઢી ગયું છે નામું છેક,
માટે લખવું ધરી વિવેક;
દહાડે ના મળતી નવરાશ,
માટે જાવું આજે ખાસ.
સુણી વાત ઠાકરડો ગયો,
મ્હેતાજી મંદીરમાં વહ્યો;

ત્યાર પછી શું કીધું કામ?
તે જાણો છો આપ તમામ.
કરી કામને નીકળ્યા બ્હાર,
જુજ વખતમાં થયું સ્હવાર;
પ્રભાતમાં ડોસો દે દાન,
દાણા કેરૂં રોજ નિદાન.
ભીખારી સૌ ભેગા થયા,
ચોક ઉપર સૌ બેસી ગયા;
મુનિમજી ઉઠ્યા નહિં હજુ,
કેમ નહિં બિછાનું તજયું ?
દાણા મોકલવા'તા બ્હાર,
ખર લઇને આવ્યો કુંભાર;
કાકા કહીને પાડી બૂમ,
કમાડ ખખડાવીને ધૂમ.
ગરબડ કરતાં વાગ્યા આઠ,
ઠીક જમાવ્યો લોકે ઠાઠ;
કોટવાલ ત્યાં આવ્યો સાર,
તેડાવ્યો તત્પર સુતાર.
કમાડ તોડી અંદર ગયા,
શય્યા સૂની વિસ્મય થયા;

તપાસ સૌ ઠેકાણે કરી,
ખુણે ખાંચરે જોયું ફરી.
મ્હેતાજી પણ લેતા ભાગ,
સાંકળ દીધી સાંધી લાગ;
ગભરામણુની ચાલે ઘડી,
કોટવાલની દ્રષ્ટે પડી.

સંશય આવ્યો ત્હેને એમ,
મ્હેતે સાંકળ દીધી કેમ?
માળ પરે સૌ જોવા ગયા,
શબ દેખીને વિસ્મય થયા.
શું દુઃખ દેખી ડોસો ડર્યો?
આપઘાત ભોળાએ કર્યો;
મ્હેતાજી ઉભા છે જ્યાંય,
કોટવાલની દ્રષ્ટિ ત્યાંય.

થરથર ધ્રુજે કાળીદાસ,
કોટવાલ સમજ્યો છે ખાસ;
ત્રાસ પામતા સૌ કો ત્યાંય,
આંખ વિષે આંસુ ના માય.
ડોસા દેવ તણા અવતાર,
શા દુઃખે છોડયો સંસાર?

જે દેખે તે અચરજ થતો,
પાસ દોરનો ઢીલો હતો.
ડોસાની ગરદન ચોપાસ,
ડાઘ ઉઝરડો મળે ન ખાસ;
પડે સમજ ના કો'ને કશી,
કોટવાલના હૈયે વશી.
કોટવાલ રજપૂતજ હતો,
મુનિમ કેરો મિત્રજ થતો;
મ્હેતો બોલાવ્યો એકાંત,
કોટવાલ તો થયો કૃતાંત્ત.
ઓ ! કાળા ! પાપી ચંડાળ !
આણ્યો ત્હેં બ્રાહ્મણનો કાળ;
ક્યા સુખ માટે કીધું પાપ,
ઉત્તર સાચો મુજને આપ.
ઇર્ષા તું કરતો'તો ઘણી,
દેવ સમા ડોસાજી તણી;
સાંકળ દ્વારે દીધી સહી,
તું જાણે કો દેખે નહિં.
વળી જગા નીચી છે બધી,
આપઘાત ના થાયે કદી;

મુજ પાસે પૂરાવો એક,
નથી છુટવાનો તું છેક.
જો મણકા મુજ પાસે ઘણા,
તુજ તુળસીની કંઠી તણા;
મુનિમની શય્યાની પાસ,
પડયા હતા મેં લીધા ખાસ.
ક્યાં કંઠી તુજ જૂની અરે!
નવી પહેરી આવ્યો ખરે!
રાત્રે ખૂંન કરતાં નિરધાર,
તુટેલી તુળસીની માળ.
મુખ ત્હારૂં છે મ્લાનજ થયું,
તેજ બધું તુજ જાતું રહ્યું;
આવ્યો પાસે ત્હારો કાળ,
આશ્રયની ત્હેં તોડી ડાળ.
મ્હેતો ત્યાં ગભરાયો ઘણો,
ભય પેઠો પકડાવા તણો;
કોટવાલને પાયે પડયો,
પોકેપોક મુકીને રડયો.
ત્હમે બચાવો મુજને આજ,
કૃપા કરીને રાખો લાજ;

કોટવાળની પાસે જઈ,
વાત સુણાવી છાની કંઈ.
થયો શાન્ત ત્યાં તે રજપૂત,
મંત્ર સુણી એવો અદ્દભૂત !

લક્ષ્મી દેખી મ્હોટા જન પણ, લાલચમાં લપટાયેજી;
ના ડર રાખે દેવતણો એ, જાળ વિષે ઝપટાયે—સાચું માનોજી.
દોષિત તે નિર્દોષ ગણાયે, નિર્દોષી દંડાયેજી;
જુઠો તે સાચો થઈ બેસે, સાચો જન સપડાયે—સાચું.
પણ સદ્દગુણી ને ન્યાયી જન કર્મ કરે નહિં એવુંજી;
નથી અમર કો આ અવનીમાં, પાપ શિરે શીદ લેવું?—સાચું.

છાની વાત કરી એકાંત,
કોટવાલને કીધો શાન્ત;
રજપૂત શબની પાસે ફર્યો,
આપઘાત ડોસાએ કર્યો.

પંચકયાસ પ્રપંચે કર્યો,
દેવ થકી—ના દીલથી ડર્યો;
વિપ્રજનોને આજ્ઞા ભણી,
અગ્નિદાહજ દેવા તણી.
વિપ્રોએ આટોપ્યું કામ,
ઘણું કકળતું આખું ગામ;

જ્યાં ત્યાં એવી વાતો થાય,
મ્હેતે કીધી બ્રહ્મહત્યાય.
પાપ કદી ના છાનું રહે,
વાત વાયરે તુર્તજ વહે;
સઘળે શોક છવાઈ રહ્યા,
અરે ! દેવ અવતારજ ગયો.
મુનિમ પર સૌનો છે પ્યાર,
મ્હેતાને દેતા ફીટકાર !
મ્હેતે કીધું કામ તમામ,
પત્ર લખ્યો ડોસાને ગામ.
પુત્ર બધા પરદેશે હતા,
વાત સુણીને વિસ્મય થતા;
શું દુઃખ આવ્યું ડોસા શિર,
આપઘાતથી તજ્યું શરિર.
દુઃખી હૃદય નિજ ગામે ગયા,
સર્વ સહોદર ભેગા થયા;
સૌ જન બોલે જ્યાં ત્યાં ઘણું,
થયું ખૂન તમ ડોસા તણું.
ક્રીયા ખર્ચ પરવારી કરી,
ગયા પુત્ર **સરખાપુર** ભણી;

કૃષ્ણલાલ ત્યાં આવ્યો હતો,
રડી રડીને નબળો થતો.
શું કીધું હેં ઓ ભગવાન!
ડુબ્યાં મ્હારાં બારે વ્હાણ;
ઓ કાકા! તમને કહું કથી,
મ્હારો દોષ જરાયે નથી.
મુનિમ પુત્ર ત્યાં બોલ્યા વાત,
ત્હારો વાંક નથી સાક્ષાત;
જે ભગવતને ભાવ્યું સહી,
ત્હારે દીલગીર થાવું નહીં.
મુનિમના પુત્રોએ ખાસ,
ચાલુ કીધી ગુપ્ત તપાસ;
મ્હેતો પાછળ દ્વારે ગયો,
ભીલ્લ બીજો જે ભેગો થયો.
તે આવ્યો મળવાને ખાસ,
મુનિમના પુત્રોની પાસ;
કહીં વિસ્તારી સર્વે કથા,
સાક્ષી મ્હારી સાચી સદા.
મળ્યો પુરાવો માગી દાદ,
પુત્રોએ માંડી ફરિયાદ.
× × × ×

તપાસ ચાલી માસજ ચાર,
પણ નીકળ્યો કૈં એ સાર;
કોટવાલ ને મ્હેતે મળી,
સાક્ષી ફોડયા દ્રવ્યે કરી.

કોટવાલ ના દિલથી ડર્યો,
કૃષ્ણલાલને કબજે કર્યો;
સમજાવ્યો ધમકાવ્યો ઘણું,
ઘર ભેળાશે રે ! તુજ તણું.

માટે અમને આપ મદદ,
ખુનનો કેસ કરાવું રદ;
સર્વ પાપમાં ભેગા થયા,
મ્હેતાજી તો છુટી ગયા.

મુનિમ પુત્રો થયા નિરાશ,
ગામ ગયા નિજ છોડી આશ.

* * *

પાપીનું ઢંકાયું પાપ,
પણ ના છોડે જગનો બાપ;
પ્રપંચથી જો છુટી જાય;
પણ કુદરતની શીક્ષા થાય.

વર્ષ ચાર તો વીતી ગયાં,
પણ મ્હેતાને ભારે થયાં;
ગઇ ચાકરી નિર્ધન થયો,
પુત્ર એક યમદ્વારે ગયો.
પુત્રી એક પતિ વિણુ થઇ,
મ્હેતાની આંખો પણ ગઈ.

અંધ થઇને પેટજ ભરવા, પર ઘરમાં અથડાતોજી;
પામે છે અપમાન અતિશે, સહન કરી સૂકાતો-સાચું.
સૌ બોલે વાવ્યું તે લણશે, તેમાં કોઈ શું કરશેજી?
બ્રહ્મહત્યાનું પાપ ન ન્હાનું, બહુ દુઃખ પામી મરશે-સાચું.

બહુ દુઃખ પામ્યો **કાળીદાસ,**
તે સુણતાં ઉપજે છે ત્રાસ;
આઠ વર્ષ બીજાં પણ ગયાં,
મ્હેતાનાં દુઃખ પૂરાં થયાં.

વર્ષ થયાં જ્યાં ખૂનને બાર,
કાળીદાસ ગયો યમદ્વાર;
શીક્ષા અહીંની પૂરી થઈ,
ત્યાંની શીક્ષા બાકી રહી.
કૃષ્ણલાલ પણ દુખિયો થયો,
ધંધો સર્વે તૂટી ગયો;

રહી નહીં પહેલાંની શાખ,
હતા મુનિમ પેઢીનું નાક.

× × × ×

હે ! દિનબંધુ ! દેવદયાળુ, કરૂણા કેશવ કરજોજી;
મુનિમના ભોળા આત્માને, હરદમ શાન્તી મળજો–કરૂણા૦
આ જગતમાં જન જેવું વાવે, તેવું ફળ તે પામેજી;
બાવળ વાવી આંબો ઇચ્છે, એ આશા નવ જામે–કરૂણા૦
હે ! સદ્‌ગુણી વાંચક પ્યારા ! છે તુજનેજ સલામજી,
ભુલચુકની હું માગું માફી, જય જય આત્મારામ–કરૂણા૦

સમાપ્ત.



પ્રાર્થના!

—ગઝલ—

નમું કિરતાર કરૂણાળુ! કુબુદ્ધિ કાપજો! પ્યારા !
અમારો ધર્મ સાચવવા, સુબુદ્ધિ આપજો! પ્યારા !
ભૂખ્યાને અન્ન દેવાને, પ્રીતે પરમાર્થ કરવાને;
દયાળુ દેવ અમ દિલમાં, દયાને સ્થાપજો! પ્યારા !
હળાહળ ઝેરના જેવા, જૂઠાથી જૂજવો રાખી;
હ્રુદયમાં સત્યતાની છાપ સત્વર છાપજો! પ્યારા !
ત્હમારા ગુણ ગાવાને, ભજનમાં લીન થાવાને;
અમારા દેહમાં ભક્તિ રગે રગ વ્યાપજો! પ્યારા !
કુડા છે કામ ને ક્રોધ, બૂરા છે મોહ ને લોભ;
કહે શંકર અમોને દૂર એથી રાખજો! પ્યારા !

"મણિકાન્ત"

શ્રી હળધરવાસમાં મહર્ષિ પરાશરનો આશ્રમ.



જુઓ! દેવ દે'રુ! મહા ધામ–આ છે! નહિં માનુષી દેવ કામ–આ છે!

"મણિકાન્ત."

૨૯

પ્રાર્થના.



"ભલે દુશ્મન બને દુનિયા ત્હમે ના કોપશો બાપુ!
અમીમય આંખ ક્યારીમાં અફીણના રોપશો બાપુ!"

"મણિકાન્ત."

ॐ

સ્તુતિ-કાવ્ય.

—ગઝલ—

ભલે દુશ્મન બને દુનિયાં, ત્હમે ના કોપશો! બાપુ!
અમીમય આંખ ક્યારીમાં, અગ્નિ ના રોપશો! બાપુ!
તમારી જ્યાં દયા દૃષ્ટિ, અહાહા!! ત્યાં અમી વૃષ્ટિ;
બને સ્નેહી સકળ સૃષ્ટિ, સદા હૃદયે વસો! બાપુ!
કરો જો આંખને રાતી, અહો સઘળા બને ઘાતી;
થશે વૈરી હશે સાથી, નમેરા ના થશો! બાપુ!
અમારા દોષ ના જોશો, દયાળુ દુર્ગુણો ધોશો;
અમે તો આપનાં છોરૂ! સુબુદ્ધિ આપશો! બાપુ!
નથી શ્રદ્ધા અમોને તે, શિખામણ આપીએ તમને;
સુણી દીન બાળની વાણી, મધુરૂ શું હસો? બાપુ!

× × × × ×

મહા પર્વત તણું કાજળ કરી સાગર વિષે નાંખે;
કલમ વૃક્ષો સકળ કેરી ભૂમિ કાગળ રૂપી રાખે.
સદા જો શારદા લખશે તમારા ગુણ હે! ત્રાતા!
તથાપિ પાર ના આવે દયાળુ દેવ છો દાતા.

"મણિકાન્ત."

સનમની સ્તુતિ !

—ગઝલ—

દિવાના હાલ આ દેખી ! સનમ ! દરકાર કર મ્હારી !
પલકભર પ્યારથી પેખી ! કદર સરકાર ! કર મ્હારી !
અહા ! એ વસ્લની રાતે મળી મહબૂબ મયખાને !
મધુરી એ પળો ! હરદમ મુબારક ! હો ! જીગર માને !
ઘુંઘટપટમાં નિહાળ્યું મ્હેં મનોહર મૂખડું ત્હારૂં !
ઘવાયો ચશ્મ ખંજરથી પુકારૂ નામ બસ ! પ્યારૂ !
અયે ! પી ! પી ! કહી મુજને પીવાડી ઇશ્કની પ્યાલી !
મઝા જ્યાં ઠીક જામી ત્યાં છબીલી છેતરી ચાલી !
ગુમાની ! તું ! ગઈ ત્યાગી દિવાનાને દગો દીધો !
સનમ ! અય ! બે રહમ ! ત્હારો કહે મ્હેં શું ગુન્હો કીધો ?
બન્યો દર્દી ! જીગર ઝખ્મી ! નિરંતર ખૂન ટપકે છે !
છતાં આ દિલ દિવાનાને સનમ ! જો ! લેશ ખટકે છે ?
ફરી એ ઝખ્મ સહેવાને ખુશી છું ખૂન દેવાને !
બન્યો આતૂર આ બંદો સનમ તુજ સંગ રહેવાને !
સઠસ દુનિયાં તણી દૌલત કરૂ કુરબાન ! ત્હારા પર !
છતાં અય ? બે કદર ! દિલબર ! રહમ ત્હારી ન મ્હારા પર !
તજી દરકાર દુનિયાંની દિવાનામાં ગણાયો છું !
અમોએ આબરૂ છોડી સનમ ! મૂર્ખો મનાયો છું !
હજારો લાખ હું જેવા દિવાનાઓ તને ચાહે !
મગર તું એક છે મ્હારે હઠીલી ! આવ ઝટ રાહે !

"મણિકાન્ત."

ગણપતિની સ્તુતિ !

—ગીતિ—

'ગુણ નાયક ! ગુણવંતા ! ગજદંતા ! હે ! દયાવંત દેવા !
પ્રથમ નમું હું તમને, કરો સ્હાય શ્રી ગજાનંદ ગરવા !

*　　*　　*

વસંત તિલકા-છંદ.

આરંભતાં પ્રથમ હું પડું તુજ પાય,
ગૌરી કુમાર ગણુરાય થજો સહાય;
મ્હારી સ્વિકાર કરજો ! મનની સુ-સેવા,
પ્રીતે નમું તમ પદે ગણુનાથ દેવા !

સરસ્વતીની સ્તુતિ !

સોરઠા-તાલ-કેરબા. (કામણુ દીસે છે અલબેલા તારી આંખ)

હું શરણુ ચરણુ શીષ નામી વંદુ સરસ્વતીરે ! (૨)
સર્વ જગતની તું છે જનુની,
આશ પુરો છો સહુના મનની;
વૃદ્ધિ કરો છો—ધનની,
ત્હારી ગહન ગતિરે ! હું.

નામ તમારૂં મંગલકારી,
કીર્ત્તિ સર્વે વ્યાપી ત્હારી;
મયૂર ઊપર કરી સ્વારી,
તુજમાં મહા મતિરે ! હું.

શિવ બ્રહ્મા ત્હારા ગુણ ગાતા,
સર્વ જગતની તું છે દાતા;
મ્હેર કરોને માતા !
આપો શુભ મતિરે ! હું.

તુજ ગુણનો મા પાર ન પામું,
તુજ દર્શનથી સહુ દુઃખ વામું;
દયા કરી જો ! સ્હામું,
ટાળી આપત્તિરે ! હું.

દેવી દયાળી ! દયા તું કરજે !
કહે શંકર દુઃખ સૌનાં હરજે !
મમ જીંવ્હાએ વસજે !
આપો સુખ અતિરે ! હું.

ઇશ્વર સ્તુતિ !

(સૈયાં પડું મેં તોરે પૈયાં–એ રાહ)

વા'રે સ્વામી, રટું હું શીષનામી, માયાળુ છો મોરારી–વા'રે.

તમે સલ્યા અહલ્યા કરી દીધી !
વળી સ્હાય સુધન્વાને કીધી !

કીધી છે સ્હાય સ્વામી ! દર્શન દ્યોને અભિરામી !
રઘુવરજી ! સુંદરજી ! દાન અરજી ! દિલ ધરજી ! વા'રે.

સ્હાય કરો ત્હમે સ્હાય કરોને !
ભવમાંથી તરવા મ્હને સ્હાય કરોને !

તમે મોહન મુરલીવાળા ! ભક્તિ આપો છોગાળા !
શંકરના, સુખકર્ત્તા ! દુઃખહર્ત્તા ! જગકર્તા ! વા'રે.

મોહનની માયાની સ્તુતિ !

(કામી શું ન કરે ? કુકર્મ રે ! એને મળતો રાહ.)

મોહન ત્હારી માયા, છે મધુરીરે....મોહન ત્હારી માયા !
શિવ બ્રહ્મા તુજ ધ્યાન ધરે છે,
સરસ્વતી ત્હારૂં સ્તવન કરે છે;
ઋષિ મુનિએ જશ ગાયા...............મોહન ત્હારી માયા ! છે.
ભવાબ્ધિ તારક ભૂધર સ્વામી,
પ્રણમું તુજને હું શીષ નામી;
જસોમતીજીના જાયા..............મોહન ત્હારી માયા ! છે.
જે દર્દિને દર્શન તું દે,
દુઃખડાં ત્હેનાં સર્વે છેદે;
સુખમય ત્હેની કાયા..............મોહન ત્હારી માયા ! છે.
પાંડવની પ્રતિજ્ઞા ત્હમે પાળી,
દ્રુપદ સુતાંની કરી રખવાળી;
ભાજી વિદુર ઘર પાયા...............મોહન ત્હારી માયા ! છે.
સુધન્વાને સ્હાયજ કીધી,
તેલ કઢા શીતળ કરી દીધી;
વ્હારે ગજની ધાયા...............મોહન ત્હારી માયા ! છે.
જે ત્હારી માયા મેળવશે,
તે જનને ઝટ મુક્તિ મળશે;
જદુનંદન જગ રાયા..............મોહન ત્હારી માયા ! છે.
દીન શંકરની સુણજો વાણી,
ભક્તિ સદા દ્યો સારંગપાણિ;
માગું ત્હારી—માયા..............મોહન ત્હારી માયા ! છે.

સૂર્યની સ્તુતિ !

શાર્દૂલ વિક્રિડિત છંદ.

જેના તેજ થકી ત્રિલોક ઝળકે, એવા પ્રતાપી ત્હમે,
ટાળોછોજ તિમિર સૌ જગતનું, સૃષ્ટિ તમોને નમે;
ત્હારો છે ઉપકાર સૌ જગપરે, છે તું દયાનો નિધિ,
વંદુ શ્રી રવિ દેવ નિત્ય તમને, ટાળો દુઃખો ત્રિવિધિ.

સાગરની સ્તુતિ !

શિખરિણી છંદ.

ઘણો ગાજે ઘૂર્કે; અતિ બળ કરી તું ઉછળતો,
નહિ માઝા મુકે, કળિયુગ મહીં દેવ તું છતો;
ઘણાં રત્નો પાકે, ઉદર મહીં ત્હારા સરિ-પતિ,
નમું નિત્યે હેતે, ચરણ તુજમાં સાગર પતિ,
મળી દેવો દૈત્યે, મથન તુજ કીધું શ્રમ કરી,
દીધાં રત્નો ચૌદે, વિષ સહુ ગયું દૈત્યજ ભણી;
લીધાં રત્નો દેવે, સકળ સ્થળ આનંદજ અતિ,
નમું નિત્યે હેતે, ચરણ તુજમાં સાગર પતિ.
હરિનો વાસો છે, પરમ પદવાળા તુજપરે,
પ્રતાપી એવો તું, સકળ જગને પાવન કરે;

ગુણો ત્હારા ગાયે, સકળ જગદેવો મુનિ જતી,
નમું નિત્યે હેતે, ચરણ તુજમાં સાગર પતિ.
સરિતાઓએ તો, શરીર તુજને અર્પણ કીધું,
થયા શર્ણે ત્હેને, વિપદ સહુ ટાળી સુખ દીધું;
કદી કોપે તો તું, સકળ મહીં જાણે નહિ હતી,
નમું નિત્યે હેતે, ચરણ તુજમાં સાગર પતિ.
સદા સંભાળું હું; અચળ મનવાળા દધિ તને,
દયા માગું ત્હારી, સરસ મતિ આપો દધિ મ્હને;
કરે ભક્તિ ભાવે, અચળ મનથી **શંકર** અતિ,
નમું નિત્યે હેતે, ચરણ તુજમાં સાગર પતિ.

પ્રભુ સ્તુતિ !

—ગઝલ—

અરે ! ઓ ! વિશ્વના રચનાર ! ને હરનાર ઓ સ્વામી !
સકળને સુખના દેનાર, ને લેનાર ઓ સ્વામી !
ગહન ત્હારી ગતિ પ્યારા !
ગણાયે ના ગુણો ત્હારા !
અહો ! આ વિશ્વના આધાર, ને સુખકાર ઓ સ્વામી !
શશિ ને સૂર્ય આ જગમાં,
વળી તારા કીધા ખગમાં;
અમારા સુખને માટે, કીધાં ત્હેં સર્વ ઓ સ્વામી !
પવન પાણીજ ત્હેં કીધાં,
નિરખવા નેત્ર આ દીધાં;

દયાના તો અહા! ભંડાર! ને ઉદાર ! ઓ સ્વામી!
પ્રભુ ! તુજ ગુણ છે ઝાઝા,
કરે તું રંકને રાજા !
અમીરોને ફકીરો તું, કરે પળમાંહ્ય ઓ સ્વામી !
સગાં છે સ્વાર્થનાં સ્વામી !
ખરો છે તું સગો નામી !
જગે નિઃસ્વાર્થી ને પરમાર્થી છે તું એક ઓ સ્વામી !
અરે ! ઓ તાત ! ઈન્સાફી !
બખસ મુજ પાપની માફી !
અમારી દીનની ફરિયાદના લેનાર ઓ સ્વામી !
દયાળું તું દયા કરજે !
કુબુદ્ધિ માહ્યરી હરજે !
કહે શંકર વિમળ આ વાણીના દેનાર ઓ સ્વામી !

સ્તુતિ !

(નાથ કેસે ગજકો બંધ છોડાયો—એ રાહ.)

ધ્યાન નિરંતર ધરીએ, નાથ ! તમ ધ્યાન નિરંતર ધરીએ.
કાયા ખોટી માયા જૂઠી, પાપ કર્મ પરહરીએ;
એક તમારી અમિની નજરથી, ભવસાગર આ તરીએ. નાથ.
માફ કરો સૌ પાપ અમારાં, ભાવે ભજન તુજ કરીએ:
સ્હાય કરો ! હે દેવ ! દયાળુ ! ટળવળીએ ભવ દરિયે. નાથ.
અકળ કળા જગદીશ્વર ત્હારી, નાથ ! મૂખે શું ઉચરીએ;
સંસાર ત્યાગી થશું વૈરાગી, હેતે સ્મરણ તુજ કરીએ. નાથ.

મહાદેવનો ગરબો !

(પુનમ ચાંદનીનો—એ રાહ.)

આવો ! પ્યારી બ્હેનો ! ગરબો ગાઇએ શિવનોરે,
ઉભાં રહીને ગોળ કુંડાળે સૈ આજ, હળીમળી ગરબો ગાઇએ,
સહીએરો સહુ આપણે રે.
ભોળાનાથ આપે બહેની સારૂ સાસરૂં રે;
વળી સ્વામી આપે, ચતુર સુજાણ. હળીમળી.

સાખી.

અર્ધાંગે ઉમીયા ધર્યા, ગણપતિ જમણે પાસ;
સર્પ કંઠમાં શોભતા, છે કૈલાસે વાસ.
સહીઅર બળદ ઉપર કરી સ્વારી શિવે હેતથીરે;
સજની ગંગાજી બિરાજે જટામાંહ્ય. હળીમળી.

સાખી.

ડાક ડમરૂ છે હાથમાં, નંદી ભૃંગી સાથ;
ખાખ શરીરે ચોળીને, બેઠા શંભુ નાથ.
સખીયો એવા શિવને ભજેથી સુખ સહુને થશેરે;
કાપે કષ્ટ આપણાં ત્રિલોક કેરા નાથ. હળીમળી.

સાખી.

બ્હેનો ગરબો શિવનો, ગાયે મન ખુશ થાય;
રટણ કરો તે નાથનું, નક્કી કરશે સ્હાય.
માટે સ્મરણ કરોને, સજની ઉમિયા ઈશનું રે;
સરવે વદો મુખેથી શિવનો જય ! જયકાર ! હળીમળી.

શિવ સ્તુતિ !

માલિની છંદ.

જય ! જય ! જય ! યોગી, શિવ કૈલાસ વાસી,
હર, હર, હર, ભોળા ! ભાંગના છો વિલાસી;
વિભૂતિ સરવ અંગે, નાથ આપે લગાવી,
જળ હળ મય જ્યોતિ જોગની છે જગાવી.
કર કમળ વિષે તો, ડાક ત્રિશુળ ધાર્યા,
શિરપર સ્વરગેથી, આવી ગંગા પધાર્યા;
ગણપતિ ગજદંતા, આપ અંકે બિરાજે,
ગણપતિ ગજદંતા, આપ અંકે બિરાજે,
હિમગિરિ તનયા તો, વામ અંગેજ છાજે.
ત્રિનયન ત્હમને છે, તાપસી ત્રિપુરારી,
વૃષભ પર સવારી, આપની સુખકારી
સકળ જગત દેવો, ધ્યાન ત્હારૂં ધરે છે,
રવિ, શશિ, ઋષિઓ સૌ, સ્તુતિ ત્હારી કરે છે.
સ્મરણ તમ કરેથી, પાપ સૌ નાશ થાયે,
સકળ ભય તજાયે, આપને જો ભજાયે.
શરણ તમ તણું છે, પાર્વતી કાન્ત મ્હારે,
તમ વિણ કર ઝાલી, તાતજી કોણ તારે ?

શંકરના ગુણનું ગાન!

દ્રુત વિલંબિત છંદ.

હરઘડી હરનામ ઊચારશો,
સકળ પાપ અને ભય ટાળશો;
ગણપતિ પિતુ પાર્વતીના પતિ,
સુખકરા શિવશંકર દે મતિ. ૧.

કર વિષે ડમરૂં વળી ડાક છે,
ત્રિભુવને હરની અતિ હાક છે;
સરપ કંઠ ધરેલ નિહાળીયા,
વિભૂત અંગ ભરેલજ ભાળીયા. ૨

શિર પરે નહીં ઉત્તમ ગંગ છે,
ગણપતિ ઊમીયા ગણ સંગ છે;
વૃષભના પર નાથ બિરાજતા,
હિમગિરિ તનયા પતિ છાજતા. ૩

જપ કરી શિવનું નર કૈં તર્યા,
ભજનથી સુખીયા જન કૈં કર્યા;
શરણ દેવ અને મુનિ ન્હાય છે,
શિવ ગુણો દીન 'શંકર' ગાય છે. ૪

અંબિકા દેવીની સ્તુતિ !

વસંતતિલકા—છંદ.

અંબા ભવાની જગદંબ કરો સહાય,
આરાસુરી મન સદા તમ ભક્તિ ચ્હાય;
હસ્તે ત્રિશુળ ધરીને અસુરો વિદાર્યા,
સંકષ્ટમાંથી નિજ સેવકને ઉગાર્યા. ૧

હનુમાનની સ્તુતિ !

ગઝલ સોરઠી—(હરિગીતમાં પણ ગવાશે.)

વાયુ તનય ત્હમને નમું, હનુમંત છો બળવંતજી;
કીધું પરાક્રમ કારમું, કથતાં ન આવે અંતજી. વાયુ.
સાગર કુદી લંકાં ગયા, રાક્ષસ અતિ સંહારીઆ;
લંકા લગાડી લ્હાય ને રાવણ સુતોને મારીઆ. વાયુ.
લઇ શોધ સીતાજી તણી, રઘુનાથ પાસે આવીઆ;
છે જાનકી અતિ શોકમાં, એવી ખબર તો લાવીઆ. વાયુ.
શ્રી રામની કરૂણા થકી, પથ્થર સમુદ્રે તારીઆ;
સેના ઉતારી સાગરે, સહરામ લંક પધારીઆ. વાયુ.
અતિ યુદ્ધ રાવણુથી થયું, મુર્છીત થયા લક્ષ્મણ અરે !
ગિરિ દ્રોણ લાવીને ત્હમે, મુર્છા ઉતારી હા ! ખરે. વાયુ.

રામે દશાનન મારીઓ, સીતા સતીને લાવીઆ;
પૂરી મદદ આપે કરી, શ્રી રામને મન ભાવીઆ. વાયુ.
અંગે અતિ બળવંત ને, છો બાળ બ્રહ્મચારી ત્હમે;
શ્રી રામના વ્હાલા કહી, સૃષ્ટિ સકળ ત્હમને નમે. વાયુ.
હાબી પનો’તી પાયથી, દુનિયાં ત્હમોને ચ્હાય છે;
બજરંગ શ્રી હનુમંતનું, શુભ ગાન ‘શંકર’ ગાય છે. વાયુ.

ગુરૂ સ્તુતિ!

(શિષ્યોને સ્કુલમાં બોલવાની.)

ભુજંગી છંદ.

નમું હું નમું હું ગુરૂજી ત્હમોને,
ભણાવી ગણાવી સુધાર્યા અમોને;
હતા ઠોઠ ઠાલા, થયા ગુણવંતા,
અમારી ત્હમોએ હરી સર્વ ચિન્તા. ૧
નહિં હું પહેલાં જરા કાંઇ જાણું,
ત્હમારી કૃપાથી હવે સૌ પ્રમાણું;
નહિં પાઠ ભૂલું ગુરૂ જ્ઞાનવંતા,
અમારી ત્હમોએ હરી સર્વ ચિન્તા. ૨
શિખી ઇતિહાસો ઘણી વાત જાણી,
બધા દેશની રીતભાતો પ્રમાણી;
હતા આકળા તે થયા ધીરવંતા,
અમારી ત્હમોએ હરી સર્વ ચિન્તા. ૩

આ કવિતા મુંબઇમાં કેટલીક સ્કુલના શિષ્યોની રજીસ્ટર બુકમાં છપાએલી છે તે મ્હારી લખેલી છે.

“મણિકાન્ત.”

ભૂગોળો ખગોળો ભણી ભેદ જાણ્યો,
ભણાવી નીતિ દોષનો અંત આણ્યો;
ન ભૂલું કદીએ ગુરૂ હેતવંતા,
અમારી ત્હમોએ હરી સર્વ ચિન્તા. ૪
ગુરૂજી રૂડું જ્ઞાન આપ્યું અમોને,
શિશુઓ સુ–આશિષ આપે ત્હમોને;
ઘણા વર્ષ જીવી થજો કીર્તિવંતા,
અમારી ત્હમોએ હરી સર્વ ચિન્તા. ૫

રણછોડજીની સ્તુતિ !

(બલીહારી રસીયાજી ગીરધારી સુંદર શ્યામ–એ રાહ.)

સુખકારી, દુઃખહારી, મોરારી, શ્રી ઘનશ્યામ;
ઓ અવિનાશી, ડાકોરના વાસી, સ્હાય કરો રણછોડ.
બોડાણા કાજે વ્હાલા, દ્વારિકાં છોડીરે (૨)
ડંકપુરીમાં પધારી, શ્રી ઘનશ્યામ, ઓ અવિનાશી. ડાકોર.
ગંગાબાઇનું વ્હાલા, માન વધાર્યું રે (૨)
વાલે તોળાયા વનમાળી, શ્રી ઘનશ્યામ, ઓ અવિનાશી. ડાકોર.
ગોમતી કેરૂં વ્હાલા, મહાત્મ વધાર્યુંરે (૨)
કીધું સજીરન વરિ, શ્રી ઘનશ્યામ, ઓ અવિનાશી. ડાકોર.
સેવક 'શંકર'ની વ્હાલા, અરજ સ્વિકારોરે (૨)
ભક્તિ આપો ગિરધારી, શ્રી ઘનશ્યામ, ઓ અવિનાશી. ડાકોર.

સર્વેની સાથે પ્રભુ સ્તુતિ !

લલિત છંદ.

જય વિભૂ વડા વંદીએ અમે,
સકળ વિશ્વના તાત છો ત્હમે;
તમ દયા થકી આપદા ટળે,
તમ કૃપા થકી સ્હાય તે મળે.

રવિ શશિ ગ્રહો પ્હાડ ને નદી,
પવન ઝાડ ને સૃષ્ટિ આ બધી;
અજબ એ કૃતિ વિશ્વ બાપની,
વિસરશો નહિં મ્હેર આપની.

સ્મરણ આપનું ના ઘડી કર્યું,
અખૂટ પાપનું ભાથું છે ભર્યું;
કપટ જૂઠમાં જીંદગી ગઈ,
ભજનની નહિં પ્રેરણા થઇ.

ધન જમાવવા ઢોંગ કૈં કર્યા,
છળ પ્રપંચમાં ઠામ ના ઠર્યા;
સકળ દોષની માફી આપજો,
જય દયાનિધિ કષ્ટ કાપજો.

ગોવિંદના ગુણનું ગાન !

બહિર્લાપિકા મનહર છંદ.

શંખ ચક્ર ગદા પદ્મ, કર ધર્યાં કિરતારે,
કમળ વદન જોઇ, હૈયું હરખાય છે;
રક્ષા પાંડવોની કરી, કૈરવોનો કાળ આણ્યો,
લાજ રાખી દ્રૌપદીની, ભારતે ભણાય છે;
લક્ષ્મણને સંગ લેઇ, રામ રૂપે લંકા ગયા,
મહા ગર્વી રાવણને, માર્યાનું મનાય છે;
ગજને સહાય કરી, પ્રલ્હાદનું દુઃખ હરી,
નખવતી હીર્ણ્યકસ્ય, હણ્યો એ વંચાય છે. ૧

લાજ રાખી વીદુરની, ભાજી તો ભૂધર જમ્યા,
લખી વાત શાસ્ત્રમાં તે, ના કો'થી કે'વાય છે?
હણીને રાક્ષસો દુઃખ, દેવતાનું હર્યું વ્હાલે,
લઇ હરિ નાવ ભવસાગર તરાય છે;
ધર્મના ભંડાર એ, ઉદાર કિરતાર તણું,
રટણ કરે છે તેનું, મહા દુઃખ જાય છે;
વાણી ના પહોંચે મ્હારી, વખાણ વિભુનાં કરે,
સત્યનો બેલી રંગીલો, રણછોડરાય છે. ૨

પ્રભુ સ્તુતિ !

પુષ્પિતાગ્રા છંદ.

જય ! જય ! વિભુજી ! દયાળુ દેવા !
ભયહર ભૂધર ! હું કરૂં સુ–સેવા;
તમ દરશનથી સદા સુખી છું,
શરણુ તજે હરિ હું ઘણો દુઃખી છું !
સકળ જગતને બનાવનારા,
ગુણુ ગણીં કેમ શકાય નાથ ત્હારા !
અજર અમર છો ત્હમે કૃપાળું !
કર ધરીં શંકર તારજો દયાળું !

ગીતિ.

જય ! જય ! શ્રી જદુનંદન, વંદન ત્હમને કરૂં વિભૂ પ્યારા;
ભવ બંધનનું ખંડન, કરી બચાવો ! મુરલીધર ! મ્હારા.

પ્રભુંને વિનંતિ !

એક કામ અમારૂં કરજોરે, શામળીઆ;
અંતરમાં આવી ઠરજોરે, શામળીઆ.
શામળીઆ મોહન મળીઆરે (૨) એક કામ.

ભજન ત્હમારૂં ભૂપર ભાવે–લોભ મોહ માયા મુકાવે;
સંકટ સર્વે ભૂલાવેરે–શામળીઆ. એક કામ.
નામ તમારૂં મંગલકારી, શર્ણે લેજો શ્રી ગિરિધારી;
શંકર અરજ સ્વિકારીરે–શામળીઆ. એક કામ.

ડાકોરના રણછોડજી વિષે!

મનહર છંદ.

ભાઈ! ભાઈ! ભાળ્યો મ્હેં તો ડાકોરના ઠાકોરને.
જેના દરશન થકી દુઃખ દૂર થાય છે;
પૂનમે પૂનમે સંઘ કાઢી લોક આવે ઘણા,
આસોની પૂનમે મો'ટો મેળો ત્યાં ભરાય છે;
આનંદ ઉત્સવ થાય ગોમતીમાં કૈંક ન્હાય,
સ્થળે સ્થળે ગોવિંદનાં ગીત તો ગવાય છે;
રંગીલો એ રણછોડ સેવકના પૂરે કોડ,
શંકરનું ચિત્ત સદા ડાકોરમાં જાય છે.

(તોરી કલબલ હય પ્યારી—એ રાહ.)

ગુજરાતે છે ગામ, રૂડું ડાકોર ધામ;
ભાઈ! ત્યાંતો જોયા વનમાળી શ્યામ.
લોક આવે છે જંગ, કૈંક કાઢીને સંગ,
દે પાપોને કાપી, દયાળુ ઘનશ્યામ. ગુજરાતે.
જાઓ! જાઓ! ભ્રાતા! ભૂધરનાં દર્શન કાજ,
સ્નેહિ શામળીઓ છે, સૌનો શિરતાજ;
કેવો સ્વામી સોહાય? કરે સૌને સહાય, રૂડો રણછોડરાય,
ઝટ જાઓ! જાઓ! જાઓ! (૩) ગુજરાતે.

(પાતળીઆ પરિશ્રમ હયો શાને–એ રાહ.)

ડંકપુરી દીનબંધુ બિરાજે,
નામ રૂડું રણછોડ શ્રી રણછોડ છે;
ત્રિકમજી પણ ત્યાંજ બિરાજે,
બંધવ બેની જોડ છે, શુભ જોડ છે.
છોગાળા નામની, ધૂન છે કામની, સુખના ધામની,
આ........આશ ધરો, ભક્તિ કરો. ડંકપુરી.

(માટે દર્શને ડાકોર જજો, અને હરિ ભજી સુખીઆ થજો)
અલબેલો જગનાથ જોવાના,
અંતરમાં મ્હને કોડ છે, બહુ કોડ છે;
કામને બાળવો, લોભને ટાળવો, ક્રોધ પ્રજાળવો,
આ........સુખ થશે, દુઃખ જશે. ડંકપુરી.

એક અરજી!

(નાથ કેસે ગજકો બંધ છુડાયો–એ રાહ.)

નાથ! ધરી હાથ અધમને ઉગારો!
મ્હને એક ભરૂસો ત્હારો નાથ ધરી હાથ અધમને ઉગારો!

માયા મોહ વિષે લપટાયો, સુઝયો નહિં પંથ સારો;
પુણ્યનું કામ કર્યું નવ એકે, પાપનો કીધો વધારો! નાથ! ધરી.

ધામ ધરા ને ધન મેળવવા, યોજ્યા ઈલાજ હજારો;
પળ પણ ત્હમને યાદ કર્યા નહિ, નાથ કૃપા કરી તારો! નાથ! ધરી.

મનુષ્યાદેહ ધરીને ખોયો, હરિ ભજવાનો વારો;
જન્મ ગુમાવ્યો જગ જંજાળે, ભૂલ્યો સહુ ઉપકારો! નાથ! ધરી.

જ્ઞાન થયું કોઈ સંત કૃપાથી, લાગે હવે જગ ખારો;
દીન બંધુ શરણે હું આવ્યો, સેવક અર્જ સ્વીકારો! નાથ! ધરી.

ભવ દરિયામાં ભૂલો ભટકું, પ્રીતમ પાર ઉતારો;
'શંકર' ના સ્વામી છે મુજને, ભવ્ય ભરૂસો ત્હારો! નાથ! ધરી.

ભવદરિયેથી ઉગારો !

(દાસ પરે દયા લાવોરે—એ રાહ.)

વ્હાણુ વિભૂજી ઉગારો રે !
ભવ દરિયેથી વ્હાણુ વિભૂ ઉગારો !
ભવ અરણવમાં અથડાતું, ગમે તેમ ગોથાં ખાતું;
નથી નાથ એકે આરો આરો રે....ભવદરિયેથી.
મોહરૂપી મોજાં વાગે, લોભના ઝપાટા લાગે;
ત્હમે તાત આવી તારો તારો રે....ભવદરિયેથી.

પ્રાર્થનાષ્ટક !

શિખરિણી-છંદ.

સુધન્વાની સ્હાયે, ઉલટ ધરી ધાયા હરિ ત્હમે,
પુર્યાં પંચાળીને, પટકુળ પ્રભુજી અણિ સમે;
છતાં છોડી છાયા, ચપળ ચિત્ત આ કેમ ચળતું?
દયાળુ ઓ દાતા ! તમ ભજનમાં તે ન ભળતું ! ૧
કરી સ્હાય સ્વામી, પ્રકટ થઈ પ્રલ્હાદ તણી ત્હેં,
થયા ભીરૂ વ્હાલા, અરજુન તણા પ્રેમ ધરીને;
છતાં ભક્તિ ત્હારી, હૃદય રસ લાવી નવ કરૂં,
ઘણાં ગોથાં ખાઈ, ઉદર ભરવા કારણ ફરૂં ! ૨
સ્વિકારી ત્હેં હુંડી, અરજ સુણીને નરસિંહ તણી,
અહલ્યાને તારી, પરમ ઈશ ઓ લાયક ધણી !
તજી બીજી આશા, જગત પતિને હું નવ ભજું,
પડે ઊંધા પાસા, તદપિ તુચ્છ આશા નવ તજું ! ૩
મળ્યા મીરાંને તો, સરસ જશ પામી જગ વિષે,
મળ્યા બાળા ધ્રુને, અચળ પદ પામ્યો દશ દિશે;
ઘણા ગોદા ખાતું, અધમ મન મ્હારૂં નવ ડરે,
છતાં હે સ્વામીજી ! નજર અમી રાખો દીન પરે ! ૪
સુદામાની સાથે, વર્ડોલ ગણી વર્ત્યા વિભૂ ત્હમે,
બચાવ્યો હા ! આપે, ગજ જળ વિષે ડુબતો સમે;
છતાં છોગાળાજી ! ભજન તમ ભાવે નવ કરૂં,
ફરે મૃત્યુ માથે, તદપિ દિલ માંહી નવ ડરૂં ! ૫

જમ્યા ભાજી ભાવે, વિદુર તણી દાતા વશ થઈ,
બચાવ્યા ત્હેં સ્નેહે, ધરમ, ભીમ, લાખાગ્રહ મહિં;
વળી આપી ગાદી, વિજય વરતાવ્યો દશ દિશે,
બિરાજોને પ્યારા! મુરલીધર મ્હારા મન વિષે. ૬
કરે સેવા ત્હારી, પરમ દુઃખ ત્હેનું ઝટ ટળે,
તરે આ સંસારે, અચળ સુખ ને વૈભવ મળે;
ગુણો ત્હારા ગાતા, સકળ જગ દેવો ઋષિ મુનિ,
લગાવીને બેઠા, ભજન ધુન ત્હારી પશુપતિ. ૭
ત્હમે ત્રાતા! દાતા! શરણ મુજને લ્યો જગપતિ,
વિભૂજી વિખ્યાતા! રહમ દિલ રાખો દીન પ્રતી;
ભણે વૃત્તો આઠે, મનન કરીને **શંકર** સદા,
કરૂં નિત્યે પાઠે, વય વિષે ન આવે ભય કદા. ૮

ઈશ્વરની અદ્ભુત રચના !

કનરો (ઇસ તન ધન કી કોન બડાઈ)—એ રાહ.

અજબ ખૂબી અવનિ પતિ ત્હારી, પાર શું પામું હું સંસારી? અ.
કોણ ક્રિયાથી સૂર્ય પ્રકાશે? કોણ ક્રિયા થકી વરસે વારિ? અ.
ઝાડ પ્હાડ કણ કો' નિપજાવે? કોણ કરે સૌની રખવાળી? અ.
પવન વાય છે કોણ કૃપાથી? શ્રીફળમાં પ્રકટે કેમ વારિ? અ.
ગર્ભ વિષે જીવ કોણ જીવાડે? કોણ કરે ઉત્પન્ન નરનારી? અ.
સકળ સૃષ્ટિને કો' નિપજાવે? કોણ પલકમાં દે સંહારી? અ.
પામરનર **શંકર** શું જાણે? પ્હોંચી શકે ના કમી મતિ મ્હારી! અ..

વસંતતિલકા—છંદ.

ત્રાતા તમે સકળના કરૂણા કરો છો !
દાતા તમે જગતનાં દુઃખને હરો છો !
આપો સુબુદ્ધિ અમને દરરોજ પ્યારા !
સ્નેહે નમું સુખકરા પ્રભુજી અમારા !

આરતી !

જયદેવ ! જયદેવ !

જય ! જય ! પરમાત્મા ! પ્રભુ જય ! જય ! પરમાત્મા !
અશરણુ શરણુ વિભૂજી (૨) શ્રીધર ધરમાત્મા ! જયદેવ !
સુખ કર્તા, દુઃખ હર્તા, દીનબંધુ દેવા–પ્રભુ દીનબંધુ દેવા !
ભવતારક ભૂધર છો (૨) સદા કરૂં સેવા ! જયદેવ !
વિશ્વંભર, વનમાળી, સુખકર શામળીઆ–પ્રભુ સુખકર શામળીઆ !
નરહરિ, નટવર, નાગર (૨) બળદાયક બળીઆ ! જયદેવ !
જગકર્તા, જગનાયક, જગદીશ્વર સ્વામી–પ્રભુ જગદીશ્વર સ્વામી !
અકળ કળા કરનારા (૨) નમું હું બહુ નામી ! જયદેવ !
દીન શંકરની અરજી, અંતરમાં ધરજો–પ્રભુ અંતરમાં ધરજો !
સદ્ગુણ ભક્તિ ભરજો (૨) મમ દુર્ગુણ હરજો ! જયદેવ !

સમાપ્ત

ઘરના ગાંડા અને બહારના ડાહ્યા !

મનહર—છંદ.

કેળવણી ખાતા વિષે કેળવણી લીધી અમે,
કેળવણી આપી આખા દેશને સુધારીશું !
"કન્યાનો વિક્રય બંધ કરો" એવું બોલવાના,
અમારી કન્યાઓ વેચી મૂડી તો વધારીશું !
ભાષણ ભરડવાના "બાળ લગ્ન બંધ કરો,"
અમારી બાળાને નાની વયમાં વરાવીશું !
સુધારાના સાથી અમે પારકું બુઝાવા જૈશું,
અમારા પોતાના ઘેર હોળી સળગાવીશું !! ૧
ઉત્તમ પુરૂષ અમે નાતરાં નક્કી કરીશું,
અન્ય જો કરે તો ઝટ તેને અટકાવીશું !
"ગૃહીણીને સુખી રાખો" એવી શીખ આપવાના,
અમારી પત્નિને ઊંધે માથે લટકાવીશું !
હરામનું મેળવવા હિમ્મત અમોને ઘણી,
પારકું પડાવા માટે પ્રાણ પટકાવીશું !
અમારા પોતાના દોષ દબાવી રાખીશું અહા !
બીજાઓના દોષ કાઢી તેને ફટકાવીશું !! ૨

દોહરો.

દોષ જુએ ના આપનો, દે બીજાને શીખ;
શીખ દીએ ઝખ મારવા, એ જીવતરને ધીક.

લી:—"પ્રકાશક" **મોહનલાલ લલ્લુભાઇ, સોજીતરીયા.**

મણિકાન્ત કાવ્યમાળા માટે મારો અભિપ્રાય.

(ખેડાવર્તમાન, તા. ૬-૬-૧૭.)

ગરબી.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને.)

મઘમઘતી મનહર કવિતા મણિકાન્તની,
પ્રેમી જનને અરપે ઉર આનંદજો;
સાદી શાંત સલુણી ભાષા શોભવે,
પદ ઠુમરી ગઝલોને વિધવિધ છંદજો;
મઘમઘતી મનહર કવિતા મણિકાન્તની. ૧
સમજુકને શિખામણ જોગા શબ્દથી,
સમજાવ્યો બહુ વાણી તણો વ્યવહારજો;
જારી જુગારી છળ કપટોની છોળયનાં,
ઉછળતાં મોજાંનો અટવ્યો ભારજો;
મઘમઘતી મનહર કવિતા મણિકાન્તની. ૨
ગાફલ ગુરૂના ગંધાતા ગુરૂ મંત્રમાં,
મોહ ધરીને મરનારા જન માટજો;
લક્ષણ સહીત ગણાવ્યા લાયક ગુણને,
કન્યા વિક્રયનો પણ કાઢયો કાટજો;
મઘમઘતી મનહર કવિતા મણિકાન્તની. ૩
એ કોએ બુરાડી જગની બાવડી,
ઠીક તે પણ ઠેકડીથી માર્યો ઠોકજો;
સટોરીયાંની સત્યાનાશી રોળવી,

ભલે ન માને તે જન મેલે પોકજો;
મઘમઘતી મનહર કવિતા મણિકાન્તની. ૪
પતિવૃતાના વરણવી પોષક ધર્મને,
ભારતી ગૃહીણીનું શોભાવ્યું ભાળજો;
કઠણ હૃદયના ધનવાનોને કાળજે,
સાચા શબ્દે સળગાવી પુર ઝાળજો;
મઘમઘતી મનહર કવિતા મણિકાન્તની. ૫
સડચો સુધારો, બાળલગ્નની બળતરા,
અને બળાપો નોકરીનો બે દાદ જો;
હઈડું ચુસે હિંદ તણું તે હાંકવા,
આદિ શબ્દે આપી સુંદર યાદ જો;
મઘમઘતી મનહર કવિતા મણિકાન્તની. ૬
પાપ અને પાખંડ તણી પરણાલિકા,
નિર્મૂળ કરવા સમજાવ્યું નિરભ્રાન્તજો;
કડવું ઔષધ સાકર વિંટી સોંપીયું,
ધીરજ તારી ધન્ય ! મણિના કાન્તજો;
મઘમઘતી મનહર કવિતા મણિકાન્તની. ૭
માધવજીને માળે તારી મોરલી,
ગાયવાડીથી ઘુઘવતી ગુણવાનજો;
મુંબઈથી પ્રસરાતી વ્હાલો હિંદમાં,
ભાઈશંકરની આશિષ એજ નિદાનજો;
મઘમઘતી મનહર કવિતા મણિકાન્તની. ૮

મુંબાઇ } કવિ **ભાઈશંકરજી વિદ્યારામ પંડિત.**
કાલબાદેવી રોડ. } પ્રાણરક્ષક ઔષધાલય.

જાણીતા સાક્ષર શ્રીયુત ભોગીન્દ્રરાવ-ર-દીવેટીયા બી. એ. એમનો મણિકાન્ત કાવ્યમાળા માટે અભિપ્રાય.

"મણિકાન્ત કાવ્યમાળા પ્રસિદ્ધ થઈ તે પહેલાં કંઈક માસિકો, પેપરોમાં મણિકાન્ત સંજ્ઞાથી લખાયેલી ગઝલોએ મારૂં ધ્યાન ખેંચ્યું હતું. અને જ્યારે જ્યારે આ સંજ્ઞાની ગઝલો આવતી ત્યારે હું વાંચતો અને મને આનંદ પડતો એટલા માટે કે એમાં દર્શાવેલા ભાવો અને કહેવાનો વસ્તુસચોટ હતો. ગઝલ કોને કહેવી? કાવ્ય કોને કહેવું? એના વાદવિવાદમાં ઉતર્યા સિવાય જનસમાજમાં તેમાં પણ જનસંઘમાં સાંભળતાં વાંતજ હૃદયના તારો કેટલીકવાર ઝણઝણે, ઠીક કહ્યું છે! એમ થાય, અને લેખકે નિડરતાથી લખ્યું હોય એમ સાંભળતાં લાગે એટલુંજ કવિતાથી બને તોપણ એ પ્રયત્નો ઉપયોગી છે એમ માનું છું. તમારી કેટલીક ગઝલો એટલી વ્યવહારિક દૃષ્ટાન્તથી અને અમુક શૈલીથી ભરેલી છે કે સાંભળનાર અને વાંચનારના હૃદયમાં અસર થાય છે. કબૂલ કરવું જોઈએ કે, કેટલીક પ્રસંગોપાત લખાયેલી હોવાથી સામાન્ય બરની છે પરંતુ કેટલીક તો જનસમાજમાં વારંવાર ગવાવા લાયક છે. અને તે લોકપ્રિય થઈ પડી છે. નવી આવૃત્તિમાં કાંઈક ચાલણ કરી છપાવશો તો પુસ્તક વધારે લોકપ્રિય થશે એમ મારૂં માનવું છે. શુદ્ધ હેતુથી પ્રભુ પ્રીત્યે જનસમાજની સેવા થાય એ દૃષ્ટીથી લખાણોનો સદા સત્કાર થાય છેજ."

તા. ૧૦-૩-૧૭. લી.
વીલરવીલા-સાંતાક્રુઝ. } **ભોગીન્દ્રરાવ-ર-દીવેટીયા બી. એ.**

અનુક્રમણિકા.

નિરાશ થવાની જરૂર નથી

પરંતુ જો અન્ય વીશીઓમાં, ભોજનગૃહોમાં, કે ભપકાદાર લૉજોમાં, અને ખુદ પોતાને ઘેર પણ જો અહીંના જેવી સ્વાદિષ્ટ યાને ટેસ્ટફૂલ રસોઈ જમવાના આશા રાખશો તો અવશ્ય નિરાશ થવું પડશે.

પધારો અને ખાત્રી કરો.

ધી

બોર્ડીંગ હાઉસ

ઠે૦ મુમ્બાદેવી પોષ્ટની પાછળ મુંબઈ નં. ૨.

સુખ કોને ન જોઇએ ?

નીચેની બાબત લક્ષમાં લેશો.

મનુષ્ય માત્ર સદા સુખની પાછળ દોડયા કરે છે. કેટલાક તો સુખને બદલે તેનો પડછાયોજ મેળવી સુખ સંપાદિત કર્યું સમજે છે.

સુખ એ આનંદનો કાયમ રહે એવો સમુદાય છે. જે પુસ્તક વાંચ્યાથી આનંદ ઉપજે એટલુંજ નહીં પણ સંસાર વ્યવહારમાં ઉપયોગી થઇ પડે એવી સૂચનાઓ મળે તથા કષ્ટ કાપવાનો ઉપાય જડે તેનું મનન કર્યાથી અને તે પ્રમાણે વર્તન રાખ્યાથી સાચું સુખ પ્રાપ્ત થઇ શકે.

હીરાકણી (કષ્ટ કાપનાર) કીં. રૂ. ૦ાા~ (શોભિતું પૂઠું)
૦ાા~ (સાદું ")

ઑાનરેબલ રા. બ. રમણભાઈ લખે છે કે—

" The book contains maxims and stories of good advice as well as instructions for preserving health. It is readable and useful. "

જામે જમશેદ, જ્ઞાનવર્ધક, પ્રજામિત્ર, અંજલિ ઇત્યાદિ પત્રોએ પણ એ લઘુ ગ્રંથની પ્રશંસા કરી છે.

વિદ્યારૂપી વાડી કી. રૂ. ૦ાા શોભિતું પૂઠું રૂ. ૧)

સ્વ. દીવાન બહાદુર અંબાલાલ લખે છે કે—

મનને બોધ તેમજ આનંદ આપી ઉચ્ચતર સ્થાને આણે છે.

ગુજરાતના ઇતિહાસની વાર્તાઓ રૂ. ૦ાક્ર

એજ દીવાન બહાદુરનો અભિપ્રાય. "I was much pleased with the charm of your pen which can command idiomatic Gujarati so readily. "

ત્રણ ભાષાનો ભોમિયો. રૂ. ૦ાા

આ જમાનામાં અંગ્રેજી વિના એક જાતનો અંધાપો છે એમ કહી શકાય ઉપલું પુસ્તક વાંચ્યાથી બહુ થોડા વખતમાં અંગ્રેજી શીખી શકાય.

કચ્છના પોલીટીકલ મે. પૉટિનજર સાહેબ લખે છે કે—

" It is very well got up and clearly printed on good paper. I think it ought to prove of considerable value towards making a good start.

સરનામું.—

રચનારઃ-**કરમઅલી રહીમભાઇ નાનજીઆણી** બી. એ.
બ્લુ બંગલો, કચ્છ કેરા.

તથા

સોજીતરીયા બ્રધર્સ, બુકસેલર્સ.
ઠે. ગણેશવાડી, મુંબઇ નં. ૨.